ISSN-0971-8400

# યોજના

## આયોજન અને વિકાસને સમર્પિત

વર્ષ : ૩૫ અંક : ૫ ઓગષ્ટ-૨૦૦૮ સળંગ અંક : ૬૯૨

Vol. XXXV No. V

મુખ્ય તંત્રી (ઇન્ચાર્જ) શેફાલી બી. સરન

ગુજરાતી આવૃત્તિના સંયુક્ત નિદેશક મનીષા વર્મા

તંત્રી ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે ચેક/બેંક ડ્રાફટથી મોકલી શકાશે. લવાજમ મનીઓર્ડરથી પણ મોકલી શકાશે. મોકલવાનું સરનામું :

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

| | | |
|---|---|---|
| (૧) રોજગારીનો હક્ક : બાંહેધરીના બે વર્ષ | માન. રઘુવંશપ્રસાદ સિંઘ | ૩ |
| (૨) એન.આર.ઇ.જી.એસ. ને રાષ્ટ્રીય કાર્યક્રમ ઘોષિત કરો | લલીત માથુર | ૭ |
| (૩) એન.આર.ઇ.જી.એસ.માં ભ્રષ્ટાચાર : હકીકત | જીન ડ્રેઝ | ૧૧ |
| (૪) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના | નિલેષભાઇ પટેલ | ૧૩ |
| (૫) ગરીબો માટે આશીર્વાદરૂપ : એન.આર.ઇ.જી.એસ | વિપુલ વાળંદ | ૧૬ |
| (૬) પારદર્શીતા માટે ગ્રામસભાનો અંકુશ જરૂરી | ગોપીનાથ ઘોષ | ૨૦ |
| (૭) એન.આર.ઇ.જી.એસ. વિહંગાવલોકન | લોકેશ જૈન | ૨૩ |
| (૮) એન.આર.ઇ.જી.એ માં સામાજિક ઓડિટ | બિનોય આચાર્ય | ૨૭ |
| (૯) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ | જ્યોત્સના પટેલ | ૩૦ |
| (૧૦) એન.આર.ઇ.જી.એ. : બારિક દૃષ્ટિકોણ | ત્રિલોચન શાસ્ત્રી | ૩૨ |
| (૧૧) ગરીબી નાબુદી માટે રોજગાર બાંહેધરી કાયદો | મહેશ સોનારા | ૩૪ |
| (૧૨) રોજગારી સર્જન : સફળતા અને નિષ્ફળતા | વંદના ત્રિવેદી | ૩૮ |
| (૧૩) મધ્યભારતનો નકસલવાદ | - | ૪૦ |
| (૧૪) ફૂડ સિક્યોરીટી મિશન | અભય રાવલ | ૪૬ |
| (૧૫) ભારતમાં ખરેખર મોંઘવારી ફાટી નીકળી છે ? | જગદીશ પાટડીયા | ૪૮ |
| (૧૬) બાયોગેસ : ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ | દીપકભાઇ પરમાર | ૫૧ |
| (૧૭) ભારતીય આયોજનમાં ગ્રામોદ્યોગની અનિવાર્યતા | ધીરેન વંડ્રા | ૫૩ |
| (૧૮) શું તમે જાણો છો ? નાણાની ખરીદારી કેમ ઘટે છે ? | પીનલ પટેલ | ૫૭ |
| (૧૯) પાણીના પ્રશ્ને મહિલાઓની મુશ્કેલી | રેખા કોટક | ૫૮ |
| (૨૦) ઔષધિ અંગેની ખેતી | અપરાજિતા પાંડા | ૬૧ |
| (૨૧) ભાવનાશીલ લોકો : શક્તિશાળી સંકલ્પ | વી.એસ.ગઢવી | ૬૩ |
| (૨૨) નર્મદા જિલ્લાની પીવાના પાણીની સમસ્યા | અલકા દવે | ૬૫ |
| (૨૩) વધતી જતી બેરોજગારી ઉકેલ શું ? | રમેશકુમાર સોઢા | ૬૯ |
| (૨૪) પુસ્તક | યશવંત કડીકર | ૭૧ |

## ટાઇટલ

- આવરણ ડિઝાઇન — ૧
- યોજના જાહેરાત ૨
- કચ્છમાં કૃષિ ક્રાંતિ — ૩
- પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો — ૪

**Website Address** : **www.publicationsdivision.nic.in**
**E-mail Address** : **(a) dpd@sb.nic.in (b) dpd@hub.nic.in**

મુખ્યતંત્રીની કલમે

# રોજગાર બાંહેધરી - ગ્રામીણ ગરીબો માટે જીવનરેખા

ભારતમાં ગરીબ જિલ્લાઓમાં વસવાટ કરતા લાખો ગ્રામીણ ગરીબ પરિવારોની આજીવિકાનો બંદોબસ્ત કરવામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો,૨૦૦૫નો છેલ્લા બે વર્ષનો અમલ અનુભવ ખુબ હકારાત્મક રહ્યો છે. આવકનું અભય વચન પામેલા ગરીબ પરિવારો માટે અધિકારની શક્તિ લોકશાહીનો અલગ અનુભવ તેમના માટે લાવી છે, કારણ કે લઘુત્તમ વેતન દર પ્રમાણે તેમને ૧૦૦ દિવસની રોજગારી પુરી પાડવાનું સરકાર માટે કાયદેસર બન્યું છે, ફરજિયાત બન્યું છે.

કોમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા(કેગ) ના ઓડિટ અહેવાલ મુસદ્દામાં સામેલ ટિપ્પણીઓ પ્રમાણે આ યોજનાનો અમલ કેટલાક પ્રદેશોમાં સંતોષકારક જણાયો નથી. ખુલ્લા ભ્રષ્ટાચારનો આક્ષેપ પણ થયો છે. તો ગ્રામીણ ગરીબો માટે પહેલી વખત ઉત્તમ યોજના બની હોવાનો અભિપ્રાય પણ મળ્યો છે. વહીવટીતંત્ર અને જનતાનો અભિગમ સારો હતો ત્યાં આ યોજનાનો લાભ અનુભવ શ્રેષ્ઠ રહ્યો છે. તો ક્યાંક નાણાં સેરવી લેવાના બનાવો પણ નોંધાયા છે. વાસ્તવનમાં આ યોજના પ્રત્યે વ્યક્ત થઈ રહેલી તમામ શંકાઓ તથા ફરિયાદો નવિનતમ પ્રયોગના મંગળાચરણ સમયે ઊત્પન્ન થતી પ્રારંભિક તકલીફોથી વિશેષ કશું નથી. પરિવર્તનના નસીબમાં સદાય પ્રતિકાર જ લખાયેલો હોય છે. જેમાં આ યોજના શી રીતે અપવાદ રહી શકે ? ગરીબ પરિવારોનું જીવનધોરણ ઉન્નત બન્યું હોય તેવા ઢગલાબંધ પ્રમાણ જ્યાં સચોટ અમલ થયો છે ત્યાં ઉપલબ્ધ છે. બાકી ભ્રષ્ટાચારની રસમ નાબુદ કરવાની તાકાત કાયદામાં છે જેનો પારદર્શક ઊપયોગ થવો ઘટે.

સોશિયલ ઓડિટના તારણો આ કાયદાની સફળતા વિશે સાક્ષી બને તેટલા મજબુત છે. ઉત્તમ જાગૃતિ ધરાવતા રાજસ્થાનમાં ગ્રામીણ પરિવારોને ૨૦૦૬-૦૭મા સરેરાશ ૭૭ દિવસ કામ મળ્યું હતું. તો તામિલનાડુમાં મહિલા લાભાર્થિઓનું પ્રમાણ ૮૧ % રહેલું. પ્રજા કલ્યાણ માટે સક્રીય નાગરિક જૂથો દ્વારા કુનેહપુર્વક માહિતી અધિકારનો કાયદો તથા સોશિયલ ઓડિટનો ઉપયોગ થતા શ્રમિક નોંધણી, વેતન ચુકવણી કે મસ્ટર રોલમાં ભ્રષ્ટાચાર થયો હોય તેવા સંખ્યાબંધ દાખલા બહાર આવ્યા છે. અલબત્ત અગાઉ ચાલતી ‘‘મજૂરી સામે અનાજ’’ આપવાની યોજના કરતા ભ્રષ્ટાચારના કિસ્સા પ્રમાણમાં ઓછા નોંધાયા છે.

એન.આર.ઈ.જી.એ માટે મળેલું ભંડોળ યોગ્ય હેતુ માટે વાપર્યા વગર નાણાં સેરવી લેવા જેવી ભ્રષ્ટાચારની સામાન્ય પધ્ધતિ ઊપરાંત કેટલીક અન્ય મર્યાદાઓ પણ બહાર આવી છે. જેમ કે, કામના સ્થળે છાંયડો, ઘોડિયાઘર કે પેયજળનો પ્રબંધ થાય નહીં, વેતનની ગણતરી માટે યોગ્ય પધ્ધતિનો ઉપયોગ કરવો નહીં વગેરે. રાષ્ટ્રવ્યાપી ફલક અને અમર્યાદ ભંડોળ ખર્ચવાની અખૂટ શક્તિ ધરાવતી આ યોજનાનો ઉપયોગ કરી ઊંચા આર્થિક વિકાસ દરનો લાભ જેના લલાટે હજુ લખાવો બાકી છે તેવા લાખો ગરીબ પરિવારોનું જીવનધોરણ સુધરે તેવું કાર્યક્ષમ અમલતંત્ર ગોઠવવાની હવે તાતી જરૂર છે.

# રોજગારીનો હક્ક : બાંહેધરીના બે વર્ષ

માનનિય રઘુવંશપ્રસાદ સિંઘ

*એન.આર.ઈ.જી.એ. ની ઓળખ છેલ્લા બે વર્ષમાં એક માંગ આધારિત કાર્યક્રમ તરીકે પ્રસ્થાપિત થઈ ચુકી છે. સ્થાનિક સ્તરે ખેતમજૂરીનું અવલંબન ભોગવતા પરિવારોને તેમની ઈચ્છા પ્રમાણેના સમયગાળામાં કામ પ્રાપ્ત કરવાની આઝાદી આપતી આ યોજના વડે વૈકલ્પિક રોજગારીનો અખૂટ સ્ત્રોત ઉભો થયો છે.જોબકાર્ડ ધરાવતા તમામ પરિવારો દર વર્ષે ૧૦૦ દિવસ કામ માંગે તેવી આદર્શ સ્થિતિ ઉભી થતી નથી, છતાં તંત્રએ તૈયાર રહેવું પડે તે આ યોજનાની અલગ લાક્ષણિકતા છે. પછાત પ્રદેશમાં રોજગારીની માંગ વધુ રહે છે. તો વિકસીત જિલ્લામાં ખાસ કોઈ કામ માંગવા આગળ આવતું નથી. પરીણામે ગરીબના ભૌગોલિક વ્યાપને ઓળખવાની તક આ યોજનાએ ઉભી કરી છે, બિનકુશળ શ્રમિકોની પ્રાદેશિક ઉપલબ્ધિનું પ્રમાણ પણ જાળવવું સંભવ બન્યું છે.*

ગ્રામીણ પરિવારોને રોજગારીનું અભયવચન આપતો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો તા.૭મી સપ્ટેમ્બર,૨૦૦૫થી અમલમાં આવ્યા બાદ ખેતીની મોસમ સિવાયના દિવસોમાં બેકારી વેઠતા શ્રમિકોને આવકનો નવો માર્ગ ખુલ્યો છે. પ્રત્યેક નાણાંકીય વર્ષમાં એક પરિવારને ૧૦૦ દિવસ બિનકુશળ માનવશ્રમનો ઉપયોગ થાય તેવું કામ આપવાની બાબત ગરીબ નાગરિકોનો હક્ક અને સરકારની ફરજ બનતા દુષ્કાળ નિવારણ માટે જરૂરી જળ સંગ્રહ ક્ષમતાનું સર્જન, વનીકરણ તથા જમીન વિકાસના કામો વિકાસ પ્રક્રિયાને વેગ પ્રદાન કરે તે રીતે હાથ ધરાતા થયા છે, તો ગરીબી ઉપર સીધો પ્રહાર કરતી રોકડ વેતનની ચુકવણી ધરાવતી મજૂરી શ્રમિકોને પ્રાપ્ત થઈ છે. પહેલા વર્ષે આ યોજનાનો અમલ ૨૦૦ જિલ્લામાંએ શરૂ કર્યા બાદ તેનું વિસ્તરણ ૩૩૦ જિલ્લામાં થયું હતું. અંતે તેની ઉપયોગીતા સાબીત થતા આ યોજના સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવી છે.

સામાજિક સલામતીનો ઢાંચો તૈયાર કરતી આ યોજના રોજગારીની કુલ તકોમાં નોંધપાત્ર ઉમેરણ કરવાની સાથે વિકાસમાં સમાનતાનું તત્ત્વ દાખલ કરે છે. ગરીબ પરિવારને કામ નહીં, પરંતુ કામનો અધિકાર બક્ષવાનો હોવાથી વહીવટીતંત્રે અત્યંત સજાગ રહી બદલાયેલી માનસિકતા સાથે કામ કરવું પડે છે. આપણા કૃષિમંડિત અર્થતંત્રના 'ગ્રોથ એન્જીન' બનવાની ગુંજાયશ ધરાવતી આ યોજના સ્થાનિક સંસાધનો સાથે માનવશ્રમનો વિનિયોગ કરતી હોવાથી વિકાસને વેગ આપતી ટકાઉ અસ્કયામતોનું બાંધકામ સમગ્ર દેશમાં ચાલી રહ્યું છે. વિકેન્દ્રિકરણ તથા પારદર્શકતાનો અદ્‌ભુત સમન્વય ધરાવતી આ યોજના ગામડાઓમાં નવા આર્થિક પ્રવાહોને જન્મ આપી રહી છે. તે વાત બે વર્ષના અમલીકરણ બાદ સામે આવી છે. અધિકાર સાથે વેતન મેળવતા શ્રમિકોમાં નવી ચેતનાનો સંચાર થયો છે, વિકાસ પ્રક્રિયા સાથે જોડાવાનો ગર્વ અનુભવે છે.

### કાયદાની નોંધપાત્ર જોગવાઇઓ

### હક્ક પ્રદાન કરતું માળખું

- ગ્રામીણ ગરીબ પરિવારના પુખ્ત સભ્યો ગ્રામપંચાયત સમક્ષ લેખિત કે મૌખિક સ્વરૂપે બિનકુશળ મજુરી દ્વારા રોજગારીની માંગણી કરી શકે છે.
- કામની માંગણી કરનાર પરિવારની ખરાઈ કરીને ગ્રામપંચાયત તરફથી તમામ પુખ્તપરિવારજનોના ફોટોગ્રાફ ધરાવતું જોબકાર્ડ વિનામૂલ્યે કાઢી આપવામાં આવશે.
- જોબકાર્ડ ધરાવતું પરિવાર ક્યાં

(માન.રઘુવંશપ્રસાદ સિંઘ કેન્દ્રના ગ્રામિણ વિકાસ મંત્રી છે.)

અને કયા દિવસોમાં તેને વેતન ધરાવતું મજૂરીકામ કરવું જોઇએ તેની ગ્રામ પંચાયતને લેખિત અરજી આપી શકે છે.

### સમયબધ્ધ ખાતરીનું પાલન

- ગ્રામ પંચાયત તરફથી કામની માંગણી માટે મળેલી અરજીની તારીખ સાથેની રસીદ અરજીદાતાને આપશે. અહીં તારીખનું મહત્વ એટલા માટે છે કે રશીદમાં લેખલી તારીખ થી ૧૫ દિવસમાં કામ પુરૂ પાડવાની તેની જવાબદારી ઊભી થાય છે. ૧૫ દિવસમાં કામ આપવામાં નિષ્ફળ ગયેલી પંચાયતે બેકારી ભથ્થું ચુકવવું પડે છે. જે રકમ રાજયની જવાબદારી છે.
- ગામથી પાંચ કિ.મીની ત્રિજ્યામાં રોજગારી આપવી ફરજીયાત છે, અન્યથા દૂરના સ્થળે કામ આપવા બદલ ૧૦% વેતન વધુ ચુકવવું પડશે.
- બિનકુશળ શ્રમિક કાર્ય કરાવવા બદલ મજુર/અરજીદાતાને લઘુત્તમ વેતન દર પ્રમાણે દર સપ્તાહે વેતન ચુકવવું પડશે અને કોઇપણ સંજોગોમાં વેતનની ચુકવણી ૧૫ દિવસથી મોડી કરી શકાશે નહીં.

### મહિલાને અધિકાર

- પંચાયત દ્વારા કામની ફાળવણી પ્રાપ્ત કરનાર લાભાર્થીઓમાં મહિલાઓની સંખ્યા ઓછામાં ઓછી એક તૃત્યાંશ હોવી જોઇએ.

### કાર્યસ્થળે સગવડ

- મજૂરી કામ ચાલતું હોય ત્યાં શ્રમિકો માટે પીવાનું પાણી, શેડ તથા ઘોડિયાની વ્યવસ્થા ફરજિયાત ઉભી કરવી પડશે.

### વિકેન્દ્રીત આયોજન

- રોજગારી આપવા માટે કયા કામ હાથ ધરવા તેની અગ્રતા અને યાદી ગ્રામસભા તૈયાર કરશે, જેમાંથી ૫૦% કાર્યનું અમલીકરણ ગ્રામ પંચાયતને સોંપાશે.

### જાહેર કાર્યની જવાબદારી

- ગ્રામસભા મારફતે સોશિયલ ઓડિટ ફરજિયાત છે.
- ફરિયાદ નિવારણ માટે સક્ષમ તંત્ર ઉભુ કરી અમલીકરણમાં જવાબદારીની ભાવના ચરિતાર્થ કરવી.

### પારદર્શકતા

- તમામ હિસાબો તથા દસ્તાવેજોની તપાસ કરવા માંગતી કોઈપણ વ્યક્તિ માટે ઉપલબ્ધ રાખવા અને નિશ્ચિત ફી સામે તેની નકલો પણ પુરી પાડવી.

### કામનો પ્રકાર

- જળ સંરક્ષણને લગતા કામ
- દુષ્કાળ નિવારણ (વનીકરણ સહિતના કામ
- સિંચાઇ નહેરોનું ખોદકામ/બાંધકામ
- લઘુસિંચાઈની વ્યવસ્થા
- અનુસૂચિત જાતિ/જનજાતિ, બી.પી.એલ., ઈન્દિરા આવાસ યોજના તથા જમીન સુધારાના લાભાર્થી જેવા વર્ગના પરિવારોના ખેતરમાં જમીન વિકાસ તથા બાગાયતી ખેતીની સવલત ઉભી કરવી.
- કૂવા, તળાવ જેવા પરંપરાગત જળસંગ્રહ સ્ત્રોતનું સમારકામ.
- પૂર નિયંત્રણ
- જમીન વિકાસ
- ગ્રામીણ સડકનુ નિર્માણ

### ભંડોળની જોગવાઈ

- બિનકુશળ મજૂરોને ચુકવવા પાત્ર થતા વેતનની પુરેપુરી રકમ
- કુશળ તથા અર્ધકુશળ મજુરોને ચુકવેલા વેતન તથા કાચામાલની પડતરની ૭૫% રકમ.
- પ્રોગ્રામ ઓફિસર તથા સંલગ્ન કર્મચારીઓના પગાર ભથ્થા સહિતનો તમામ વહિવટી ખર્ચ નિશ્ચિત માર્ગરેખા પ્રમાણે કેન્દ્ર સરકાર ઉઠાવશે.
- નેશનલ એમ્પ્લોયમેન્ટ ગેરેંટી કાઉન્સીલનો તમામ ખર્ચ.

એન.આર.ઈ.જી.એ. ની ઓળખ છેલ્લા બે વર્ષમાં એક માંગ આધારિત કાર્યક્રમ તરીકે પ્રસ્થાપિત થઈ ચુકી છે. સ્થાનિક સ્તરે ખેતમજૂરીનું અવલંબન ભોગવતા પરિવારોને તેમની ઇચ્છા પ્રમાણેના સમયગાળામાં કામ પ્રાપ્ત કરવાની આઝાદી આપતી આ યોજના વડે વૈકલ્પિક રોજગારીનો અખૂટ સ્ત્રોત ઉભો થયો છે.જોબકાર્ડ ધરાવતા તમામ પરિવારો દર વર્ષે ૧૦૦ દિવસ કામ માંગે તેવી આદર્શ સ્થિતિ ઉભી થતી નથી, છતાં તંત્રએ તૈયાર રહેવું પડે તે આ યોજનાની અલગ લાક્ષણિકતા છે. પછાત પ્રદેશમાં રોજગારીની માંગ વધુ રહે છે. તો વિકસીત જિલ્લામાં ખાસ કોઇ કામ માંગવા આગળ આવતું નથી.

પરીણામે ગરીબના ભૌગોલિક વ્યાપને ઓળખવાની તક આ યોજનાએ ઉભી કરી છે, બિનકુશળ શ્રમિકોની પ્રાદેશિક ઉપલબ્ધિનું પ્રમાણ પણ જાળવવું સંભવ બન્યું છે. એન.આર.ઈ.જી.એના અમલ અનુભવોની તારવણી નીચે મુજબ થઈ શકે છે.

**(૧) ગ્રામીણ શ્રમિકો માટે રોજગારીની તકમાં નોંધપાત્ર ઉમેરો**

રોજગારીની અધિકતમ તકોનું ગ્રામીણ સ્તરે નિર્માણ કરવાનું મુળ ધ્યેય ધરાવતી આ યોજના હેઠળ ૨૦૦ જિલ્લાઓમાં ૨૦૦૬-૦૭ દરમ્યાન ૯૦.૫ કરોડ માનવદિન રોજગારી પ્રદાન કરવામાં આવેલી, તેની સામે વર્તમાન નાણાંકીય વર્ષમાં ફેબ્રુઆરી-૦૮ સુધીમાં ૩૩૦ જિલ્લાઓમાં ૧૧૯.૭૮ કરોડ માનવદિન રોજગારીનું સર્જન થઇ ચૂક્યું છે. સુવર્ણજયંતિ ગ્રામ રોજગાર યોજના અન્વયે સમગ્ર દેશમાં વર્ષે દહાડે માંડ ૮૫ કરોડ માનવદિન રોજગારી અપાતી હતી. આમ આ યોજના બહેતર સાબિત થઈ છે.

**૨ સમાવેશક વિકાસ**

૧૧૭.૫૪% બીપીએલ ગ્રામીણ પરિવારોને એન.આર.ઈ.જી.એ. હેઠળ પ્રાપ્ત થયેલી રોજગારીનો છેલ્લા બે વર્ષનો અનુભવ સાબીત કરે છે કે ગ્રામીણ મદદ સીધી પહોંચાડવાની ક્ષમતા આ યોજનામાં છે. ૨૦૦૬-૦૭માં રાજસ્થાનમાં આ ટકાવરી ૧૧૮% થી વધીને ૬૧૦% થઈ, તો મહારાષ્ટ્ર અને અરૂણાચલ પ્રદેશમાં પણ ગરીબો સુધી યોજના પહોંચી હોય તેવી ટકાવારી બહાર આવી. બીપીએલ ગ્રામીણ પરિવારો સુધી પહોંચવામાં ૧૦૦% સફળતા આ યોજના હેઠળ મળી નથી તેવા રાજયોમાં બિહાર, ગુજરાત, ઝારખંડ, કર્ણાટક, મહારાષ્ટ્ર, નાગાલેન્ડ, ઓરિસ્સા, પંજાબ, સિક્કીમ તથા પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે.

રોજગારી પ્રાપ્ત કરનાર લાભાર્થીઓમાં મહિલાઓનું પ્રમાણ ૨૦૦૬-૦૭માં ૪૧% હતું.જે ૨૦૦૭-૦૮માં વધીને ૪૨.૧૮% થયું છે. આ પ્રમાણ તામિલનાડુમાં ૮૨% અને રાજસ્થાનમાં ૭૦% જેટલું ઊંચું નોંધાયું છે. એસ.જી.આર.વાય હેઠળ મહિલા લાભાર્થીનું પ્રમાણ માંડ ૨૫% હતું, તેની સામે એન.આર.ઈ.જી.એ વધુ સફળ રહી ગણાય. અન્ય રાજયોની સ્થિતિ પ્રમાણે મહિલા શ્રમિકોની ટકાવારી પશ્ચિમ બંગાળમાં ૧૭, ઉત્તર પ્રદેશમાં ૧૪, ઝારખંડમાં ૨૩, હિમાચલ પ્રદેશમાં ૨૩ તથા બિહારમાં ૨૭% જેટલી રહેવા પામી હતી. અનુસૂચિત જાતિ તથા જનજાતિના લાભાર્થીની સરેરાશ ટકાવારી ૫૮ તથા ૬૨ જેટલી રહી છે. જે ૧૪ રાજયોમાં પછાત વર્ગના લાભાર્થીઓની ટકાવારી રાષ્ટ્રીય સરેરાશ કરતી ઊંચી રહેલી છે તેમાં ગુજરાત, હરિયાણા, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, મિઝોરામ, નાગાલેન્ડ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, સિક્કીમ, તામિલનાડુ, ત્રિપુરા તથા ઝારખંડનો સમાવેશ થાય છે.

એન.આર.ઈ.જી.એ. ના પ્રતાપે ઘણા રાજ્યોમાં ખેત મજૂરોના લઘુત્તમ વેતન દર પણ સુધર્યા છે. મહારાષ્ટ્રમાં આ વેતન દર રૂા.૪૭ થી વધીને રૂા.૬૬-૭૨ જેટલા થયા, તો ઉત્તર પ્રદેશમાં રૂા.૫૮થી વધીને રૂા.૧૦૦, બિહારમાં રૂા.૬૮ થી રૂા.૭૭, કર્ણાટકમાં રૂા.૬૨થી રૂા.૭૪, પશ્ચિમ બંગાળમાં રૂા.૬૪થી રૂા.૭૦, મધ્યપ્રદેશમાં રૂા.૫૮થી રૂા.૬૭, હિમાચલ પ્રદેશમાં રૂા.૬૫ થી રૂા.૭૫, નાગાલેન્ડમાં રૂા.૬૬ થી રૂા.૧૦૦, જમ્મુ-કાશ્મીરમાં રૂા.૪૫થી રૂા.૭૦ તથા છત્તિસગઢમાં રૂા.૫૮થી વધીને રૂા.૬૬.૭૦ થયા છે.

એન.આર.ઈ.જી.એ. પાછળ ખર્ચાતુ ૬૦% ભંડોળ વેતન તરીકે હોવું જોઇએ. ફેબ્રુઆરી, ૨૦૦૮સુધીમા ખર્ચાયેલા રૂા.૧૨૬૯૨.૫૩ કરોડ જેટલી ચુકવણી શ્રમિકોને વેતન તરીકે કરવામાં આવી હતી. તેમાંથી હાથ ધરાયેલા ૧૫.૦૫ લાખ કામોમાંથી એકલા જળસંચય તથા સંરક્ષણ, સિંચાઇ, દુષ્કાળ નિવારણ તથા પૂરનિયંત્રણના કામોની સંખ્યા ૯.૫૪લાખ જેટલી હતી. ૨૦૦૬-૦૭માં ૫.૩ લાખ કામો આ હેતુ માટે હાથ ધરાયેલ અર્થાત ગ્રામીણ સ્તરે જળ સ્ત્રોત રક્ષણ તથા સંવર્ધન પાછળ મોટુ મુડીરોકાણ થઇ રહ્યું છે.જેના લાભ આવનારાં વર્ષોમાં જોવા મળશે. યોજનાને વ્યવસ્થિત રીતે લાગુ કરવા માટે તમામ સ્તરે કરવામાં આવેલા તાલીમના બંદોબસ્ત હેઠળ ૨૦૦૭-૦૮માં ૩૨.૪૧ લાખ પંચાયત સભ્યો, ૧૭૫૭૪૫ સરકારી કર્મચારીઓ તથા ૨૩૯૪૭૪ વિજીલન્સ કમિટિના સભ્યોને તાલીમ આપવામાં આવી હતી.

'ફાયનાન્સિયલ ઇન્ક્લુઝન' નો શ્રેષ્ઠ અમલ આ યોજના હેઠળ થઈ રહ્યો છે. કામદારોને વેતન ચુકવવા માટે બેંક અથવા પોસ્ટ ઓફિસ ખાતાનો ઉપયોગ કરવાની ભલામણ તમામ રાજયોને કરવામાં આવી હોવાથી અત્યાર સુધીમાં ૯૬ લાખ ખાતાઓ ખુલી ચુક્યા છે. આંધ્રપ્રદેશ, ઝારખંડ, કર્ણાટક જેવા રાજ્યોએ આ દિશામાં ખરેખર સારી કામગીરી કરી છે.

**આવતીકાલનો એજન્ડા**

આઝાદી પછી ઘડાયેલી તમામ શ્રમપ્રધાન દ્વારા આજીવિકા બક્ષતી તમામ યોજનાઓ કરતા એન.આર.ઇ.જી.એ. તમામ રીતે અલગ પડે છે. અધિકારનો ઉપયોગ અને માંગ આધારિત અમલનો ગુણધર્મ આ યોજનાને નવું ક્લેવર આપે છે.જેમાં માંગનું સર્જન ગ્રામીણ શ્રમબળ વચ્ચે થવું અનિવાર્ય છે. માહિતીની ઉપલબ્ધ માંગને જન્મ આપતી હોવાથી છેવાડાના ગામડા સુધી એન.આર.ઇ.જી.એ. વિશે જાણકારીનો પ્રસાર કરવા માટે તમામ સરપંચોએ ભેગા મળી પોતાના તાલુકામાં પખવાડિયામાં એક દિવસને રોજગાર દિવસ તરીકે ઉજવવો જોઇએ. ગ્રામસભા તથા ગ્રામીણ ક્ષેત્રમાં કોઈપણ વિષય ઉપર સેવાકાર્ય ચલાવતી સમાજસેવક સ્વૈચ્છીક સંસ્થાઓ પણ આ યોજના સાથે જોડાઇ શકે છે. ગીત, નાટક ભવાઇ જેવી લોકકળાની સાથોસાથ સ્થાનિક ભાષામાં પ્રગટ થતા અખબારો, આકાશવાણી તથા દૂરદર્શનના ઉપયોગ વડે સમૂહ જાગૃતિ ઝુંબેશ પણ ચલાવી શકાય.પંચાયત સભ્યો સહિતના ગ્રામસ્તરે પ્રતિષ્ઠા ભોગવતા તબીબ, પોસ્ટમેન, નર્સ, આશા કાર્યકર, ગ્રામ સેવક તથા વેપારીઓની શાખનો ઉપયોગ આ યોજના માટે કરવો જોઇએ.

માંગ ઉભી કરવા માટેના પ્રયત્નોની સાથોસાથ કામ હાથ ધરવા માટેનું આયોજન પણ વહીવટી મંજુરી સાથે તૈયાર હોવું જોઇએ. જેથી માંગણી થયેથી સમયસર કામ આપી શકાય. જોબકાર્ડની સાચવણી તથા સ્વચ્છ અને સુઘડ હસ્તાક્ષરમાં તૈયાર થયેલા મસ્ટર રોલ સહિતના રેકર્ડનું જતન કરવાનું માળખું ગોઠવવું જોઇએ. બેંક કે પોસ્ટ ઓફિસ બચત ખાતામાં જમાં થતું વેતન સીધે સીધું ઉપાડી લેવાને બદલે થોડી રકમની બચત કરતા થાય તે માટે બચતનું મહત્વ સમજાવતા માર્ગદર્શનની વ્યવસ્થા નાની બચતના એજન્ટો મારફતે ગોઠવી શકાય.

વેબ આધારિત મેનેજરીયલ ઇન્ફોર્મેશન સીસ્ટમ (એમ.આઇ.એસ)ની અદ્‌ભુત વ્યવસ્થા www.nrega.nic.in ઉપર કરવાની સાથે ગ્રામીણ વિકાસ મંત્રાલયે રાષ્ટ્ર વ્યાપી અમલીકરણ વિશેની તમામ માહિતી તેના ઉપર ઉપલબ્ધ રાખવાની વ્યવસ્થા ગોઠવી છે. હાલ આ વેબસાઈટ ઉપર ૨૪૩૨૫૯૮૨ જોબકાર્ડ તથા ૩૨૯૬૪૪૮ મસ્ટર રોલ ઉપલબ્ધ છે. ભંડોળની મંજૂરી, ફાળવણી તથા ખર્ચની વિગતો પણ ઓનલાઇન ઉપલબ્ધ છે. અમલ ઉપર ચોંપ રાખવા ખાસ તૈયાર કરાયેલા સોફ્ટવેર વડે અલગ અલગ માપદંડનો ઉપયોગ કરી વિવિધ રીપોર્ટ તૈયાર થાય છે,જે ક્રોસ વેરીફીકેશનનું કામ કરે છે.

જંગીભંડોળની ફાળવણી ધરાવતી આ યોજના ઉપર નજર રાખવા માટે સેન્ટ્રલ એમ્પ્લોયમેન્ટ ગેરેંટી કાઉન્સિલની સાથોસાથ પ્રત્યેક રાજયમાં સ્ટેટ એમ્પ્લોયમેન્ટ કાઉન્સીલની રચના કરવામા આવી છે. રાષ્ટ્રીય સ્તરે નિમાયેલા મોનિટરો ૧૧૩ જિલ્લાઓમાં જાતતપાસ માટે જઈ ચુક્યા છે, ઉપરાંત આંતરિક સુપરવિઝન માટે એરિયા ઓફિસરો પણ કાર્યરત છે. માર્ગદર્શિકા મુજબ એન.આર.ઇ.જી.એ. હેઠળ થયેલા કામોમાં તાલુકા સ્તરે ૧૦૦% વિજીલન્સ તથા મોનીટરીગ તપાસ તથા જિલ્લા સ્તરે ૧૦% અને રાજ્ય સ્તરે ૨% તપાસની જોગવાઈ છે. એન.આર.ઇ.જી.એક્ટની કલમ-૧૭માં સોશિયલ ઓડીટની જોગવાઇ પારદર્શકતાને ચરિતાર્થ કરે છે. નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ દ્વારા સોશિયલ ઓડીટનું મેન્યુઅલ તૈયાર કરવામાં આવ્યું છે. એન.આર.ઇ.જી.એ નો વાર્ષિક અહેવાલ તૈયાર કરી સંસદ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

ગ્રામીણ રોજગારી અભયવચનનો લાભ લેવા માટે શ્રમિક સમુદાયને પ્રેરણા આપીને યોજનાના અમલમાં યશસ્વી કામગીરી બજાવનાર સ્વૈચ્છીક સંસ્થાઓને 'રોજગાર જાગરણ પુરસ્કાર' એનાયત કરવાની તાજેતરમાં સરકારે ઘોષણા કરી છે. બે વર્ષના અનુભવ જોતા અવશ્ય લાગે છે કે આ યોજના ગરીબ પરિવારો માટે પૂરક લાગે છે. આવકનું સર્જન કરવાની સાથોસાથ ગ્રામીણ ભારતની આર્થિક કાયાપલટમાં ફાળો આપતી ટકાઉ અસ્કયામતોનું નિર્માણ કરવામાં સફળ છે.

• • •


**વિકાસને**

**સમર્પિત**

**યોજના**

**વાંચો અને**

**વંચાવો**

# એન.આર.ઇ.જી.એસને રાષ્ટ્રીય કાર્યક્રમ ઘોષિત કરો

લલિત માથુર

*રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજનાનું લાભફલક એટલું વિસ્તૃત છે કે તેની પ્રત્યક્ષ તથા પરોક્ષ અસર અન્ય યોજનાઓને પૂરક બન્યા વગર રહી શકે નહીં. જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ, સિંચાઈ જળનો ઉપયોગ કરી ગામમાં પાણી પુરવઠો પહોંચાડતી પાઈપલાઈનો નાંખવાનું કામ, હસ્ત કલાકારો માટે સહિયારા ઉત્પાદન શેડ બાંધવાનું કામ વગેરે આ યોજના હેઠળ હાથ ધરી શકાય છે. અંગ્રેજો દ્વારા જમીન મહેસુલ એકત્ર કરવા માટે માલિકી હક્કની નોંધણી કરવાનું ભગીરથ કાર્ય થયેલું, જે વ્યવસ્થા આજેપણ ચાલે છે. લેન્ડ રેકોર્ડમાં પ્રત્યેક ખેતરનું કદ, સિંચાઈ, વૃક્ષોની સંખ્યા, પાકનું વાવેતર જેવી ઝીણવટભરી વિગતો સરકારી ચોપડે ઉપલબ્ધ હોય છે જેનો ઉપયોગ આ યોજનાના અમલનું આયોજન ગોઠવવા માટે થવો જોઈએ.*

ગરીબ પરિવારોને ઘરઆંગણે ૧૦૦ દિવસની રોજગારી પ્રાપ્ત કરવાનો અધિકાર બક્ષતી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના એક કાયદા સ્વરૂપે અભૂતપુર્વ પહેલ તરીકે છેલ્લા ૨ વર્ષમાં બહાર આવી છે.વિકાસ પ્રયત્નોના ૬૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત ગ્રામીણ ગરીબને ઘર નજીક જીવનનિર્વાહની જોગવાઈ મેળવવાની બાબત કાયદેસર બનાવવામાં આવી છે. અહીં મદદનો ટૂકડો ફેંકતી યોજનાની વાત નથી, ગરીબ પરિવારોની માંગ સામે કામ ઉપલબ્ધ કરાવવું સરકાર માટે ફરજિયાત બન્યું છે. અમલીકરણ સ્તરે ઊભા થતા પ્રશ્નોને કારણે ભલે આ યોજનાની ટીકા થતી હોય, પરંતુ ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારી પ્રબંધ દ્વારા થતું આવક પ્રવાહનું સર્જન પરિવર્તન માટે નવો તખતો તૈયાર કરી રહ્યું છે. ગરીબીનું પ્રમાણ નોંધપાત્ર સ્તરે ઘટાડવાની આ યોજનામાં રહેલી મજબુત ગુંજાયશથી સરકારી ખાતાઓ પણ કદાચ વાકેફ નથી.

### અમલમાં પારદર્શકતા

ભારતમાં પ્રથમ વખત કોઈ વિકાસ કાર્યક્રમના અમલમાં આટલી પારદર્શકતાની જોગવાઈ હશે. સોશિયલ ઓડિટ ફરજિયાત હોવાથી અનેક રાજ્યોમાં વેતનની ચુકવણીમાં થયેલા ગોટાળાઓ પકડાયા છે અને અધિકારીઓએ પૈસા જમા કરાવવા પડ્યા છે. આંધ્રપ્રદેશમાં રાજકરણ દ્વારા જ્યાં રોજગારી આપવા માટે મળેલા ભંડોળનો દુરૂપયોગ થયો હતો ત્યાં સોશિયલ ઓડીટના પ્રતાપે તેમના કાર્યકરોએ ગુપચાવેલા નાણાં પરત કરવા પડ્યા હોય તેવા કિસ્સા નોંધાયા છે. વેતન રોકડમાં પ્રાપ્ત થાય તેવી રોજગારી આપનારને “મા બાપ” કહેવાની બ્રિટીશ શાસક સમયની રૂઢિ ગામડાઓમાં હજુ પણ પ્રચલિત હતી, પરંતુ એન.આર.ઈ.જીએ. શરૂ થતા પંચાયત સ્વૈચ્છીક સંસ્થાઓ તથા શ્રમિક પરિવારો વચ્ચે ધિક્કારની અસર ધરાવતો એક નવો સબંધ શરૂ થયો છે. જેમાં કાયદાનો ભંગ થવા બદલ સજા થવાનો ભય સામેલ હોવાથી કોઈ કામ ઢીલમાં પડતું નથી. વિકેન્દ્રીત સરકારી વહીવટની વાત આ યોજના દ્વારા ચરિતાર્થ થઈ હોવાનું લગભગ રાજ્યોમાં સ્પષ્ટ જણાય છે. સ્વૈચ્છીક સંસ્થાઓ માટે પણ એન.આર.ઈ.જી.એ એવું પ્લેટફોર્મ સાબીત થયું છે જેના દ્વારા તે ગ્રામીણ ગરીબોને સંગઠીત બનાવી રચનાત્મક પ્રવૃતિ તરફ તેમને વાળી શકે છે. વિકાસ યોજનામાં જનભાગીદારીનું તત્તવ દાખલ કરવા માટે આ યોજનાએ ગ્રામીણક્ષેત્રમાં આદર્શ વાતાવરણ ઊભુ કર્યું છે. માહિતી અધિકારના કાયદા જેટલુંજ સ્વતંત્ર્ય પ્રત્યેક નાગરિકને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના કાયદા હેઠળ આપવામાં આવ્યું છે, જે અભુતપૂર્વ સિધ્ધિ ગણાય.

**(લેખક નિવૃત સનદી અધિકારી તથા હૈદ્રાબાદ સ્થિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ ડેવલપમન્ટના ડાયરેક્ટર જનરલ તરીકે રહી ચુક્યા છે.)**

### ગ્રામીણ ક્ષેત્રમાં મુડી સર્જન

ગ્રામીણ ગરીબ પરિવારોની માંગણી પ્રમાણે રોજગારી પ્રદાન કરવા પાછળ થતો વેતન ખર્ચ વાસ્તવમાં ખેતીવાડી ક્ષેત્ર માટે સંપત્તિનું વિરાટ સર્જન કરવામાં નિમિત્ત બની રહ્યો છે. ખરાબ સયમમાં ગામડામાં રોજગારી આપવા માટે ચોકડી ખોદાવવી કે પાળા બંધાવવા કે કાચી સડક તૈયાર કરવાની પ્રવૃત્તિ અછત રાહત કે દુષ્કાળ રાહતના ભાગ તરીકે હાથ ધરવામાં આવે છે, જેના હેઠળ થયેલા કામનું કોઇ આયુષ્ય હોતુ નથી. પરંતુ રોજગારીની ગેરેંટીનો અમલ કરવા માટે કેવા કામ હાથ ધરી શકાય તેની સંપૂર્ણ સ્પષ્ટતા તથા વિવરણ આ કાયદામાં સામેલ હોવાથી ચોક્કસ દિશામાં ખેતીવાડીને મદદગાર માળખાનું આપોઆપ સર્જન થવા લાગ્યું છે. એન.આર.ઇ.જી.એ લાગુ થયાને એક વર્ષ બાદ તૈયાર થયેલા અહેવાલ પ્રમાણે રૂ. ૯૦૦૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલા ૮.૩ લાખ કામ માથી ૭૫% એવા હતા જેના હેઠળ જળસંચય, લઘુસિંચાઈ, ગામકૂવા, તળાવ, જમીન વિકાસ, પૂર નિયંત્રણ તથા વાવેતરક્ષમ જમીન તૈયાર કરવા જેવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલા. ૧૨ કરોડ ક્યુબિક મીટર જળસંગ્રહ ક્ષમતા, ૩ લાખ કી.મી. જેટલી ગટરલાઈન, ૩.૫ લાખ હેક્ટરમાં વૃક્ષારોપપણ વગેરે કામ પ્રથમ વર્ષે ક્ષમતા સર્જનમાં ઊભા થયા હતા. ઓછો વરસાદ મેળવતા વિસ્તારોમાંથી દુષ્કાળની સંભાવના નાબુદ કરવામાં આ યોજના નિમિત બની છે. પ્રથમ વર્ષમાં પ્રાપ્ત થયેલી સિધ્ધિઓનું સજ્જડ પુનરાવર્તન દ્વિતિય વર્ષમાં પણ જોવા મળતા એકવાત સાબીત થાય છે કે ગ્રામીણ ક્ષેત્રમાં મુડીરોકાણનું અદ્‌ભુત આંદોલન રોજગારીની ખાત્રી આપવાની બાબત ઉપર સ્વયંભૂ આકાર લેવા લાગ્યું છે.

આ કાયદા હેઠળ ઊભી થતી સંપત્તિનો સીધો લાભ ગરીબ નાગરિકોને આપોઆપ મળે છે. ગરીબીની રેખા હેઠળ જીવતા પરિવારો, અનુસુચિત જાતિ તથા જનજાતિની વસતિ હોય ત્યાં તેમના માટે કામ હાથ ધરવાની જોગવાઈ હોવાથી આવા વસવાટમાં માળખાગત સુવિધાનું સ્તર સુધરી રહ્યું છે. ૧૯૭૦માં મહારાષ્ટ્ર સરકારે દાખલ કરેલી રોજગાર ગેરેંટી યોજનાનો સીધો લાભ જેમ બાગાયતી પાક લેનાર મોટા ખેડૂતોને મળ્યો હતો, તેમ આ યોજનાનો લાભ ૧૫૦ લાખ હેક્ટર જમીન ધરાવતા નાના તથા સિમાંત ખેડૂતોને મળી રહ્યો છે. સામાજિક ન્યાય સાથે આર્થિક વિકાસની વાત સિધ્ધાંતોના પ્રતિપાદનમાં અત્યાર સુધી શોભતી હતી. પરંતુ રોજગાર ગેરેંટીનો દેશભરમાં અમલ શરૂ થયા બાદ પહેલી વખત તેનો પરચો મળવો શરૂ થયો છે.

### અધિકારનો અહેસાસ

ગ્રામીણ ગરીબ પરિવારોમાં જીવન નિર્વાહનો હક્ક પ્રાપ્ત થયો હોવાનો અહેસાસ ઊત્પન્ન કરવામાં એન.આર.જી.એ. એસ સફળ રહી છે.ઘણા રાજ્યોમાં આ યોજનાને પગલે ગરીબ કામદારોમાં એટલી જાગૃતિ આવી છે કે તેઓ લધુતમ વેતનથી ઓછુ મહેનતાણું સ્વીકારવા તૈયાર નથી, ઊલટું સંગઠીત બની વધુ રકમ માંગતા થયા છે. ઘર આંગણે મળતા મહેનતાણા સાથે દૂર જઈ મંજૂરી કરવાની સ્થળાંતર પ્રક્રિયાના લાભાલાભ સમજતા થયા છે. ગરીબોમાં હક્કનું રક્ષણ કરવા માટે સંગઠીત બનવાની ભાવના જાગી છે અને તામિલનાડુ, છત્તિસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા તથા આંધ્રપ્રદેશમાં રોજીરોટી યાત્રા,રોજગાર સંમેલન, પંચાયત ઘરમાં ચર્ચા સભાઓ વગેરેનું આયોજન થઈ રહ્યું છે, તો ગરીબોના ઊત્કર્ષ માટે કાર્યરત સ્વૈચ્છીક સંસ્થાઓને પણ સરકારી તંત્ર પાસે આ યોજનાનો અમલ ગરીબોના હિતમાં કરાવવા માટે નવી પ્રવૃત્તિનું પ્લેટફોર્મ મળ્યું છે. ખેત મજુરી ઉપલબ્ધ ન હોય તેવા વિકટ ગાળામાં ૧૦૦ દિવસનું વેતન ઘેર નાણાં લાવે તેવા પ્રબંધ થતા ગરીબ બાળકો શાળાએ જવા લાગ્યા છે,જ્યાં મધ્યાહન ભોજન યોજના હેઠળ તેમનું પોષણનું સ્તર સુધર્યું છે, આવકની ખાત્રી મળતા નાણાંની જરૂરિયાત માટે શાહુકારો ઉપર રખાતું અવલંબન ઘટ્યું છે. ગ્રામીણ ક્ષેત્રના વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે. જે મજબુત કાયાપલટનો મંચ તૈયાર કરી રહ્યો છે તે વાત વક્રદષ્ટાઓ પણ સ્વીકારતા થયા છે.

### સોશિયલ ઓડિટના અનુભવ

સરકારી વિકાસ યોજનાઓ પાછળ ખર્ચાતા જંગી ભંડોળ પાછળ ઊભી થતી નિયતની બદનામી સદાય સરકારી તંત્રના કપાળે લખાતી રહી છે. આ યોજનામાં રખાયેલી સોશિયલ ઓડિટની જોગાવાઈએ પારદર્શકતા ઊભી કરતા આ ત્રુટી પુરી થઈ ગઈ છે. સામાજિક ઓડિટ દ્વારા અમલીકરણમાં આર્થિક શુધ્ધતા અકબંધ રાખવામાં સૌથી પ્રશંસ્ય પહેલ કરનાર આંધ્રપ્રદેશમાં આ યોજના હેઠળ હાથ ધરાયેલા કામ પાછળ થયેલ ખર્ચનું વાજબીપણું નક્કી કરતી તપાસ

કરાવવી ફરજિયાત છે અને તમામ હિસાબો ગ્રામસભા સમક્ષ મુકવા સરકારી તંત્ર માટે ફરજિયાત બનાવવામાં આવ્યા છે. નિયંત્રણને સતત પ્રક્રિયાનું સ્વરૂપ આપવા માટે રાજ્ય સરકારે વિવિધ ટુકડીઓ બનાવીને ગ્રામીણ ક્ષેત્રમાં આ યોજના હેઠળ હાથ ધરાતા કામ અને તેના હિસાબો ઉપર નજર રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. આવી ટૂકડીઓમાં સરકારી અધિકારી તથા શ્રમિકોના પ્રતિનિધિઓને સામેલ કરવામાં આવ્યા છે.જનભાગીદારી દ્વારા વિકાસનો વિચાર અમલમાં મુકતી આ નિરિક્ષક ટૂકડીઓને ખાસ તાલીમ આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આંધ્રપ્રદેશ બાદ રાજસ્થાનમાં પણ આવી વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ થયો છે. પરંતુ કમનસિબે અન્ય રાજ્યોમાં સોશિયલ ઓડિટનો પ્રતિકાર થઈ રહ્યો છે. અથવા તેનું પાલન નહિવત થાય તેવી વ્યવસ્થા ગોઠવાય છે. ઓડિટ દ્વારા પોતાના લાભ ઝૂંટવાશે તેવો ભય સેવતા રાજકારણીઓ પણ ઓડિટની પારદર્શતા તેમની જનમાનસમાં આરૂઢ છબિને વધુ સ્વચ્છ બનાવવામાં નિમિત્ત બનતી જોઈ ઓડિટનું મહત્વ તથા સાચો અમલ સ્વીકારતા થયા છે, પરિણામે સરકારી તંત્ર સાથેનું ઘર્ષણ ઘટ્યું છે, ઘણા રાજ્યોમાં તો અન્ય વિકાસ કાર્યક્રમનું મુલ્યાંકન કે ઓડિટ કરવાની જરૂર પડી ત્યાં એન.આર.ઇ.જી.એ ના સોશિયલ ઓડિટરને બોલાવવા પડ્યા છે, જેને આ જોગવાઈની સફળતા ગણવી પડે. કેન્દ્ર દ્વારા રોજગારી આપવા માટે રાજ્યોને અપાતું ભંડોળ છૂટુ કરતા પહેલાં સામાજિક ઓડિટમાં બહાર આવેલા તથ્યોને મહત્વ અપાતું હોવાથી વહેલા કે મોડા તમામ રાજ્યોને આંધ્રપ્રદેશનો દાખલો અંગિકાર કર્યા વગર છુટકો નથી. ગ્રામીણ ક્ષેત્રના વિકાસમાં નિમિત્ત બનતું અમર્યાદિત ભંડોળ માત્ર આ યોજના હેઠળ જ ઉપલબ્ધ હોવાથી કોઇપણ રાજ્ય ઓડિટની જોગવાઈના મુદ્દે ઘર્ષણ ઊભુ કરી શકે નહીં. ઓડિટરોની તાલીમબધ્ધ કેડર ગ્રામીણ સ્તરે કાર્ય કરવા તૈયાર થાય તે માટે ક્ષમતા સર્જનનો જંગી પ્રયાસ પ્રત્યેક રાજ્ય સરકારે હાથ ધરવો જોઇએ. તાલુકા તથા ગ્રામ પંચાયત સ્તરે ચોંપદાર ઓડિટરો તૈયાર થાય તેવી વ્યવસ્થા ગોઠવવી પડે, જે પરિવર્તનના પર્યવેક્ષક બને.

**આયોજન તથા સંકલન**

ખેતીવાડી ક્ષેત્રનો ૨.૬% જેટલો મામુલી વિકાસ દર રાષ્ટ્રીય અર્થતંત્ર માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. ૨૦૦૭-૦૮ની આર્થિક મોજણી અને સામાજિક અંદાજપત્રમાં પણ આ બાબત ઉલ્લેખ પામી છે. ગ્રામીણ ભારતમાં મુડીરોકાણનું જંગીભંડોળ વાળવાની ગુંજાયશ ધરાવતી આ યોજના ટકાઉ મિલ્કતોના સર્જન દ્વારા ખેતી વિકાસને ટેકો આપી શકે છે. રોજગારીનો પ્રબંધ, જળાશયો તથા સડકો અને પાણી વિતરણ પ્રણાલીનું બાંધકામ અને આટલું કાર્ય પુરૂ થયા બાદ તેના લાભ ખેતીવાડીમાં સુધારો કરે તેટલા ઉદ્દેશ એકી સાથે આ યોજના સર કરી શકે છે. ખેતીવાડી વિસ્તરણ તથા સુધારણા સાથે રોજગારી પ્રબંધનું કોઈ સંકલન હજુ રચાયું નથી છતા આટલા પ્રોજેક્ટ પુરા થયા સાથે પરિણામ દેખાવા લાગ્યા છે તો રોજગારી આપતા માળખા સાથે સ્થાનિક સ્તરેનો વિકાસ નકશો જોડવામાં આવે તો પરિવર્તનની મોટી તક ગામડાઓમાં આપોઆપ ઊભી થશે. સી.એ.જી.ના અહેવાલમાં પણ આ મુદ્દા ઉપર ખાસ નોંધ મુકવામાં આવી છે. રોજગારી ગેરેંટીના સાચા અમલ દ્વારા જો કાચી ઘરગથ્થુ પેદાશ (જીડીપી) માં ગ્રામીણ ક્ષેત્રનો હિસ્સો ઊંચો લઈ જવો હોય તો વૈજ્ઞાનિક ઢબે રોજગારીની માંગ અને પુરવઠાનો અંદાજ કાઢી વેતન રોજગારીના અમલ ઉપર નિયંત્રણ રાખતુ જિલ્લા, તાલુકા તથા ગ્રામ પંચાયત સ્તરનું અલગ માળખું ગોઠવવું પડશે.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજનાનું લાભફલક એટલું વિસ્તૃત છે કે તેની પ્રત્યક્ષ તથા પરોક્ષ અસર અન્ય યોજનાઓને પૂરક બન્યા વગર રહી શકે નહીં. જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ, સિંચાઈ જળનો ઉપયોગ કરી ગામમાં પાણી પુરવઠો પહોંચાડતી પાઈપલાઈનો નાંખવાનું કામ, હસ્ત કલાકારો માટે સહિયારા ઉત્પાદન શેડ બાંધવાનું કામ વગેરે આ યોજના હેઠળ હાથ ધરી શકાય છે. અંગ્રેજો દ્વારા જમીન મહેસુલ એકત્ર કરવા માટે માલિકી હક્કની નોંધણી કરવાનું ભગીરથ કાર્ય થયેલું, જે વ્યવસ્થા આજેપણ ચાલે છે. લેન્ડ રેકોર્ડમાં પ્રત્યેક ખેતરનું કદ, સિંચાઇ, વૃક્ષોની સંખ્યા, પાકનું વાવેતર જેવી ઝીણવટભરી વિગતો સરકારી ચોપડે ઉપલબ્ધ હોય છે જેનો ઉપયોગ આ યોજનાના અમલનું આયોજન ગોઠવવા માટે થવો જોઇએ. સાથોસાથ તેવું એકત્રીકરણ સંબધિત વિસ્તારમાં અમલમાં મુકાતી વનીકરણ, પુર નિયંત્રણ, દુષ્કાળ રાહત, પાણી પુરવઠો, બાગાયતી ખેતી, પશુપાલન, વન સંવર્ધન, માછીમારી તથા હાથશાળ વિકાસજેવા વિષયને લગતી યોજનાઓ સાથે થવું જોઇએ.

ગરીબ પરિવારને જીવન નિર્વાહ

માટે કામ આપવાની ફરજ પુરી કરવા માટે સરકારે કાયદો ઘડ્યો, જે ભારતમાં બનેલી સર્વપ્રથમ ઘટના છે. સહાય કે રાહતનો ટૂકડો ફેંકવાની સરકારી માનસિકતા બદલાઈ છે, હવે કામની માંગણી ગ્રામીણ ગરીબનો અધિકાર બની છે. આ યોજનાનું ક્લેવર એટલું અનોખું અને ઉપજાઉ છે કે તેને ચીલાચાલુ ખાતાકીય માળખા દ્વારા અમલમાં મુકવાને બદલે પંચાયત તથા તાલુકા સ્તરે અલાયદુ વહીવટીતંત્ર ઉભુ થવું જરૂરી છે. આ કાર્ય માટે કેન્દ્ર તરફથી મળેલી ફાળવણીમાંથી ૪% રકમ વહીવટી ખર્ચ પેટે વાપરી શકાય છે,જેમાં કામના સ્થળે સવલતો ઉભી કરવાથી માંડીને સોશિયલ ઓડિટ સુધીના ખર્ચનો સમાવેશ થાય છે. ડી.આર.ડી.એને અપાતી વહીવટી ખર્ચની ગ્રાન્ટની ઢબે આ ૪% રકમનો ઉપયોગ કરવાને બદલે એન.આર.ઈ.જી.એસ માટે અમલ, નિયંત્રણ હિસાબ તા ઓડિટની કાયમી વ્યવસ્થા તૈયાર કરવા પાછળ તેનો ઉપયોગ થવો જોઈએ. આ યોજના સાથે સંકળાયેલા કર્મચારીઓ, અધિકારીઓ તથા પંચાયત સભ્યોને શિક્ષિત બનાવે તેવો અભ્યાસક્રમ ઘડી કાઢી સઘન તાલીમની જોગવાઈ પણ થવી ઘટે. ૩૩૦ જિલ્લામાંથી સમગ્ર દેશમાં આ યોજના ૧-૪-૨૦૦૮થી લાગુ પડાયા બાદ તેનો વહીવટ ભગીરથ ગોઠવણી, નિગરાની અને પરિવર્તનની અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

ગરીબ પરિવારને રોજગારીનો હક્ક આપવાની ઐતિહાસિક ઘટનાનું મૂલ્ય હજુ સરકારી તંત્ર ખુબ ઓછુ આંકે છે, માટે ગ્રામીણ વિકાસ મંત્રલાયની યોજના જેવી ઓળખ દૂર કરી તેને રાષ્ટ્રીય કાર્યક્રમ જાહેર કરવી જોઈએ. હરિયાળી ક્રાંતિ સમયે જોવા મળેલી કૃતનિશ્ચયની ભાવના ફરીથી રોજગાર ગેરંટીને યથાર્થ અમલ કરવા માટે પુર્નજાગૃત બને તો ગરીબીનું પ્રમાણ સ્વયંભુ ઘટવા સાથે ગ્રામીણ ભારતમાં આર્થિક ઉત્થાનની નવી લહેર પેદા થાય તેમાં શંકા નથી.

• • •

*અનુ. પાનાનં ૧૨ થી શરૂ*

કામગીરી હાથ ધરવામાં આવી હતી.બોલાંગીર, બૌધ અને કલકુંડી જિલ્લાઓમાં હાથ ધરાયેલી સર્વેક્ષણ કામગીરીના અહેવાલો ૨૦ નવેમ્બર, ૨૦૦૭ ના 'હિન્દુ' અખબારમાં ચમકી ચૂક્યા છે. ટૂંકમાં કહીએ તો ઓરિસ્સાને જાહેર બાંધકામની પ્રવૃત્તિઓમાં ખદબદતા ભ્રષ્ટાચારથી મુક્તિ અપાવતી પારદર્શક વ્યવસ્થા ઉભી કરવામાં સફળતા નહોતી મળી. ઓરિસ્સામાં જોવા મળ્યું કે સ્થાપિત હિતો પારદર્શક વ્યવસ્થાને તોડી પાડતા હતા. બોલાંગીર અને કલકુંડી જિલ્લાઓમાં તો ટકાવારી પધ્ધતિનું ચલણ જોવા મળ્યું હતું, (જ્યાં યોજના માટે કામ કરતા કર્મચારી ચોક્કસ ટકાવારીની માંગણી કરતા હતા) આ રાહે એનઆરઈજીએ હેઠળ ફાળવવામાં અપાતા ભંડોળ પૈકીનું ૨૨% ભંડોળ ચવાઈ જતું હતું. જો કે ભ્રષ્ટાચારથી ખદબદતા આ પ્રદેશમાં પણ કેટલાક આશાના કીરણ જોવામાં આવ્યા હતા. સ્થાપિત હિતોને નાકામિયાબ બનાવવા લેવાયેલા કેટલાક પગલાંથી ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટ્યું હતું. અને એનઆરઈજીએના અમલના મુદ્દે ઓરિસ્સા ભ્રષ્ટાચારને નાથવામાં સારી એવી મદદ મળી છે.

ત્યારબાદ ડિસેમ્બર,૨૦૦૭માં હિમાયલમાં પણ સુખદ અનુભવ થયો. આ રાજયના કાંગલા અને સિરમૌર જિલ્લામાં જ વિરોધાભાસી સ્થિતિ જોવા મળી. કાંગરામાં જાહેર રેકર્ડમાં પારદર્શીતા જોવા મળી. ગ્રામ પંચાયતના કાર્યાલયો જ યોજના સંબંધી રેકર્ડ અને મસ્ટર રોલ ઉપલબ્ધ રહેતા હતા.એક માત્ર મિંતા ગ્રામ પંચાયતને બાદ કરતાં તમામ પંચાયતોમાં મસ્ટરરોલમાં ભરેલી વિગતો અને શ્રમિકોએ આપેલા નિવેદનોમાં સામ્યતા જોવા મળી હતી. પંચાયતોમાં મોટાભાગે કોમ્પ્યુટરાઈઝ્ડ રેકર્ડ ઉપલબ્ધ હતો. ભંડોળ સાથે ચેડાં કર્યા વિના કેટલાક સામગ્રીકીય ખર્ચને પહોંચી વળવા કેટલાક કિસ્સામાં મસ્ટર રોલમાં ફેરફાર થયાનું માલુમ પડ્યું હતું. આ બાબતને ખોટી સાબિત કરવી હોય તો ઉંડી તપાસ માંગી લે. બાકી તમામ પંચાયતોમાં રેકર્ડ તત્કાળ ઉપલબ્ધ રહ્યું. એમાંય યોજનાના લાભાર્થીઓએ રોજગારી મળતાં તેમના જીવનમાં ગૌરવનો સંચાર થયો, બાળકો નિશાળે ભણવા જતા થયા વગેરે વિગતો સાથે એનઆરઈજીએ યોજનાની પ્રશંસા કરાતાં જે નિવેદનો આપ્યા તે યોજનાના સંવેદનશીલ આલોચકોને પણ ખુશ કરી દે તેવા હતા.

સર્વેક્ષણ દરમિયાન હાથ લાગેલા આ બહુઆયામી તથ્યો વચ્ચે એક બાબત ધ્યાન ખેંચે તેવી એ હતી કે એનઆરઈજીએના અમલમાંથી ભ્રષ્ટાચારને નાબુદ કરી શકાય તેમ છે. કાયદા અને માર્ગદર્શક સિધ્ધાંતોમાં જ જરૂરી જોગવાઈ કરીને આ ધ્યેય હાંસલ કરી શકાય તેમ છે સૌથી વધુ અગત્યની બાબત એ છે કે ભ્રષ્ટાચારના કિસ્સા ધ્યાનમાં આવે તો તાકિદના પગલાં લેવા જોઈએ.

• • •

# એન.આર.ઇ.જી.એસમાં ભ્રષ્ટાચાર : દંતકથાઓ અને હકીકત

જીન ડ્રેઝ

*આંધ્રપ્રદેશની મુલાકાત લેતા પણ એનઆરઈજીએમાં ભ્રષ્ટાચારને અટકાવવા પ્રશંસનીય પગલાં લેવાયા હોવાનું ધ્યાને આવ્યું. આંધ્રની સરકારે તો એનઆરઈજીએ અંતર્ગત શ્રમિકોને કરવાની રહેતી ચૂકવણી પોસ્ટ ઓફિસ મારફતે જ કરવાની પ્રણાલી અપનાવી છે. આ રીતે યોજનાનો અમલકર્તા એજન્સી અને ચૂકવણી કર્તા એજન્સીને અલગ અલગ રાખવામાં આવી છે. એનઆરઈજીએ અમલની માર્ગદર્શકતામાં આ જોગવાઈ સુચવવામાં જ આવી છે અને આંધ્રપ્રદેશે તેનો અમલ કર્યો છે. આ વ્યવસ્થાને પગલે અમલકર્તા એજન્સી દ્વારા મસ્ટર રોલમાં ચેડાં થવાની સંભાવના જ નેસ્તનાબુદ થઈ જાય છે. આંધ્રની સરકાર આ ઉપરાંત સંસ્થાકીય સામાજિક ઓડિટની પણ પરંપરા ઉભી કરી છે. આંધ્રની મુલાકાતને પગલે લાગ્યું કે યોજનાના અમલની પારદર્શકત્વની જાળવણી કરવા અને ભ્રષ્ટાચારને અટકાવવા માટે લેવાયેલા પગલાં ખરેખર અસરકારક હતા.*

બે વર્ષ પહેલાં દેશના ૨૦૦ જિલ્લાઓમાં લાગુ થયેલો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ તે સ્વયંસુધારના નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. આ કાયદાના અમલ સાથે ચોક્કસ માર્ગદર્શિકા સંકળાયેલી હોવાથી આ સમયગાળા દરમિયાન કામગીરી સબંધી સમસ્યાઓ સર્જાય તે સાહજિક છે. પરંતુ તેથી કરીને યોજના તેની પહેલ માટેના હકારાત્મક બુનિયાદી હેતુઓથી કે પછી સફળતાની સંભાવનાઓથી દૂર નથી જ ફંગોળાઈ. પરંતુ આ યોજના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલની તપાસણી હેઠળ આવી ત્યારે તેમાં રહી ગયેલી ક્ષતિમાં સુધારણાની અપેક્ષા રખાય એ સ્વાભાવિક છે.

મીડિયા અહેવાલોથી વિપરીત પણે એનઆઈઈજીએ વિષેના કેગના અહેવાલમાં ભંડોળની મોટાપાયે ગેરરીતી અંગે કોઈ પુરાવા નથી મળતા. કેગના અહેવાલે એવું પણ નથી જણાવ્યું કે યોજના નિષ્ફળ રહી છે. કેગના અહેવાલમાં કામગીરીની પ્રક્રિયામાં રહેલી ક્ષતિ અને તેમાં સુધાર લાવવાના ઉપાય જ સુચવવામાં આવ્યા છે. એનઆરઈજીએ થોડા મહિના પછી સમગ્ર દેશના લાગુ થવામાં હોય તેના ગણતરીના પ્રવાહો પહેલા તેના અમલની પ્રક્રિયામાં જરૂરી સુધાર થઈ જાય તે માટે કેગના અહેવાલે છડી પોકારી હતી.

પ્રશ્ન એક જ રહે છે કે એનઆરઈજીએનું ભંડોળ ગરીબો સુધી પહોંચે છે કે નહીં ? આ સંદર્ભમાં અમે અહીં અલ્હાબાદ ખાતેની જી.બી.પંત સમાજ વિજ્ઞાન સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલી "મસ્ટર રોલ ચકાસણી કવાયત"ના તારણો મુકવા પ્રયાસ કરીએ છીએ. દિલ્હી-યુનિવર્સિટી અને અન્ય સ્થળોના તાલીમબધ્ધ વિદ્યાર્થીઓએ આ સર્વેક્ષણ કામગીરી હાથ ધરી હતી. રેન્ડમ સેમ્પલિંગની મદદથી મસ્ટર રોલ્સની પસંદગી કરવામાં આવી હતી. તેમાં ચેડાં કરવાની તક ના મળે તે હેતુસર સર્વેક્ષણ હાથ ધરાયું તેના ટૂંકા સમયગાળા પહેલાં જ તે હસ્તગત કરવામાં આવ્યા હતા. મસ્ટરરોલમાં ઉલ્લેખિત શ્રમિકોની વિદ્યાર્થીઓએ મુલાકાત લઈને તેમની હાજરી અને મળતા નાણા વિશે પૂછપરછ પણ કરી હતી.

મસ્ટર રોલ ચકાસણીની આ પધ્ધતિ માહિતી અધિકાર ચળવળના સંદર્ભમાં સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ કવાયતને પગલે જાહેર ક્ષેત્રના કામોમાં પારદર્શીતા લાવવાની રીતરસમ વિકસાવવામાં પણ મદદ મળી હતી. સર્વેક્ષણ કરનારા વિદ્યાર્થીઓએ જોબગાર્ડની નિયમીત જાળવણી, સામાજિક ઓડિટ વગેરે બાબતની પણ ચકાસણી કરી હતી. પારદર્શકતા જાળવી રાખતી આ પ્રણાલીને એનઆરઈજીએ

(લેખક જી.બી.પંત સોશિયલ સાયન્સ ઈન્સટીટ્યુટ સાથે સંકળાયેલા છે.)

કાયદા અને તેના અમલ માટેના માર્ગદર્શન સિધ્ધાંતોનો એમ બંનેમાં સામેલ કરવામાં આવી છે. રાજસ્થાનમાં આ સાવધાની સુચક પગલાંઓના બિન ઔપચારિક પુરાવા મળ્યા હતા અને ભ્રષ્ટાચાર અટકાવવામાં આ પ્રણાલીઓનો લાંબાગાળા માટે ઉપયોગ કરી શકાય તેમ છે એવું પણ તારણ કાઢવામાં આવ્યું હતું.

ઝારખંડ અને છત્તિસગઢ કે જ્યાં બે વર્ષ પહેલાં નેશનલ ફુડ ફોર વર્ક પ્રોગ્રામના અમલ દરમિયાન ભ્રષ્ટાચારની મોટી બૂમ પડી હતી એ જ રાજ્યોમાં એનઆરઇજીએ સંદર્ભમાં મે-જૂન ૨૦૦૭માં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

દા.ત., છત્તીસગઢના સુરગુમ જિલ્લામાં 'અનાજ સામે કામ' યોજનાના અમલ સમયે ભંડોળની ફાળવણીના મુદ્દે કોઈ નિયંત્રણ જોવા મળ્યું નહોતું અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ ૨,જુલાઈ ૨૦૦૫ની પોતાની આવૃત્તિમાં 'અનાજ સામે કામ' યોજનાની આલોચના કરતા 'લૂટ ફોર વર્ક પ્રોગ્રામ' એવા મોટા મથાળે અહેવાલો આપ્યા હતા.

પરંતુ હવે આ જ જિલ્લાઓમાં એનઆરઈજીએના અમલ સમયે ભ્રષ્ટાચાર બનાવોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ગ્રામપંચાયતો દ્વારા હાથ ધરવામાં આવેલી નવ જેટલી કામગીરી માટેના રેન્ડમ સેમ્પલિંગથી મેળવવામાં આવેલા મસ્ટરરોલની ચકાસણી દરમિયાન માલુમ પડ્યું હતું કે મસ્ટર રોલ મુજબ જે શ્રમિકોને નાણા ચૂકવાયા હોવાનું દર્શાવાયું હતું તે શ્રમિકોના હાથ સુધી નાણા પહોંચતા હતા. નજીકના કેરીયા જિલ્લામાં પણ આ મુજબની ચકાસણી ધરાતાં ૫% જેટલું જ ભંડોળકીય ગળતર માલુમ પડ્યું હતું.

દરમિયાન ઝારખંડ જિલ્લામાં રેન્ડમ ધોરણે પસંદ કરવામાં આવેલી પાંચ ગ્રામ પંચાયતના મસ્ટર રોલની ચકાસણી કરતાં ભંડોળકીય ગળતર કે ગેરરીતી ૩૩% માલુમ પડી હતી. આવી ઘટના અસ્વીકાર્ય જ હોઇ શકે. ઓરિસ્સાની બહાર આટલા મોટાપાયે ભંડોળકીય ગેરરીતીનો આ સૌથી મોટા એવો કિસ્સો કહી શકાય. પરંતુ એથી કરીને એનઆરઈજીએ હેઠળ ચૂકવાતા નાણા ગરીબો સુધી નથી પહોંચતા એ મુજબના દાવાને યોગ્ય ના જ ઠેરવી શકાય. ઝારખંડમાં પણ અગાઉના ત્રણ વર્ષના મુકાબલે ભ્રષ્ટાચારના પ્રમાણમાં ઘટાડો થયો હોવાના પ્રમાણ મળ્યા છે.

ત્યારબાદ જુલાઇ-ઓગસ્ટ ૨૦૦૭માં તમિલનાડુના વિલ્લુપુરમ જિલ્લામાં એનઆરઈજીએ હેઠળ હાથ ધરાયેલા સામાજિક ઓડિટની વાત કરીએ તો યોજના અમલમાં ભ્રષ્ટાચાર ના થાય તે માટે આ વિસ્તારમાં સંખ્યાબંધ પગલાં લેવાયાના પુરાવા છે. તમિલનાડુ સરકારે આ દિશામાં ખાસ પગલાં લીધાં હતા. જેમકે યોજના અંતર્ગત કામ પર આવતા શ્રમિકે હાજરી પુરવા રોજ મસ્ટરરોલમાં અંગૂઠાનું નિશાન કે પછી હસ્તાક્ષર કરવાની પ્રણાલી ઉભી કરવામાં આવી છે. આથી કરીને મસ્ટરરોલ પર રોજ ઘણાબધા લોકની નજર પડતી રહે છે. આમ મસ્ટર રોલ જાહેર ચકાસણી માટે ઉપલબ્ધ રહેવા ઉપરાંત રોજ અનેક લોકોની નજર સમક્ષ પસાર થતું હોવાથી ચેડાંની સંભાવના ઘટી જાય છે. જોકે વિલ્લુપુરમમાં વ્યવસ્થિત રીતે ચકાસણી કામગીરી હાથના ધરાઈ હોવાથી ભંડોળકીય ગેરરીતીનું પ્રમાણ કેટલું રહ્યું તેની જાણકારી મેળવી શકાઈ નહોતી.

આ જ રીતે આંધ્રપ્રદેશની મુલાકાત લેતા પણ એનઆરઈજીએમાં ભ્રષ્ટાચારને અટકાવવા પ્રશંસનીય પગલાં લેવાયા હોવાનું ધ્યાને આવ્યું. આંધ્રની સરકારે તો એનઆરઈજીએ અંતર્ગત શ્રમિકોને કરવાની રહેતી ચૂકવણી પોસ્ટ ઓફિસ મારફતે જ કરવાની પ્રણાલી અપનાવી છે. આ રીતે યોજનાનો અમલકર્તા એજન્સી અને ચૂકવણી કર્તા એજન્સીને અલગ અલગ રાખવામાં આવી છે. એનઆરઈજીએ અમલની માર્ગદર્શકતામાં આ જોગવાઈ સુચવવામાં જ આવી છે અને આંધ્રપ્રદેશે તેનો અમલ કર્યો છે. આ વ્યવસ્થાને પગલે અમલકર્તા એજન્સી દ્વારા મસ્ટર રોલમાં ચેડાં થવાની સંભાવના જ નેસ્તનાબુદ થઈ જાય છે. આંધ્રની સરકાર આ ઉપરાંત સંસ્થાકીય સામાજિક ઓડિટની પણ પરંપરા ઉભી કરી છે. આંધ્રની મુલાકાતને પગલે લાગ્યું કે યોજનાના અમલની પારદર્શકત્વની જાળવણી કરવા અને ભ્રષ્ટાચારને અટકાવવા માટે લેવાયેલા પગલાં ખરેખર અસરકારક હતા. થોડા વર્ષો પહેલા આંધ્રમાં જાહેર બાંધકામની પ્રવૃત્તિમાં જે ભ્રષ્ટાચાર ખદબદતો હતો એવું કાંઇ જ જોવા ના મળ્યું.

**આંચકારૂપ અનુભવ**

આ તમામ થેયીલ ચકાસણી બાદ ઓરિસ્સામાં આંચકારૂપ અનુભવ થયા. ઉપરાંત તમામ રાજ્યોની તુલનાત્મક પ્રશંશનીય રહેલી કામગીરી બાદ ઓકટોબર-૨૦૦૭માં ઓરિસ્સાના ત્રણ જિલ્લામાં હાથ પર લેવાયોલા ૩૦ જેટલા કામોની રેન્ડમ ધોરણે પસંદગી કરીને તેના મસ્ટર રોલની ચકાસણીની

*અનુ. પાનાનં ૧૦ થી ઉપર*

## ગરીબી નિવારણ અંતર્ગત

# રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના

નિલેશભાઇ પટેલ

*કેન્દ્ર સરકારની આ યોજનાની શરૂઆત ૨-૧૦-૧૯૯૮ના રોજ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં પ્રત્યેક પરિવારમાં એક સભ્યને વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસનો રોજગાર આપવામાં આવે છે. રોજગારી માટે પોતાના વિસ્તારમાં કામ મળે છે. આથી પરિવારના સભ્યોને છોડીને અન્ય વિસ્તારમાં પહોંચવાનું હોતું નથી. આ યોજનામાં ૩૩ ટકા લાભ મહિલાઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે. રોજગાર મેળવવા માટે જોબકાર્ડ બનાવવો પડે છે. જોબકાર્ડ ધરાવનાર વ્યક્તિ કામ મેળવવા માટે હક્કદાર બની જાય છે. જોબકાર્ડ ગ્રામ પંચાયતમાંથી અધિકૃત અધિકારી દ્વારા બનાવી આપવામાં આવે છે. અહીં પંચાયતીરાજને વધુ સમુદ્ધ બનાવી સાંકળી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.*

ગરીબીએ ભારતની અતિગંભીર સમસ્યા છે. છેલ્લી વસ્તી ગણતરી અનુસાર ભારતમાં લગભગ ૨૬ કરોડ લોકો ગરીબીનીરેખા નીચે જીવન ગુજારતા હતા. ગરીબી એ કુદરતી ઘટતના નહી પરંતુ માનવસર્જિત સમસ્યા છે. સમાજનો એક ભાગ તેની પાયાની જરૂરિયાતો પૂરી કરવા સમર્થ નથી, જે સમાજમાં બધા લોકો પાસે રોજગારી નથી, આજીવિકા વિહીન જીવન ગુજારતા હોય ત્યારે તે સમાજમાં 'ગરીબી' ની સમસ્યા છે તે ગણાવી શકાય.

પ્રા. ગુન્નાર મિડાલે તેમના પ્રસિદ્ધ પુસ્તક એશિયા ડ્રામામાં કહ્યું છે કે, ગરીબી એ મૂડીના સાધનોની માલિકીનો અભાવ નહીં પરંતુ નવું વિચારવાની શક્તિનો અભાવ, સાહસવૃત્તિનો અભાવ, નવા પરિવર્તનનોને સ્વીકારાવનો અભાવ, સતત બીજા સાથે તુલાના કરવી, પાછળ રહી ગયાની લઘુતાગ્રંથીથી પીડાવું, ગરીબી, માત્ર આર્થિક નહીં માનસિકતામાં રહેલી હોય છે. આપણો દેશ આઝાદ થયો ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે કહ્યું હતુ કે અંગ્રેજો આપણને હાડપીંજર સોંપીને ગયા છે. ભારતની ગરીબીનું એક કારણ તેણે ૨૦૦ વર્ષો સુધી ભોગવેલી ગુલામી પણ છે. ભારત એ ભૌતિક સંપત્તિ ધરાવતો દેશ છે, આપણે ત્યાં કુદરતી સંસાધનો વિપુલ માત્રામાં છે પણ તેના ઉપયોગ માટે આયોજનનો અભાવ છે.

ભારતમાં ગરીબીનું પ્રમાણ અને તેના વલણો સમજવા માટે જુદા જુદા સંશોધનાત્મક અભ્યાસો થયેલા છે. ૧૯૬૦થી ૧૯૮૦ ના સમયગાળા દરમ્યાન ગરીબીનું પ્રમાણ ૪૦ ટકા થી ૬૦ ટકા જેટલુ હતું. ત્યાર પછી ૧૯૯૦ના દસકા દરમિયાન ગરીબીનું પ્રમાણ ૩૬ ટકા આસપાસ હતું. ભારતમાં આયોજનપંચની ગણતરી પ્રમાણે દેશમાં ૧૯૯૬-૯૭માં ગરીબી રેખા નીચે જીવન ગુજારતા લોકોની સંખ્યા ૨૯.૨ ટકા હતી. જ્યારે જુલાઈ ૧૯૯૯ થી જૂન ૨૦૦૦ દરમિયાન નેશલન સેમ્પલ સર્વે દ્વારા ગ્રાહક ખર્ચ અંગેના સર્વેમાં જોવા મળ્યું કે ૧૯૯૩-૯૪ માં ગરીબીનું પ્રમાણ જે ૩૬ ટકા હતુ તે ૧૯૯૯-૨૦૦૦ માં ઘટીને ૨૦ ટકા જેટલું થયું. સંખ્યાની દૃષ્ટિએ ૧૯૯૯-૨૦૦૦ની ભારતની કુલ વસ્તી ૯૯-૭૦ કરોડ હતી .

નીચેના કોષ્ટકમાં તેનું અવલોકન કરીએ

| વર્ષ | ગ્રામીણ | શહેરી | સમગ્ર ભારત |
|---|---|---|---|
| ૧૯૭૩-૭૪ | ૫૬.૪ | ૪૯.૦ | ૫૪.૯ |
| ૧૯૮૭-૮૮ | ૩૯.૧ | ૩૮.૨ | ૩૮.૯ |
| ૧૯૯૩-૯૪ | ૩૭.૩ | ૩૨.૪ | ૩૬.૦ |
| ૧૯૯૯-૦૦ | ૨૭.૧ | ૨૩.૬ | ૨૬.૧ |

(ઇકો.સર્વે ૨૦૦૧-૨૦૦૨ ભારત સરકાર)

(લેખક સત્યમ્ કોલેજ ઓફ એજ્યુકેશન ભરૂચમાં પ્રાધ્યાપક છે.)




અત્યાર સુધી ગરીબી અંગેગરીબી અંગે જે અભ્યાસ થયા તે પરથી કેટલાક તારણો આ મુજબ તારવી શકાય.

- ભારતમાં કુલ વસ્તીના ૨૬ કરોડ જેટલી વસ્તી હજી ગરીબી ભોગવી રહી છે.
- એકંદરે ગ્રામીણ વિસ્તારમાં શહેર કરતાં ગરીબીનું પ્રમાણ વધારે છે.
- આંતરરાજ્ય સંબંધમાં ગરીબીના પ્રમાણ અંગે ઘણી અસામનતા છે.
- સૌથી વધારે ગરીબી ઓરિસ્સામાં ૪૭.૧૫ ટકા અને સૌથી ઓછી ગરીબી ગુજરાતમાં ૧૪.૭ ટકા છે. (વર્ષ-૨૦૦ના આધારે)

### ગરીબી નિવારણ યોજના

દેશમાં જેમ જેમ આર્થિક વિકાસ થવા પામશે તેમ તેમ ઉત્પાદન, રોજગારી, ઉત્પાદકતા વધવા પામશે જેથી ગરીબીનો પ્રશ્ન નાબુદ થશે. આઝાદી મેળવ્યા છતાં હજી સુધી ગરીબી નિવારવામાં સંપૂર્ણ સફળતા મળી નથી.

ગરીબો અને નબળા વર્ગના લોકો, પછાત લોકોના વિકાસ અને કલ્યાણ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે.

અહી બેરોજગાર વ્યક્તિને સીધી રોજગારી પ્રાપ્ત થાય છે. વ્યક્તિને કોઈ કામ મળે તેના દ્વારા તેને વેતન પ્રાપ્ત થાય છે આ પ્રકારના કાર્યક્રમો સરકારે અમલમાં મૂક્યા છે. જેમાં સંપૂર્ણ ગ્રામીણ સ્વરોજગારી યોજના, જવાહર ગ્રામ સમુદ્ધિ યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાઓનો સમાવેશ થાય છે. અહીં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાની ચર્ચા કરી છે.

### રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના

કેન્દ્ર સરકારની આ યોજનાની શરૂઆત ૨-૧૦-૧૯૯૮ના રોજ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં પ્રત્યેક પરિવારમાં એક સભ્યને વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસનો રોજગાર આપવામાં આવે છે. રોજગારી માટે પોતાના વિસ્તારમાં કામ મળે છે. આથી પરિવારના સભ્યોને છોડીને અન્ય વિસ્તારમાં પહોંચવાનું હોતું નથી. આ યોજનામાં ૩૩ ટકા લાભ મહિલાઓ માટે આરક્ષિત કરવામાં આવેલ છે. રોજગાર મેળવવા માટે જોબકાર્ડ બનાવવો પડે છે. જોબકાર્ડ ધરાવનાર વ્યક્તિ કામ મેળવવા માટે હક્કદાર બની જાય છે. જોબકાર્ડ ગ્રામ પંચાયતમાંથી અધિકૃત અધિકારી દ્વારા બનાવી આપવામાં આવે છે. અહીં પંચાયતીરાજને વધુ સમુદ્ધ બનાવી સાંકળી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ ૧૫ દિવસમાં રોજગારી ન મળે તો તેમને રોજગારી ભથ્થુ આપવા માટે સરકાર બંધાયેલી છે. આ યોજના હેઠળ ૧૮ થી ૬૦ વર્ષ સુધીના વ્યક્તિને રોજગારી આપવામાં આવે છે. ગરીબી રેખાથી નીચેના ગ્રામીણ ગરીબોને શારીરિક શ્રમ રૂપે વધારવાની રોજગરી અપાય છે. આવા કામો મારફતે સ્થાયી સામુદાયિક અસ્કામતો ઉભી કરવાના પ્રયત્ન કરાય છે. જેથી એ અસ્કાયમતો કાયમી રોજગારી આપી શકે. ગ્રામીણ વિસ્તારના લોકોને ન્યૂનતમ વેતન ચૂકવાય છે. તથા હાનિકારક ધંધામાંથી દૂર કરવામાં આવેલા બાળમજૂરોના માતા-પિતાને અગ્રપસંદગી આપવામાં આવે છે.

૧૯૯૭-૯૮માં દેશની ૫૪૪૮ જેટલી ગ્રામ પંચાયતોના વિસ્તારમા આ યોજના લાગુ કરવામાં આવી હતી. કામગીરીમાં લઘુ સિંચાઈ, ભૂમિજળના પાણી પુરવઠામાં વૃદ્ધિ કરવાના ઉપાયો, તળાવોમાંથી કાંપ દૂર કરવાના કામો વગેરે જેવા કામોને અગ્રપસંદગી આપવામાં આવે છે.

### યોજનાની સફળતા

ગ્રામીણ વિસ્તારમાં આ યોજનાને ધારી સફળતા મળી નથી ઓછા સંશોધાનાત્મક તારણો પ્રાપ્ત થઈ રહ્યા છે. ઉપરાંત યોજનામાં ઓછામાં ઓછા



૧૦૦ દિવસની રોજગારી અપૂરતી છે. ગ્રામીણ ગેરંટી યોજનામાં ભંડોળોનો દુર્વ્યય થઈ રહ્યો છે, એવા સૂરો સંભળાય છે. રાજયસભામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અંગે થયેલા નિર્ણયો નીચે મુજબ છે.

- આ મહત્વકાંક્ષી યોજના અંતર્ગત તે વર્ષમાં ૧૦૦ ના બદલે ૨૦૦ દિવસની રોજગારીની ખાતરી આપવાની વિચારણા કરી રહી છે.
- આ યોજનામાં ભંડોળોનો દુરુપયોગ અંગે જણાવ્યું હતું કે પાયા વિનાની માહિતી છે બેરોજગારી દુર કરવા માટેના શુચારુ આયોજન છે.
- રાજ્યોમાં મોનિટરીંગ વધારીને આ યોજનાના લાભાર્થીઓની નોંધણીમાં ખાસ તકેદારી રાખવાની હિમાયત કરી છે. આ યોજનામાં પારદર્શિતા જાળવવા માટે સરકાર ઓનલાઈન મોનિટરીંગ કરશે.
- આ યોજના પર નજર રાખવા માટે કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ) ને પણ ખાસ તાકીદ કરવામાં આવી છે. જેથી યોગ્ય અમલ થાય.
- પ્રચાર અને પ્રસારના માધ્યમો ટીવી,રેડિયો, જાહેરાતનો વ્યાપક ઉપયોગ કરીને યોજનાની માહિતી દરેક ગામડામાં પહોંચાડવામાં આવી રહી છે.
- ગ્રામમિત્ર, સરપંચ અને તલાટીએ ગ્રામ્ય વિસ્તારના લોકોને આ યોજનાનો મહત્તમ લાભ લેતા થાય તેવી વ્યવસ્થા રચવાની માહિતી આપી છે.
- લાભાર્થીઓના પ્રતિભાવો મેળવવા માટે ગ્રામ્ય ગુણકારી માટે કરેલા કાર્યોની નોંધ રાખવામાં આવે છે.

આમ, ગરીબી હટાવવા માટે સૌએ સહકાર આપવો અનિવાર્ય છે. રાજ્ય અને લોકોનો ત્રિવેણી સંગમ થાય તો ગરીબી દૂર કરી શકાય. આ કુદરતી નહીં પરંતુ માનવસર્જિત છે. ઈસ. ૧૯૮૦માં સ્વ.શ્રી ઈન્દિરા ગાંધીએ આપેલું ગરીબી હટાવો ના સૂત્રને સત્ય બનાવવું પડશે. કારણ કે ભારતમાં આજે બેકારીની સમસ્યા તીવ્ર બની છે. ગરીબી નિવારવા માટે જે કાર્યક્રમો થયા તેને સફળતા મળી છે. જો કે તેના વડે કેટલાય કુટુંબોને ગરીબી રેખામાંથી ઉપર લાવી રહ્યા છે. તેની ઉપલબ્ધિ ગણીએ તો પણ હજી ગ્રામીણ વિસ્તારમાં સ્થિતિ સુધારવાની ઘણી જરૂર છે. હાકલ કરૂ છું.

• • •

*અનુ. પાનાનં ૨૨ થી શરૂ*

સમિતિએ સાત જ દિવસમાં પોતાનો અહેવાલ આપવાનો હતો. સમિતિનો અહેવાલ આવતાં જ ખુંટીના એ બે ઈજનેર, જોન્ડાના પોસ્ટ માસ્તર, અને પંચાયતના કેટલાક સેવકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨૩ મે, ૨૦૦૮ના રોજ ઝારખંડની રાજધાની રાંચી ખાતે ઓડિટ રીપોર્ટની વિચારણા કરવા ઉચ્ચસ્તરીય બેઠક મળી હતી. તેમા ઝારખંડના ઉચ્ચ અધિકારીઓ ઉપરાંત આયોજનપંચના સભ્યોએ પણ હાજરી આપી હતી. બેઠકમાં અહેવાલની સમીક્ષાને અંતે ઝારખંડ ગ્રામીણ વિકાસ મંત્રાલય વતી કેટલાક સૂચનો થયા હતા.

- રાજયના મુખ્ય સચિવે તમામ નાયબ આયુક્તને તેમના જિલ્લાઓમાં સામાજિક ઓડિટ હાથ ધરવા જણાવ્યું હતું.
- આ અધિનિયમ એજન્ટની છુટછાટ આપતો ના હોવાથી એજન્ટ કે કોન્ટ્રાક્ટરની મદદ ના લઈ શકાય તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી, ઉપરાંત કામના સ્થળે ઘોડિયાઘર, પીવાના પાણી અને તેને પીરસનારની વ્યવસ્થા કરવા પણ કહેવામાં આવ્યું.
- આ અંગેની નિમણૂકોની તમામ કારીગરી ત્રણ મહિનામાં પુરી કરવા કહેવાયું.
- કામદારોને બાકી વેતન તાકીદે ચૂકવી દેવા આદેશ થાય.

ત્યારબાદ ૨૪ મે ૨૦૦૭ના રોજ એનઆરઈજીએ કાઉન્સિલ અને ઝારખંડ એનઆરઈજીએ વોચના સભ્યોએ રાજ્યના મુખ્યમંત્રીની મુલાકાત લઈને સામાજિક ઓડિટ રીપોર્ટ અંગેની ચર્ચા કરીને ભવિષ્યમાં સામાજિક ઓડિટ માટે ઉપયોગી થાય તેવા વ્યૂહોની ચર્ચા કરી. બેઠકમાં કહેવામાં આવ્યું કે સામાજિક ઓડિટ લોક જાગૃતિમાં વૃદ્ધિ કરીને લોકોની સહભાગિતા વધારે છે. આ પ્રક્રિયાની મદદથી લોકોમાં પોતાના અધિકારો પ્રત્યે અને લોકશાહી અંગેની જાગૃતિ વધારી શકાય છે.

• • •

**વિકાસને સમર્પિત**

**યોજના**

**વાંચો અને વંચાવો**

# ગરીબો માટે આશીર્વાદરૂપ : એનઆરઇજીએસ

વિપુલ વાળંદ

*આ યોજના અમલી બનાવવા માટે વાર્ષિક ૪૦૦ થી ૫૦૦ અબજ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આટલા નાણાં ખર્ચ કર્યા પછી પણ ખરેખર ગરીબોને તેનો કેટલો લાભ મળે છે તે વિચારવા લાયક બાબત છે. કારણકે ગરીબોનાં હિતની આવી યોજનાઓ અમલમાં મૂકવાનો આપણો ભૂતકાળનો અનુભવ સારો નથી. કામનાં બદલે અનાજ જેવી યોજનાઓના અમલીકરણથી દેશની નાણાંકીય ખાધમાં ઉત્તરોત્તર વધારો થાય છે. ઉપરાંત સરકારી દેવા સિવાયની આવકોમાં ઘટાડો થવાને પરિણામે પણ દેશની નાણાકિય આવકમાં ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારની નાણાકીય ખાધ એપ્રિલ-જૂનમાં ૩૦.૭% ટકા વધીને ૫૪૫.૧૭ અબજ રૂપિયા સુધી પહોંચી છે. એટલે કેટલા નાણાં ગરીબો માટે ફાળવવામાં આવશે તે મોટો પ્રશ્ન છે. પણ જો આ યોજના ખરેખર પ્રામાણિક પણે અમલમાં આવે તો ગરીબો માટે આશીર્વાદરૂપ બનશે.*

**ભા**રત સામે મુખ્ય પડકારોમાં એક પડકાર એ ગરીબી નાબૂદી સૌથી મોટી સમસ્યા છે. તેથી એ ખુશીની વાત છે કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી બિલ-૨૦૦૪ લોકસભામાં પસાર કરાવીને સરકારે આ સમસ્યા સામે નિશાન તાક્યું છે. પરંતુ આપણને એવી અપેક્ષા હતી કે આઝાદી બાદ આપણે ગરીબી, બેકારી, નિરક્ષરતા, અનારોગ્ય અને અંધશ્રધ્ધા જેવા અભિશાપોમાંથી મુક્તિ મેળવી શકીશું. પણ અફસોસ છે કે આઝાદી અને સમૃધ્ધિના ફળ દેશના છેક છેવાડાના વ્યક્તિ સુધી ૬૦ વર્ષના લાંબાગાળા પછી પણ પહોંચી શક્યાં નથી. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત દેશ રાજકીય ગુલામીથી મુકત થયો ત્યારે એવી અપેક્ષા હતી કે આપણે નિરક્ષરતા, ગરીબી, બેકારી અનારોગ્ય અને અંધશ્રધ્ધા જેવા અભિશાપોમાંથી મુક્તિ મેળવી શકીશું પણ આજે ભારત દેશમાં ૨૩ કરોડથી વધુ વ્યક્તિઓ ગરીબ છે.

મહાત્મા ગાંધીજીએ ગ્રામ સ્વરાજ્યનું જે સ્વપ્ન સેવ્યું હતું તેમાં ગ્રામજનોને તેમના ગામમાં જ સ્વમાનભેર રોજી આપવાનો ખ્યાલ રહ્યો હતો. તેમના આ ગ્રામ સ્વરાજ્યની ભાવનાને ફરી જીવંત કરવાનું કાર્ય ગ્રામીણ રોજગારી બાંયધરી વિધેયકે કર્યું છે.ગ્રામીણ ગરીબી અને બેકારીની દિશામાં બંધારણને વળગી રહીને કામ શરૂ કરવાની ભૂમિકા નિભાવવાની આ એક શરૂઆત છે. બંધારણના નીતિવિષયક સિધ્ધાંતોની કલમ-૪૧ અન્વયે કામ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. આ પ્રમાણે દરેક સશક્ત અને પુખ્તવયના વ્યક્તિઓને સ્વમાનભેર જીવવા માટે કામ કરવાનો હક હોવો જોઇએ. કામ કરવા માટે તૈયાર હોય તેવા કોઇને પણ કામ વિના ન રહેવું પડે તે સુનિશ્ચિત થવું જોઇએ.

### યોજનાની મુખ્ય બાબતો

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાનૂન-૨૦૦૪ પ્રમાણે ગ્રામ વિસ્તારોમાં વસતા દરેક પરિવારની ઓછામાં ઓછી પુખ્તવયની એક વ્યક્તિને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી લઘુત્તમ વેતન બાંયધરી સાથે મેળવવાનો અધિકાર રહેશે.

(૨) વેતન સાત દિવસમાં ચૂકવાશે અને કામ કરનારને રોજનું રૂા.૬૦ વેતન ચૂકવાશે.

(૩) દૈનિક સાત કલાક કામ કરવું પડશે. કામનો પ્રકાર શારીરિક શ્રમનો રહેશે.

(૪) આવા કામમાંથી કોન્ટ્રાકટર દ્વારા સીધી થશે. આમ કરવા પાછળનું કારણ કામદારોને મળવા પાત્ર

(લેખક અર્થશાસ્ત્રના અનુસ્નાતક વિદ્યાર્થી છે.)

વેતનથી ઓછું વેતન ન મળે તે સુનિશ્ચિત કરવાનું તથા તેમનું શોષણ થતું અટકાવવાનું છે.

(૫) ૧૫ દિવસ સુધી કામ નહિ મેળવનારને રોજગારી ભથ્થુ અપાશે.

(૬) રોજગાર મેળવવા માટે મહિલા અરજદારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૭) કામની ઓળખ કરવાની અને તેના અમલની સોંપણી પંચાયતોને આપવામાં આવી છે.

આગામી ચાર વર્ષમાં દેશના તમામ ૬૦૦ જિલ્લાઓને રોજગાર યોજના હેઠળ આવરી લેવામાં આવશે. આ યોજના માટે સરકારે રૂ.૫૦,૦૦૦ કરોડનો જંગી ખર્ચ કર્યો છે. આ યોજના માટે નાણાકીય જવાબદારી કેન્દ્ર સરકારની ૯૦% અને યોજના પૂરી ન કરી શકવાનો ખર્ચ કેન્દ્ર સરકાર વહન કરશે. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજનાના અમલીકરણ માટે રાજ્યોને જરૂરી નાણાં કેન્દ્ર સરકાર દ્વારા બે મહિના અગાઉથી ચૂકવવામાં આવશે.

ગામડાઓમાં પાયાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભુ કરવા અને રોજગારીની તકો વધારવા પર કેન્દ્રીત આ કાનૂન એક ક્રાન્તિકારી પગલું છે. આ યોજના હેઠળ જે કામો થશે એ લોકોપયોગી અને કામયી બનશે. જે સ્થાનિક લોકો માટે લાભદાયક થશે. અને લોકોનું જીવનધોરણ સુધારવામાં મદદરૂપ થશે. ગરીબી અને બેકારી સામે ઝઝૂમતા ભારતીયો માટે આ કાયદો આશાનું કિરણ છે. આ કાયદા આધારિત સરકારે પહેલીવાર બેકારી ભથ્થુ આપવાની જવાબદારી સ્વીકારી છે. ગામોમાં રોજગાર સર્જન થવાથી ગામલોકોની શહેરો તરફની દોટ અટકશે.

સંસદની સ્ટેન્ડિંગ કમિટિએ જણાવ્યું છે, તે મુજબ ભારત સ્વતંત્ર થયું તે પછીનું આ સૌથી મહત્વનું સામાજિક આર્થિક પગલું છે જો આ બિલનો હેતુ આગામી પાંચ વર્ષમાં હાંસલ કરી શકાય તો ભારત આગામી ૭ થી ૯ વર્ષમાં ગરીબી ઘટાડીને દેશની કુલ વસ્તીના ૧૦% કરતા ઓછી થવા સમર્થ બનશે. ભારતના ઈતિહાસમાં આ એક અકલ્પનીય ઉપલબ્ધિ બની રહેશે.

### યોજનાની ક્ષતિઓ અને વિસંગતતાઓ

આ યોજના સારી હોવા છતાં તેના અસરકારક અમલ અંગે શંકા સેવાઈ રહી છે. અને તેનો પૂરેપૂરો અમલ થાય તેમ નથી. તેનું કારણ આ યોજનામાં જોવા મળતી મૂળભૂત ક્ષતિઓ અને વિસંગતતાઓ છે.

(૧) પ્રથમ વાત એ છે કે આ યોજના આખા ભારતમાં નહીં પણ માત્ર

**સરકાર દ્વારા ચલાવાતી વિવિધ ગરીબી અને બેકારી નાબૂદીની યોજનાઓ**

| ક્રમ | વર્ષ | યોજના | ઉદ્દેશ્ય |
|---|---|---|---|
| ૧ | ૧ એપ્રિલ ૧૯૯૯ | સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના | ગ્રામીણ ગરીબોના સ્વરોજગાર માટે નાના ઉદ્યોગોની સ્થાપના. |
| ૨ | ૧, એપ્રિલ,૧૯૯૯ | જવાહર ગ્રામ સમૃધ્ધિ યોજના | ગ્રામિણ ક્ષેત્રોમાં બેકારો અને અલ્પ બેકારો માટે લાભદાયક રોજગારીની તકોનું સર્જન કરવું. |
| ૩. | ૧,ઓક્ટોબર ૧૯૯૩ યોજના | રોજગાર આશ્વાસન | ગરીબી રેખાથી નીચે રહેવાવાળા જરૂરિયાતમંદ દરેક પરિવારના વધુમાં વધુ બે યુવકોને ૧૦૦ દિવસોનો રોજગાર આપવો. |
| ૪. | ૨૫, ડિસેમ્બર ૨૦૦૦ | સંયોદળ અન્ન યોજના | ગરીબોને ખાદ્ય સુરક્ષા ઉપલબ્ધ કરાવવા. |
| ૫. | ૨૫,ડિસેમ્બર ૨૦૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના | ગ્રામીણ સડકો દ્વારા ગામોને જોડવા. |
| ૬. | ૧ એપ્રિલ,૨૦૦૦ | અન્નપૂર્ણા યોજના | આ યોજના ગરીબી રેખા નીચે જીવવાવાળા વરિષ્ટ નાગરિકો માટે છે. જે કોઈ કારણસર વૃધ્ધવસ્થા પેન્સન પ્રાપ્ત નથી કરતા તેમને દર મહિને ૧૦ કિલો અનાજ નિ:શુલ્ક અપાશે. |
| ૭. | ૧૫, ઓગષ્ટ,૨૦૦૧ | સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના | ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની વધારે અને નિશ્ચિત તકો ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે અનાજ પણ આપવું |

૨૦૦ જિલ્લાઓમાં જ લાગુ કરવામાં આવી છે એટલે બાકીના જિલ્લાઓમાં વસતા ગરીબોને અને બેકારોને આ યોજનાનો લાભ મળશે નહિ.

(૨) ભારતીય અર્થતંત્ર હાલમાં મજબૂત સ્થિતિમાં છે. અને વિકાસનો દર ઝડપી છે. તેથી હાલની નાણાકીય ચિંતા નથી. પણ આવનારા સમયમાં નાણાં ફાળવણી નિશ્ચિત કરાઈ નથી. તેમજ સરકાર જરૂરી નાણાં ક્યાંથી ઉભાં કરશે તે પણ સ્પષ્ટ નથી.

(૩) આ યોજનાનો સંપૂર્ણ અમલ રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવશે અને આમાં રાજ્ય સરકારનો ફાળો માત્ર ૧૦% છે પણ રાજ્યસરકારો જ્યારે ઓછા પ્રમાણમાં નાણા ખર્ચ કરશે ત્યારે યોજનાના અમલિકરણ માટે તેઓ કેટલા કટિબધ્ધ રહેશે.

(૪) ગરીબી નિવારણ અને રોજગારીની તક પૂરી પાડતા આ કાયદાનું તમામ રાજકીય પક્ષોએ સમર્થન કર્યું છે, પરંતુ આની ખરી કસોટી તેના વહીવટી અમલમાં થવાની છે. તેના અમલ પર ચાંપતી નજર રાખવાની આવશ્યકતા છે.અગાઉ કામ માટે અનાજ જેવી યોજનાનો ઉદ્દેશ્ય હોવા છતાં તે એક છબરડામાં પલટાઈ ગઈ હતી.

આ યોજનામાં જે કામો થયાં હતાં તેની ગુણવત્તામાં ખામીઓ જોવા મળે છે, તેથી જે ખર્ચ કરાયો હતો તે એળે ગયો છે.રોજગારી ગેરંટી યોજના હેઠળ ઉત્પાદક અને ટકાઉ વિકાસ અને કલ્યાણકાર્યોમાં શિક્ષણ, સફાઈ, આરોગ્ય, બાળસંભાળ, રસ્તા બનવવા વગેરે કામોનો સમાવેશ થઈ શકે છે.

(૫) સરકારના કહેવા પ્રમાણે આ કાર્યક્રમના અમલમાં પંચાયતો અને સ્થાનિક સંગઠનો મહત્વની ભૂમિકા ભજવશે. વચેટિયા અને ઠેકેદારોને સામેલ ન કરવાથી તે ભ્રષ્ટાચારથી મુક્ત અને વધુ પારદર્શી બનશે. પરંતુ આ કેટલા અંશે શક્ય બનશે તેમજ જવાહર રોજગાર યોજના જેવું નહીં બને તેની શું ખાતરી છે ?

(૬) દેશમાં જુદાં-જુદાં રાજયોમાં લઘુત્તમ વેતનદર અલગ-અલગ છે. જો કે રાષ્ટ્રીય સલાહકાર પરિષદે લઘુત્તમ વેતન રૂા.૬૦ સૂચવ્યું હોઈ તેટલું તો ચૂકવવું જ પડશે. બીજું એ કે પરિવારમાંથી માત્ર એક જ વ્યક્તિને અને તે પણ વર્ષના વધુમાં વધુ ૧૦૦ દિવસ કામ આપવાથી આ પરિવારની બેકારી અને ગરીબી સંપૂર્ણપણે નાબૂદ થઈ શકે નહીં. આ યોજના હેઠળ કામ કરનાર પૂરા ૧૦૦ દિવસ કામ કરે તો તેને વર્ષમાં રૂા.૬૦૦૦ની આવક થાય અને માસિક રૂા.૫૦૦ થાય માસિક રૂા.૫૦૦ની આવક ચાર કે પાંચ વ્યક્તિઓના પરિવારને તેની પાયાની જરૂરિયાત પૂરા પાડવા માટે અપર્યાપ્ત જ ગણાય. વળી આ કામ કરનાર જો બીમાર થાય અથવા અન્ય કોઈ કારણસર કામ પર હાજર થઈ શકે નહીં તો તેના આવકમાં કેટલો ઘટાડો થાય તેનું શું ?

(૭) જે કુટુંબની વ્યક્તિને ૧૦૦ દિવસ કામ મળે તેજ કુટુંબની બીજી વ્યક્તિને બીજા ૧૦૦ દિવસ કામ આપી શકાય કે કેમ તે ચોક્કસ જાણી શકાયું નથી.

(૮) આ યોજના હેઠળ વર્ષના ૧૦૦ દિવસ જ રોજગારીની બાંયધરી આપવામાં આવી છે. બાકીના ૨૬૫ દિવસ રોજગારીની કોઈ બાંયધરી નથી. આ ૨૬૫ દિવસ ગરીબોને શું ઉપવાસ કરવાના રહેશે ?

(૯) ગરીબ લોકોમાં આવી યોજનાઓ અમલમાં મુકાતી હોય છે ત્યારે ઠેકેદારો બે રીતે મલાઈ ખાતા હોય છે તે જગજાહેર વાત છે કે એક તો તેઓ બેવડાં હાજરી પત્રકો બનાવે છે. એક હાજરી પત્રક સરકારને દેખાડવા માટે હોય છે, જેમાં લાભાર્થીઓની સંખ્યા પાંચ કે દસગણી બતાવી પૈસા પડાવવામાં આવે છે. બીજું હાજરી પત્રક સાચું હોય છે. જેની ઉપર મજૂરોના અંગૂઠાની છાપ લેવામાં આવે છે.જેમાં પણ ગરબડ હોય છે.મજૂરોને રૂા.૩૦ ચૂકવી રૂા.૬૦ ના વાઊચર ઉપર તેમની સહી લઈ લેવામાં આવે છે. જે આ રીતે સહી કરવાનો ઈન્કાર કરે તેમને બીજે દિવસે કામ આપવામાં આવતું નથી. આ સંજોગોમાં આવી યોજના ગામડાઓમાં બેકારી ક્યાંથી દૂર કરી શકે ? તે વિચારવા જેવી બાબત છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા ૨૨ જાન્યુઆરી-

૨૦૦૪માં પ્રકાશિત પોતાના અહેવાલમાં કહ્યું છે કે, વર્ષ ૨૦૦૩માં વિશ્વમાં કુલ બેકારોની સંખ્યા ૧૮ કરોડ ૫૯ લાખ છે. આ સંખ્યા શ્રમશક્તિની ૬.૨% છે.રાષ્ટ્રીય નમૂના સર્વેક્ષણ સંગઠન (એનએસએસઓ) ના હવાલાથી સંસદમાં એપ્રિલ-૨૦૦૩માં પ્રસ્તુત એક માહિતી પ્રમાણે દેશમાં બેકારોની સંખ્યા વર્ષ ૧૯૯૩-૯૪ માં ૨.૦૧ કરોડ હતી. જે ૨૦૦૦-૨૦૦૧માં વધીને ૨.૭૮ કરોડ સુધી પહોંચી ગઈ. બેકારોની સંખ્યા ગ્રામીણ ક્ષેત્રોથી શહેરી ક્ષેત્રોમાં વધુ છે અને પુરુષોની સંરખામણીમાં મહિલાઓમાં બેકારીની સંખ્યા વધુ છે.

આ યોજના અમલી બનાવવા માટે વાર્ષિક ૪૦૦ થી ૫૦૦ અબજ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આટલા નાણાં ખર્ચ કર્યા પછી પણ ખરેખર ગરીબોને તેનો કેટલો લાભ મળે છે તે વિચારવા લાયક બાબત છે. કારણકે ગરીબોનાં હિતની આવી યોજનાઓ અમલમાં મૂકવાનો આપણો ભૂતકાળનો અનુભવ સારો નથી. કામનાં બદલે અનાજ જેવી યોજનાઓના અમલીકરણથી દેશની નાણાંકીય ખાદ્યમાં ઉત્તરોત્તર વધારો થાય છે. ઉપરાંત સરકારી દેવા સિવાયની આવકોમાં ઘટાડો થવાને પરિણામે પણ દેશની નાણાકિય આવકમાં ઘટાડો થયો છે. કેન્દ્ર સરકારની નાણાકીય ખાદ્ય એપ્રિલ-જૂનમાં ૩૦.૭% ટકા વધીને૫૪૫.૧૭ અબજ રૂપિયા સુધી પહોંચી છે. એટલે કેટલા નાણાં ગરીબો માટે ફાળવવામાં આવશે તે મોટો પ્રશ્ન છે. પણ જો આ યોજના ખરેખર પ્રામાણિક પણે અમલમાં આવે તો ગરીબો માટે આશીર્વાદરૂપ બનશે.

રોજગારી યોજના અને ગરીબીમાં ઘટાડો થવા વચ્ચે કોઇ જ કડી નથી તે દર્શાવવા માટે સ્વામીનાથન એસ. અંકલેશ્વરિયા ઐયરે રસપ્રદ આંકડા રજૂ કર્યા છે. એનએસએસઓ દ્વારા ૧૯૮૭-૮૮, ૧૯૯૩-૯૪ અને ૧૯૯૦-૨૦૦૦ માં ગ્રામીણ ગરીબોનો રેશિયો આપે છે. બજેટ પેપર્સ આ વર્ષમાં મેન-ડેઝ ઓફ વર્કની માહિતી આપે છે. ૧૯૮૭-૮૮ અને ૧૯૯૩-૯૪ વચ્ચે મેન-ડેઝ ૫૭.૫૦ કરોડથી વધીને ૧૦૭.૩૦ કરોડ થયા હતા. ગ્રામીણ રોજગારી રેશિયો ૩૯.૧૦ ટકાથી મામૂલી ઘટીને ૩૭.૩૦ % થયો હતો. ત્યારબાદ ઘટાડીને ૫૪.૬૦ કરોડ કર્યો તોપણ ગ્રામીણ ગરીબી રેશિયો નોંધપાત્ર ઘટીને ૨૭.૧૦ % થયો હતો. આ પરિસ્થિતિમાં આ યોજના અમલમાં મૂકી ચલાવવાની છે.

બીજી તરફ હાલના આર્થિક સુધારા જોતા સરકારની 'ગરીબી હટાવો' યોજનાથી ગરીબી દૂર નહી થાય, કારણકે તેનાથી ઉત્પાદક શ્રમશક્તિનો વિકાસ નહીં થાય. દેશની સુધરતી અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે જરૂરી છે કે લોકોનાં સરકારી નાણાં મૂડીપતિઓના ઉદ્યોગો અને ઉપક્રમોમાં લાગે, કારણકે ગરીબી નાબૂદી મૂડી દ્વારા કરાયેલા નફાથી જ શક્ય છે. આપણે એ વિચારવાનું છે કે શું આપણો ગરીબ દેશ પોતાની આર્થિક મુક્તિ માટે સદીઓ સુધી રાહ જોતો રહેશે. જ્યાં સુધી ઉત્પાદક શ્રમનો સવાલ છે તે માત્ર ખાનગી મૂડી બજાર માટેજ નહી,પરંતુ દરેક વ્યક્તિ માટે એ જરૂરી છે કે તેને તક મળતા તે પોતાની અરજી મુજબ કામ કરી શકે. એ જરૂરી નથી કે આ દેશના આયર્ન અને સ્ટીલ કારખાનાઓમાં જ કામ કરે, પરંતુ બન્યું છે એવું કે વ્યક્તિગત મૂડીવાળા એકમોએ કુટિર ઉદ્યોગોના હુન્નર વાળા હાથાને બેકાર બનાવી નાખ્યા છે.

એક મહત્વપૂર્ણ વાત જેના તરફ ધ્યાન ઓછું અપાય છે કે ભારત પાસે આર્થિક સંસાધનો કરતાં ક્યાંય વધારે માનવશ્રમની સંપત્તિ છે. આપણે આ માનવબળની સંપત્તિનું યોગ્ય વ્યવસ્થાપન કર્યું નથી. આપણે આપણા દેશના બજાર ઉપભોકતા વસ્તુઓ માટે તો બોલ્યા છે. પરંતુ ઉત્પાદક વિદેશી મૂડી માટે એટલા નથી બોલ્યા જેટલા બોલવા જોઇએ. તેથી જ આપણા બજારો મધ્યમવર્ગની જરૂરિયાતવાળી ઉપભોકતા વસ્તુઓથી છલકાય છે.પરંતુ આપણી પ્રશિક્ષિત શ્રમશક્તિ માટે વધારે તકો ઉભી થઈ નથી.

આ બધા લાભાલાભ અને શંકાઓ વચ્ચે આપણા જેવા ગરીબ દેશ પાસે જે આર્થિક સંસાધનો છે તેનો ઉપયોગ ગરીબી નાબૂદી અને રોજગારી આપવા માટે કરવો જોઈએ અને ગાંધીજીના અર્થશાસ્ત્ર મુજબ ગ્રામીણ ક્ષેત્રોમાં તકો વધારવી જોઈએ કે જેથી દેશના છેવાડાના વ્યક્તિને પણ સ્વમાનભેર જીવવાની તક મળે.

• • •

**આયોજન અને**

**વિકાસને સમર્પિત**

**યોજના**

**વાંચો અને વંચાવો**

# પારદર્શીતા અને જવાબદેહિતા માટે સામાજિક નિયંત્રણ અને ગ્રામસભાનો અંકુશ જરૂરી છે.

ગોપીનાથ ઘોષ

*નિયમો મુજબ સામાજિક ઓડિટની જવાબદારી ગ્રામસભાને આપવામાં આવી છે પરંતુ ઝારખંડમાં આવા સામાજિક ઓડિટ વિષે લોકો જાણતાં જ નહોતા. પરંતુ કેટલાક પ્રગતિશીલ લોકો સંગઠનો અને બિનસરકારી સંગઠનોની મદદથી લોકો સામાજિક ઓડિટની પ્રક્રિયા વિશે જાણતા થયા હતા. સામાજિક ઓડિટના મુદ્દે જાગૃતિ આણવા માટે મજદૂર કિસાન શક્તિ સંગઠન અને પરિવર્તન જેવા સંગઠનોએ અગત્યની ભૂમિકા નિભાવી હતી. રાજસ્થાનના ડુંગરપુર અને આંધ્રપ્રદેશના અનંતપુર બાદ ઝારખંડના રાંચી જિલ્લામાં પણ સામાજિક ઓડિટ બાદ જનસુનાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.*

બીજી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ અસ્તિત્વમાં આવેલો રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી અધિનિયમનો આરંભ ૨૦૦ જિલ્લાઓમાં થયો હતો. વર્ષ ૨૦૦૭-૦૮ના દ્વિતીય ચરણમાં વધુ ૧૩૦ જિલ્લાઓમાં તેના અમલનો વિસ્તાર થયો હતો. અને યુપીએ સરકારે કરેલી જાહેરાત મુજબ એપ્રિલ, ૨૦૦૮થી અધિનિયમનો દેશના તમામ જિલ્લાઓમાં વિસ્તાર થયો છે. અધિનિયમના યોગ્ય અમલ માટે કેન્દ્ર સરકારે ચોક્કસ નિયમો અને નિયમનો ઘડી કાઢ્યા છે. પોતાના વિસ્તારોમાં યોજનાના અમલ માટે રાજ્ય સરકારે ચોક્કસ નિયમોને અનુસરવાનું રહે છે. કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા નિયમ અને નિયમનનો પ્રકરણ ૧૦ અને ૧૧મા પારદર્શીતા અને જવાબદેહિતા સુનિશ્ચિત કરવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. યોજનાના અમલનું સામાજિક ઓડિટ હાથ ધરતાં પહેલાં પ્રકરણ ૧૦ અને ૧૧માં ઉલ્લેખિત નિયમો અને નિયમનનો જાણી લેવા જરૂરી છે.

નિયમો મુજબ સામાજિક ઓડિટની જવાબદારી ગ્રામસભાને આપવામાં આવી છે પરંતુ ઝારખંડમાં આવા સામાજિક ઓડિટ વિષે લોકો જાણતાં જ નહોતા. પરંતુ કેટલાક પ્રગતિશીલ લોકો સંગઠનો અને બિનસરકારી સંગઠનોની મદદથી લોકો સામાજિક ઓડિટની પ્રક્રિયા વિશે જાણતા થયા હતા. સામાજિક ઓડિટના મુદ્દે જાગૃતિ આણવા માટે મજદૂર કિસાન શક્તિ સંગઠન અને પરિવર્તન જેવા સંગઠનોએ અગત્યની ભૂમિકા નિભાવી હતી. રાજસ્થાનના ડુંગરપુર અને આંધ્રપ્રદેશના અનંતપુર બાદ ઝારખંડના રાંચી જિલ્લામાં પણ સામાજિક ઓડિટ બાદ જનસુનાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઝારખંડમાં આ મુદ્દે કાર્યરત થયેલા વિવિધ લોકસંગઠનો અને બિનસરકારી સંગઠનોએ ઝારખંડ એનઆરઈજીએ વોચ નામે વિશેષ મંચની રચના કરી હતી. આ મંચની મદદથી સામાજિક ઓડિટ અને જનસુનાવણીનું આયોજન થવા લાગ્યું હતું. સામાજિક ઓડિટ માટે વર્ષ ૨૦૦૭ના પ્રથમ મહિનાની જ પ્રક્રિયાનો આરંભ થયો હતો. અનેક બેઠકો બાદ સામાજિક ઓડિટ માટેની તારીખ નક્કી કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ સ્વયુક્તની મદદથી જરૂરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ હેતુસર રાંચીના આ તાલુકા (મંડરા, સંગડા, ખિયતી અને કનકે) ની ૧૫ ગ્રામ પંચાયતોની પસંદગી કરીને સામાજિક ઓડિટ માટે તેમની પાસેથી મસ્ટરરોલ, માપણી ડાયરી, બીલ-વાઉચર, જોબ ઓર્ડર, અંદાજો વગેરેની નકલો મેળવવામાં આવી હતી.

છઠ્ઠી મેથી ૨૬મે, ૨૦૦૭ દરમિયાન સામાજિક ઓડિટની પ્રક્રિયા હાથ ધરવામાં આવી. આ પ્રક્રિયામાં દેશના વિવિધ રાજ્યોથી આવેલા

પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, દિલ્હી યુનિવર્સિટી, કેરલ યુનિવર્સિટી વગેરેના વિદ્યાર્થીઓએ પણ સામાજિક ઓડિટની આ પ્રક્રિયામાં વિશિષ્ટ પ્રદાન કર્યું. ૧૩મે થી ૧૪ મે ૨૦૦૭ દરમિયાન આ હેતુસર રાંચીના પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં સામાજિક ઓડિટમાં ભાગ લેનારાઓને તાલીમ આપતી વખતે પ્રોફેસર જીન ડ્રેલ, અરૂણા રોય, અન્ને રાજા, નિખીલ ડે, ગિરીશ ભુગડા, બલરામ, ગુરજીત અને આંધ્રના ગ્રામીણવિકાસ મંત્રાલયના કરૂણા અને સૌમૈયાજીએ પણ તાલીમાર્થીઓને સંબોધન કરીને સામાજિક ઓડિટ પ્રક્રિયા અંગે સુમાહિતગાર કર્યા.

આ તમામ તાલીમબદ્ધ કાર્યકરોને ત્યારબાદ ૧૫ જૂથોમાં વહેંચીને સામાજિક ઓડિટ અને જનસુનાવણી મોટે ૧૫ પંચાયતમાં રવાના કરવામાં આવ્યા. ગ્રામસભાઓએ આપેલા સહયોગના બળે આ જૂથોએ પોતાની કામગીરી જવાબદારીપૂર્વક અદા કરી, આ દરમિયાન ૫૫ જેટલી યોજનાઓનું સામાજિક ઓડિટ કરીને સંખ્યાબંધ ક્ષતિઓ શોધી કાઢીને ગ્રામલોકો દ્વારા આયોજીત જનસુનાવણીના માધ્યમથી જિલ્લા અને રાજયના સત્તાવાળાઓ સમક્ષ મુકવામાં આવી.

- ઓડિટ દરમિયાન પૂરા વેતનની ચૂકવણી સમયસર ના થઈ હોવાનો મુદ્દો મુખ્ય સમસ્યારૂપે ઉભરી આવ્યો.
- સામાજિક ઓડિટ હાથ ધરાતું તે તમામ સ્થળે શ્રમિકોએ પૂરા વેતનની ચૂકવણી સમયસરના થઈ હોવાની ફરિયાદ કરી. કેટલાક સ્થળે ૧૫ દિવસથી ચુકવણી બાકી હતી તો કેટલાક સ્થળે ત્રણ મહિનાની ચુકવણી થઈ નહોતી.
- લઘુત્તમ વેતન કરતાં ઓછી ચૂકવણી થઈ હોવાનો મુદ્દો લગભગ તમામ સ્થળે સામે આવ્યો.
- એક જ શ્રમિક બે વર્કકાર્ડ ધરાવતા હોવાના કિસ્સાઓ પણ સામે આવ્યા.
- કામના સ્થળે શ્રમિક ઈજા પામે તો તેની સારવાર માટેની કોઈ જોગવાઈ જોવા ના મળી.
- કામના સ્થળે ફર્સ્ટ એઈડ કીટ હોવા છતાં શ્રમિકો તેનાથી વાકેફ જ નહોતા
- અલગ અલગ પ્રકારની જમીન અને કામગીરીના વિવિધ તબક્કા માટે અલગ અલગ દરનો ઉલ્લેખ હતો પરંતુ આ અંદાજો મુજબ શ્રમિકોને ચુકવણી નહોતી થતી.
- તમામ સ્થળે મસ્ટરરોલ અને જોબકાર્ડમાં બોગસ હાજરીનું પ્રમાણ માલુમ પડ્યું.
- ટપાલ કચેરીમાં ખાતું ખોલાવાને નામે પણ પોસ્ટ માસ્ટરે શ્રમિકો પાસેથી રૂપિયા ૭૦ થી ૧૫૦ની લાંચ લીધી હોવાનું માલુમ પડ્યું.
- અનેક કામના સ્થળે નોટિસ બોર્ડનું અસ્તિત્વ જ નહોતું.
- અડધોઅડધ કામો કોઈ નોંધપાત્ર કારણો વિના એક મહિના સુધી સ્થગિત રહ્યા હતા.
- કોઈપણ સ્થળે અપંગ વ્યક્તિઓને રોજગારી જ આપવામાં આવી નહોતી. અપંગ વ્યક્તિને જોબકાર્ડ જ ઈસ્યુ થયા નહોતા.
- મહિલાઓને જોબકાર્ડ અપાયા હોય એવું પણ જોવામાં આવ્યું ન હોતું.
- વર્ષ વીતી જવા છતાં સંખ્યાબંધ પરિવારો જોબ-કાર્ડથી વંચિત હતા અને માગણી કર્યા છતાં કોઈ કામ આપવામાં આવતું નહોતું. તેમની અરજીનો સ્વીકાર પણ નહોતો થતો.
- બેરોજગારી ભથ્થુ મેળવવા લાયક બનેલા પરિવારો સાથે નિયમિતપણે છેતરપિડીં થતી હતી.
- ખુંટી બ્લોકની શિલાદોન પંચાયત હેઠળના લતારગંજ ગામે કામ તો ફેબ્રુ. ૨૦૦૭માં શરૂ થયું હતું. પરંતુ એ જ વર્ષે એપ્રિલમાં જોબકાર્ડ ઈસ્યુ થયા હતા.
- લગભગ તમામ સ્થળે જોબકાર્ડ એજન્ટ પાસે રહેતા હતા.
- આંગડા બ્લોકની તંતી પંચાયતના નૌદીયા ગામે કેટલાક અધૂરા કામો બંધ કરવામાં આવ્યા હતા. રૂપિયા ૧૧૯,૪૦૦/- ના અંદાજ સામે માત્ર રૂપિયા ૧૯૫૦૦/-ની જ ચૂકવણી કરવામાં આવી હતી અને બાકીની રકમની ચૂકવણી હજી બાકી જ હતી.
- આંગડા બ્લોકની સિરસા પંચાયતના સાર્બુ કામે મસ્ટર રોલ ક્રમાંક ૫૧૮૯૦ પર ઉલ્લેખિત લલીતાકુમારીના નામ અને હસ્તાક્ષર કરીને છ દિવસની બોગસ ચુકવણી થઈ હતી. કાલુત કે લલિતાકુમારી છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીની હતી અને તે કદી કામ પર આવી જ નહોતી.
- લગભગ તમામ સ્થળે મસ્ટર રોલમાં નોમિનેશન કુટુંબના વડાના નામે થયું હતું પરંતુ કુટુંબના અન્ય સભ્યોને પણ કામ અપાતું હતું. મસ્ટરોમાં આ બાબતનો ઉલ્લેખ નહોતો. મહિલાઓને થતી ચુકવણી

પણ પરિવારના વડાના નામે થતી હતી.

- લગભગ તમામ સ્થળે જોવા મળ્યું હતું કે એક વ્યક્તિનું નામ મસ્ટર રોલમાં એક કરતાં વધુ વખત જોવા મળતું હતું.
- ખુંટી બ્લોકની મુરાહી પંચાયત કેમ્પના બડકારગી ગામના અનેક ગામલોકો ગામ છોડી ચુક્યા છે. સમયસર ભંડોળ ઉપલબ્ધ ના રહેતાં વિભાગો બાંધકામ કામો અટકાવી દેવાયા છે. અને કામદારોને વેતનની ચૂકવણી પણ બાકી છે. કામદારોએ કરેલા દબાણના પગલે એજન્ટ ખુંડિયા મુન્ડાએ પોતાની વ્યક્તિગત મિલકતો ગિરવે મૂકીને શ્રમિકોને અંશતઃ વેતન ચૂકવણી કરી છે.
- તો ખુંટી બ્લોકની શિલાદોન પંચાયતના કુમકુમ ગામે એક તપાસ અને બે સિંચાઈ કૂવાના નિર્માણને મંજૂરી મળે છે. પરંતુ કોઈ શ્રમિક તરફથી કામની માપણી જ થતી નથી. ગ્રામસભા દ્વારા કોઈ યોજના જ મંજૂર થઈ નથી. સફાઈ કર્મચારી અને મધ્યસ્થી વચ્ચેની સાંઠગાંઠને કારણે આમ બન્યું હોવાનું ધ્યાને આવ્યું છે.
- શિલાડોન પંચાયત હસ્તકના ચુકદુ ગામે ગ્રામસભાએ અનેક યોજના અગ્રિમત્વના ધોરણે નક્કી કરી છે. પરંતુ બ્લોક અધિકારીઓ ગ્રામસભાએ મંજૂર કરેલી યોજનાને બદલે અન્ય યોજનાઓ પર પસંદગી ઉતારી રહ્યા હોવાથી યોજના મંજૂર જ થતી નથી.
- આ પંચાયત હેઠળના જ કાર્ગે ગામે ઈજનેર અને ગ્રામ સેવકે માપણીબુકમાં ખોટી માપણીઓ નોંધણી કરીને કોઈ કામ કર્યા વિના જ આ કામ માટેના નાણા ઉપાડી લીધા હતા.
- આ પંચાયતના હેઠળના શેયતા ગામે કામદારોને પીવાનું પાણી આપવા વિવિધ દિવસે ૧૦ મહિલાઓ કામ કરી ચૂકી છે. તેમની હાજરી પૂરવામાં આવી છે. પરંતુ ચૂકવણી નથી થઈ. તેમને કહેવામાં આવ્યું છે કે અંદાજોમાં આવી ચૂકવણીની જોગવાઈ નથી. અધિનિયમનો આ ખુલ્લેઆમ ભંગ છે. સામાજિક ઓડિટની આ પ્રક્રિયા દરમિયાન બાળકો માટે ઘોડિયાઘર, કામદારો માટે આરામની જગા, પીવાના પાણીની સુવિધા કે પછી ફર્સ્ટ એઈડ જેવી વ્યવસ્થા ક્યાંય જોવા મળતી નહોતી.
- શિલાડોન પંચાયત હેઠળના સૌદાગ ગામે રૂપિયા ૩,૧૬,૬૦૦/-ના અંદાજીત ખર્ચે નવુ તળાવ ખોદવાની દરખાસ્ત હતી. પરંતુ જૂના તળાવનું સમારકામ કરીને જ તેને નવા તળાવ તરીકે દર્શાવી દેવામાં આવ્યું હતું. ઈજનેર, પંચાયત સેવક અને અન્ય કર્મચારીઓની સાંઠગાંઠથી અમલ બન્યું હતું.
- અંતે ૨૦ મે ૨૦૦૭ના રોજ એ જ ૧૫ પંચાયતો માટે સામુહિક જનસુનાવણીનું આયોજન થયું હતું. ગામલોકોએ તેમાં હજારોની સંખ્યામાં ભાગ લીધો હતો. જનસુનાવણીમાં સ્થળ પર જ થયેલી કેટલીક ગેરરીતિ અને ક્ષતિને સુધારવા પગલાં લેવામાં આવ્યા હતા. આ જનસુનાવણીમાં ગામ, જિલ્લા, સભ્ય અને રાષ્ટ્રસ્તરના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. નાયબ આયુક્તને સામાજિક ઓડિટનો અહેવાલ આપવામાં આવ્યો હતો.

*આ તબક્કે ઝારખંડ એનઆરઈજીએ વોચ મંચે પણ અનેક સુચનો કર્યા હતા. મંચે રજુઆત કરી હતી કે -*

- ૧૫ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનાના અમલમાં એકપણ કર્મચારીની વરણી થઈ નથી, રાજ્યમાં આવી કરીને ૬ હજાર જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ ભરવા પ્રયાસ થવા જોઈએ.
- સામાજિક ઓડિટ દરમિયાન ધ્યાને આવ્યું હતું કે લગભગ તમામ સ્થળે વેતનની મોડી ચુકવણી, વેતનની ચૂકવણી જ નહીં વગેરે પ્રશ્નો સામે આવ્યા હતા. આવા પ્રશ્નથી છુટકારો મેળવવા માટે તમામ શ્રમિકોના નજીકની ટપાલ કચેરીમાં તાકીદે ખાતા ખુલવા જોઈએ.
- પંચાયતી ચૂંટણીઓ ના થતાં પ્રત્યેક ગામોમાં ગ્રામસભા કરતાં એજન્ટ શક્તિશાળી બની જતા હોય છે. આ મળીને નિર્ણય પ્રક્રિયામાં તમામ ગ્રામસભાને સામેલ કરવી જોઈએ. જેથી કરીને પારદર્શીતા અને જવાબદેહિતા વધશે.

કેન્દ્રીય ટુકડી અને ઝારખંડ એનઆરઈજીએ આપેલા ઓડિટ રીપોર્ટ પર તાકીદે પગલાં લઈને નાયબ આયુક્તે તરત ૧૫ સભ્યોની બનેલી તપાસ સમિતિનો અહેવાલ કર્યો હતો.

*અનુ. પાનાનં ૧૫ થી ઉપર*

# રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના : વિહંગાવલોકન

લોકેશ જૈન

*ગામડાની સમસ્યાનો સ્થાનીય ધોરણે યોગ્ય અને કાયમી સમાધાન લાવવા માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ ૨૦૦૫ પસાર થયો છે તેના હેઠળ ગામના બધા પુખ્યવયના જરૂરતમંદ લોકોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની ખાતરી આપવામાં આવી છે. આ કાયદાના અન્વયે આખા દેશમાં યોજના લાગુ કરવામાં આવી છે. ધ્યાન આપવા જેવું છે કે પહેલાંની યોજનાઓના લક્ષ્યાકોમાં બજેટની મર્યાદા નડતી હતી પણ આ મહત્વકાંક્ષી યોજનામાં બજેટની મર્યાદા નથી એટલે જેટલા લોકોને રોજગારીની જરૂર હોય તે બધાને રોજગારી મળશે તેવી જોગવાઈ યોજનામાં રહેલી છે.*

## યોજનાની જરૂરિયાત - ઐતિહાસિક પરિવેશ

*'ભારત દેશ ગામડામાં વસે છે. જો ગામડાઓનો વિકાસ થશે તો જ દેશનો વિકાસ થશે'.*

આ વિચારો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ આઝાદી પહેલા વ્યક્ત કર્યા હતા. એના માટે જરૂરી હતું કે લોકઆધારિત વિકેન્દ્રિત વ્યવસ્થા હેઠળની તેમની બુનિયાદી સમસ્યાઓનું યોગ્ય સમાધાન થાય. આપણને ખબર છે કે ગરીબી અને બેકારીની સમસ્યાથી ગામડામાં જ નહિ, સંપૂર્ણ રાષ્ટ્ર પીડીત છે. આઝાદી પછી ગ્રામ વિકાસના પ્રયાસોમાં આ બાબત ધ્યાનમાં લેવાઈ હતી તથા ૭૦ અને ૮૦ના દાયકામાં ગ્રામ વિસ્તારો માટે ઘણા રોજગાર મૂલક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા હતા છતાંય લોકોને વર્ષ દરમિયાન સ્થાનિય સ્તરે પૂરક રોજગારી નથી મળી શકી તેથી લોકો સ્થાનાંન્તરણ વિવશ હતા. સ્થાનાન્તરણના દુષણોએ લોકોની સામાન્ય જીવનશૈલી તથા વિકાસ પ્રક્રિયામાં તેમની સક્રિય - સર્જનાત્મક ભાગીદારી ઉપર વિપરીત અસર કરેલ છે.

ગામડાની સમસ્યાનો સ્થાનીય ધોરણે યોગ્ય અને કાયમી સમાધાન લાવવા માટે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ ૨૦૦૫ પસાર થયો છે તેના હેઠળ ગામના બધા પુખ્યવયના જરૂરતમંદ લોકોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી આપવાની ખાતરી આપવામાં આવી છે. આ કાયદાના અન્વયે આખા દેશમાં યોજના લાગુ કરવામાં આવી છે. ધ્યાન આપવા જેવું છે કે પહેલાંની યોજનાઓના લક્ષ્યાકોમાં બજેટની મર્યાદા નડતી હતી પણ આ મહત્વકાંક્ષી યોજનામાં બજેટની મર્યાદા નથી એટલે જેટલા લોકોને રોજગારીની જરૂર હોય તે બધાને રોજગારી મળશે તેવી જોગવાઈ યોજનામાં રહેલી છે.

## યોજના ગુજરાતમાં

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ ૨૦૦૫ અન્વયે ગુજરાતમાં યોજનાનો અમલ ૨-૨-૨૦૦૬ થી થયો. આ પ્રથમ તબક્કામાં રાજ્યના ૬ જિલ્લાઓ, ૧-૪-૨૦૦૭ થી બીજા ત્રણ જિલ્લા અને ૧-૪-૨૦૦૮ બાકીના ૧૬ જિલ્લાઓમાં થયો છે.

## યોજનાની મુખ્ય લાક્ષણિક્તાઓ

(૧) ગ્રામ વિસ્તારમાં રહેતા શારીરિક શ્રમ કરવા તૈયાર પુખ્તવયની વ્યક્તિને રોજગારી પૂરી પાડવી.

(૨) કુટુંબદીઠ ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગારી વર્ષ દરમ્યાન આપવી.

(૩) રોજગારીની માંગ માટેની અરજી મળ્યા પછી ૧૫ દિવસમાં રોજગારી પૂરી પાડવી અન્યથા બેરોજગારી ભથ્થું ચુકવવું.

(લેખક ગ્રામ વિકાસ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજામાં વ્યાખ્યાતા છે.)

(૪) આવી રોજગારીના અનુસંધાને બિનકુશળ કામોની જ પસંદગી કરવી.

(૫) યોજનાના બજેટ આયોજનમાં શ્રમ અને સામાનનો સરેરાશ ૬૦:૪૦ થી ઓછું થવો જોઈએ તે ધ્યાન રાખવું.

(૬) રોજગારી પૂરી પાડવાનો વિસ્તાર ગામમાંથી ૫ કિ.મી.ના વિસ્તાર પૂરતો રહેશે. જો આ વ્યાપ વધશે તો વધારાનું ૧૦ ટકા વેતન મજૂરી ચૂકવવાની રહેશે.

(૭) મજૂરીની ચૂકવણી વધુમાં વધુ ૧૫ દિવસમાં રોકળે કરી દેવું જરૂરી છે.

(૮) યોજના હેઠળ ગામના વિકાસના કામો જેમ કે, જળસંગ્રહ, અછત નિવારણ નાની સિંચાઈના કામો તેમજ અનુસૂચિતજાતિ-જનજાતિના ગરીબી રેખાથી નીચે રહેતા ખેડૂતોના ખેતરમાં સિંચાઈ, જમીન સુધારણા, પાણીસંગ્રહના સાધનોનું નિર્માણ અને હોર્ટીકલ્ચર પ્લાન્ટેશન વગેરે કામો કરી શકાય.

(૯) દરેક કામ પર ઓછામાં ઓછા ૧/૩ મહિલા શ્રમિકોને રોજગારી આપવાની જરૂરી છે.

(૧૦) શ્રમિકોને કામના સ્થળે કામગીરી દરમ્યાન અકસ્માત થવાના સંજોગોમાં નિયમાનુસાર સારવાર / વળતર ચુકવવાનું રહેશે.

(૧૧) શ્રમિકોને કામનાસ્થળે પ્રાથમિક તબીબી સારવાર, પીવાનું પાણી, ૬ વર્ષ થી ઓછી ઉંમરના ૫ થી વધુ બાળકો હોય તો ઘોડિયાઘરની વ્યવસ્થા તથા છાયડાની વ્યવસ્થા કામના સ્થળે પૂરી પાડવી જરૂરી છે.

(૧૨) યોજનામાં પારદર્શિતા લાવવા માટે જોબકાર્ડ, નોંધણી રજિસ્ટર, કામનું મસ્ટર, મજૂરી વગેરેની વિગત અપડેટ રાખવી જરૂરી છે.

(૧૩) રોજગારી પૂરી પાડવાની જાણ અરજદારને તેના રહેઠાણનાં સરનામે કરવાની રહેશે. તથા ગ્રામ પંચાયતના નોટિસબોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવાની રહેશે.

(૧૪) બેરોજગારી ભથ્થું પ્રથમ ૩૦ દિવસ માટે લઘુતમ વેતનના ૧/૪ ભાગ જેટલું તથા બાકીના સમય માટે લઘુતમ વેતનના ૧/૨ ભાગ જેટલું ચુકવવાનું રહેશે.

(૧૫) શ્રમિકોને પુરતું વેતન મળીરહે તેવી કાર્યપદ્ધતિ માટે કામના સ્થળે શ્રમિકોને કામનાં પ્રમાણમાં વેતન મળશે તેની સમજ આપવી જરૂરી છે.

(૧૬) લોકોની પસંદગી યાદીને મંજૂરી, કામગીરીનું અગ્રતાક્રમ નક્કી કરવું તથા તે પ્રમાણે યોજના ઘડતરમાં ગ્રામસભા કેન્દ્રિય ભૂમિકામાં રહેશે.

(૧૭) કામ કોન્ટ્રાક્ટ પધ્ધતિ કે મશીન દ્વારા કરી શકાશે નહિ.

(૧૮) રોજગારી પૂરી પાડવામાં જો પંચાયત નિષ્ફળ જાય તો પંચાયત અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(૧૯) જોબકાર્ડ પાંચ વર્ષ માટે માન્ય રહેશે. સુધારા-વધારાની કાર્યવાહી ગ્રામસભા તેમજ પ્રોગ્રામ ઓફિસર દ્વારા દર વર્ષે ઓક્ટોબર માસમાં કરવાની રહેશે.

## સંગઠનાત્મક માળખું

| | | |
|---|---|---|
| | | **પ્રાયોજક** |
| કેન્દ્ર સરકાર | : | ગ્રામીણ વિકાસ મંત્રાલય |
| | | **સહ પ્રાયોજક** |
| રાજ્ય સરકાર | : | ગ્રામીણ વિકાસ મંત્રાલય |
| | | **જીલ્લા કક્ષાએ** |
| જીલ્લા પ્રો.કો.ની કચેરી | : | જીલ્લા પ્રોગ્રામ કોર્ડિનેટર-<br>જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત<br>અધિક જીલ્લા પ્રોગ્રામ કોર્ડિનેટર-<br>નિયામક, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી |
| | | **તાલુકા કક્ષાએ** |
| તા. પ્રો. કો. ની કચેરી | : | તાલુકા પ્રોગ્રામ ઓફીસર -<br>તાલુકા વિકાસ અધિકારી,તાલુકા પંચાયત |
| | | **ગ્રામ કક્ષાએ** |
| ગ્રામપંચાયત | : | તલાટી કમ મંત્રી અને સરપંચ (સંયુક્ત) |

**યોજના માટે નાણાકીય વ્યવસ્થા :**

આ એક કેન્દ્ર પ્રાયોજિત શ્રમ-પ્રધાન યોજના છે, જોગવાઈ મુજબ...

અ. સંપૂર્ણ (૧૦૦ટકા) મજૂરી ખર્ચની ફાળવણી કેન્દ્ર સરકાર કરશે.

બ. કામમાં માલ સામાન જે કુશળ / અર્ધકુશળ કારીગર પાછળ ખર્ચ થયો હોય તો તેનો ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને બાકીનાં ૨૫ ટકા માટે રાજ્ય સરકારનાણાં ફાળવશે.

ક. બેરોજગારી ભથ્થાનો સંપૂર્ણ ખર્ચ (૧૦૦ટકા) રાજ્ય સરકારને ભોગવવાનું રહેશે.

ખ. કિંમતની દષ્ટિ એ ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલી રકમ ના કામો ગ્રામપંચાયત દ્વારા થશે.

ગ. વહીવટી ખર્ચની રકમ સ્ટાફની પગાર વગેરે કેન્દ્ર સરકાર આપશે.

ઘ. ૬૦ ટકા ખર્ચ કર્યા પછી જ બીજા હપ્તાની રકમ ફાળવવામાં આવશે.

**કિંમતની દષ્ટિએ નિહિત સત્તાનું પ્રમાણ (કામોનું અમલીકરણ)**

- ૫૦ ટકા કામો ગ્રામ પંચાયત
- ૨૫ ટકા કામો તાલુકા પંચાયત
- ૨૫ ટકા કામો જીલ્લા પંચાયત

● માંગણી પ્રમાણે લોકોપયોગી કામનું આયોજન (ગ્રામસભાની મંજૂરી સાથે) તથા તેની તાંત્રિક મંજૂરી લેવાની જરૂરી રહેશે.

● જો ગ્રામ પંચાયત નિયત મર્યાદામાં કામ કરવામાં નિષ્ફળ જાય તો તાલુકા પંચાયત / પ્રોગ્રામ ઓફિસર મારફતે તાત્કાલિક કામ શરૂ કરવાનું રહશે.

**અમલીકરણ પ્રક્રિયા**

**૧. રોજગારી માટે નામ નોંધાવા માટે અરજી**

કોઈપણ સ્થાનિક રહેવાસી જે પુખ્તવયના છે અને ગ્રામ પંચાયતી હદમા રહે છે તે કામની માંગણી કરી શકે. રહેઠાણ પુરાવરૂપે (કોઈપણ એક) રજુ કરવાનું રહેશે.

- રાશન કાર્ડ
- મતદાન ફોટો ઈશ્યુકાર્ડ
- બેંક પાસબુકની નકલ
- ખેતીજમીનની માલીકી અંગેના પુરાવો
- ગ્રામપંચાયતે કરેલ અકારણીની પ્રમાણીત નક

**નોંધ**

૧. કોઈપણ વ્યક્તિ એક કરતા વધુ કુંટુબ હેઠળ પોતાનુ નામ નોંધાવી શકશે નહી.

૨. નોંધણીની કામગીરી સમગ્ર વર્ષ દરમ્યાન ચાલુ રહેશે.

૩. રોજગારી માટેની માંગણી ઓછામાં ઓછી સળંગ દિવસની હોવી જોઈએ.

**(૨)નોંધાવેલ અરજીઓમાં જે પહેલા તેને પહેલી તક પ્રમાણે કોડનંબર આપવામાં આવશે.**

**(૩)જોબકાર્ડ ઈશ્યુ કરવું-**

નોધાયેલ સભ્યોને લેમીનેટેડ જોબકાર્ડ ગ્રામ પંચાયત દ્વારા ઈસ્યુ કરવામાં આવશે જે તેની અરજીના ૧૫ દિવસમાં આપવાનું રહેશે અને તેની એક નકલ પંચાયતમાં રાખવામાં આવશે. જો જોબકાર્ડ ખોવાઈ જાય અથવા બગડી જાય તો તેમને વિના મૂલ્યે આપવાનું રહેશે તેમજ મૃત્યુ જેવા પ્રસંગે વધારા / ઘટાડા અને અદ્યતન કરવાની કાર્યવાહી ગ્રામસભાના માધ્યમથી ગ્રામપંચાયત પૂરી કરશે.

**(૪)બેરોજગારી ભથ્થુ ચૂકવવું**

જો તેની અરજીના ૧૫ દિવસમા રોજગારી ના આપી શકાય તો અરજદારને બેરોજગારી ભથ્થુ ચૂકવવું પડશે.

**(૫)અરજદારને કામ આપવાની આપવાની જાણ તેના રહેઠાણના સરનામે કરવી જરૂરી છે.**

જો અપંગ યા વૃદ્ધ વ્યક્તિઓ એ કામ માટે અરજી કરેલ હોય તો તેને તેમના લાયક કામ શોધી આપવું જરૂરી છે.

**દેખરેખ અને નિયંત્રણ વ્યવસ્થા**

(૧) આ યોજનામાં કામગીરીની તપાસ કેન્દ્ર સરકારના નક્કીકરેલ ધોરણો મુજબ કરવાની જોગવાઈ છે. જેમા લક્ષ્યાંકોનો સમાવેશ થાય છે.

(૨) તપાસણીની કામગીરી ૧૦% જીલ્લા કક્ષાએ અને ૧૦૦ % તાલુકા કક્ષાએ કરવાની રહેશે.

(૩) તપાસ દરમ્યાન મસ્ટર રોલ, મેજરમેન્ટ બુક, કામની ગુણવત્તા વગેરે ચકાસવાનું રહેશે.

(૪) ૧૦૦% મસ્ટર રોલની ચકાસણી ફરજીયાત છે.

(૫) ડેટાબેઝ અદ્યતન રાખવું જરૂરી છે.

(૬) એ સિવાય સામાજિક ઓડિટની પણ વ્યવસ્થા કરેલ છે.

(૭) પારદર્શિતા જાળવવા માટે એમ તો માહિતીનો કાયદો અમલમાં છે જ તે સિવાય આ અન્વયે જે કામ કરવાનું છે તેમાં

અ. તમામ પ્રમુખ રેકાર્ડ ગ્રામસભામાં રજૂ કરવું.

બ. ગ્રામસભા દ્વારા ગ્રામકક્ષાએ વિજીલન્સ અને મોનીટરીંગ કમિટીની રચના જેમાં એસસી/એસટી અને ઓબીસી સમુદાયને પ્રતિનિધિત્વ આપવું.

ક. અમલીકરણ એજન્સી દ્વારા લોકોને ગુણવત્તા ચકાસણીના માપદંડોથી જાગૃત કરવા.

ખ. કામપૂર્ણ થયાનું સર્ટી ગ્રામસભા સમક્ષ રજૂ કરવાનું રહેશે તેની નકલ જીલ્લા અને તાલુકા કક્ષાએ પણ પ્રોગ્રામ ઓફીસરને સોંપવાની રહેશે.

ગ. હિસાબોનું ઓડિટ સીએ દ્વારા અને આંતરિક ઓડિટની વ્યવસ્થા રહશે.

ઘ. કામનાં સ્થળે વિઝીટ બુક / ફરિયાદ બુક રાખવી ફરજિયાત છે.

**સફળ અમલીકરણ માટેના પ્રયાસોની જરૂરિયાત**

૧. તાલુકા અને ગ્રામ કક્ષાના કર્મચારીઓને ટી.ઓ.ટી.ની મારફત તાલીમ.

૨. યોજનાનો વ્યાપ લાભાર્થીઓના પ્રમાણમાં વિસ્તારવા માટે એસ.એચ.જી., આંગણવાડી કાર્યકરોનો અને મદદરૂપ લોકોનો સહકાર લેવો અને તેના પ્રમાણે ગ્રામ / તાલુકા / જિલ્લા કક્ષાએ ઝુંબેશ ઉપાડવી.

૩. શેરી નાટક, ભવાઈ, પોસ્ટર, સ્લોગન વગેરે પધ્ધતિઓની મદદ વડે કાર્યક્રમ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા અને લોકપ્રિય બનાવવા માટે પ્રયાસ કરવાં.

૪. સ્થાનિક બજારોમાં નક્કી કરેલ દિવસે લોકમેળાનું આયોજન તેમજ માહિતી કેન્દ્ર ઉભા કરવાં.

૫. જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા ગામોમાં રાત્રિ રોકાણ કરી યોજના વિશે સમજણ આપવી અને લોકો સાથે મળી આ યોજનાને વેગ આપવો.

લોકોની યોજનામાં ભાગીદારી વધારવા અને તેમને સંતુષ્ટી સાથે પૂરો લાભ આપવામાં નીચેના સૂચનો ઉપયોગી થશે.

- યોજના હેઠળની કામગીરીના લોકો સાથે બેસીને નક્કી કરવુ અને તેમા ગણિતીય પાસાની સાથે માનવીય અને સ્થાનીક પક્ષને ધ્યાનમાં લેવું વધુ વ્યવહારીક થશે.
- યોજનાની સક્રિયતા અને વ્યાપ વધારવા વિશે ઓફિસરો અને કર્મચારીઓને તાલીમ આપવા અંગેની ચર્ચાઓ તો થાય છે તે સારી બાબત છે પણ જો ગ્રાસ-રૂટ સ્તર પર કામદારોને તેમની ઉત્પાદકીય ગુણવત્તા અને માત્રાત્મક પ્રદાન સુધારવા માટે યોગ્ય તાલીમ અને દોરવણી અપાય તો ટકાઉ ગ્રામ વિકાસના સપના સાકાર થઈ શકશે. નોંધનીય બાબત એ છે કે વૈજ્ઞાનીક અભિગમ સાથે સંકળાયેલા વ્યવસ્થાપકીય વિચારક શ્રી એફ.ડબ્લ્યુ.ટેલરે વર્ષો પહેલા આજ દિશામા આશ્ચર્યજનક પરિણામો લાવી બતાવી દીધુ છે.
- કામ ઉપરના સુપરવાઈઝરોએ સ્પષ્ટ પણે સમજવુ જોઈએ કે તેમની ભૂમીકા તે શ્રમિકો સાથે અફસરશાહી જેવી નથી જે ફક્ત અંકુશમાં માનતી હોય પણ તે લોકોને નિર્દેશકીય મદદ અને અભિપ્રેરિત કરી મનોબળ ટકાવી રાખવાની છે.

છેવટે આ કહેવુ તદ્દન યોગ્ય રહેશે કે લાભાર્થી જુથને ધીરે-ધીરે કામકાજની સમગ્ર પ્રક્રિયા વિશે જો તાલીમબદ્ધ કરાય તો લોકોમાં જવાબદારી અંગેની સમજ અને સક્ષમતા ઉભી થશે ને લોકો સ્વાવલંબી થઈ સ્થાયી વિકાસના પાયાને મજબૂતી પ્રદાન કરી શકશે. સાચા અર્થમાં ત્યારે જ વિકાસ પ્રક્રિયામાં લોકોને જોઈતો સહકાર નક્કી થશે અને યોજનાઓનો વધુમાં વધુ લાભ લોકો સુધી પહોંચી શકશે.

• • •


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પ્લેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

# એન.આર.ઇ.જી.એ.માં સામાજિક ઓડિટ

બિનોય આચાર્ય

*સામાજિક ઓડિટનો એકંદર હેતુ ભ્રષ્ટાચારનું નિયંત્રણ કરવાનો છે. પરંતુ આ સ્તર સુધી પહોંચવા માટે તબક્કાવાર રીતે એવી વ્યવસ્થા ઉભી કરવાની આવશ્યકતા છે કે જેથી ગરીબો, લાભાર્થીઓ અને કામદારો પોતે મુક્ત અને ભયમુક્ત વાતાવરણમાં પોતાનો અવાજ ઉઠાવવા સક્ષમ બને. સામાજિક ઓડિટનો પ્રતિકાર કરતું હોય એવા વાતાવરણનો સામનો કરવાની જરૂર છે. ઉપરાંત એનઆરઈજીએસ કાર્યક્રમના અમલીકરણ તમામ તબક્કે ગામલોકો સહભાગી બને તે માટેની સહાયક વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. ગુજરાત સરકાર એનઆરઈજીએસની વિવધ જોગવાઈઓ સમજી શકાય એવું વાતાવરણ સર્જવાના હેતુસર અધિકારીઓને અને પીઆરઆઈ પ્રતિનિધિઓની જિલ્લા તાલીમનું આયોજન કરે છે.*

વર્ષ ૨૦૦૫માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી અધિનિયમ (એનઆરઈજીએસ) નો અમલ તે ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ કુટુંબો માટે વેતન આધારિત રોજગારી સુનિશ્ચિત કરવાનો પથદર્શક પ્રયાસ હતો. જે ગ્રામીણ પરિવારની વયસ્ક વ્યક્તિ કૌશલ્યહીન મજૂરી કામ કરવા તૈયાર હોય તે ગ્રામીણ પરિવારને આ યોજના પ્રતિવર્ષ ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપે છે. વર્તમાનમાં આ યોજના હેઠળ દેશના તમામ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક અને સામાજિક માળખાગત સુવિધા વિકસાવવાની સાથોસાથ લોકોના જીવનનિર્વાહ માટેની રકમમાં નોંધપાત્ર રીતે વધારો કરવાની ક્ષમતા ધરાવે છે. એનઆરઈજીએસનો અમલ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે 'આ યોજનાની મદદથી ટકાઉ અસ્કયામતો ઉભી કરવા ઉપરાંત આ યોજના અંતર્ગત ૫૦% કામો ગ્રામ પંચાયતના માધ્યમથી કરવાના રહેતા હોવાથી પંચાયતી રાજ સંસ્થાઓ વધુ બળવત્તર બનાવવાનો પણ હેતુ ધરાવીએ છીએ.આ યોજના અંતર્ગત ત્રણ બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. : (૧) થયેલા ખર્ચની બરોબરીમાં ફળશ્રુતિ મળવી જોઇએ. (૨) આ યોજનાની મદદથી ઉત્પાદકીય અસ્ક્યામત ઉભી થવી જોઇએ અને (૩) સાચી રીતે ગેરંટીનો અમલ થવો જોઇએ.'

જિલ્લા, મધ્યસ્થી અને ગ્રામ પંચાયતો આ યોજનાના આયોજન અને અમલ માટે મુખ્ય સત્તાઓ ધરાવે છે. ખર્ચના સંદર્ભમાં ૫૦% કામો ગ્રામ પંચાયતો, ૨૫ % મધ્યસ્થી સ્તરને તેમજ ૨૫% જિલ્લા સ્તરને ફાળવવાના રહે છે. એનઆરઈજીએસનું આયોજન અમલ અને સમીક્ષામાં વધુને વધુ લોકો ભાગ લે, કાર્યવાહી પારદર્શક અને જવાબદેહ બની રહે તે હેતુસર આ યોજનાના ફરજીયાત સામાજિક ઓડિટની જોગવાઈ કરવામાં આવી છે. (એનઆરઈજીએ કલમ :૧૭) એનઆરઈજીએ આથી સામાજિક ઓડિટને ફરજિયાત બનાવે છે.તેમાં જે સ્થળે કામ થતું હોય તે ગામ કે સ્થાનિક વિસ્તારની લોકોની બનેલી તકેદારી કે પછી નિયંત્રણ સમિતિની રચના કરવાની જોગવાઈ છે. ગ્રામ પંચાયતે માત્ર સામાજિક ઓડિટ સંભવ બનાવવાની જ કામગીરી નથી નિભાવવાની પરંતુ ગ્રામસભાને યોજનાના સમય અંગેની વિગતોથી વાકેફ કરીને ગ્રામસભાને આ અંગે પ્રશ્નો પૂછવા સક્ષમ બનાવવાની છે.

તમામ રાજ્યમાં અમલી પંચાયતી રાજ અધિનિયમ હેઠળ ગ્રામસભા, વોર્ડસભા, પલ્લીસભા, સ્થાનિકવિકાસ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનું આયોજન અને નિયંત્રણ કરાવાની કાનૂની સત્તા ધરાવતી સ્થાનિક એકમો છે. ગોવાએ તો

(લેખક 'ઉન્નતી'માં નિયામક છે. )

ગ્રામ પંચાયતમા સામાજિક આર્થિક વિકાસનું આયોજન કરવા વોર્ડ વિકાસ પરિષદની રચના થઈ શકે તે હેતુસર કાયદામાં સુધારો કરવાની દરખાસ્ત પાઠવી છે. વધુમાં કાર્યક્રમનો અમલ, નિયંત્રણ અને કાર્યવાહીઓ પર નજર રાખવા માટે રાજસ્થાનમાં સામાજિક ઓડિટ મંચ, પશ્ચિમ બંગાળમાં ગ્રામ ઉન્નયન સમિતિ તેમજ લાભાર્થીઓની સમિતિ તો ત્રીપુરા-બિહાર-ગોવા-હિમાચલ પ્રદેશ અને મણિપુરમાં તકેદારી સમિતિની રચના કરવામાં આવી છે.

છેલ્લા બે દાયકા દરમિયાન સામાજિક ઓડિટના મુદ્દે વ્યાપક ચર્ચાઓ ચાલી છે. પ્રાથમિકપણે દેશના વિવિધ વિસ્તારોમાં ત્રણે પ્રકારે સામાજિક ઓડિટની કામગીરી હાથ ધરાઈ છે.

પ્રથમ અભિગમ ગ્રામ સભામાં આગોતરી જાહેરાતોના માધ્યમથી સ્વનિયમનના વૈધાનિક માળખાને અનુસરે છે. કામના સ્થળે બોર્ડ પર કામ કરી રહેલા કામદારો અને ખર્ચની માહિતી આપતું પત્રક બુલેટીન પર મુકવાની શરૂઆત કેરળથી થઈ અને અનેક રાજ્યોમાં આ પરંપરા અમલમાં પણ મુકાઈ. બુલેટિન બોર્ડ પર એનઆરઈજીએ સંબંધી માહિતી મૂકવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ સાધી. આ બાબત કામની આગોતરી જાહેરાત અંગેની પ્રતિબધ્ધતા છતી કરે છે. માહિતીઓ જાહેરમાં ઉપલબ્ધ રહેતાં લોકોનો વિકાસ કાર્યોમાં રસ જળવાઈ રહે છે. અનેક રાજ્યોમાં એવા વલણો જોવા મળ્યા કે યોજનાના લાભાર્થીઓની પસંદગી વેળાએ ગ્રામસભામાં ભાગ લેનારાઓની સંખ્યા વધી જતી હતી. અર્થાત પારદર્શક રીતે સ્થાનિક લોકોના પ્રશ્નોની ચર્ચા થતાં ગ્રામસભામાં લોકો ભાગ લેતા થયા.

રાજસ્થાનનું સામાજિક ઓડિટ મેન્યુઅલ અસરકારક સામાજિક ઓડિટ કરવાના પગથિયાં સુચવે છે. કર્ણાટક સરકારે તો સામાજિક ઓડિટને ફરજીયાત બનાવવા આદેશ બહાર પાડ્યો છે. આ આદેશની મદદથી ગ્રામ પંચાયત સ્તરે આઉટ સોર્સિંગથી ઓડિટ થઈ શકે તે હેતુસર સરકારી અધિકારીઓની નિમણૂંકની પ્રક્રિયાની પહેલ થઈ હતી. ગ્રામ પંચાયતોને હસ્તક નોંધપાત્ર ભંડોળ મૂકવામાં આવ્યું હોય એવા સંજોગોમાં આ વ્યવસ્થા જરૂરી નિયમન વ્યવસ્થાતંત્રની ભૂમિકા નિભાવશે એવી ધારણા થઈ રહી છે.

બીજો અભિગમ તે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને નાગરિક સ્વૈસ્છિક સંગઠનો વચ્ચેના સહયોગનું મોડેલ છે. આ અભિગમ સર્વાનુમતી નિર્માણ અને જવાબદેહિતાને વેગ આપવા માટે બંને વચ્ચેની સહભાગિતાને વધારે છે. આ અભિગમ સામૂહિક સંવાદ અને સામૂહિક સમીક્ષાની આસપાસ કામ કરે છે. અનેક રાજયમાં નાગરિક સંગઠનો માત્ર એનઆરઈજીએસ જ નહીં પરંતુ અન્ય સેવાકીય કાર્યક્રમો માટે પણ રીપોર્ટ કાર્ડ તૈયાર કરવા માટે પંચાયતો અને સરકારી અધિકારીઓનો સંપર્ક સાધતા હોય છે.

ત્રીજુ મોડેલ કે અભિગમ ભ્રષ્ટાચારને પડકારે છે. આ મોડેલની વિશેષતા એ છે કે તેમાં રાજયની એજન્સીઓ કે પછી પંચાયતોની હાજરી હોતી નથી. એ હેતુસર જાહેર રેકર્ડ મેળવવા આરટીઆઇનો ઉપયોગ થાય છે. આ માટે જનસુનાવણી પ્રાથમિક મંચ પૂરૂ પાડે છે. આ મંચ સમુદાયને ભ્રષ્ટાચારના પ્રશ્ને સક્રિય બનાવવાની ભૂમિકા નિભાવે છે. આ પ્રકારની પહેલ દેખીત રીતે જ સેવાઓ આપતી સામાન્ય જવાબદેહ બને તે માટેની તકેદારી રાખવા નાગરિકને સક્ષમ બનાવે છે. આવી પહેલને સ્થાનિક પ્રતિનિધિઓ અને રાજ્ય વહીવટીતત્રના પ્રતિકારનો સામનોપણ કરવો પડે છે.

પ્રથમ અભિગમ કે મોડેલ (આગોતરી માહિતીની જાહેરાતો) વહીવટી પ્રક્રિયા તરીકે ચાલુ રહેલ છે પરંતુ આ મોડેલમાં સામુહિક સહભાગિતા ખુબજ ઓછી છે, માહિતી એ રીતે મૂકવામાં આવે છે કે લોકો સમજી ના શકે. અને જાહેરમાં પૂછાતા પ્રશ્નોને પ્રોત્સાહન મળતું નથી. સામાજિક ઓડિટ કરતી સંસ્થાને આંતરિક પ્રતિકારનો અહેસાસ થાય છે અને આ પ્રક્રિયા જાહેર વિશ્વાસ પણ ધરાવતી નથી. રાજસ્થાનમાં તો ગ્રામપંચાયતના સરપંચોએ સંમેલન ભરીને સામાજિક ઓડિટનો બહિષ્કાર કરવા નિર્ણય કર્યો હતો. વાંસવાડા જિલ્લામાં તો સરપંચોએ તો બહારના સામાજિક ઓડિટ સામે જ વાંધો લીધો હતો. (ધ હિન્દુ, ડીસેમ્બર,૧૧,૨૦૦૭) આ સંજોગોમાં વંચિત જૂથો ગ્રામ સભા સમક્ષ પ્રશ્નો પૂછવાની શક્તિ જ એકઠી કરી શકતા નથી.

સામાજિક ઓડિટ પંચાયતના શક્તિશાળી સભ્યો અને સંસ્થાઓના નિયંત્રણના રાજકરણથી પ્રભાવિત થાય છે. સામુહિક જવાબદેહિતાને પ્રોત્સાહન આપવા માટે આમ આદમી ભયરહિત રીતે ચર્ચામાં ભાગ લઈ શકે, રેકર્ડને ચકાસી શકે અને પ્રશ્નો પૂછી શકે તે રીતનું સંસ્થાકીય માળખુ ખૂબ જ નિર્ણાયક છે. સામાજિક ઓડિટ વખતે વધુમાં વધુ એજન્સીઓ અને તમામ

વર્ગના લોકોને સામેલ રાખવામાં આવે તે જરૂરી છે. દાખલા તરીકે રાજસ્થાનમાં એનઆરઇજીએસ માટેની માર્ગદર્શિકામાં જ સામાજિક ઓડિટ કરતા સામાજિક ઓડિટ મંચની રચનાની જોગવાઈ કરવામાં આવેલી છે. ગ્રમસભા દ્વારા સામાજિક ઓડિત માટેની બેઠકના અધ્યક્ષની નિમણૂક થાય છે પરંતુ સરપંચ કે પછી પંચાયતના કોઈપણ અધિકારી સામાજિક ઓડિટ બેઠકોનું અધ્યક્ષપદ સંભાળી શકતા નથી. આ જોગવાઈને પગલે સામાજિક ઓડિટની પ્રક્રિયા પર ગ્રામસભાના સભ્યોનું પૂર્ણ નિયંત્રણ રહે છે.

સામાજિક ઓડિટ અંગેની ચર્ચાઓ દરમિયાન કેટલાક વિચારકો પોતાની અનુભૂતિને વાચા આપતાં કહેતા હોય છે કે ખાસ કરીને એનઆરઇજીએસના કિસ્સામાં લાભાર્થી સંગઠનને સામાજિક ઓડિટ હાથ ધરવાની સત્તા આપવી જોઇએ. વૈધાનિક જોગવાઈઓ અને નીતિ વિષયક માર્ગદર્શિકાઓ પ્રતિકાત્મક પ્રવૃત્તિઓથી ઉપર ઉઠીને રહે તેની આવશ્યકતા છે. સામાજિક ઓડિટનો ભય જ ટળી જાય એ રીતની ક્ષમતાઓ તમામ સ્તરે વિકસાવવી જરૂરી છે. સામાજિક ઓડિટ ગરીબોના અવાજને વાચા આપે છે. સામાજિક ઓડિટ આખરે ગરીબોને અવાજ ઉઠાવવાનો અધિકાર આપે છે.

સામાજિક ઓડિટનો એકંદર હેતુ ભ્રષ્ટાચારનું નિયંત્રણ કરવાનો છે. પરંતુ આ સ્તર સુધી પહોંચવા માટે તબક્કાવાર રીતે એવી વ્યવસ્થા ઉભી કરવાની આવશ્યકતા છે કે જેથી ગરીબો, લાભાર્થીઓ અને કામદારો પોતે મુક્ત અને ભયમુક્ત વાતાવરણમાં પોતાનો અવાજ ઉઠાવવા સક્ષમ બને. સામાજિક ઓડિટનો પ્રતિકાર કરતું હોય એવા વાતાવરણનો સામનો કરવાની જરૂર છે. ઉપરાંત એનઆરઇજીએસ કાર્યક્રમના અમલીકરણ તમામ તબક્કે ગામલોકો સહભાગી બને તે માટેની સહાયક વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે. ગુજરાત સરકાર એનઆરઈજીએસની વિવધ જોગવાઈઓ સમજી શકાય એવું વાતાવરણ સર્જવાના હેતુસર અધિકારીઓને અને પીઆરઆઇ પ્રતિનિધિઓની જિલ્લા તાલીમનું આયોજન કરે છે.

સામાજિક ઓડિટ પ્રક્રિયા સાચા અર્થમાં ખૂબજ મર્યાદીત છે. પરંતુ મર્યાદીત અનુભવોના બળે મળી રહેલા સંકેતો મુજબ આથી કરીને કામદારોમાં આ કાર્યક્રમમાં સહભાગી થવાની શ્રદ્ધા વધે છે. તેઓ પોતની ભાવનાઓ વાચા આપી શકે છે અને સલામત આવકનો સ્ત્રોત ખુલે છે. સીઇસી-હૈદરાબાદના કે.એચ.ગોપાલ અનંતુપર જિલ્લામાં એનઆરઈજીએ કામદારો સાથે નિકટથી કામ કરે છે. તેમના દ્વારા તાજેતરમાં જ પ્રકાશિત બે પુસ્તિકાઓ "કેપ્ચરિંગ ઇમેજીનેશન ઓફ સ્ટેટહોલ્ડર" અને "મેકિંગ એનઆરઈજીએ સક્સીડ"માં ભારપૂર્વક જણાવે છે કે કામદારોના અનુભવોને ધ્યાને લઈને ઘણાંબધા સુધારાત્મક હસ્તક્ષેપ થઈ શકે છે.

સામાજિક ઓડિટ અનેક પ્રશ્નો અને વિચારોને નિયંત્રીત રાખે છે. સામાજિક ઓડિટ થયેલા કાર્યની સમીક્ષા, પર્યાવરણ પર પડતી તેની વિપરીત અસરો, મજૂરીમાં શ્રમને ઘટાડે તેવા સાધનોના ઉપયોગ તેમજ આવક ઉભી કરવાના સાધનો લગેરે મુદ્દાની સમીક્ષા કરી શકે છે. ભ્રષ્ટાચારને અટકાવવા ચૂકવણી બેન્ક કે પછી પોસ્ટ ઓફિસના ખાતા મારફતે કરવાને મુદ્દે જાગૃતિ ફેલાવી શકે છે. અન્ય શબ્દોમાં કહીએ તો વડાપ્રધાને એનઆરઈજીએસના અમલનો આરંભ કરતાં જે ત્રણ બાબતો પર ભાર મૂક્યો હતો તેના અમલ માટે અનેક ઉપાય સૂચવી શકે છે.

સામાજિક ઓડિટ દરમિયાન નીચે દર્શાવેલ કાર્યની ચકાસણી થઈ શકે છે. (૧) નોંધણી (૨) જોબકાર્ડનો પ્રશ્ન (૩) જોબકાર્ડ પૂરા પાડવામાં પડતી મુશ્કેલીઓ અને લેવાતો સમય (૪) એનઆરઈજીએની વિવિધ જોગવાઈઓ સમજવાનું સ્તર (૫) રોજગારી માટેની અરજી અંગેની જાગૃતિનો વિસ્તાર (૬) એસઓઆર (૭) ગ્રામસભા દ્વારા કાર્યની પસંદગી અને મંજૂરી (૮) વેતનની યોગ્ય રીતે સમયસરની ચૂકવણી (૯) કાર્ય અને તે માટેના સાધનોની પસંદગીમાં સુધારાત્મક વલણ. એનઆરઈજીએસને સફળ બનાવવા માટે સમાજિક ઓડિટનો ભય દૂર કરવામાં આવે અને ગ્રામીણ ભારતના ભાવિના નિર્માણ માટે આ પ્રક્રિયાને કામદારોના હાથમાં મૂકવામાં આવે તે જરૂરી છે.

સાચા અર્થમાં સામાજિક ઓડિટનો અમલ જાહેર સહભાગિતા, સંવાદ અને ચકાસણીને સુનિશ્ચિત કરે છે. હેતુ અને પ્રક્રિયાની સુસંગતતાની ચકાસણી માટે પણ તે મદદરૂપ બને છે.

સામાજિક ઓડિટ ચળવળમાંથી પ્રાપ્ત થતા દૃષ્ટિકોણને માર્ગદર્શક નીતિ અને અમલને પુનઃનિર્ધારિત કરવાની દિશામાં કામે લગાડવા જોઇએ. સામાજિક ઓડિટ તે ઓડિટના હેતુ સારવાની સાથે સાથે લોકકેન્દ્રીત સંચાલન સુધારા સાથેની જવાબદેહીતા માટેનું પગલું પણ છે.

• • •

# રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર અધિનિયમ

જ્યોત્સના પટેલ

*દેશના બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોમાં દરેક વ્યક્તિને રોજગારી મેળવવાનો અધિકાર આપવામાં આવેલા છે. એનઆરઈજીએ દ્વારા આ બાબતને કાયદેસર બંધારણીય સ્વરૂપ આપવામાં આવેલ છે. આ યોજના એ વિકાસલક્ષી યોજના છે. આ યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારનાં ઉત્પાદક અસ્કયામતો સર્જીને તેનો ગ્રામીણ વિકાસમાં પંચાયત ઘર, કોમ્યુનીટી હોલ કે તે પ્રકારની કામગીરી દ્વારા રોજગારી સર્જનની સાથે ગ્રામીણ વિકાસને વેગ આપવાનો ધ્યેય હોય છે. પરંતુ આ માટે આ યોજનાનો પરિણામલક્ષી અને અસરકારક અમલ થાય એ જરૂરી છે.*

**૨,** ફેબ્રુઆરી ૨૦૦૬ થી દેશના વધુ પછાત અને અવિકસિત ૨૦૦ જિલ્લાઓમાં આ યોજનાનો અમલ શરૂ થયો છે. ગયા વર્ષે એટલે કે ૧-૪-૦૭ થી ૧૩૦ થી વધારે જિલ્લાઓમાં તેનો અમલ થયો હતો. ૧-૪-૦૮ થી દેશના બાકીના બધા જિલ્લાઓમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેન્ટી અધિનિયમનો વિસ્તાર કરવામાં આવશે.

દેશના બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોમાં દરેક વ્યક્તિને રોજગારી મેળવવાનો અધિકાર આપવામાં આવેલા છે. એનઆરઈજીએ દ્વારા આ બાબતને કાયદેસર બંધારણીય સ્વરૂપ આપવામાં આવેલ છે. આ યોજના એ વિકાસલક્ષી યોજના છે. આ યોજના દ્વારા ગ્રામીણ વિસ્તારનાં ઉત્પાદક અસ્કયામતો સર્જીને તેનો ગ્રામીણ વિકાસમાં પંચાયત ઘર, કોમ્યુનીટી હોલ કે તે પ્રકારની કામગીરી દ્વારા રોજગારી સર્જનની સાથે ગ્રામીણ વિકાસને વેગ આપવાનો ધ્યેય હોય છે. પરંતુ આ માટે આ યોજનાનો પરિણામલક્ષી અને અસરકારક અમલ થાય એ જરૂરી છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ગ્રામીણ રોજગાર ગેરેન્ટી અધિનિયમ-૨૦૦૭નો રિપોર્ટ બહાર પાડવામાં આવેલ છે. જેની આંકડાકીય માહિતી તપાસીએ તો.

**૨૦૦૬-૭ અને ૨૦૦૭-૦૮ (ડિસેમ્બર સુધી)નું વિવરણ**

**(૧) રોજગારીનું વિવરણ**

- વર્ષ ૨૦૦૬-૦૭માં ૨.૧૦ કરોડ પરિવારોને રોજગાર આપવામાં આવી.
- વર્ષ ૨૦૦૭-૦૮માં (ડિસે.-૦૭ સુધી) માં ૨.૫૭ કરોડ પરિવારોને રોજગારી આપવામાં આવી.
- વર્ષ ૨૦૦૬-૦૭માં રોજગારના ૯૦.૫૦ કરોડ શ્રમદિવસ સર્જન કરવામાં આવ્યા.
- વર્ષ ૨૦૦૭-૦૮ (ડિસે.૨૦૦૭ સુધી) માં રોજગારના ૮૫.૫૧ કરોડ શ્રમ દિવસ સર્જન કરવામાં આવ્યા છે.

**(૨) ખર્ચ સંબંધી વિવરણ**

- વર્ષ ૨૦૦૬-૦૭ માં ૨૮૨૩.૩૫ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા.
- વર્ષ ૨૦૦૭-૦૮ (ડિસે.૦૭ સુધી) માં ૯૧૦૫.૭૪ કરોડ ખર્ચ કરવામાં આવ્યા.

**(૩) મહિલાઓની ભાગીદારી**

- ૨૦૦૬-૦૭ માં મહિલાઓની ભાગીદારી ૪૧ % હતી જે ચાલુ વર્ષ દરમિયાન (ડિસે.૦૭સુધી) વધીને ૪૩% થઈ ગઈ છે.

**(૪) અનુસૂચિત જાતિ/ અનુ.જનજાતિની ભાગીદારી**

- ૨૦૦૬-૦૭ માં ૬૧.૭૯ %

*અનુ. પાનાનં ૩૭ થી ઉપર*

(લેખિકા અર્થશાસ્ત્ર વિષયના વિઝીટીંગ લેકચરર છે.)

# નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ (ડિસેમ્બર-૨૦૦૭સુધી)
# એનઆરઈજીએની કાર્યાવન્તિ સ્થિતિનો રિપોર્ટ

| ક્રમ સં | રાજ્ય | રોજગારની માંગ કરવાવાળા પરિવારોની સંખ્યા | રોજગાર ઉપલબ્ધ કરવામાં આવેલ પરિવારોની સંખ્યા | શ્રમદિવસ (લાખમાં) | | | | | ઉપલબ્ધ નિધિઓ (લાખમાં) | વ્યય (લાખમાં) | ચાલી રહેલા કામો | પૂરા કરવામાં આવેલ કામો | કુલ કામો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કુલ | અનુ.જાતિ | અનુ. જનજાતિ | મહિલાઓ | અન્ય | | | | | |
| - | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |
| ૧. | આંધ્રપ્રદેશ | ૩૬૪૫૧૪૭ | ૩૬૪૫૧૪૭ | ૧૧૦૧.૬૬ | ૩૧૫.૩૧ | ૧૩૭.૮૬ | ૬૦૯.૧૫ | ૬૪૮.૪૮ | ૧૭૯૫૯૨.૦૫ | ૧૧૭૭૬૭.૧૪ | ૩૩૭૦૭૩ | ૫૩૮૬૫ | ૩૯૦૯૩૮ |
| ૨. | અરુણાચલ પ્ર. | ૨૯૧૮૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૫.૩૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩. | આસામ | ૮૪૭૫૧૨ | ૭૭૮૦૨૯ | ૨૭૧.૩૫ | ૨૧.૨૬ | ૧૨૯.૯૬ | ૬૧.૫૪ | ૧૨૦.૦૩ | ૬૭૯૬૪.૧૪ | ૨૮૮૬૫.૩૧ | ૪૨૫૫ | ૨૬૭૫ | ૭૮૩૦ |
| ૪. | બિહાર | ૨૨૫૮૧૪૧ | ૨૨૫૧૩૫૪ | ૪૩૩.૨૬ | ૧૯૯.૧૫ | ૧૧.૫૮ | ૯૮.૬૭ | ૨૨૨.૫૩ | ૧૧૩૫૨૮.૬૫ | ૫૭૬૪૧.૧૨ | ૩૫૦૧૨ | ૨૩૮૯૭ | ૫૮૯૦૯ |
| ૫. | ગુજરાત | ૧૯૩૨૦૬ | ૧૯૩૨૦૬ | ૬૨.૫૫ | ૨.૯૬ | ૪૦.૪૨ | ૩૦૪૬ | ૧૯.૧૭ | ૧૦૯૧૩.૭૬ | ૫૭૬૪૧.૫૯ | ૫૭૫૦ | ૯૬૧૯ | ૧૮૩૬૯ |
| ૬. | હિરિયાણા | ૭૮૭૮૦ | ૭૮૭૮૦ | ૨૩.૧૪ | ૧૩.૬૭ | ૦ | ૮.૪૨ | ૯.૪૭ | ૫૦૦૩.૧૫ | ૩૦૮.૯ | ૨૨૨ | ૭૯૨ | ૨૦૧૪ |
| ૭. | હમાચલ પ્રદેશ | ૧૮૩૫૭૪ | ૧૭૭૩૪૩ | ૧૦૫.૬૭ | ૨૧.૮૪ | ૨૮.૪૯ | ૨૭.૮૭ | ૫૫.૩૪ | ૧૨૭૦૯.૯૨ | ૬૭૫૧.૧૭ | ૧૦૪૧૩ | ૪૦૨૮ | ૧૪૪૪૧ |
| ૮. | જમ્મુ-કાશ્મિર | ૯૨૬૫૫ | ૯૨૧૩૨ | ૨૭.૯૪ | ૨.૦૭ | ૫.૫૭ | ૦.૨ | ૨૦.૩ | ૮૨૩૭.૦૩ | ૩૩૮૦.૨૮ | ૧૯૬૪ | ૨૪૧૦ | ૪૩૭૪ |
| ૯. | કર્ણાટક | ૩૩૨૨૧૫ | ૩૩૦૧૧૭ | ૧૩૫.૫૫ | ૪૧.૭૪ | ૨૮.૪ | ૮૦.૫૮ | ૬૫.૪૧ | ૨૮૮૬૨.૨ | ૧૬૦૧૦.૫૨ | ૭૫૩૧ | ૯૨૮૪ | ૧૬૭૧૫ |
| ૧૦ | કેરળ | ૧૧૮૨૮૪ | ૧૧૬૦૪૦ | ૩૪.૧૮ | ૫.૧૩ | ૬.૫ | ૨૨.૬૯ | ૨૨.૫૫ | ૬૭૦૫.૮૮ | ૪૫૪૦.૪૬ | ૨૨૦૩ | ૬૧૩૬ | ૮૩૪૨ |
| ૧૧. | મધ્યપ્રદેશ | ૩૪૮૦૧૫૯ | ૩૪૭૯૯૯૬ | ૧૬૬૯.૩૧ | ૨૯૭.૧ | ૮૨૭.૭ | ૭૦૭.૬૪ | ૫૪૪.૫૧ | ૨૫૮૫૩૭.૩૬ | ૧૭૨૫૨૩.૮૯ | ૧૪૪૧૪૫ | ૫૭૪૫૦ | ૨૦૧૫૯૫ |
| ૧૨. | મહારાષ્ટ્ર | ૨૦૯૩૧૫ | ૨૦૯૩૧૫ | ૧૦૯.૨૪ | ૨૦.૩૮ | ૩૫.૫૭ | ૪૨.૯૫ | ૫૩.૩૬ | ૪૪૬૭૮.૪૧ | ૯૮૭૭.૪૬ | ૬૭૧૩ | ૧૩૯૭ | ૮૦૧૦ |
| ૧૩. | મણિપુર | ૮૬૪૫૮ | ૬૪૪૫૮ | ૧૫.૩૪ | ૦.૦૨ | ૧૫.૨૨ | ૩.૮ | ૦.૧૧ | ૨૫૫૩.૦૬ | ૨૦૭૮.૪૮ | ૧૨૩૦ | ૧ | ૧૨૩૨. |
| ૧૪. | મેઘાલય | ૭૬૩૩૮ | ૭૬૩૩૧ | ૩૫.૭ | ૦.૧૯ | ૩૦૭૭ | ૧૨.૦૩ | ૪.૭૪ | ૫૮૮૩.૮૫ | ૩૬૮૨.૩૬ | ૨૧૯૮ | ૧૯૮૭ | ૪૧૮૩ |
| ૧૫. | મિઝોરમ | ૧૧૧૩૧૮ | ૬૨૮૮૫ | ૨૪.૪૪ | ૦ | ૨૪.૪૪ | ૮.૨૧ | ૦ | ૨૫૧૯.૮૮ | ૨૩૦૪.૯૮ | ૫૫૨ | ૪૩૧ | ૯૮૩ |
| ૧૬. | નાગાલેન્ડ | ૩૪૩૭૩ | ૭૧૮૩૬ | ૧.૦૯ | ૦ | ૧.૦૯ | ૦.૩૮ | ૦ | ૨૩૦૯.૭૨ | ૩૨૭.૮૪ | ૧૦૨ | ૦ | ૧૦૨ |
| ૧૭. | ઓરિસ્સા | ૭૭૯૯૫૧ | ૭૬૮૪૦૮ | ૨૭૧.૭૯ | ૬૫.૪૪ | ૧૨૪.૩૫ | ૧૦૬.૨૩ | ૮૨ | ૬૦૪૭૨.૫૧ | ૩૩૯૮૬.૧૪ | ૩૯૦૮૪ | ૧૧૬૮૭ | ૫૦૭૭૧ |
| ૧૮. | પંજાબ | ૨૮૩૩૧૯ | ૨૮૩૧૬ | ૮.૩૩ | ૬.૦૬ | ૦ | ૧.૨૯ | ૨.૨૭ | ૪૩૩૯.૬૮ | ૧૨૭૭.૭૪ | ૭૯૦ | ૭૦૧ | ૧૪૯૧ |
| ૧૯. | રાજસ્થાન | ૧૯૫૯૭૦૩ | ૧૯૫૯૫૫૧ | ૧૦૮૨.૫૫ | ૨૦૭.૬૫ | ૫૩૦.૯ | ૭૪૬.૩૨ | ૩૪૪ | ૧૧૩૯૧૧.૬ | ૮૬૬૪૮.૪૮ | ૩૫૯૬૫ | ૭૭૮૦ | ૪૩૭૪૫ |
| ૨૦. | સિક્કિમ | ૮૧૩૬ | ૭૪૫૨ | ૨.૧૨ | ૦.૧૬ | ૧.૧૮ | ૦.૨૫ | ૦.૭૫ | ૯૪૨.૬૩ | ૩૬૫.૪૫ | ૧૩૮ | ૧૨૫ | ૨૬૩ |
| ૨૧. | તામિલનાડુ | ૮૩૧૧૩૦ | ૮૩૧૧૩૦ | ૫૨૪.૭૮ | ૨૯૮.૮૫ | ૧૦.૪૮ | ૪૫૮.૯૨ | ૨૧૫.૪૫ | ૬૧૮૪૨.૨૪ | ૪૧૯૯૪.૨૭ | ૭૮૪૬ | ૫૬૮૬ | ૧૩૫૩૨ |
| ૨૨. | ત્રિપુરા | ૪૧૭૮૦૫ | ૪૧૪૬૦૫ | ૧૩૬.૯ | ૨૯.૫૫ | ૫૦.૬૫ | ૭૪.૦૪ | ૫૬.૭૬ | ૧૬૭૯૨.૮૨ | ૧૪૨૦૨.૬૪ | ૧૬૩૨૨ | ૨૭૭૩૨ | ૪૪૦૫૪ |
| ૨૩,. | ઉત્તરપ્રદેશ | ૩૫૬૨૨૮૭ | ૨૫૪૬૦૩૩ | ૭૨૩.૪૭ | ૩૮૯.૧ | ૧૬.૫૯ | ૧૨૭.૨૩ | ૩૧૭.૬૮ | ૧૫૮૧૮૫.૭૧ | ૯૯૦૯૩.૭૩ | ૫૩૧૧૩ | ૫૧૮૮૪ | ૧૦૪૯૯૭ |
| ૨૪. | પશ્ચિમ બંગાળ | ૩૮૦૦૦૫૫ | ૩૬૯૯૮૪૯ | ૪૬૦.૦ | ૧૬૮.૪૮ | ૬૧.૦૭ | ૭૮.૫૭ | ૨૩૦.૪૫ | ૧૧૫૦૧૯.૬૩ | ૪૪૯૧૨.૫૭ | ૨૯૦૯૮ | ૨૫૫૨૭ | ૫૪૮૨૩ |
| ૨૫. | છત્તીસગઢ | ૧૬૨૬૪૨૦ | ૧૬૨૫૪૨૮ | ૭૭૩.૭૪ | ૧૧૦.૧૫ | ૩૩૫૮.૩૪ | ૩૦૬.૦૯ | ૩૨૮.૨૫ | ૧૦૯૨૦૪.૪૯ | ૮૨૨૬૫.૫૮ | ૨૭૩૧૦ | ૩૨૯૫૦ | ૬૦૨૬૦ |
| ૨૬. | ઝારખંડ | ૧૧૭૫૮૩૭ | ૧૧૬૧૧૦૬ | ૪૭૯.૪ | ૧૦૧.૭૫ | ૨૦૦.૮૩ | ૧૪૧.૮ | ૧૭૬.૮૨ | ૯૩૦૧૭.૬૫ | ૬૫૬૫૫.૩૬ | ૮૨૯૭૬ | ૨૯૪૭૫ | ૧૧૨૪૫૧ |
| ૨૭. | ઉત્તરાંચલ | ૧૩૦૫૦૪ | ૧૩૦૪૫૪ | ૩૭.૬૨ | ૧૦.૫૬ | ૦.૧૯ | ૧૬.૫૭ | ૨૬.૧૬ | ૧૪૩૬૯.૩૫ | ૪૫૭૪.૨૬ | ૩૬૦૧ | ૩૧૦૫ | ૬૭૦૫ |
| | કુલ | ૨૬૦૯૬૭૯૫ | ૨૫૭૪૯૯૫૮ | ૮૫૫૧.૨૨ | ૨૩૨૮.૬૮ | ૨૬૫૫.૯૨ | ૩૭૭૧.૮૪ | ૨૫૬૬.૬૨ | ૧૫૦૮૨૦૨.૭૪ | ૯૧૦૫૭૨.૭૨ | ૮૫૯૬૦૬ | ૩૭૧૫૨૪ | ૧૨૩૧૧૩૦ |

સ્ત્રોતઃ ગ્રામીણ વિકાસ મંત્રાલય ભારત સરકાર

# એન.આર.ઇ.જી.એ. : બારીક દૃષ્ટિકોણ

✍ ત્રિલોચન શાસ્ત્રી

*વેતનદાર શ્રમિકોને વિવિધ પ્રકારના ભ્રષ્ટાચારનો પણ સામનો કરવો પડે છે. કેટલાક સ્થળે ગ્રામમંત્રી કે અન્ય સ્થાનિક અધિકારીઓ વેતનની રકમ પર કાતર ચલાવે છે. થોડાક સ્થળે તો રેકર્ડ ઉભું કરીને મોટા પાયે ભ્રષ્ટાચાર થયાના પણ દાખલા છે. આથી કરીને શ્રમિકોમાં એનઆરઈજીએ અને સરકાર પ્રતિની નિરાશામાં વૃદ્ધિ જ થાય છે.*

*સામાજિક ઓડિટ આવી લાગણીઓને રોકવામાં મદદરૂપ બની શકે પરંતુ તેના સ્તરનો ઉંચું લઈ જવાની જરૂર છે. અનેક સ્થળે મહિલાઓ, વૃદ્ધો અને અપંગો પ્રતિ ભેદભાવપૂર્વકનો વ્યવહાર થાય છે. મોડે મોડે આ સંબંધોની કેટલીક માર્ગદર્શક સૂચનાઓને સુધારવામાં આવી છે. પરંતુ ફિલ્ડ સ્તરે હજી ઘણાબધા સુધારા કરવાના બાકી છે.*

એનઆરઈજીએના મુદ્દે માત્ર વહીવટી નહીં પરંતુ લોકોના દૃષ્ટિકોણને સમજવાની જરૂર છે. સૌ પ્રથમ તો આ યોજનાનો અમલ થઈ રહ્યો છે એ ક્ષેત્રોમાંથી ઉપલબ્ધ માહિતી મુજબ ગ્રામીણ લોકો એનઆરઈજીએનો અમલ યોગ્ય રીતે થાય તેની તરફેણમાં છે. દૂરના શહેરોમાં મજૂરી કરવાને બદલે પોતાના ગામો માટે ઓછા વેતને કામ કરવા તેઓ તૈયાર છે. બીજું તેઓ મહિનાનું ઓછામાં ઓછું ૧૫ થી ૨૦ દિવસનું નિયમીત કામ મળે તેની ખાતરી માંગે છે.ત્રીજું તેઓ યોગ્ય વેતન સમયસર મળે તેમ ઈચ્છે છે. માઈક્રોફાઈનાન્સ, સ્વસહાયજૂથ કાર્યક્રમ કે જીવનનિર્વાહ માટે હસ્તક્ષેપ કરતાં એવો કોઈપણ કાર્યક્રમના મુકાબલે એનઆરઈજીએ લોકોને વધુ ઉત્સાહિત કર્યા છે.

જોકે ભારતમાં મોટાભાગના સ્થળે પૂરતું કામ આપાવમાં આવતું નથી. સ્થાનિક વહીવટી તંત્ર વારંવાર કહે છે કે લોકોને એનઆરઈજીએમાં રૂચિ નથી, વધુ વેતન આપતા શહેરો ભણી સ્થળાંતર કરવાનું પસંદ કરે છે. કામદારો એક વાત કહે છે અને વહીવટીતંત્ર બીજી વાત કરે છે એ વિરોધાભાસના કારણને સમજવાની જરૂર છે. મોટાભાગના ભારતમાં સિંચાઈ સુવિધા નથી અને વિસ્તારમાં કેટલો વરસાદ પડે છે એ આધારે વિસ્તારમાં એક જ પાક લેવાનું વલણ છે. આ સમયગાળા દરમિયાન વાવણી બાદ દવાનો છંટકાવ કે પછી નિંદામણનું કામ રહે છે. આ સમયગાળા દરમિયાન કામ થંભી જતું હોય છે. પરંતુ આ ટૂંકાગાળા માટે પણ કામનું આયોજન થવું જરૂરી છે. ત્યાર બાદ એકાદ મહિનો ખળામાં લળણી વગેરેનું કામ ચાલે છે. તેમાંય વરસાદ નિષ્ફળ જાય તેવા સંજોગોમાં તો નાના અને સીમાંત ખેડૂતો અને શ્રમિકો એમ બંને એનઆરઈજીએમાં રૂચિ ધરાવતા થતા હોવાથી આ દિશામાં આગોતરા આયોજન ઘડી રાખવા જોઈએ.

લળણીથી માંડીને વાવેતરની બીજી મોસમ સુધી એક છ મહિના સુધી ગ્રામીણ શ્રમિકોને કૃષિક્ષેત્રમાંથી કોઈ આવક નથી થતી. ભારતમાં લગભગ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ હંગામી મોસમી સ્થળાંતર થતું હોય છે. દરેક વર્ષે કરોડો લોકો ગામડાંમાંથી શહેરમાં જાય છે અને પાછા ફરે છે. બસ આ સમયગાળા દરમિયાન જ એનઆરઈજીએ હેઠળના કામોની સંખ્યા સૌથી વધુ આવશ્યકતા રહે છે. બીજું તેઓને પ્રતિમાસ ઓછામાં ઓછા ૧૫ થી ૨૦ દિવસ નિયમીત કામની ખાતરીની આવશ્યકતા છે. કેટલાક વિસ્તારોમાં પ્રતિમાસ ગણતરીના દિવસ જ કામ આપવામાં આવે છે. અને લોકો તેથી શહેરોમાં રોજી માટે હંગામી સ્થળાંતર કરી જાય છે. તેઓને સ્થળાંતરની ફરજ પડે છે.તેમને મળતા વેતન કરતાં ઓછું વેતન મળે તો તેઓ

(લેખક બેંગલોર સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટના પ્રોફેસર છે.)

વિશ્વાસ ગુમાવી દેતા હોય છે. ભૂતકાળના બાકી વેતનની ચૂકવણી ના થાય ત્યાં સુધી તેઓ નવું કામ હાથ પર લેવા તૈયાર હોતા નથી. ભૂતકાળનું બાકી વેતન ચૂકવાય પછી જ તેઓ નવા કામ શરૂ કરે છે. એકાદ વહીવટી નિષ્ફળતા સમગ્ર વિસ્તારમાં શ્રદ્ધાને ડગાવી દે છે. અને લોકો એનઆરઈજીએનું કામ મળે તેની રાહ જોવા વિના સ્થળાંતર કરી જાય છે. આ તમામ સંજોગોને કારણે સ્થાનિક વહીવટકર્તાને એમ કહેવાનું કારણ મળે છે કે લોકો કામ કરવા તૈયાર નથી.

વેતનદાર શ્રમિકોને વિવિધ પ્રકારના ભ્રષ્ટાચારનો પણ સામનો કરવો પડે છે. કેટલાક સ્થળે ગ્રામમંત્રી કે અન્ય સ્થાનિક અધિકારીઓ વેતનની રકમ પર કાતર ચલાવે છે. થોડાક સ્થળે તો રેકર્ડ ઉભું કરીને મોટા પાયે ભ્રષ્ટાચાર થયાના પણ દાખલા છે. આથી કરીને શ્રમિકોમાં એનઆરઈજીએ અને સરકાર પ્રતિની નિરાશામાં વૃદ્ધિ જ થાય છે.

સામાજિક ઓડિટ આવી લાગણીઓને રોકવામાં મદદરૂપ બની શકે પરંતુ તેના સ્તરનો ઉંચું લઈ જવાની જરૂર છે. અનેક સ્થળે મહિલાઓ, વૃદ્ધો અને અપંગો પ્રતિ ભેદભાવપૂર્વકનો વ્યવહાર થાય છે. મોડે મોડે આ સંબંધોની કેટલીક માર્ગદર્શક સૂચનાઓને સુધારવામાં આવી છે. પરંતુ ફિલ્ડ સ્તરે હજી ઘણાબધા સુધારા કરવાના બાકી છે.

એનઆરઈજીએ હેઠળ તેમને કામનો અધિકાર મળે છે જોકે ઘણા સ્થળે તેઓ આ અધિકાર થી પરિચિત નથી કે પછી આ અધિકારનો અમલ કરાવવા સક્ષમ નથી. સ્થાનિક વહીવટીતંત્રને આ કારણસર પણ કામ નહીં આપવાનું બહાનું મળી રહે છે. તેઓ હમેશા કહી શકે છે કે કામ મેળવવા કોઈ આગળ આવતું જ નથી. અને કદાચ કોઈ કામ મેળવવાની અરજી કરે તો પણ અરજી મળ્યાની પહોંચ આપવામાં આવતી નથી. આમ તેમણે કામની માગણી કર્યાનો કોઇ રેકોર્ડ જ રહેતો નથી. સત્તાવાર આંકડા મુજબ વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન ૩.૩૭ કરોડ પરિવારો તરફથી કામની માગણી થઈ હતી તે પૈકી ૩.૩૪ કરોડ પરિવારોને કામ આપવામાં આવ્યું હતું. જોકે જ્યાં લોકો કામ મેળવવા સક્ષમ જ નથી અને જ્યારે તેમણે કામ મેળવવા અરજી કરી હોવાની પહોંચ જ આપવામાં નથી આવતી એવા સંજોગોમાં થયેલી કામની માગણી અને આપવામાં આવેવા કામના આંકડાને ચકાસવાની જરૂર છે.

સત્તાવાર આંકડા કામની માગનું સાચુ ચિત્ર રજુ કરતા નથી, લોકોને હજીપણ સ્થળાંતર કરવાની ફરજ પડે છે. કામની વાસ્તવિક માગ ખૂબજ ઉંચી છે પરંતુ સપાટી પર આવવા જ નથી દેવાતી.

જે કે દેશના અનેક વિસ્તારોમાં અધિનિયમનો સારી રીતે અમલ થાય છે. આમાંથી કેટલાક મહત્વના પદાર્થપાઠ શીખવાની જરૂર છે. પ્રથમ તો જોબકાર્ડના પ્રશ્ને ચૂકવણી માટે લાભાર્થીના બેંક કે પોસ્ટ ખાતા ખોલવવા, યોજનાના અમલ માટે ખૂટતા કર્મચારીની ગોઠવણ, તેમને તાલીમબદ્ધ કરવા વગેરે મુદ્દે વધુ તૈયારીઓ કરવાની આવશ્યકતા છે. ઉપરાંત પલ્સ પોલિયો કે એવા અન્ય કાર્યક્રમોની જેમ જ એનઆરઈજીએ મુદ્દે પણ જંગી જાગૃતિ અભિયાનો છેડવાની આવશ્યકતા છે. ત્યારબાદ આ યોજના અંતર્ગત થતા કામોને સમયસર મંજૂરી, કામ પૂરા થાય, તેની માપણી, તાકીદે વેતનની ચૂકવણી તેવી વહીવટી અને નાણાકીય કાર્યપધ્ધતિઓને પણ યોગ્ય ઢાંચામાં ગોઠવવાની આવશ્યકતા છે. અનુભવ કહે છે કે યોજના સરળતાથી આગળ વધતી રહે તે માટે નાણાકીય અને વહીવટીપારદર્શીતાનો હજી અભાવ છે. બીજો પદાર્થપાઠ એ કે વિવિધ સ્તરે ક્ષમતા નિર્માણની આવશ્યકતા છે. આ માટે રોજગાર સેવક, ગ્રામમંત્રી અને પંચાયત, જુનિયર એન્જિનિયર ટીડિઓ અને કેટલાક જિલ્લા કલેક્ટર્સને પણ સશક્ત બનાવવાની આવશ્યકતા છે.

વેતનદાર શ્રમિકોમાં જાગૃતિ કેળવવાની અને તેમના સશક્તિકરણની પણ જરૂરિયાત છે. એ પ્રકારની વ્યાપક જાગૃતિ પ્રવર્તી રહી છે કે લઘુત્તમ વેતને ૧૦૦ દિવસની રોજગારી ઉપલબ્ધ છે. પરંતુ કામ મેળવવાનો તેમને કાનુની અધિકાર છે કે પછી અરજીની પહોંચ મેળવવાનો, ગ્રામસભામાં તેઓ કયા પ્રકારનું કામ કરવા ઇચ્છે છે તેનો નિર્ણય લેવોનો, અને કામના સ્થળે પાણી, છાયા, તબીબ સહાયની સુવિધા પુરી પાડવાની પણ જોગાવાઈ છે એ મુદ્દે જાગૃતિ નથી જ. લગભગ મોટાભાગના કિસ્સાઓમાં સ્થાનિક લોકો નહીં પરંતુ સ્થાનિક અધિકારીઓ કામનો પ્રકાર નક્કી કરે છે. આ બાબત અધિનિયમની પાયાની જોગવાઇનો ભંગ બરોબર છે.

જોકે, જાગૃતિ જ નહીં પરંતુ શ્રમિકોના સશક્તિકરણની જરૂર છે. અત્યાર સુધી યોજનાનો અમલ વહીવટીતંત્રની શુભલાગણી પર આધારિત રહ્યો છે. કામ અને વેતન આપવામાં ના આવે તો ગરીબ શ્રમિક પોતાના અધિકારનો અમલ કરાવી શકતા નથી. કેટલાક સ્થળે લોકો સંગઠીત થયા છે. બિનસંવેદનશીલ વજહીવટીતંત્ર પાસેથી કામની માગણી

*અનુ. પાનાનં ૩૭ થી ઉપર*

# ગરીબી નાબુદી માટે રોજગાર બાંહેધરી કાયદો

ડો. મહેશ સોનારા

*આ યોજના માટે રોજગારીની પાત્રતા બિનકુશળ શારિરીક કામગીરી કરવા તૈયાર ગ્રામીણ વિસ્તારનું દરેક કુટુંબ છે. દરેક કુટુંબના પુખ્તવયના સભ્યોએ તેમના નામ ગ્રામપંચાયતમાં નોંધાવવા પડે છે. કુટુંબ પસંદ થયા બાદ તેને એક જોબ કાર્ડ આપવામાં આવે છે. જોબકાર્ડનો અર્થ રોજગારીની પાત્રતાનો છે. રોજગારી મેળવવા ગ્રામપંચાયત અથવા કાર્યક્રમ અધિકારીને એક લેખિત અરજી કરવી પડે છે. આનાથી દરેક કુટુંબને સો દિવસની રોજગારી મળશે. આવા દિવસો પુખ્ત વયના સભ્યોની વચ્ચે વહેંચી પણ શકાય છે. આ કાર્યક્રમમાં મહિલાઓ અને પુરુષોને સરખુ વેતન મળશે. તેમાં મહિલા શ્રમિકો સામે કોઈ પક્ષપાત રખાશે નહી. કામના બદલામાં વેતન પૂર્ણપણે રોકડમાં અથવા આંશિક રીતે અવેજ સ્વરૂપમાં ચુકવવામાં આવશે. આ વેતન સાપ્તાહિક ધોરણે ચૂકવવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ૧૫ દિવસથી મોડુ થઈ શકશે નહિ. અરજદારને તેના ગામમાંજ રોજગારી મળે તેવા પ્રયત્નો થશે.*

**આ**ઝાદી સમયથી જ ભારત એક અતિવસ્તીવાળો ખેતી પ્રધાન દેશ છે. ખેતીપ્રધાન દેશ હોવાથી વસ્તીનું વધારાનું ભારણ ખેતી પર જ આવે અને જમીન માલીકીની અસમાનતા તેમાં બાધારૂપ થાય. જમીનદારી પ્રથાના કારણે નાના અને સિમાંત ખેડૂતો તથા જમીનવિહોણા ખેડૂતો અને ગણોતીયા તથા જમીન મજૂરોની હાલત અત્યંત દયનીય બનતી ગઈ હતી, આઝાદી પછી સરકારોએ આ જમીનદારી પ્રથા નાબુદ કરવા અને આવકની અસમાનતા ઘટાડવા અનેક પ્રયાસો વિવિધ સ્વરૂપે કર્યા પણ તેમાં ધારી સફળતા ન મળી કેમ કે જમીનદારો સંગઠિત અને રાજકિય પીઠબળ ધરાવતા હતા. તેથી કાયદાકીય આંટીઘુંટીઓનો મહત્તમ લાભ લઈને જમીનવિહોણાને જમીન ન મળે તેના તમામ પ્રયત્નો કર્યા. સમાજના સૌથી નીચેના સ્તરના લોકો, દલિતો આદિવાસીઓ ગ્રામીણ ગરીબો આજે પણ જમીન માટે કે રોજગારી માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઉપરાંત ગરીબી દૂર કરવા તથા રોજગારી મેળવવા અને તેમના બાળકોને શિક્ષિત કરવા જાગૃત બન્યા છે. આયોજનના સમયગાળામાં દેશના વિકાસની સાથે સાથે ગ્રામીણ સગવડો તથા આંતરમાળખામાં સુધારો અવશ્ય થયો છે પરંતુ તેનો લાભ સમાજના તમામ વર્ગોને સમાન રીતે મળી રહ્યો નથી. આથી તમામ સમાજના ગરીબ અને જરૂરિયાતવાળા લોકોને રોજગારી મળે, પુરતુ કામ મળે અને તેમની મહેનતના બદલામાં પુરતું વેતન મળે અને શોષણ અટકે તે માટે આયોજનમાં કંઇક ખુટતું હતું.

આ સંદર્ભમાં ૧૯૭૦ માં જ્યારે મહારાષ્ટ્રમા દુષ્કાળ પડ્યો હતો ત્યારે તત્કાલીન મુખ્યપ્રધાન વી.પી.નાયક અને ગાંધીવીદી વી.એસ.પાગેએ ઇન્દિરાજીના સંપૂર્ણ સમર્થન સાથે મહારાષ્ટ્રમાં રોજગાર બાંહેધરી કાર્યક્રમનો અમલ કર્યો હતો.જો કે ત્યારબાદ આ કાર્યક્રમનો રાષ્ટ્રીય ધોરણે અમલ કરવાના અનેક પ્રયાસો થયા હતા પરંતુ ઘણા કારણોસર તે થઈ શક્યું નહતું.

૧૯૮૦માં ઇન્દિરાજીએ ગ્રામીણ જમીન વિહોણા લોકો માટે રોજગાર બાંહેધરી કાર્યક્રમ શરૂ કરેલો. આ સંદર્ભમાં જ સ્વ.રાજીવગાંધીએ ૧૯૮૭માં જવાહર રોજગાર યોજનાની શરૂઆત કરેલી. ૧૯૯૩માં નરસિંહરાવની સરકાર વખતે તત્કાલિન નાણાપ્રધાન ડૉ.મનમોહનસિંહે દેશના ૧૨૦ જેટલા પછાત જિલ્લાઓમાં રોજગાર ખાતરી યોજના શરૂ કરી હતી. આ તમામ કાર્યક્રમોનો મૂળભૂત હેતુ રોજગાર બાંહેધરી આપવાનો હતો.

આ સંદર્ભે અગાઉની સરકારોમાં પ્રયાસો જરૂર થયા પણ મહારાષ્ટ્રની રોજગાર બાંહેધરી યોજનાની જેમ કાનુની સ્વરૂપ મળ્યું ન હતું. આથી તેને

(લેખક એચ.એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક છે.)

કાયદા તરીકે સ્વીકૃતિ મળી નહતી.

## રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારો : ૨૦૦૫

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારો ૨૦૦૫ એ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી અને બેકારી નાબુદી માટેનું એક અભૂતપૂર્વ, ક્રાંતિકારી પગલુ કહી શકાય. આપણા દેશમાં ગ્રામીણ મોટાભાગે ખેતી પર આધારિત હોય છે અને વરસાદની અનિયમિતતા તેમને સળંગ વર્ષ દરમ્યાન રોજગારી આપતી નથી. ચોમાસુ નિષ્ફળ જવાના સંજોગોમાં તેઓની હાલત બહુજ કફોડી બની જાય છે. આનાથી દારૂણ ગરીબી, દેવું, કુપોષણ, આત્મહત્યા વગેરેનો ભોગ બને છે. કેટલાક લોકો આની વૈકલ્પિક વ્યવસ્થા માટે શહેરીકરણનો આસરો લે છે. આથી ગ્રામીણ બેરોજગાર ગરીબ વસ્તીનું રોજગારી મેળવવા માટે શહેરોમાં સ્થળાંતર થાય છે. આખરે શહેરી ગરીબીમાં અને શહેરી ગંદા વસવાટો અને અરાજકતામાં વધારો રહે છે. આ કાર્યક્રમના અમલથી શહેરી વિસ્તારોમાં રોજગારી શોધવાની જરૂરિયાતમાં અવશ્ય ઘટાડો થશે.

શરૂઆતમાં સરકારે આ કાર્યક્રમ દેશના પસંદ કરેલા ૨૦૦ જિલ્લાઓ તેનો અમલ થાય અને ધીરે ધીરે દેશના બધા ભાગોમાં તે લાગુ પડે તેવું વિચાર્યું હતું. હાલમાં શ્રી રાહુલ ગાંધીની આગેવાનીમાં વડાપ્રધાનશ્રી મનમોહનસિંહને મળેલા પ્રતિનિધિમંડળે આ કાર્યક્રમ દેશના તમામ જિલ્લાઓમાં લાગુ પડે તેવી વિનંતી કરી જેને વડાપ્રધાને માન્ય રાખી અને હવેથી તે ભારતના તમામ જિલ્લાઓમાં સમાનધોરણે ગ્રામીણ વિસ્તારોમાં લાગુ પડશે.

ગરીબી નાબુદી માટે તથા દલિતો, આદિવાસીઓ સહિત ગ્રામીણ પ્રજાના પોષણ માટે એક રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી કાયદાની ઘણા સમયથી જરૂર હતી જે પુરણ થઈ છે. આ કાયદો લાવતા પહેલા દેશના સમામાજીક કાર્યકરો સ્વૈચ્છિક સંગઠો અનુભવી વહીવટકારો તથા ગ્રમીણ વિસ્તારોમાં રહેતા લોકો સાથે લાંબી ચર્ચા વિચારણા અને તેમના તરફથી મળેલા સલાહ સૂચનોને સ્વાપક જાહેર ચર્ચા બાદ અમલમાં મુકેલ છે. રાજકિય મતભેદોથી દૂર આ કાયદો દેશના રાજકિય ઈતિહાસનું અદ્ભુત દ્દષ્ટાંત છે.

આ કાયદાના અમલથી ગ્રામિણ ગરીબોના જીવનમાં એક નવો યુગ શરૂ થશે. ગ્રામીણ વિસ્તારોની સગવડોમાં તથા આંતરમાળખામાં સુધારો થશે. મહિલાઓ પણ આ કાયદાનો અભિન્ન અંગ હોવાથી તેમના આત્મવિશ્વાસમાં વધારો થશે. ગ્રામીણ વિસ્તારોમાં વિકાસનું વાતાવરણ સર્જાશે.

રાષ્ટ્રીય રોજગાર બાંહેધરી ધારો ગ્રામીણ ભારતના આર્થિક જ નહિં સામાજિક ઈતિહાસમાં પણ મહત્વનું પગલું બની રહેશે. સામાજીક સમાનતા અને ન્યાય માટે પણ આ કાયદા દ્વારા ઘણી આશા રાખવામા આવે છે. આ કાયદાથી ગ્રામીણ ભારતમાં મૂળભૂત પરિવર્તનની કલ્પના કરવામાં આવી છે. આનાથી પોતાના ગામમાં જ ગ્રામીણ લોકોને રોજગારી મળવાથી શહેરો તરફથી તેમની હિજરત રોકાશે. જો કે તેના અમલની સાથે કેટલાક સ્થળોએ એવું પણ બન્યું છે કે આદિવાસી વિસ્તારોના ઉપરાંત પરપ્રાંતના બિન-કુશળ કારીગરો શહેરોમાંથી પોતાના મૂળ પ્રદેશ તરફ પણ ફરી રહ્યા હોય. શહેરોમાં ગંદા વિસ્તારોમાં વસવાટ અને સંઘર્ષના બદલે તેમને તેમના મૂળ પ્રદેશ કે ગામમાં જ રોજગારી મળવાથી તેઓ શહેરો છોડી રહ્યાના બનાવો પણ બનવા લાગ્યા છે.

આ કાયદાના અમલથી પંચાયતો નાણાકીય અને વહીવટી રીતે સશક્ત બનશે. ઉપરાંત ગ્રામીણ વિસ્તારોમાં કાયમી મિલ્કતો ઉભી થશે. જમીનની ઉત્પાદકતા વધશે અને ભવિષ્યમાં પણ ગરીબોની આજીવિકા માટે પરિણામરૂપ હશે. આ કાયદાથી દેશના બે તૃત્યાંશ લોકો કે જે ગામડાઓમાં રહે છે તેમને રોજગારીના કાનૂની અધિકારો પ્રાપ્ત થયા છે. જેનાથી ગામડાઓમાં મૂળભૂત પરિવર્તન આવશે એવી આશા સેવાઇ રહી છે.

રોજગાર બાંહેધરી કાર્યક્રમ એ આર્થિક વૃદ્ધિની અવેજી નથી સરકાર આર્થિક વિકાસ અને રોજગાર બાંહેધરીને સાથે સાથે આગળ વધારવા માંગે છે. તે આવા કાર્યક્રમોને નાણા વહેંચણીના કાર્યક્રમ તરીકે નહિ પણ આર્થિક સધારાઓના માનવીય ચહેરા તરીકે જુએ છે. જેનાથી આર્થિક વૃધ્ધિની પ્રક્રિયા વધારે વ્યાપક અને વધારે સમાન બને. આ કાયદો કરોડો ભારતીયોની જરૂરિયાતોની પૂર્તિ થાય અને તેમના બાળકોને વધુ સારુ જીવન જીવવાની તક મળે તે માટે યોગદાન આપશે.

### કાયદાનો હેતુ

આ કાયદો જે દરેક કુટુંબના પુખ્ત વયના સભ્યો બિનકુશળતાવાળી શારીરિક કામગીરી કરવા ઇચ્છતા હોય, તેમને દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા એક સો દિવસની બાંહેધરી યુક્ત

રોજગારી પૂરી પાડીને ગ્રામીણ વિસ્તારોમાં કુટુંબોની આજીવિકા સલામત અને વ્યાપક બને તે હેતુ છે.

**કાયદાના મુખ્ય લક્ષણો**

(૧) દરેક કુટુંબને સરકાર પાસેથી સો દિવસની રોજગારી માંગવાનો અધિકાર મળશે. આ માંગ આધારિત યોજના છે. અને અગાઉની વેતન રોજગાર યોજનાઓ જેવી પુરવઠા આધારિત યોજના નથી.

(૨) જો રાજય સરકાર કોઇપણ કુટુંબને માંગણી કર્યા મુજબ સો દિવસની રોજગારી પુરી પાડવામાં નિષ્ફળ જશે તો રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત કરેલા દર મુજબ બેકારી ભથ્થુ કુટુંબની પાત્રતાને આધીન ચૂકવવામાં આવશે.

(૩) ગામના વિકાસ માટે હાથ ધરાનારી કામગીરી ગ્રામજનો પોતે ગ્રામસભા દ્વારા મંજુર કરશે.

(૪) રોજગાર ફાળવવામાં મહિલાઓને અગ્રીમતા આપવામાં આવશે. એક તૃત્યાંશ રોજગારી તેમને પુરી પાડવામાં આવશે.

(૫) યોજના સંપૂર્ણ પારદર્શી હશે અને સંપૂર્ણ રીતે જાહેરમાં વેતન ચૂકવવામાં આવશે.

(૬) તમામ સ્તરે પંચાયતો આ યોજનાના આયોજન અને અમલીકરણમાં મહત્વની ભૂમિકા અદા કરશે.

(૭) કામગીરીના સ્થળે શ્રમિકોને અનેક સુવિધા પુરી પડાશે. જેવીકે બાળ સંભાળ,પાણીની વ્યવસ્થા, નિ:શુલ્ક તબીબી સારવાર, શ્રમિકોના મૃત્યુ કે કાયમી ખોડખાંપણમાં વળતર મળશે.

આ લક્ષણો પરથી સ્વયં સ્પષ્ટ થાય છે કે યોજનાનો સંપૂર્ણ અને યોગ્ય અમલ થાય તો ગ્રામીણ ભારતની કાયાપલટ થઈ જાય.

આ યોજના માટે રોજગારીની પાત્રતા બિનકુશળ શારિરીક કામગીરી કરવા તૈયાર ગ્રામીણ વિસ્તારનું દરેક કુટુંબ છે. દરેક કુટુંબના પુખ્તવયના સભ્યોએ તેમના નામ ગ્રામપંચાયતમાં નોંધાવવા પડે છે. કુટુંબ પસંદ થયા બાદ તેને એક જોબ કાર્ડ આપવામાં આવે છે. જોબકાર્ડનો અર્થ રોજગારીની પાત્રતાનો છે. રોજગારી મેળવવા ગ્રામપંચાયત અથવા કાર્યક્રમ અધિકારીને એક લેખિત અરજી કરવી પડે છે. આનાથી દરેક કુટુંબને સો દિવસની રોજગારી મળશે. આવા દિવસો પુખ્ત વયના સભ્યોની વચ્ચે વહેંચી પણ શકાય છે. આ કાર્યક્રમમાં મહિલાઓ અને પુરુષોને સરખુ વેતન મળશે. તેમાં મહિલા શ્રમિકો સામે કોઈ પક્ષપાત રખાશે નહી. કામના બદલામાં વેતન પૂર્ણપણે રોકડમાં અથવા આંશિક રીતે અવેજ સ્વરૂપમાં ચુકવવામાં આવશે. આ વેતન સાપ્તાહિક ધોરણે ચૂકવવામાં આવશે. કોઇપણ સંજોગોમાં ૧૫ દિવસથી મોડુ થઈ શકશે નહિ. અરજદારને તેના ગામમાંજ રોજગારી મળે તેવા પ્રયત્નો થશે. પરંતુ જો તે શક્ય ન બને તો અરજદારના ઘરથી પાંચ કિ.મી થી વધારે અંતરે રોજગારી પુરી પાડવામાં આવે તો વાહનખર્ચ સ્વરૂપ દશ ટકા વધારાનું વેતન મેળવવા પાત્ર થશે. આ યોજનામાં ગ્રામપંચાયતોની ભૂમિકા ખૂબજ મહત્વની રહેશે. કુટુંબની નોંદણી, જોબકાર્ડની વહેંચણી, ગ્રામસભાની ભલામણ અનુસાર યોજના હાથ ધરવી, સંભવિત કામગીરીની યાદી બનાવવી, અરજદારોને રોજગારીની ફાળવણી તથા કાર્યક્રમ અમલીકરણમાં ગ્રામપંચાયતની ભૂમિકા મહત્વની રહેશે.

આ યોજનામાં નીચેની કામગીરીઓ અગ્રતા ક્રમમાં મંજુરીપાત્ર છે.

(૧) જળ સંરક્ષણ અને જળ સંવર્ધન

(૨) વનીકરણ અને વૃક્ષારોપણ સહિત દુષ્કાળ સામે રક્ષણ.

(૩) નાની સિંચાઇ યોજનાઓ સહિત સિંચાઈ બંધો.

(૪) અનુ.જાતિ/જનજાતિના કુટુંબોની માલિકીવાળી જમીન માટે સિંચાઈની સુવિધાઓ અથવા જમીન સુધારાના લાભાર્થીઓની જમીન માટે અથવા ઇન્દિરા આવાસ યોજના હેઠળના લાભાર્થીઓ માટે જમીન સિંચાઈની સુવિધાઓ.

(૫) તળાવ ખોદવા સહિત પ્રણાલિગત જળાશયોનું નવીનીકરણ.

(૬) પુર નિયંત્રણ અને પાણી ભરાવાના વિસ્તારોમાં ગટર સહિતની સુરક્ષાની કામગીરી.

(૭) સમગ્ર વર્ષ દરમ્યાન ઉપયોગી એવા રસ્તાઓ દ્વારા ગ્રામીણ સંપર્ક.

(૮) રાજ્ય સરકારો સાથે વિચાર વિમર્શ કરી કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવી અન્ય કોઇ કામગીરી.

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી ધારા હેઠળ કેન્દ્ર સરકાર યોજનાના અમલીકરણ માટે ૯૦% ભંડોળ પુરુ પાડવા કાનુની રીતે પ્રતિબદ્ધ છે અને બાકીના ૧૦% ભંડોળ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે.

**સમાપન**

રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંહેધરી ધારો ૨૦૦૫ એ ગ્રામીણ ગરીબી અને બેરોજગારી દૂર કરવાનું ઐતિહાસિક પગલું છે. એ કાનુન હોવાથી ગ્રામીણ લોકોને કાયદાકીય રીતે ઓછામાં ઓછી સો દિવસની રોજગારી મળશે જ. જે તેમની પ્રાથમિક અને ટુંકાગાળાની જરૂરિયાતો પૂર્ણ કરવામાં અને ગરીબી નિવારવામાં તથા તેમના બાળકોના વધુ સારા જીવન માટે આશિર્વાદરૂપ સાબિત થશે. જો કે આપણે ત્યાં જે રીતે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે તે જ રીતે તે પાર નથી પડતા. મોટાભાગના હિસ્સાઓમાં તેના લાભો જરૂરિયાતમંદો સુધી પહોંચતા નથી. તેના ખર્ચનો મોટો ભાગ વચેટિયાઓ લઈ લે છે. આવા દુષણોથી બચવા આ યોજનામાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ વધુ સાવધાની રાખવી પડશે. વિતરણ પધ્ધતિઓમાં નવિનતા લાવવી પડશે. આ ઉપરાંત રાજકિય પક્ષો, સામાજીક-સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સામાજીક કાર્યકરો એ જાગૃતિ દર્શાવી સક્રિય ફાળો આપવો પડશે. ભૂતકાળમા ચાલતા સામાજીક સરકારી વલણોથી છુટકારો મેળવવો પડશે.

આ કાયદો એક ક્રાંતિકારી કાયદો છે જેની અસરો આગામી સમયમાં ઘણો દૂર સુધી પડશે. તેના પરિણામો ગ્રામીણ ભારતની કાયાપલટ કરી નાખશે અને ગ્રામીણ લોકોમાં વિશ્વાસ અને વિકાસની નવી તરાહ લાવશે. આ ત્યારેજ શક્ય બનશે જ્યારે આ કાયદો જે રીતે ઘડવામાં આવ્યો છે તે રીતે તેની કામગીરી થાય. અને તો જ આપણે આપણા કરોડો ગ્રામીણોના મુખ પર હાસ્ય નિહાળી શકીશું.

*અનુ. પાનાનં ૩૦ થી શરૂ*

(અનુ.જનજાતિઓ ૩૬.૪૪% તથા અનુ.જાતિઓ ૨૫.૩૫% )

- ૨૦૦૭-૦૮માં ૫૮.૨૯% (અનુ.જનજાતિઓ ૩૧.૦૮ % તથા અનુ.જાતિઓ ૨૭.૩૩ %)

**(૫) શરૂ કરવામાં આવેલા કામો**

- ૨૦૦૬-૦૭ માં ૮.૩૫ લાખ કાર્ય શરૂ કરવામાં આવ્યા.
- ૨૦૦૭-૦૮માં (ડિસે.૨૦૦૭) ૧૨.૩૧લાખ કાર્ય શરૂ કરવામાં આવ્યા.
- ૫૦% વધુ કાર્ય જળ સંરક્ષણ સંબંધિ છે.

**(૬) નાણાકીય પ્રગતિ**

- કેરળ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, પશ્ચિમબંગાળ અને અન્ય રાજ્યોમાં એનઆરઈજીએ કર્મચારીઓ માટે બેન્કો અને ટપાલઘરમાં ૬૪ લાખ ખાતા ખોલવામાં આવ્યા છે.

**(૭) પ્રભાવ**

- ગ્રામીણક્ષેત્રોમાં ગરીબી અને બેરોજગારીની સમસ્યાઓનું સમાધાન કરવામાં આવ્યું.
- ગ્રામીણ શ્રમિકો માટે પુરક રોજગારીની આવક.
- ટકાઉ સ્વરૂપની પરિસંપત્તિઓનું સર્જન.
- મહિલા સશક્તિકરણનો સુનિશ્ચય.
- વિપત્તિના સમયે ગ્રામીણક્ષેત્રોમા થનારા પલાયનમાં ઘટાડો.
- ભૂગર્ભ જળના સ્તરમાં વૃધ્ધિ.
- અનેક નાના અને લઘુ સિંચાઈ કાર્ય અને ભૂમિ વિકાસ સંબંધિ યોજનાઓ શરૂ કરવામાં આવી જેથી સ્થાયી રોજગારીનું સર્જન અને જમીન ઉત્પાદકતા વધી.

ગ્રામીણવિકાસ મંત્રાલયના આ રિપોર્ટના આધારે કહી શકાય કે એનઆરઈજીએ એ ગ્રામ્ય વિકાસ માટેનું એક માધ્યમ છે. જેના પરિણામે પછાત અને અલ્પવિકસિત ગ્રામ્ય પ્રદેશો વિકાસ અને તેમા વસવાટ કરતી પ્રજાનાં જીવનધોરણમાં સુધારો લાવી શકાય.

*અનુ. પાનાનં ૩૩ થી શરૂ*

પણ કરી, ધરણા પર ઉતર્યા પરંતુ ઝાઝી સફળતા ના મળી આવા કિસ્સામાં એનઆરઈજીએના યોગ્ય અમલની રાજકીય ઈચ્છાશક્તિની ઉણપ જોવા મળે છે. આશ્ચર્યનો વિષય છે કે જે જિલ્લાઓમાં યોજનાને યોગ્યપણે ઉપયોગ થઈ રહ્યો છે. તેવા જિલ્લાઓમાં કામની માગણી મોટાપાયે થતી રહી છે. કદાચ આપણા રાજકારણે વેતનદાર શ્રમિકો કે પછી નાના અને સીમાંત ખેડૂતોની ચિંતાઓ તરફથી મોઢું ફેરવી લીધું છે. લોક સંગઠનો સામુહિક ચળવળો, સ્વૈચ્છીક સંગઠનો, નાગરિક સંગઠનો અન રાજકીય પક્ષોએ પણ આ દિશામાં સામાજિક જાગૃતિ માટે સક્રિય ભૂમિકા નિભાવવી જોઈએ. જો કે આ પ્રકારના જાગૃતિ અભિયાનો માટે સરકાર દ્વારા નાણાકીય જોગવાઈ ના જ થવી જોઈએ. આમ છતાં સમગ્ર અભિયાન કદાય મેનેજમેન્ટ પ્રેરિત કામદાર પ્રવૃત્તિનું રૂપ લઈ શકે.

ટૂંકમાં, યોજનાના તમામ આયોજન, માર્ગદર્શન સૂચનાઓ, વિવિધ જાગૃતિ કાર્યક્રમો વગેરેનું કેન્દ્ર બિન્દુ શ્રમિક રહેવો જોઈએ. સરકાર, રાજકિય વ્યવસ્થાઓ, લોકચળવળો અને સ્વૈચ્છિક સંગઠનોએ પણ આ દૃષ્ટિકોણને સાચી રીતે વળગી રહેવું જોઈએ. એનઆરઈજીએ જેવો માગ આધારિત કાર્યક્રમ માત્ર વહીવટી કાર્યક્ષમતાઓ પર આધારિત ના રહી શકે. લોક સશક્તિકરણની પણ આવશ્યક બની રહે.

# રોજગારી સર્જન : સફળતા અને નિષ્ફળતા

વંદના ત્રિવેદી

**ભા**રતીય આયોજનના કેટલાક મૂળભૂત ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ છે નાગરિકોને રોજગારી પૂરી પાડવી. જેના માટે આપણે આઝાદ થયા ત્યારથીજ સરકાર પૂરેપૂરી પ્રયત્નશીલ છે.પ્રથમ પંચવર્ષીય યોજનાના સમયે દેશમાં ૩૩ લાખ લોકો બેકાર હતા, પરંતુ ચોથી પંચવર્ષીય યોજનાના સમયે આ સંખ્યા વધીને ૨૨૭ લાખ થઈ હતી. એક રીતે આ બાબતને આયોજનની નિષ્ફળતા કહી શકાય પરંતુ બીજી દૃષ્ટિથી જોઇએ તો દેશમાં જન્મદર એટલો ઉંચો રહેવા પામ્યો હતો કે, જેના કારણે સરકારે ઉભી કરેલી રોજગારીની તકો હમેશા અપર્યાપ્ત જ બની રહી. હકીકતમાં તો ખામી માનવશક્તિના આયોજનમાં રહેવા પામી છે. જેના કારણે આજે પણ બેકારીનો પ્રશ્ન એટલો જ જટીલ રહેવા પામ્યો છે. એપ્રિલ-૧૯૯૦ માં આયોજનપંચે આપેલા બેકારીના ત્રણ ખ્યાલો મુજબ બેકારીના કેટલાક અંદાજો કોષ્ટકમાં-૧ માં દર્શાવ્યા મુજબ છે.

છઠ્ઠી યોજનામા લાંબાગાળાની બેકારી, સાપ્તાહિક બેકારી અને દૈનિક બેકારી એ ત્રણ ખ્યાલોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જેની આંકડાકીય માહિતિના અભ્યાસ પરથી જોઇ શકાય છે કે ગ્રામ્ય વિસ્તારોમાં બેકારીની સમસ્યા શહેરી વિસ્તારો તકરતા વધારે જટીલ છે. કારણ કે, ગ્રામ્ય વિસ્તારોમાં મોટાભાગે રોજગારીનો આધાર ખેતિક્ષેત્ર જ હોય છે, અને રોજગારીની વૈકલ્પિક તકોનો અભાવ હોય છે.

**કોષ્ટક :૧**

**શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બેકારીના ખ્યાલો મુજબ બેકારીનું વર્ગીકરણ**

| બેકારી | શહેરીક્ષેત્ર (લાખ) | ગ્રાણીક્ષેત્ર (લાખ) | કુલ બેકારી (લાખ) |
|---|---|---|---|
| લાંબાગાળાની બેકારી | ૫૪.૬ | ૭૬.૩ | ૧૩૦.૯ |
| સાપ્તાહિક બેકારી | ૫૯.૦ | ૯૯.૮ | ૧૫૮.૮ |
| દૈનિક બેકારી | ૭૫.૭ | ૧૨૩.૪ | ૧૯૯.૦ |

વિવિધ પંચવર્ષીય યોજનાઓના અંતે દેશમાં બેકારોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. પંચવર્ષીય યોજનાઓના ઉદ્દેશો અને પ્રાપ્તિ વચ્ચે ઘણો તફાવત જોવા મળે છે. જયારે ચોથી પંચવર્ષીય યોજનાના પરીણામો અંગે લોકસભામાં ચર્ચા ચાલી રહી હતી ત્યારે શ્રી પીલુ મોદીએ એક પ્રશ્ન પુછ્યો હતો, જે તેના હાસ્યમિશ્રિત મર્મના કારણે આજે પણ એટલોજ યાદગાર છે. “૩૩ લાખ બેકારોમાંથી ૨૨૯ લાખ લોકોને બેકાર કરવા માટે ચાર યોજનાની જરૂર પડી તો આખા દેશને બેકાર બનાવવા માટે કેટલી યોજનાની જરૂર પડશે..?” આ પ્રશ્ન ખરેખર આજે પણ આપણને આપણી યોજનાઓની ફલશ્રૃતિ વિશે વિચારતા કરી મુકે તેવો છે.

### આયોજનકાળ દરમિયાન અમલમાં મુકાયેલી રોજગારલક્ષી યોજનાઓ

#### સ્વર્ણજયંતિ સ્વરોજગાર યોજના (એસજીએસવાય)

આ યોજનાનો અમલ ૧ એપ્રિલ ૧૯૯૯થી કરવામાં આવ્યો આઇઆરડીપી અને સ્વરોજગારી માટે ગ્રામીણ યુવકોને તાલીમ આપતો કાર્યક્રમ તેમજ ગ્રામીણ વિસ્તારોમાં બાળકો અને મહિલાઓના ઉત્કર્ષની યોજનાઓને સાંકળી લેવામાં આવી છે. આ યોજના હેઠળ ડિસેમ્બર ૨૦૦૨ સુધીમાં રૂા.૩૪૯૬.૬૬ કરોડ વપરાયા હતા.જેનો લાભ ૩૨.૪૮ લાખ લોકોને મળ્યો હતો.

#### જવાહર ગ્રામીણ ગ્રામ સમૃદ્ધિ યોજના

પુનઃ રચના ૧ એપ્રિલ ૧૯૯૯ થી થઈ છે.

(લેખક શ્રીમતિ એસ.આર.મહેતા આર્ટસ કોલેજ, નવગુજરાત કેમ્પ્સ,અમદાવાદમાં પ્રાધ્યાપક છે.)

**કોષ્ટક :૨**

**વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં બેકારીનું પ્રમાણ**

| પંચવર્ષિય યોજના | યોજનાની શરૂઆતમાં બેકારોની સંખ્યા (લાખમાં) | યોજનાના અંતે બેકારોની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| પ્રથમ યોજના | ૩૩ | ૫૩ |
| બીજી યોજના | ૫૩ | ૭૧ |
| ત્રીજી યોજના | ૭૧ | ૯૬ |
| ચોથી યોજના | ૧૩૬ | ૨૨૯ |
| પાંચમી યોજના | ૨૨૯ | ૩૦૪ |
| છઠ્ઠી યોજના | ૧૨૦ | ૧૧૯ |
| સાતમી યોજના | ૧૧૯ | ૧૦૯ |
| આઠમી યોજના | ૨૩૦ | ૧૩૦ |
| નવમી યોજના | ૧૩૦ | ૩૪૮ |
| દસમી યોજના | ૩૪૮.૫ | ૨૧૨.૫ |

**સંપૂર્ણ ગ્રામીણ સ્વરોજગારી યોજના (એસજીઆરવાય)**

ગ્રામિણ વિસ્તારોમાં આર્થિક-સામાજિક અને સામુદાયિક સંપત્તિના સર્જન માટે ગરીબોને વેતન આધારિત રોજગારી પૂરી પાડવાના ઉદ્દેશ સાથે અમલમાં આવેલી આ યોજનાને ૧ એપ્રિલ ૨૦૦૨ના રોજ સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજનામાં ભેળવી દેવામાં આવી છે.

**કામના બદલામાં અનાજનો કાર્યક્રમ**

બદલામાં અનાજ આપવાનો કાર્યક્રમ ફેબ્રુઆરી ૨૦૦૧ માં અમલમાં મુકવામાં આવ્યો હતો. જેમાં રાજ્યસરકારો મજૂરોને જે વેતન આપે છે તે અમુક અંશે નાણામાં અને અમુક અંશે અનાજના સ્વરૂપમાં હોય છે.

**કોષ્ટક-૩**

**યોજના હેઠળ રોજગારીનું સર્જન**

| યોજના | ૨૦૦૨-૦૩ |
|---|---|
| JGSY રોજગારી સર્જન માનવદિન | ૨૦.૧ કરોડ |
| SGSY લાભાન્વિત કુટુંબો | ૩,૦૦,૦૦૦ |

**રોજગાર બાહેંધરી યોજના (ઇએએસ)**

ખેતિક્ષેત્રમાં ઉદભવતી મૌસમી બેકારીના ઉપાય તરીકે આ યોજના ગરીબીની રેખા નીચે જીવતા લોકોને રોજગારી આપવા માટે અમલમાં આવેલી છે. જેમા ૧૮ થી ૬૦ વર્ષની વ્યક્તિઓને ચાલુ વેતનદરે વર્ષમાં ૧૦૦ રોજગારી પૂરાં પાડવાનો હેતુ છે. આ યોજનાનો ખર્ચ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ૮૦:૨૦ના ધોરણે વહેંચાય છે.

**કોષ્ટક-૪**

**યોજના હેઠળ રોજગારીનું સર્જન**

| વર્ષ | માનવ દિવસ |
|---|---|
| ૧૯૯૯-૨૦૦૦ | ૨૭.૮ કરોડ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૨૧.૮ કરોડ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૨૬.૦ લાખ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૨૦.૯ લાખ |

**સ્વર્ણજયંતિ શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય)**

૧૯૯૯-૨૦૦૦ આ યોજના હેઠળ ૧૨૦ કરોડ ખર્ચ થવાનો હતો. જ્યારે ૨૦૦૦-૦૧ ૧૬૮ કરોડના ખર્ચની જોગવાઈ હતી. આ યોજના ડિસેમ્બર ૧૯૯૭થી અમલમાં આવેલી છે.

**કોષ્ટક-૫**

**યોજના હેઠળ રોજગારીનું સર્જન**

| વર્ષ | માનવ દિવસ |
|---|---|
| ૧૯૯૯-૨૦૦૦ | ૬૬ લાખ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૩૬ લાખ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૫૭ લાખ |

સરકારની રોજગારલક્ષી નીતિના કારણે તથા અમલમાં લેવાયેલા પગલાઓના કારણે રોજગારી સર્જન દરમાં ચોક્કસ વધારો થયો છે. પરંતુ તેમ છતા નબળા વહીવટ તથા ભ્રષ્ટાચારી તંત્રના કારણે તથા નબળી રાજકીય ઈચ્છાશક્તિ અને લોકોની સહભાગી થવાની અનિચ્છા તેમજ જાગૃતિના અભાવના કારણે થવું જોઈએ તેવું કામ થઈ શક્યું નથી. આ બાબતમાં હજી પણ લાંબો પંથ કાપવાનો બાકી છે.

**વિકાસને સમર્પિત**

**યોજના**

**વાંચો અને વંચાવો**

કેન્દ્ર સરકારે રચેલા નિષ્ણાતોનાં જૂથની મૂખ્ય ભલામણોને આવરી લેતો બીજો અને અંતીમ લેખ.

# મધ્ય ભારતના છ જિલ્લામાં શાસનતંત્રની નબળાઇનો ગેરલાભ ઉઠાવતા નકસલવાદીઓ

*નકસલવાદથી પ્રભાવિત જિલ્લાઓમાં સામાન્ય રીતે સામાજિક આંતરમાળખાની સગવડો ઘણીજ નબળી છે. અને અનુ.જાતિ તેમજ જનજાતિના લોકો વસતા હોય એવા નાના ગામડાંમાં તો આવી આંતરમાળખાની સગવડો છે જ નહીં એવું કહી શકાય એમ છે. આ ભેદભાવ દૂર કરવા ૧૧મી પંચવર્ષીય યોજનામાં જરૂરી ફાળવણી જવી જોઈએ. આરોગ્યક્ષેત્રે આંતરમાળખું સુધારવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / પેટા કેન્દ્રો / સામૂહીક આરોગ્ય કેન્દ્રોમાં તબીબો, નર્સો વગેરેની મંજૂર થયેલી જગ્યાઓ નિયમિત રીતે / કામચલાઉ ધોરણે / કોન્ટ્રકાક્ટ ઉપર ભરવાનો આદેશ આપવો જોઈએ કે પછી એને ખાસ સ્ટાફની સ્થાનીક ભરતી થવી જોઈએ. આમ થાય તો જ બાળકોને પોલીયો વગેરેની રસી મૂકવી / ગેરંટી સાથે સહી સલામત ડીલિવરી / ચેપી રોગોની સારવાર તેમજ આવશ્યક દવાઓનો પુરવઠો સુનિશ્ચિત થઈ શકે.*

મધ્ય ભારતમાં જે વિસ્તારોમાં નકસલવાદી આંદોલનનો પ્રભાવ વર્તાય છે એ ટેકરાળ વિસ્તારો છે, જ્યાં મોટા ભાગની વસ્તી આદિવાસીઓની છે. મેદાની વિસ્તારોની સરખામણીએ વસ્તીની ગીચતા ઘણી ઓછી છે. આ વિસ્તારોમાં આંતરમાળખાની સવલતો અને આવશ્યક સેવાનું પ્રમાણ રાષ્ટ્રીય ધોરણો મુજબનું નથી. આ ભેદભાવ અસમાનતાને પરિણામે ઘણી બધી સેવાઓ અહીં પ્રાપ્ત થતી નથી કે પછી એનું ધોરણ ઘણું નબળું છે. આ સંજોગોમાં આ વિસ્તારોમાં લોકોને સાર્વત્રિક ધોરણે પાયાની સેવાઓ પૂરી પાડવાના કામને અગ્રતાક્રમ આપવાની જરૂર છે કે જેથી સેવામાં અસમાનતા દૂર થઇ શકે.

આ વિસ્તારોમાં રહેતા અનુ.જાતિ અને જનજાતિના લોકોએ જો ઝડપી આર્થિક વિકાસથી ઉભી થતી તકોનો લાભ મેળવવો હશે તો એમણે થોડું ઘણું શિક્ષણ મેળવવું પડશે અને આરોગ્યની જાળવણી કરવી પડશે.

**શિક્ષણ અને આરોગ્યની સેવાઓ**

રાષ્ટ્રીય ધોરણો અનુસાર આ વિસ્તારોમાં ભૌતિક વિકાસ વિષયક અને સામાજિક આંતરમાળખાની સગવડો પ્રાપ્ત બનાવવાનું આવશ્યક છે. આ બાબતમાં હાલની અસમાનતા દૂર કરવા ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન જરૂરી સગવડો ઝડપથી ઉભી કરવા નાણાંની યોગ્ય ફાળવણી કરવાનું આવશ્યક છે. આ માટે હાલની સગવડોને પ્રાણવાન બનાવી એનું આધુનીકરણ, અપગ્રેડેશન કરવું જોઇએ.

પ્રાથમિક શિક્ષણના આંતર માળખાને મજબૂત કરવા પ્રત્યેક શાળામાં સંપૂર્ણ યોગ્યતા ધરાવતા તાલીમસજ્જ શિક્ષકોની નિમણૂંક, ક્લસ્ટરના ધોરણે ગુણવત્તાયુક્ત ટેકનિકલ / વ્યાવસાયિક તાલીમની સગવડો, નવોદય શાળાઓનાં ધોરણે જિલ્લાઓમાં છોકરાં તેમજ છોકરીઓ માટે ઓછામાં ઓછી એક એક નિવાસી શાળા તેમજ બ્રીજ સ્કૂલની સગવડો ઉભી કરવાનું જરૂરી છે. હાલની આશ્રમ શાળાઓનું અપગ્રેડશન તેમજ ઘટકવાર બ્લોકદીઠ એકલવ્ય શાળાઓની સ્થાપના જરૂરી છે.

આદિવાસી વિસ્તારોમાં દારૂ અને અન્ય કેફી પીણાંનું ધંધાદારી વેચાણ બંધ થવું જોઇએ. પરંપરાગત પીણાંના ઉત્પાદન તેમજ ઉપયોગ ઉપર ગ્રામસભાનું નિયંત્રણ સ્થપાવું જોઇએ. રાષ્ટ્રીય ધોરણો અનુસાર આરોગ્ય સગવડો પૂરી પાડવા (૧) ટેકરાળ/ આદિવાસી જિલ્લાઓમાં પ્રત્યેક ૩૦૦૦ ની વસ્તીએ અને અન્ય જિલ્લાઓમાં ૫૦૦૦ની વસ્તીએ આરોગ્ય પેટા કેન્દ્રો (૨) ટેકરાળ/આદિવાસી જિલ્લઓમાં દર ૨૦૦ની વસ્તીએ જ્યારે અન્ય

જિલ્લાઓમાં દર ૩૦૦૦ની વસ્તીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને (૩) ઉપાયકારક અને રેફરલ સેવાઓ માટે દર એક લાખની વસ્તીએ સામૂહિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવા જોઇએ.

નકસલવાદથી પ્રભાવિત જિલ્લાઓમાં સામાન્ય રીતે સામાજિક આંતરમાળખાની સગવડો ઘણીજ નબળી છે. અને અનુ.જાતિ તેમજ જનજાતિના લોકો વસતા હોય એવા નાના ગામડાંમાં તો આવી આંતરમાળખાની સગવડો છે જ નહીં એવું કહી શકાય એમ છે. આ ભેદભાવ દૂર કરવા ૧૧મી પંચવર્ષીય યોજનામાં જરૂરી ફાળવણી જવી જોઇએ. આરોગ્યક્ષેત્રે આંતરમાળખું સુધારવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / પેટા કેન્દ્રો / સામૂહીક આરોગ્ય કેન્દ્રોમાં તબીબો, નર્સો વગેરેની મંજૂર થયેલી જગ્યાઓ નિયમિત રીતે / કામચલાઉ ધોરણે / કોન્ટ્કાક્ટ ઉપર ભરવાનો આદેશ આપવો જોઇએ કે પછી એને ખાસ સ્ટાફની સ્થાનીક ભરતી થવી જોઇએ. આમ થાય તો જ બાળકોને પોલીયો વગેરેની રસી મૂકવી / ગેરંટી સાથે સહી સલામત ડીલિવરી / ચેપી રોગોની સારવાર તેમજ આવશ્યક દવાઓનો પુરવઠો સુનિશ્ચિત થઇ શકે.

દેશમાં આંગણવાડીની સંખ્યા જે હાલમાં ૧૦ લાખ છે એ ચાલુ ૨૦૦૮-૦૯ના વર્ષમાં વધીને ૧૨ લાખ થશે. અનુ. જાતિ અને જનજાતિનાં બાળકોનું પોષણનું ધોરણ અન્ય લોકો કરતા ઘણું નબળું છે. એથી એમનાં નાનાં ગામડાંમાં આંગણવાડી કેન્દ્રો ઉભા કરવા તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. ગામડામાં માન્ય મહિલા સામાજિક આરોગ્ય એક્ટિવિસ્ટ 'આશા' નિમવાની પણ ખાસ જરૂર છે.

**વીજળી અને રસ્તાઓની સગવડો**

રાજીવગાંધી ગ્રામ વિદ્યુતીકરણ યોજના હેઠળ ગામડાઓમાં વીજળી પહોંચે તેમજ ખાસ કરીને ગરીબી રેખા હેઠળના કુટુંબના ઘર, વિનામૂલ્યે, મફત વીજપુરવઠાથી ઝળહળતાં થાય એ જોવું જરૂરી છે. વીજળી પુરવઠો સુનિશ્ચિત કર્યા સિવાય ઉભા કરાએલા વીજળીના થાંભલા વગેરે ચોરાઇ જતાં સરકારને નુકસાન થાય છે. આથી અમારી ભલામણ છે કે પ્રત્યેક ઘટક અને ગામમાં વીજળીકરણનું મજબૂત આંતરમાળખું ઉભું કરી વીજ પુરવઠાની પાકી સગવડ કરવી જોઇએ. ભારત, ચીન અને અન્ય વિકસતા દેશોમાં હાથ ધરાએલા સંસાધને દર્શાવ્યું છે કે ગરીબી ઘટાડવાનો ઓછા ખર્ચનો એક અસરકારક ઉપાય ગામડાંને બજાર સાથે જોડતા રસ્તા બાંધવાનો છે. આથી આગામી ચાર વર્ષમાં ૫૦૦ની વસ્તી (ટેકરાળ અને આદિવાસી વિસ્તારોમાં ૨૫૦ની વસ્તી) ધરાવતી તમામ ગ્રામીણ વસાહતોને બજાર સાથે જોડતા બારમાસી રસ્તા બાંધવા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારને પ્રતિબધ્ધ બનવાની જરૂર છે.

આ જ પ્રમાણે ૧૧મી યોજનાનાં બાકીના ચાર વર્ષમાં દેશના તમામ નાનાં-મોટાં ગામડાં તેમજ તમામ વસાહતોને રાષ્ટ્રીય ધોરણો અનુસાર પીવાનું શુધ્ધ પાણી પૂરું પાડવા પ્રતિબધ્ધતા કેળવવી આવશ્યક છે. આ કામ પાર ન પાડવામાં આવે ત્યાં સુધી જાહેર આરોગ્ય સીસ્ટમ કાર્યશીલ બને તો પણ પ્રજાનું આરોગ્ય નોંધપાત્ર પ્રમાણમાં સુધરે એ શક્ય નથી. તમામ ઘર વિહોણા લોકોને ૧૧મી યોજનાના અંત સુધીમાં ઇન્દિરા આવાસ યોજનાની ગાઇડ લાઇન્સ મુજબ આવાસ પૂરાં પાડવામાં આવે એ જરૂરી છે અને આમાં અનુ.જાતિ તથા અનુ.જનજાતિના લોકોને અગ્રતાક્રમ અપાવો જોઇએ.

**પાંચમાં શીડ્યુલ હેઠળના હક્ક**

જંગલોમાં જે લોકો ગૌણ પેદાશો એકત્ર કરે એમને એની પૂરેપૂરી કિંમત મળી રહે અને એમાં કોઇપણ પ્રકારનો કાપ ન મૂકાય એ જોવાની રાજયની ફરજ છે. આવી ગૌણ પેદાશો બજારમાં પહોંચાડવાનો તમામ ખર્ચ રાજયે જ ભોગવવો રહ્યો. આ જ પ્રમાણે જલાશયની આસપાસ રહેતા લોકોને જળાશયમાંથી માછીમારી કરવાના તથા એમાં મત્સ્યોછેરના પૂરેપૂરા હક હોવા જોઇએ. પાંચમાં શીડ્યુલ હેઠળ જાહેર કરાયેલા (નોટિફાઇડ) વિસ્તારોમાંથી આદિવાસીઓને અન્યત્ર ખસેડવાનું ટાળવું જોઇએ. કારણ કે એનાથી પાંચમાં શીડ્યુલ હેઠળ આદિવાસીઓને બક્ષવામાં આવેલા હક ઝૂંટવાઈ જાય છે. જો આવા વિસ્તારોમાં કોઇ પ્રોજેક્ટની સ્થાપના કરવાનું રાષ્ટ્રીય હિતમાં હોય તો પણ આ અંગે ગ્રામસભાની પૂર્વ પરવાનગી ફરજીયાત બનાવવી જોઇએ. આદિવાસીઓ એમની જમીન તેમજ એની સાથે સંકળાયેલા સાધનો સબંધમાં એમના માલિકી હક જાળવી શકે એ સુનિશ્ચિત કરવા સરકારે સંસ્થાકિય ગોઠવણ કરવી જોઇએ.

ખનિજોના નિયમો સુધારી, પથ્થરની તમામ ખાણો જેની વાર્ષિક ભાડાપટાની કિંમત રૂા.૧૦ લાખ સુધીની હોય એને જુદી જુદી સપાટીએ ગ્રામસભા અને પંચાયતોને ટ્રાન્સફર કરી દેવી જોઇએ. આવી ખાણ ભાડા પેટે

આપતા પહેલા સંબંધિત ગ્રામસભાની સંમતિ ફરજીયાત બનાવવી જોઇએ. ખાણની કંપનીઓ દ્વારા, ખનિજ ધરાવતી જમીનની ખરીદી કરવાનું બંધ કરાવી દેવું જોઇએ કારણકે ખાણકામના કામદારો માત્ર ભાડાપટ્ટાની જ છૂટ આપે છે.

**આંતરિક સલામતિનો દૃષ્ટિકોણ**

નકસલવાદી આંદોલન પરત્વેની જાહેર નીતિ સરકારની નીતિ ઉપર સૌથી મોટો પ્રભાવ આંદોલનના વિસ્તારોમાં થતી હિંસાખોરીથી પ્રભાવીત હોય છે. આ વિસ્તારોમાનો વિકાસ અપૂરતો હોવાનું તેમજ લોકોની ઘણી બધી ફરિયાદોનું નિરાકરણ ન થયું હોવાનું સરકાર સ્વીકારે છે. આમ છતા સરકારની નજરમાં આ આંદોલન દેશની આંતરિક સલામતી માટે સૌથી મોટું જોખમ છે. અને આથીજ સરકારનું ધ્યાન આવા વિસ્તારોમાં રાબેતા મુજબની પરિસ્થિતિ સ્થાપવા માટે હિંસાખોરી ડામી દઈ કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઉપર કેન્દ્રિત થયેલું હોય છે. આ રીતના દૃષ્ટિકોણમાં હિંસાખોરીનો સંદર્ભ એનાં મૂળની વિચારણા નથી દેખાતી. સલામતીની જાળવણીનાં પગલાંના વ્યાપ, ઘનિષ્ટતા અને અભિગમને લીધે એકંદરે ઘણું નુકશાન થાય છે અને સામાન્ય લોકો સરકારથી વધુ વિમુખ બને છે. હિંસાખોરી ડામવા માટેના સલામતી દળોના વ્યૂહને કારણે નકસલવાદીઓ સામે લડવા આદિવાસીઓની ટૂકડીઓ પણ રચાઇ છે આને લીધે એકબીજા વચ્ચે સંઘર્ષ ફાટી નીકળે છે, જેમાં મૃત્યુ અને ઇજાનું સૌથી વધુ પ્રમાણ આદિવાસીઓમાંજ રહ્યું છે.

નકસલવાદીઓ તેમજ એમના પ્રતિકાર માટે રચાયેલી ટૂકડીઓ તથા સલામતી દળો એમ ત્રીપક્ષી હુમલાનું નિશાન આવા આદિવાસીઓ બને છે. આમ નકસલવાદ સામે લડવાનો આ પ્રકારનો અભિગમ, સ્થાનિક આદિવાસીઓ માટે ખૂબજ નુકસાનકારક પૂરવાર થયો છે. તેમજ આનાથી એમનામાં હતાશા અને નિરાશા વ્યાપે છે. આમ સ્થાનિક પ્રજામાં સરકારની વિધાયક પ્રતિષ્ઠા છબી ઉભી કરવા માટે નકસલવાદનો મુકાબલો કરવાના નિતિવષયક દૃષ્ટિકોણ તથા વ્યૂહને બદલવાનું હવે તાકિદનું બન્યું છે આમ કરવાથી લોકોમાંથી સરકાર એમનાથી વિમુખ બન્યાની લાગણી દૂર થશે અને લોકોને નકસલવાદના પ્રભાવમાંથી બચાવી શકાશે.

**અધિકારીઓનાં સત્તાધારી કાર્યજૂથ**

'સલવા જુદુમ' જેવા તકેદારી જૂથોને પ્રાત્સાહન તેમજ લાચાર નિઃસહાય આદિવાસી લોકોને એમના વસવાટથી દૂર છાવણીઓમાં ભેગા કરવાનો વ્યૂહ નકસલવાદીઓના પ્રભાવના પ્રતિકારના રૂપમાં ઇચ્છનિય નથી. એનાથી રાજકરણમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને બહાલી મળે છે. લોકો અમાનવીય બને છે.સલામતીનો હવાલો સંભાળતા લોકો ભ્રષ્ટ બને છે અને એ એથી વિશેષ તો સરકાર એની ફરજો બજાવવામાંથી પીછેહટ કરતી હોય એવું ચિત્ર ઉપસે છે.આથી આવો વ્યૂહ તત્કાળ પડતો મૂકવાની જરૂર છે અને એને બદલે ખાસ પસંદગીના જવાબદાર અધિકારીઓના સત્તાધારી કાર્યજૂથ રચી એને પ્રજાના રક્ષણ વિકાસકાર્યોનો હવાલો સોંપવાનો વ્યૂહ અપનાવવાની આવશ્યકતા છે. લોકોની ફરિયાદોના નિવારણની જવાબદારી પણ આવાં કાર્યજૂથોને સોંપવી જોઇએ. ઉદ્દમવાદી ડાબેરી જૂથોનો પ્રભાવ દૂર કરવાનો આ શ્રેષ્ઠ વ્યૂહ છે.

ઉપરોક્ત કાર્યજૂથોની વ્યૂહરચનાના અમલમાં લોકોને વિશાળ પ્રમાણમાં જોડાવવા માટે સ્થાનિક આદિવાસીઓની જાણકારી તેમજ એમના પરત્વે સહાનુભૂતિ ધરાવતા નાગરિક જૂથોને સત્તાવાળાઓએ ઉત્તેજન આપવું જોઇએ. વધુમાં સત્તાવાળાઓ દ્વારા માનવહકનો ભંગ કરાયા અંગે નાગરિક જૂથોના હેવાલોની નોંધ લેવાય એ જરૂરી છે. આમ કરવાથી માનવ હક્કના ભંગનો ભોગ બનેલા લોકોમાં વિશ્વાસ જાગશે અને લોકોને કાયદાના શાસનમાં શ્રધ્ધા કેળવાશે. નકસલવાદથી અસરગ્રસ્ત વિસ્તારો તેમજ એના લોકોને નાગરિક જૂથો, મિડિયા તથા રાજકિય સંગઠનોથી દૂર રાખવાનું ઇચ્છનીય નથી. નકસલવાદીઓના ટેકાનો આધાર, નબળો પાડવા વધુમાં વધુ લોકોનો ટેકો મેળવવાનું, એમને જાગૃત કરવાનું જરૂરી છે.

**ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર**

સંઘર્ષ હિંસાખોરીનો અંત લાવવા માટે મૂળ સમસ્યાનું રચનાત્મક વ્યવસ્થાપન જરૂરી છે. રાજ્યનાં હિતો તેમજ આધિવાસીઓનાં હિતો વચ્ચેનું અંતર દૂર કરવાની બાબતને અગ્રતાક્રમ આપવો જોઇએ. આદિવાસીઓ વિકાસના વિરોધી નથી. વિકાસની નુકસાનકારક અસરો નિવારી વિકાસનાં થોડાઘણાં ફળ મેળવવા માટે તેઓ વિકાસની ઝડપ, પ્રભાવ, ઢબ અને દિશા ઉપર નિયંત્રણ ઇચ્છે છે. કુદરતી સાધનો ઉપર સ્વાયત્તતા અને પોતાનાં

નિયંત્રણની આદિવાસીઓની ઇચ્છા કે માંગણી રાષ્ટ્રીય વિકાસ સાથે સુસંગત છે. દલિતો, આદિવાસીઓ, મહિલાઓ અને ગરીબો ગૌરવ અને સન્માનપૂર્ણ જીવન જીવી શકે એ સુનિશ્ચિત કરવું કામ ગણ્યા ગાંઠ્યા કાયદાથી પાર પડે એમ નથી.

સ્થાનિક સંસ્થાઓમાં અનુ.જાતિ, જનજાતિ, અન્ય પછાત વર્ગો અને મહિલાઓ માટે માત્ર અનામતની જોગવાઈથી એમના સશક્તિકરણનો ઉદ્દેશ પાર નથી પડતો. એમને સોંપાયેલી જવાબદારી તેઓ પાર પાડે અને એમની સત્તા પ્રભાવશાળી વર્ગો ઝૂંટવી ન લે એ માટે ખાસ પગલાં ભરવાની આવશ્યકતા છે. આદિવાસીઓ વગેરેના ચૂંટાએલાં, પ્રતિનિધિઓનું એમને મળતી ધમકી તથા એમના ઉપરના હિંસક હુમલા સામે વહીવટીતંત્ર દ્વારા પોલીસ મારફત સંપૂર્ણ અને યોગ્ય રક્ષણ થવું જોઇએ.

ઉદ્દામવાદી જૂથો દ્વારા હિંસાખોરી વખોડવા લાયક છે, પરંતુ કાયદા દ્વારા રચાયેલી સરકાર ગ્રામીણ વિસ્તારોમાં ઉદ્દામવાદીના પ્રતિકાર દરમ્યાન કાઇપણ ગેરકાયદેસરનું કૃત્ય ન કરી શકે. સરકારે એનાં સલામતી દળો દ્વારા અન્યાયની ગેરકાયદેસરની હત્યા ઉપર કડક પ્રતિબંધ મૂકવો જોઇએ. આવાં ગેરકાયદેસર કૃત્યો લાખો નિષ્પક્ષ લોકોની નજરમાં ઉદ્દામવાદી હિંસાખોરીને પણ યોગ્ય ઠેરવે છે. ભારતના નાગરિકોના મૂળભૂત હકો-માનવ હકો સહિતના રક્ષણ માટે રાજ્યની બંધારણીય જવાબદારી તેમજ ગરીબોની તરફેણમાં પ્રગતિશીલ કાયદાના અમલના સૂચિતાર્થો અંગે સલામતી દળોને કડક ઘનિષ્ઠ તાલીમ આપવી જરૂરી છે. તકેદારી દળો તેમજ સલામતી દળો દ્વારા સરકાર દ્વારા ઉઘાડી રીતે કે ચોરી છૂપીથી પુરસ્કૃત કે પછી સરકારના ટેકાથી કોઇ પણ પ્રકારની હત્યા કે હિંસાખોરી ન થવી જોઇએ. આવી પ્રત્યેક હિંસાખોરી અંગે ન્યાયિક તપાસ હાથ ધરાવી જોઇએ કે જેથી કાયદાના શાસનમાં સામાન્ય લોકોની શ્રધ્ધા વધુ બળવત્તર થાય.

**કાયદાના અમલનું તંત્ર સુદૃઢ કરવું**

સરકારી સંસ્થાઓમાં અને અન્ય લોકોમાં એવી પ્રબળ લાગણી પ્રવર્તે છે કે અનુ.જાતિ અને જનજાતિ માટેના રાષ્ટ્રીય પંચના હેવાલોનું કોઇ વજન નથી પડતું. સંસદને એની ચર્ચાનો સમય નથી મળતો. સરકારે આ હેવાલોનો અર્થપૂર્ણ ઉપયોગ કરવા અને એના ઉપરથી ઉપાયકારક પગલાં ભરવા ખાસ કોઇ ગંભીરતા દાખવી નથી. આ સમાજના લોકોમાં વ્યાપેલો ઉગ્ર અસંતોષ તેમજ અમલદારો અને રાજકીય પક્ષો વચ્ચેની અવગણના સરકારના ધ્યાન ઉપર લાવવાની આ પંચોમાં ઘણી તાકાત રહેલી છે. પરંતુ આ પંચોનું માળખું નવેસરથી ઘડી એને મજબૂત કરવાની આવશ્યકતા છે કે જેથી સરકારી એજન્સીઓનું એના તરફ ધ્યાન ખેંચાય અને એ એમની જવાબદારી અદા કરે. આ સંબંધમાં સરકારે યોગ્ય પગલાં લેવા જોઇએ.

નકસલવાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાયદાના અમલનું તંત્ર મજબૂત બનાવવું જરૂરી છે. આ માટે ભરવાનાં જરૂરી પગલાંમાં, વધારાનાં પોલિસ સ્ટેશન/ચોકી ઉભાં કરવા, પોલિસોની ખાલી જગા ભરી દેવું, પોલિસનું પ્રમાણ વધારવું, પોલિસોને અદ્યતન શસ્ત્રોથી સુસજ્જ કરવા, બળવાખોર પ્રવૃત્તિના પ્રતિકાર માટે પોલિસોને તાલીમ આપવી, મૂળભૂત હક અને માવન હકના રક્ષણ માટે સમજણ આપવી, સ્ટાફને ખાસ ભથ્થાં આપવા, પોલિસદળને સારી નેતાગીરી પૂરી પાડવી તેમજ 'એન્કાઉન્ટર' તથા ગેરકાયદેસરની અન્યાયી હત્યા ઉપર પ્રતિબંધનો સમાવેશ થાય છે.

**રાજ્યના આદેશનો અનાદર**

રાજ્યોની યોજનાનાં નાણાંમાંથી ઓછામાં ઓછા ૪૦% નાણાં જિલ્લાની યોજનાઓને ફાળવવા જોઇએ. આ ઉપરાંત રાજ્યોની યોજનાઓમાં કેટલા પ્રમાણમાં જિલ્લાની યોજનાઓ સમાવાઈ છે એ સ્પષ્ટપણે છતું થાય એ જરૂરી છે.નકસલવાદથી અસરગ્રસ્ત ૧૨૫ જિલ્લાઓમાં સંબંધિત રાજ્ય સરકારના ફરમાનો - આદેશ વગેરેનું પાલન નથી થતું એના ઉપરથી આ વિસ્તારોના સુશાસનમાં ધરાર નિષ્ફળતા મળી છે. આથી આ વિસ્તારોના અસરકારક શાસન માટે પંચાયતોનું સશક્તિકરણ એકમાત્ર માર્ગ રહ્યો છે. આ સંજોગોમાં અસરગ્રસ્ત પંચાયતોને રાજ્યોના અમલદારોની નિષ્ક્રિયાતા તેમજ નિષ્ફળતા માટે જવાબદાર ઠેરવવાની સત્તા હોવી જોઇએ.

આ ઉપરાંત સરકારી ફંડનો ગેરઉપયોગ અટકાવવા કડક નાણાંકીય અને સામાજિક ઓડિટ સીસ્ટમ અમલી બનાવવી જોઇએ.

અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત સહકારી એજન્સીઓમાં જવાબદારીની વધુ ભાવના કેળવવા અનુ.જાતિ અને જનજાતિ માટેના રાષ્ટ્રિય પંચ, મહિલા રાષ્ટ્રીય પંચ અને રાષ્ટ્રીય માનવહક

પંચને વધુ સત્તા અને હક બક્ષવાની જરૂર છે. આ માટે વ્યાપક ધોરણે જનજાગૃતિ શિબિરો હાથ ધરવા ઉપરાંત પંચાયતની સપાટીએ માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર માટે ઇન્ફોર્મેશન કિઓસ્ક સ્થાપવી જોઇએ, જેનો વહીવટ અનુ.જાતિ /જનજાતિની વ્યક્તિઓ અને સંગઠનોને હસ્તક હોવા જોઇએ. શાસનની પારદર્શિતા વધારવા માટે માહિતીના અધિકારનો ઉપયોગ કરવા માટે અનુ.જાતિ અને જનજાતિમાં ઝૂંબેશ હાથ ધરવા વ્યક્તિગત રીતે તેમજ સેવાભાવી સંસ્થાઓને પ્રોત્સાહન પૂરૂં પાડવું જોઇએ તેમજ એમને ટેકો આપવો જોઇએ.

## સલામતી, શાંતિ, અને સુશાસન વિશ્વસનિયતા અને વિશ્વાસ

મધ્યભારતના જે વિસ્તારોમાં નકસલવાદને કારણે અજંપો પ્રવર્તે છે એમાં જે રાજ્યોનો સમાવેશ થાય છે. તે આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, છત્તિસગઢ, મધ્યપ્રદેશ, ઝારખંડ અને મહારાષ્ટ્રનો કેટલોક ભાગ. આ વિસ્તારોમાં વિકાસ તેમજ કાયદો અને વ્યવસ્થા સંબંધમાં વહીવટ કે શાસનનું પ્રમાણ ઘણું ઓછું છે. વાસ્તવમાં આ વિસ્તારોમાં શાસનનો જાણે કે શૂન્યાવકાશ છે. જેનો નકસલવાદીઓ ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને સ્થાનિક લોકોમાં રક્ષણ અને ન્યાય પૂરાં પાડવાની એમણે ભ્રમણા ઉભી કરી છે.

આ વિસ્તારોમાં નકસલવાદની સમસ્યાના પ્રતિકાર માટે કેટલાંક પાયાનાં પગલાં લેવાની જરૂર છે. આમાં સરકારની વિશ્વસનીયતા સ્થાપવી તેમજ એનામાં વિશ્વાસ જન્માવવો, લોકોનાં સ્વપ્નો સાકાર કરવા એકધારી ચાંપતી નજર રાખવી, લોકોને અસરકારક રક્ષણ પૂરું પાડવું, શાંતિ અને સુશાસન, સામાજિક સેવાઓ સહિત આદિવાસી અર્થતંત્રમા નવો પ્રાણ પૂરવો, આદિવાસી વિસ્તારોમાં સમાનતા સાથે એકધારો વિકાસ, શીડ્યુલ્ડ વિસ્તારોમાં છેક નીચેથી આયોજન તતા સંઘર્ષનો અંત લાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી સમસ્યા હલ કરવા શાંતિપૂર્ણ પ્રયાસોનો સમાવેશ થાય છે.

## ખર્ચાળ અને વિલંબકારી ન્યાયતંત્ર

અસરગ્રસ્ત વિસ્તારોમાં વહીવટી વ્યવસ્થા પુનર્ગઠન દરમ્યાન પ્રત્યેક સ્તરે અમલદારશાહીને ત્રણ સ્તરની ચૂંટાયેલી પંચાયતી સંસ્થામાંથી સમાંતર સંસ્થાને જવાબદાર (ખુલાસો આપવા બંધાયેલી) બનાવવી જોઇએ. ગ્રામસભાને કોઈપણ અધિકારી અથવા સ્ટાફના સભ્યને એની પ્રવૃત્તિ અને કામગીરી અંગે સવાલ કરવાનો હક હશે. આ પંચાયતોને ચોક્કસ રકમ સુધીની યોજનાઓ અને પ્રોજેક્ટો મંજૂર કરવાની સત્તા હોવી જોઇએ. જોકે જિલ્લા પંચાયતો સબંધમાં એમના જિલ્લાની યોજનાઓ, પ્રોજેક્ટો અને કાર્યક્રમો મંજૂર કરવા અંગે આવી કોઈ મર્યાદા નહીં હોય. પ્રત્યેક સ્તરે પંચાયતી સંસ્થાઓમાં સામાન્ય સેવા તેમજ ટેકનિકલ સેવાના સક્ષમ અધિકારીઓ દ્વારા એને વધુ સુદૃઢ કરવી.

ગ્રામીણ વિસતારોમાંની હાલની વહીવટી વ્યવસ્થાની એક મુખ્ય ઉણપ ન્યાયતંત્રની છે. હાલનું ન્યાયતંત્ર ખર્ચાળ વિલંબકારી અને ગુંચવણભર્યું છે. માંડ ૨૦% લોકો એનો ઉપયોગ કરી શકે છે. અનુ.જાતિ અને જનજાતિના લોકો એમના હક અને અધિકાર માટે એનો સહારો લે છે, પણ એમની ગણના આરોપીઓ અને પ્રતિવાદી તરીકે જ થાય છે. એમના ઉપરના અત્યાચારના કેસોમાં પણ રાજ્ય એમના પક્ષે હોવા છતાં એમનો અનુભવ નિરાશાજનક રહ્યો છે. સમાજિક કલ્યાણ, મજૂરી તેમજ જમીન સબંધિત કેસોમાં પણ એવીજ પરિસ્થિતિ પ્રવર્તે છે. ખરેખર તો ન્યાય અને ફરિયાદ નિવારણની સરળ, સસ્તી આદિવાસીઓની જરૂરિયાતો સંતોષે તેમજ જેનો એ સરળતાથી ઉપયોગ કરી શકે એવી વ્યવસ્થા સારા શાસનના ભાગરૂપ હોવી જોઇએ. પરંતુ આ બાબતને યોગ્ય અગ્રતાક્રમ નથી અપાયો અને એના તરફ કાર્યક્ષમ પુરતું ધ્યાન નથી અપાયું. આ બાબતમાં કેન્દ્ર સરકાર ન્યાય પંચાયત કાયદો ઝડપથી ઘડીને શુભ શરુઆત કરી શકે એમ છે. રાજયો એને અપનાવી શકે એવી જોગવાઈઓ એમાં હોય એ જરૂરી છે.

## માહિતી મેળવવાના હકનો કાયદો

સમાજના નબળા વર્ગના લોકો પાસેથી માહિતી મેળવવાના હકના કાયદા હેઠળની પ્રક્રિયાને સરળ બનાવવી જોઇએ. આજ પ્રમાણે અરજીઓના ઝડપી નિકાલની પ્રકિયા અને ચૂકાદાની વ્યવસ્થાને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવે એ આવશ્યક બન્યું છે. જે કેસો અનુ.જાતિ અને જનજાતિના લોકોને સ્પર્શતા હોય એની સમયાંતરે સમીક્ષા કરવા, નાના ગુનાના કેસ પાછા ખેંચવાની ભલામણ કરવા, જેમના ઉપર કેસ ચાલતા હોય એમને જામીન ઉપર છોડવા, આવા લોકોને બચાવ માટે અસરકારક કાયદાકીય સહાયની વ્યવસ્થા કરવા તેમજ લાંબા સમયથી પડતર કેસો ઝડપથી ચલાવવા

માટે રાજયસ્તરે વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે.

શિડ્યુલ્ડ વિસ્તારોમાંની વહીવટી વ્યવસ્થાનું સ્તર ઉંચું કરી એને પાંચ વર્ષમાં સબંધિત રાજયના બાકીના વિસ્તારોને સમકક્ષ બનાવવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકારે બંધારણ હેઠળની જોગવાઈ મુજબ આવા વિસ્તારોમાંની વહીવટની પરિસ્થિતીની વાર્ષિક સમીક્ષા તરતજ શરૂ કરવી જોઈએ.

### અનુ.જાતિ-જનજાતિ માટે ખાસ યોજના

જાહેર નાણાંકિય સાધનોના વ્યવસ્થાપન દરમ્યાન અનુ.જાતિ અને જનજાતિના લોકોની અવગણના થઈ છે. અનુ.જાતિના લોકોમાં માનવ વિકાસનો દરજ્જો રાષ્ટ્રીય ધોરણો અનુસાર સૌથી નીચો છે અને અનુ.જનજાતિના લોકોની પરિસ્થિતિ તો એમનાથી પણ ખરાબ છે. એટલું જ નહીં, પણ એમની અને બાકીની વસ્તી વચ્ચેનું અંતર ઘણું મોટું છે તેમજ એ વધતું જાય છે. અનુ.જાતિ અને જનજાતિની સમાજિક આર્થિક પરિસ્થિતિ અને દેશની બાકીની વસ્તીની પરિસ્થિતિ વચ્ચેનું અંતર ૧૧મી યોજનાના અંત સુધીમાં દૂર કરવું જરૂરી છે. અનુ.જાતિ માટે સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન અને અનુ.જનજાતિ માટે આદિવાસી પેટા યોજનાઓ, પૂરતી નાણાંકીય જોગવાઈ સાથે રાજયની યોજનાઓના આંતરિક ભાગરૂપે ઘડાવી જોઈએ.

ઉપરોક્ત ખાસ યોજનાઓ માટે ફાળવાયેલા સાધનોનો અન્યત્ર ઉપયોગ ન થાય તેમજ એ 'લેપ્સ' ન થાય એ રીતની વ્યવસ્થા હોવી જોઈએ. આ યોજનાઓનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવા જિલ્લા સ્તરે એની ઘનિષ્ટ સમીક્ષા તથા મોનિટરીંગ જરૂરી છે. આ ખાસ યોજનાઓ માટે ફાળવાયેલાં નાણાનો ઓછા પ્રમાણમાં ઉપયોગ થાય એના અન્ય હેતુઓ માટે ઉપયોગ થાય કે પછી ગેરઉપયોગ થવાના કિસ્સા નિવારવા જોઈએ. જે રાજયો અજંપાવાળા અસરગ્રસ્ત વિસ્તારોમાં આદેશ મુજબના કામ પાર પાડે એને લોકોના હક-અધિકાર વધુમાં વધુ સંતોષે એને કોઈક પ્રકારનું નાણાંકીય પ્રોત્સાહન મળવું જોઈએ.

### કેન્દ્રીય સ્તરે હક પંચની રચના

સમાજના ગરીબ, વંચિત, ઉપેક્ષીત લોકો માટે કેન્દ્રીય સ્તરે સાત વિભિન્ન રાષ્ટ્રીય પંચો રચાયાં છે. આજ પ્રમાણે આવાં પંચ રાજ્ય સ્તરે પણ છે. પરંતુ કેન્દ્રીય સ્તરે તેમજ રાજ્ય સ્તરે આ પંચો વચ્ચે કોઈ સબંધ , કોઈ સંકલન નથી. આ પંચો એમની ભલામણોનો અમલ કરાવવા માટે કોઈ આદેશાત્મક સત્તા નથી ધરાવતા. કેન્દ્રીય સ્તરે યોગ્ય વિભાગો સાથેનું એક સત્તા પંચ રચવાનો સમય પાકી ગયો છે. આ પંચને એના નિર્ણયોનો અમલ કરાવવા માટે કાયદાસરની સત્તા હોવી જોઈએ. એના નિર્ણયથી જેને અન્યાય થયો હોય એને સર્વોચ્ચ અદાલતમાં અપીલનો હક હોવો જોઈએ. આજ પ્રમાણેના હક પંચો રાજયોની સપાટીએ સ્થાપવા જોઈએ અને એના કોઈપણ નિર્ણયથી જેને અન્યાય થાય એને રાજયની વડી અદાલતમાં અપીલ કરવાની છૂટ હોવી જોઈએ. આવાં હક પંચની રચના ન થાય ત્યાં સુધી કેન્દ્ર સરકારે હાલમાંના તમામ રાષ્ટ્રીય પંચો વચ્ચે સંકલન માટે અસરકારક સંસ્થાકીય વ્યવસ્થા ઉભી કરવી જોઈએ અને આ પંચોની ભલામણોના અમલ માટે જરૂરી વહીવટી પગલાં ભરવા જોઈએ.

*અનુ. પાનાનં ૫૭ થી શરૂ*

૫ થી ૧૫ % જકાતમાં વધારો કરે છે. આ ઉપરાંત સરકાર ધાતુઓ અને સિમેન્ટની નિકાસ ઉપરના તમામ વેરાઓ પાછા ખેંચે છે.

### આ તમામ પગલાઓ શા માટે નિર્ધારિત પરિણામ આપતા નથી ?

મોટા ભાગની ચીજવસ્તુઓના ભાવ વૈશ્વીક સ્તરે ખૂજબ ઝડપથી વધી રહ્યાં છે, ભારતમાં પણ ભાવ વધારો થયો છે. તાજેતરમાં કરવામાં આવેલા ભાવ વધારા સિવાય પેટ્રોલિયમ ઉત્પનોના ભાવનો વધારો ગ્રાહકો પર લદાયો ન હતો. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે આ ભાવ વધારો ખૂબજ ઓછો છે. કોઈપણ મિલ્કત ઉભી કર્યા વગર સરકારના નેજા હેઠળની ઓઈલ કંપનીઓ બોન્ડ દ્વારા નાણા મેળવી બજારમાં નાણાનો સ્ત્રોત વહેવડાવી શકશે. જેને ફુગાવા ઉપરની અસરકારક પરિબળ માનવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ખનિજ કોલસામાં જબ્બર ભાવ ઉછાળો આવતા ભારતની સ્ટીલ કંપનીઓને ચીજવસ્તુઓનો ભાવવધારો કરવાની ફરજ પડી છે. ભારતમાં મહદઅંશે ખનિજ કોલસાની આયાત કરવામાં આવે છે. ખાદ્યપદાર્થોના ક્ષેત્રે પણ મોટભાગની આઈટમોમાં ઉપલબ્ધ પુરવઠા સામે માગણીનું પ્રમાણ વધુ છે. આ સ્થિતિમાં પરિસ્થિતિને ઉકેલવા માટે લાંબા સમય સુધી નિકાસ અટકાવી રાખવી એ પુરતો ઉકેલ નથી.

# અન્ન ઉત્પાદન, અન્ન સ્વાવલંબન ક્ષેત્રે સિમાચિહ્નરૂપ બનશે, ફૂડ સિક્યોરીટી મિશન

અભય રાવલ

*નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલ (એનડીસી) ૨૯મી મે, ૨૦૦૭ના રોજ તેની ૫૩મી બેઠકમાં એક ઠરાવ પસાર કર્યો. તે અંતર્ગત ખાદ્યાન્ન સલામતિ મિશનનો પ્રારંભ કરવાનું ઠરાવાયું, ઘઉં, ચોખા અને કઠોળ સહિતના અનાજના ઉત્પાદનમાં વૃધ્ધિ કરવાના ઉદ્દેશ સાથેનું આ મિશન શરૂ કરીને, ચોખામાં ૧૦ મિલિયન, ઘઉંમાં ૮ મિલિયન ટન અને કઠોળમાં ૨ મિલિયન ટન જેટલી ઉત્પાદન વૃધ્ધિ અગિયારમી પંચવર્ષિય યોજના (૨૦૧૧-૧૨) ના અંત સુધીમાં હાંસલ કરવાનું ધ્યેય રાખ્યું છે. આ ઉદ્દેશને અનુલક્ષીને કેન્દ્ર સરકાર પુરસ્કૃત એક યોજના, રાષ્ટ્રિય અન્ન સુરક્ષા મિશનનો પ્રારંભ ૨૦૦૭-૦૮માં કરવામાં આવ્યો.*

*ફૂડ સિક્યોરીટી મિશનનો ઉદ્દેશ ઘઉં, ચોખા અને કઠોળના ઉત્પાદનમાં ટકાઉ ધોરણે વૃધ્ધિ તેની ઉત્પાદકતામાં વૃધ્ધિ કરવા, અને તેના ખેત વિસ્તારમાં વધારો કરવાનો છે. પ્રત્યેક અલાયદા સ્તરે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદનને જાળવી, રોજગારીની તકોનું નિર્માણ કરવું, ઉપરાંત ખેતીના આર્થિક પાસાને મજબૂત કરી ખેડૂતોના આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પણ હેતું છે.*

૧૯૬૦ પછી હરિયાળી ક્રાંતિના મંડાળના પગલે ભારતે કૃષિ ક્ષેત્રે પરાવલંબનનું મહેણું ભાંગીને એક સ્વાવલંબી રાષ્ટ્ર તરીકે વિશ્વમાં નામના કાઢી. કૃષિ ક્ષેત્રે દેશની ૧૯૬૦ પહેલાની સ્થિતિ દયાજનક હતી. વર્ષોવર્ષ વધતી જતી વસતિની સમસ્યા અને બીજી તરફ અન્ન ઉત્પાદનમાં વર્ષોવર્ષ ઘટાડાના પગલે વિદેશી રાષ્ટ્રોમાંથી આયાતી ઘઉં મંગાવવા પડે સ્થિતિમાંથી દેશને બહાર લાવવા હરિયાળી ક્રાંતિના પ્રણેતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કૃષિ વૈજ્ઞાનિક ડો.એમ.એસ. સ્વામિનાથનના ચિંતન અને તે ચિંતનના પગલે દેશમાં કૃષિ ક્ષેત્રે થયેલા પ્રયોગો અને દેશના મહેનતું ખેડૂતોના પુરુષાર્થના પરિણામે સ્વાવલંબન હાંસલ થયું. પરંતુ આ હરિયાળી ક્રાંતિ છતાં પણ છેલ્લા કેટલાક સમયથી અન્ન ક્ષેત્રે ખાસ કરીને ઘઉં, ચોખા કઠોળ જેવા ખાદ્યાન્નની વધતી જતી જરૂરિયાતના પરિણાણે તેનું ઉત્પાદન વધારવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું. અનાજ સિવાયના અન્ય પાકોના વધતા જતા ઉત્પાદનના કારણે આ પ્રકારના ખાદ્યાન્નનું ઉત્પાદન વધતું ગયું અને જો સમયસર આ દિશામાં જો પગલા ન ભરવામાં આવે તો અન્ન ક્ષેત્રે ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ થાય. આ સંજોગોનો ભારત સરકારે ગંભીરતા પૂર્વક વિચાર કરીને જે આયોજન કર્યુ છે તેના કારણે ઘઉં, ડાંગર, અને કઠોળ જેવા અન્ન પાકોનું ઉત્પાદન આગામી વર્ષોમાં વધતું જાય તેવી શક્યતાઓ નિર્માણ થઇ છે.

આ આયોજનનું અમલીકરણ ભારત સરકારની નેશનલ ડેવલોપમેન્ટ કાઉન્સીલ ફૂડ સિક્યોરીટી મિશનના માધ્યમથી હાથ ધર્યુ છે. નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સીલ (એનડીસી) ૨૯મી મે, ૨૦૦૭ના રોજ તેની ૫૩મી બેઠકમાં એક ઠરાવ પસાર કર્યો. તે અંતર્ગત ખાદ્યાન્ન સલામતિ મિશનનો પ્રારંભ કરવાનું ઠરાવાયું, ઘઉં, ચોખા અને કઠોળ સહિતના અનાજના ઉત્પાદનમાં વૃધ્ધિ કરવાના ઉદ્દેશ સાથેનું આ મિશન શરૂ કરીને, ચોખામાં ૧૦ મિલિયન, ઘઉંમાં ૮ મિલિયન ટન અને કઠોળમાં ૨ મિલિયન ટન જેટલી ઉત્પાદન વૃધ્ધિ અગિયારમી પંચવર્ષિય યોજના (૨૦૧૧-૧૨) ના અંત સુધીમાં હાંસલ કરવાનું ધ્યેય રાખ્યું છે. આ ઉદ્દેશને અનુલક્ષીને કેન્દ્ર સરકાર પુરસ્કૃત એક યોજના, રાષ્ટ્રિય અન્ન સુરક્ષા મિશનનો પ્રારંભ ૨૦૦૭-૦૮માં કરવામાં આવ્યો.

ફૂડ સિક્યોરીટી મિશનનો ઉદ્દેશ ઘઉં, ચોખા અને કઠોળના ઉત્પાદનમાં

(લેખક મુક્ત પત્રકાર છે.)

ટકાઉ ધોરણે વૃધ્ધિ તેની ઉત્પાદકતામાં વૃધ્ધિ કરવા, અને તેના ખેત વિસ્તારમાં વધારો કરવાનો છે. પ્રત્યેક અલાયદા સ્તરે જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદનને જાળવી, રોજગારીની તકોનું નિર્માણ કરવું, ઉપરાંત ખેતીના આર્થિક પાસાને મજબૂત કરી ખેડૂતોના આત્મવિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પણ હેતું છે. આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે જે રણનીતિ અમલમાં મૂકાઈ છે તેની વિગત જોઈએ તો મહત્વની પાંચ બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે.

(૧) જુદા જુદા સ્તરે, બધાજ હિતકારોને સક્રિયપણે સાથે રાખી ઉદ્દેશપૂર્ણ પધ્ધતિથી અમલીકરણ.

(૨) સુધારણા પામેલ તંત્રજ્ઞાનને પ્રેરિત અને વિસ્તરીત કરવું.

(૩) ભંડોળના પ્રવાહ પર સુલભ દેખરેખ દ્વારા ખાતરી કરી લેવી કે તેનો લાભ સમયસર લાભાર્થીઓ સુધી પહોંચે છે કે કેમ ?

(૪) ઠરાવેલ જિલ્લા માટેની યોજના અને લક્ષ્યાંકો અંગે અલગ અલગ મધ્યસ્થી પ્રસ્તાવો નક્કી કરાશે.

(૫) અમલીકરણ કરનારી સંસ્થાઓને સાતત્યપૂર્ણ દેખરેખ અને એકદારા મૂલ્યાંકન દ્વારા પરિણામ લક્ષી અભિગમની અસરોનું આકલન.

આ પાંચ બાબતોને કેન્દ્રસ્થાને રાખીને ફૂડ સિક્યોરીટી- અન્ન સુરક્ષાની બાબતમાં આયોજન કરવામાં આવ્યું છે. આ યોજનાના અમલ માટે ઘઉં અને ચોખા માટે સુધારેલ ખેત પધ્ધતિનું પેકેજ તેમજ ચોખાની હાઈબ્રિડ, ચોખાના વાવેતર સઘનતા પધ્ધતિ વગેરેનો ખેડૂતોનો ખેતર પર નિદર્શન કરી તેમાં કયાં કયાં ફેરફાર કરવા જેવો છે તે અંગે નિદર્શનની જોગવાઇ પણ આ મિશન અંતર્ગત કરવામાં આવી છે. આ જોગવાઇ અંતર્ગત પ્રત્યેક ૧૦૦ હેકટર ચોખા વાવેતર વિસ્તારે ૦.૪ હેકટરમાં અને પ્રત્યેક ૫૦ હેકટરમાં ઘઉં વાવેતરના વિસ્તારે ૦.૪ હેકટરમાં નિદર્શન કરવાનું આયોજન છે. આવું નિદર્શન જે જિલ્લાઓએ આ મિશન અંતર્ગત આવરી લેવાયા છે તે જ જિલ્લાઓમાં કરવામાં આવશે. તેમાં દરેક ખેડૂત દીઠ એક નિદર્શનની ફાળવણી કરાઇ છે. ખેતરને બે ભાગમાં વિભાજિત કરીને એક ભાગમાં સુધારેલ પધ્ધતિ એ બીજા જ ભાગમાં ખેડૂતની પરંપરાગત પધ્ધિત મુજબના નિદર્શન કરવામાં આવશે. આ પ્રકારના નિદર્શન રાજય કૃષિ વિભાગ, એસએયુ, આઈસીએઆર સંસ્થાઓ અને કેટલીક તથા ગણમાન્ય એનજીઓના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવશે.

ભારત સરકારે આ યોજનાના અમલીકરણ માટે નક્કી રાજ્યોને આ મિશન અંતર્ગત થનાર વાર્ષિક ખર્ચની જાણ કરી તેની જિલ્લાવાર ફાળવણી કરે છે. આ મિશન અંતર્ગત દેશમાં અન્ય રાજ્યો સહિત ગુજરાતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દેશના કુલ જિલ્લાઓમાંથી ગુજરાતના જે જિલ્લાઓનો કઠોળના પાકમાં સમાવેશ કરાયો છે તેમાં બનાસકાંઠા, ભરૂચ, દાહોદ, જામનગર, કચ્છ, નર્મદા, પંચમહાલ, પાટણ, સાબરકાંઠા, સુરત અને વડોદરા જિલ્લાનો સમાવેશ કરાયો છે.જયારે ઘઉંના પાક માટે ગુજરાતના ચાર જિલ્લાઓ- અમદાવાદ, સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાનો સમાવેશ થાય છે. આ મિશન અંતર્ગત ચોખા, ઘઉં અને કઠોળના પાકના પ્રોત્સાહન માટે નિયત મર્યાદામાં ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ સહાયના ઘટકોમાં ચોખાના પાક માટે સુધારેલ પેકેજનું નિદર્શન, ચોખા ઘનિષ્ઠતા પધ્ધતિ અંગે નિદર્શન, હાઈબ્રીડ ચોખાની ટેકનોલોજીનું નિદર્શન જેવી બાબતો માટે અલગ અલગ જોગવાઇ મુજબ આર્થિક સહાય કરવામાં આવે છે જેની મર્યાદા રૂા.૨૫૦૦ થી લઈને રૂા.૧૭૦૦૦ સુધીની સહાય કરવામાં આવે છે. આ ઉપરાંત ઉત્કૃષ્ટ કામગીરીવાળા જિલ્લાઓને રૂા.૫ લાખનો દર વર્ષે પુરસ્કારે આપવાની જોગવાઈ છે.

ઘઉંના પાક માટે પ્રોત્સાહન આપવા માટે જે સહાયનું ધોરણ અને તેના ઘટક તૈયાર કરાયા છે તેમાં સુધારેલ પ્રેક્ટીશના પેકેજનું નિદર્શન, બિયારણ ફેરબદલી (૩૩ % એસઆરઆરના વિસ્તાર માટે) ૧૩મી. હેક્ટર, બિયારણની મીનીકીટનું વિતરણ, સુક્ષ્મ તત્ત્વો માટેનું પ્રોત્સાહન, ખારાશગ્રસ્ત જમીન માટે જીપ્સમના ઉપયોગ માટે પ્રોત્સાહન, ઝીરો ટીલ સીડ ડ્રીલ, રોટોવેટર્સ, છીછરા જળતળવાળા વિસ્તારોમાં સિંચાઇ માટે સામૂહિક જનરેટર્સનો પાયલોટ પ્રોજેક્ટ, ડીઝલના પંપસેટ માટે પ્રોત્સાહન, એફએફએસ પેટર્નથી ખેડૂતોને તાલીમ, ટેકનીકલ સ્ટાફ માટે ઇન્ટરનેશનલ એક્સપોઝર વીઝીટ, ઉત્કૃષ્ઠ કામગીરી વાળા જિલ્લાઓને પુરસ્કાર, સ્થાનિક પ્રારંભક પ્રવૃત્તિઓ માટે, પ્રકીર્ણ ખર્ચાઓ માટે (ક) જિલ્લા સ્તરે પ્રોજેક્ટ મેનેજમેન્ટ ટીમ અને બીજા પરચુરણ ખર્ચ માટે (ખ) રાજયસ્તરે પ્રોજેક્ટ મેનેજમેન્ટ ટીમ અને બીજી પરચુરણ ખર્ચ માટે, અને (ગ) રાષ્ટ્રિયસ્તરે પરચુરણ ખર્ચાઓ માટેનો સમાવેશ થાય

*અનુ. પાનાનં ૫૬ ઉપર*

# ભારતમાં ખરેખર મોંઘવારી ફાટી નીકળી છે ?

જગદીશ પાટડીયા

*આપણો દેશ અનાજ ઉત્પાદનમાં સ્વાવલંબી બને તેવું એક સ્વપ્નુ હતું, તેવું જ સ્વપ્ન આર્થિક વિકાસ દરને બે આંકડામાં પહોંચાડવાનું હતું. છેલ્લા ચાર વર્ષમાં નેત્ર દિપક વિકાસ થયો હોવા છતાં ૯% એ પહોંચ્યા બાદ ૨૦૦૮-૦૯માં વિકાસ દર બે આંકડો થાય તે પહેલા તેલની તેજીએ વિકાસની ગતિ ખોરવી નાખી. ખૂબ અફસોસ થાય તેવી વાત છે. માળખાંગત સુવિધાઓ પાછળ ખર્ચેલા અબજો રૂપિયાના પરિણામ દેખાવા શરૂ થાય ત્યારે જ તેલના ભાવ વિફર્યા છે. અલબત્ત, ઈંધણની કિંમતમાં થતો વધારો તમામ ચીજ વસ્તુઓમાં ભાવવૃધ્ધિની 'સાંકળ અસર' ઉત્પન્ન કરે છે, જેનો ભોગ બનવાનો વારો ભારતનો આવ્યો છે.*

કેન્દ્રની યુપીએ સરકારે તા.૨૨મી મે, ૨૦૦૮ના રોજ ચાર વર્ષની શાસન સિદ્ધિઓનો ઉજળો હિસાબ આપ્યો હોવા છતાં મોંઘવારીનું સંકટ વેઠવાનો અફસોસ નાણામંત્રીના ચહેરા પર ડોકાતો જોવા મળે છે. બેફામ મોંઘવારીનો મુદ્દો સમાચાર માધ્યમો દ્વારા એટલો જોરશોરથી ચગાવાઈ રહ્યો છે કે જાણે તેઓ વિરોધપક્ષની ભૂમિકા અદા કરી રહ્યા હોય. સમગ્ર ઉહાપોહ કદાચ ખોટા સંદર્ભમાં પ્રજા સમક્ષ રજૂ થઈ રહ્યો હોય તેવું અર્થશાસ્ત્ર વિશે થોડુંક જ્ઞાન ધરાવનારને પણ લાગશે. મોંઘવારી, ભાવ વધારો તથા ફુગાવો આ ત્રણ શબ્દના અંગ્રેજી અર્થનું ભાષાંતર એટલી નજીકની અર્થછાયા ધરાવે છે કે તેના મતલબ વચ્ચે ભેદરેખા ખેંચવી મુશ્કેલ છે. શું ખરેખર ભારતમાં મોંઘવારી ફાટી નીકળી છે?

થોડી માંડીને વાત કરીએ તો હાલ ફુગાવાનો દર ૧૧% થઈ ચૂક્યો છે, સામે આર્થિક વિકાસ દર પણ ૯% પસાર કરી ચૂક્યો છે. બંને ટકાવારી ભિન્ન હોવા છતાં અભૂતપૂર્વ સપાટીએ છે જ. કમનસીબે આપણે ત્યાં મોંઘવારીનો સંદર્ભ ૧૯૬૦, ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકાથની રાષ્ટ્રીય આર્થિક સ્થિતિ સાથે સંકળાયેલો છે. અનાજથી માંડી કાપડ સુધીની વસ્તુ મધ્યમ વર્ગના પરિવારે પણ રેશનિંગની દુકાનેથી ખરીદવા પડે તેવો આ સમય હતો. ભારતની તમામ વસતિનું ઉદર પોષણ થાય તેટલું અનાજ પાકતું નહોતું. પરિણામે અમેરિકા પાસેથી પી.એલ.૪૮૦ તરીકે ઓળખાતા લાલ ઘઉં અન્નદાન તરીકે સ્વીકારી રેશનિંગની દુકાનો મારફત સરકાર તેનું વિતરણ કરતી હતી. પી.એલ.૪૮૦ એટલે અમેરિકાના બંધારણની પબ્લિક લાયાબિલિટિ કલમ ૪૮૦. જેની જોગવાઈ કહે છે કે જગતના કોઈપણ ખૂણે "ભૂખમરો" હોય ત્યાં અમેરિકાએ મફત અનાજ પહોંચાડવું, માનવતાનું કાર્ય કરવું. દૂધ ક્રાંતિ પ્રયોગ "અમૂલ" ના જન્મ પાછળ પણ યુરોપિયન યુનિયન દ્વારા ભારતને કુપોષણમાં ધકેલાતું રોકવા માટે મફતમાં અપાતો દૂધ પાવડર તથા મિલ્ક ક્રિમનો મોટો જથ્થો જવાબદાર છે. સખાવતના ઘઉં લેનાર ભારત સાથે અમેરિકા પરમાણું સહકાર કરાર કરવા માટે કેટલું બેતાબ છે તેનો ખ્યાલ હાલ ચાલી રહેલા વિવાદ ઉપરથી આવી શકે છે. બીજી બાજુ ૨૦૭-૮માં આપણા દેશમાં ૨૩૧ લાખ ટન જેટલું વિપુલ અનાજ ઉત્પાદન થયું છે. રાષ્ટ્રની આર્થિક ઉન્નતિનું આથી મજબુત પ્રમાણ તમને ક્યાં મળશે ?

અનાજ, કાપડ, દવા અને ખનિજ તેલની સખત તંગી ભોગવતા ગરીબ અર્થતંત્રના દિવસો સાથે વર્તમાન ભાવ વૃદ્ધિની તુલના કરી શકાય નહિં. પ્રજાની ખરીદ શક્તિના સ્તર પ્રમાણે જ બજાર ગોઠવાતું હોય છે, તો પછી

(લેખક પી.આઈ.બી. અમદાવાદમાં મીડીયા કોમ્યુનિકેશન ઓફિસર છે.)

ભાવવધારાની બુમરાણ કેમ ? માત્ર ભાવ સપાટી વધી હોય તેવું નથી, સામાન્ય માથાદિઠ આવક પણ વધી છે. અછતના અર્થતંત્રથી ટેવાયેલા નાગરિકોને આર્થિક પ્રગતિના પ્રમાણ તરીકે ઉભી થયેલી છતની પરિસ્થિતિથી ટેવાતા જરા વાર લાગશે. એક સમય હતો જ્યારે ટ્રાન્ઝીસ્ટર રેડિયો, ટેપ કે સાબુ દાણચોરીથી ભારતમાં આવતા અને આપણે અહોભાવપૂર્વક ખરીદતા. આજે જગતભરની શ્રેષ્ઠ ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે. મર્સિડીઝ બેન્ઝ મોટરકારથી માંડીને સ્વીસ મલાઈ ચોકલેટ સુધીનો માલ ભારતના બજારમાં ઉપલબ્ધ છે. મધ્યમ વર્ગના પરિવાર માટે રેફ્રિજરેટર કે કલર ટી.વી. સૌથી મોંઘી ખરીદી ગણાતી, આજે મોબાઈલ ફોન પુષ્કળ વેચાય છે. કઈ વસ્તુ પહોંચની બહાર લાગે છે ? બાંધી આવકની સલામતી પુરી પાડતી સરકારી નોકરીમાં ક્લાર્ક બનવામાં જીવન ધ્યેય સિદ્ધ કર્યુ હોવાનો સામાજિક દરજ્જો ભોગવી વટ પાડતા યુવાનોની પેઢી આજે વયસ્ક બની છે અને તેમના સંતાનો અડધો લાખનો અધધ પગાર મેળવી રહ્યાનો આંચકો તેમના ચહેરા ઉપર ડોકાય છે. સાદગીપૂર્ણ જીવનશૈલીના માપદંડ પણ બદલાય છે. બંગલો નહીં ફ્લેટ, ટાટા સફારી નહિં પણ ઈન્ડિકા પ્લાઝમા ટીવી નહિં પણ ફ્લેટ સ્ક્રીન ૩૨ ઈંચનું જેવું રાચરચીલું ધરાવનાર અત્યારે સાદુ જીવન ગાળે છે તેમ કહેવાય.

ટૂંકમાં, આર્થિક ઉદારીકરણના પ્રતાપે કમાણીની ગુંજાયશમાં જબ્બર વધારો થયો છે, સુઝ શિક્ષણ અને શ્રમનો આશરો લઈ આજનો યુવાન તેના પિતાની પેઢી માટે અકલ્પ્ય ગણાય તેટલી આવક ઉભી કરી શકે છે. વ્યક્તિગત સ્તરે વિકાસની તક વધી છે, તો જગતનો શ્રેષ્ઠ માલસામાન બજારમાં ઉપલબ્ધ છે. સરકારે તેનું કામ કરી આપ્યું છે. તમારી તાકાત હોય તો કમાવ અને વાપરો. માથાદિઠ આવકમાં નોંધાયેલી વૃદ્ધિ માંગમાં વધારો કરે છે, પરિણામે પુરવઠો મોંઘો બને છે. બધે લાવ લાવ જ કરે છે. મોંઘવારીનું ઠીકરું સરકારના માથે ફોડતા પહેલા સો વખત વિચાર કરજો. આર્થિક ઉદારીકરણનો ૧૯૯૦ના દાયકામાં અમલ શરૂ કરાવનાર ત્રિપુટી- ડો.મનમોહન સિંઘ, શ્રી મોન્ટેકસિંઘ તથા શ્રી પી. ચિદમ્બરમ્ આજે કેન્દ્ર સરકારની આર્થિક બાગડોર સંભાળે છે. તેઓ બેદાગ ચારિત્ર્યના માલિક છે. તેમની કઈ ગણતરી ખોટી પડી કે ચોતરફ મોંઘવારીની બુમરાણ ઉઠી છે ? વાત જરા ઉંડો વિચાર માંગી લે તેવી છે.

હાલ આપણે આયાતિ પરિબળોને કારણે મોંઘવારી વેઠી રહ્યા છીએ કારણ કે, તેલનો ખેલ દુનિયાને ભારે પડી રહ્યો છે. ક્રુડ તેલના વૈશ્વિક બજારમાં સટ્ટો ગુંથતા આખી દુનિયાની ઉંઘ હરામ થઈ જાય તેટલા ભાવ બેરલના બોલાય છે. યુરોપના દેશોમાં પેટ્રોલિયમ પેદાશના ભાવ વધારા સામે હડતાલ અને વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે, ત્યારે તીવ્ર વિકાસ ગતિ ધરાવતું ભારતીય અર્થતંત્ર કેવી રીતે બાકાત રહી શકે ? ક્રુડ તેલના બેરલનો ભાવ ૨૦૦ ડોલર ઉપર પહોંચશે તો આપણે શું કરવું તેના આયોજનની અત્યારથી તૈયારી કરવાની જરૂર છે, કારણ કે તેલની બજાર સટ્ટાખોરોની આંગળીના ટેરવે નાચી રહી છે. ખનિજ તેલના ભાવ આટલા સળગી ઉઠશે તેનો અંદાજ કાઢવામાં જગતભરની સરકારો કેમ નિષ્ફળ ગઈ તેનું કારણ સમજાતું નથી.

ક્રુડ તેલના વૈશ્વિક પુરવઠામાં અડધો અડધ હિસ્સો આપતા ૧૫ તેલ ઉત્પાદક રાષ્ટ્રોમાં ૨૦૦૭ દરમ્યાન તેલ ઉત્પાદન પ્રતિદિન ૧૦ લાખ બેરલ જેટલું ઘટ્યું ત્યારે જ તેની સંભવિત અસરોથી બધા દેશોએ સાવચેત બની જવાની જરૂર હતી. તેલની નિકાસ કરતા રાષ્ટ્રોને વિશ્વબજારમાં તેમના દ્વારા ઠાલવવામાં આવતા જથ્થાને પ્રમાણે ગોઠવીએ તો પહેલા ક્રમે સાઉદી અરેબિયા આવે છે, તે પછી ઉતરતા ક્રમે રશિયા, સંયુક્ત આરબ અમિરાત, નોર્વે, ઈરાન કુવૈત, નાઈઝીરીયા, વેનેઝુએલા, અલ્જિરીયા, આંગોલા, લિબીયા, ઈરાક, મેક્સિકો, કઝાકિસ્તાન અને કતાર આવે છે. ખનીજ તેલના આંતરરાષ્ટ્રીય બજારનો અભ્યાસ ધરાવતા નિષ્ણાંતોનો અભિપ્રાય છે કે દુનિયામાં અનેક તેલ ક્ષેત્રો એવા પડેલા છે જેને ઉલેચી જંગી કમાણી કરવા ટચુકડા રાષ્ટ્રો અત્યંત બેતાબ છે એટલે પુરવઠાને વધે જ છૂટકો. પરિણામે ભાવ છ થી સાત મહિનામાં ઘટી ને ૮૫ ડોલર પ્રતિ બેરલ થઈ જશે. ત્રાસવાદ જેવી સમસ્યાના પગલે તેલના ભાવ ખૂબ ચંચળ બન્યા છે, એટલે આશંકાના આધારે હાલ વાસ્તવિક ભાવ ઉપર લેવાતું ૩૫ ડોલર પ્રતિ બેરલ જેટલું પ્રમિયમ પણ ઘટશે. બ્રિટનમાં આવેલા નોર્થ સી તેલ ક્ષેત્રમાં ધારણા કરતા ૩૭ અબજ બેરલ તેલ વધુ મળ્યું છે તો બીજી બાજુ તેલ શારકામ માટેની મશીનરી વેચતી બેકર એન્ડ હ્યુજીસ કંપની પાસે જગતભરના ઓર્ડરોનો ઢગલો થઈ રહ્યો છે, જે તેલનો વધુ જથ્થો પ્રાપ્ત થઈ રહ્યો હોવાનો સંકેત આપે છે. તેલની નિકાસ બજારમાં ઘણાં વર્ષોથી નિષ્ક્રીય રહેલું લિબિયા તેની

૧૮ લાખ બેરલ પ્રતિદિન ઉત્પાદન ક્ષમતાને ૨૦૧૨ સુધીમાં ૩૦ લાખ બેરલ ઉપર પહોંચાડવામાં કરમ કસી રહ્યું છે. માટે આશા છોડવી નહિં.

ખનિજ તેલ મોંઘુ બન્યું છતાં ભારત સરકારે ખોડ ખાઈને પ્રજાને ઈંધણ આપ્યું, પરંતુ તેલ કંપનીઓની ખોટ રૂા.૨૨૬૦૦ કરોડ ઉપર પહોંચતા પેટ્રોલ, ડિઝલ, તથા રાંધણ ગેસની છૂટક વેચાણ કિંમતમાં વધારો કરતી વખતે પ્રધાનમંત્રી ડો.મનમોહન સિંઘે સ્પષ્ટતા કરવી પડી હતી કે તેલની સતત વધી રહેલી ભાવ સપાટીની વિપરીત અસરથી ગ્રાહકોને સદાય નિર્લેપ રાખી શકાય તેમ નથી. ઘર આંગણે તથા વિદેશમાં તેલનું ઉત્પાદન વધશે ત્યારે આ ભાવ અવશ્ય દબાશે, પણ ત્યાં સુધી તો દરેક નાગરિકે પોતાની કમાણીમાં ઈંધણનો હિસાબ કિતાબ પરવડે તેમ કરવો રહ્યો. આપણો દેશ અનાજ ઉત્પાદનમાં સ્વાવલંબી બને તેવું એક સ્વપ્નું હતું, તેવું જ સ્વપ્ન આર્થિક વિકાસ દરને બે આંકડામાં પહોંચાડવાનું હતું. છેલ્લા ચાર વર્ષમાં નેત્ર દિપક વિકાસ થયો હોવા છતાં ૯% એ પહોંચ્યા બાદ ૨૦૦૮-૦૯માં વિકાસ દર બે આંકડો થાય તે પહેલા તેલની તેજીએ વિકાસની ગતિ ખોરવી નાખી. ખૂબ અફસોસ થાય તેવી વાત છે. માળખાંગત સુવિધાઓ પાછળ ખર્ચેલા અબજો રૂપિયાના પરિણામ દેખાવા શરૂ થાય ત્યારે જ તેલના ભાવ વિફર્યા છે. અલબત્ત, ઈંધણની કિંમતમાં થતો વધારો તમામ ચીજ વસ્તુઓમાં ભાવવૃધ્ધિની 'સાંકળ અસર' ઉત્પન્ન કરે છે, જેનો ભોગ બનવાનો વારો ભારતનો આવ્યો છે.

ભારતે પ્રાપ્ત કરેલી આર્થિક શક્તિથી મોટા ભાગના લોકો ઓછા વાકેફ છે. સૌથી વધુ યુવા નાગરિકો ધરાવતા વિશ્વના એક માત્ર દેશ ભારતનું અર્થતંત્ર તીવ્ર ગતિએ વિકસતા દુનિયાના અર્થતંત્રમાં બીજું સ્થાન ધરાવે છે, તો ટ્રિલિયન ડોલર ઈકોનોમી ધરાવતા રાષ્ટ્રમાં આપણું સ્થાન ૧૦મું છે. આર્થિક પ્રગતિને કારણે ભારતના મધ્યમ વર્ગમાં દોઢ કરોડ નાગરિકોનો વધારો થઈ રહ્યો છે, જે ૨૦૨૦ સુધીમાં ભારતને જગતની પાંચમાં ક્રમે આવતી કન્ઝ્યુમર સામાનની બજાર બનાવશે. યુ.પી.એ. સરકારે ચાર વર્ષમાં ગ્રામીણ ક્ષેત્રમાં માળખાગત સુવિધાઓ ખીલવણી માટે રૂા.૪૭૬૦૦૦ કરોડનો ભારત નિર્માણ કાર્યક્રમ હાથ ધર્યો છે. સાથો સાથ જંગી ફાળવણી ધરાવતી રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન તથા જવાહરલાલ નહેરૂ રાષ્ટ્રીય શહેરી નવિનીકરણ મિશન યોજનાઓ જેવા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યા છે. ૨૦૦૭-૦૮ દરમ્યાન એન.આર.ઈ.જી.એ હેઠળ રૂા.૧૨ હજાર કરોડ ખર્ચવામાં આવ્યા હતા. ગ્રામીણ ક્ષેત્રમાં સડક, પાણી, ટિલિફોન તથા દવાખાનાનો પ્રબંધ કરવાની યોજના હેઠળ પ્રતિદિન ૧૦૦૦ ગામડાંઓ જોડાઇ રહ્યા છે. રોજગારીનો પ્રબંધ, વિકાસ માટે જરૂરી માળખાની ઉપલબ્ધિ તથા અનાજ સહિતની ખેત પેદાશોના ભાવ સુધર્યા હોવાથી ઉભાં થયેલા આવક પ્રવાહે ગામડાંની પ્રજામાં મોટી માંગ ઉભી કરી છે, જે કેટલાંક અંશે ભાવ વધારા પાછળ જવાબદાર છે. ગામડું આળસ મરડીને બેઠું થયું છે. તેનું "શોપિંગ" હવે શરૂ થયું છે. આ બિંદુથી શરૂ થાય છે ભારતીય અર્થતંત્રનું અછત તરફથી છત તરફનું પ્રયાણ.

બજાર આધારીત અર્થતંત્રનો ઉદારીકરણના માર્ગ અંગિકાર કર્યા બાદ સરકારની ભાવ સપાટી બાંધવાની ભૂમિકા હટી જાય છે,. બજાર પરિબળો જ રૂખ નક્કી કરે છે. આપણને આ બાબતની ટેવ પડતા વાર લાગશે. માર્કેટ ઈકોનોમી ધરાવતા યુરોપના ઘણાં બધા દેશોમાં બજાર પરિબળો પ્રમાણે ચાલવાની એટલી સજ્જડ પ્રથા ચાલે છે કે કોઈ સવારે પેટ્રોલ પુરાવે તો જે ભાવ હોય તે સાંજે બદલાઈ ગયો હોય. આતંરરાષ્ટ્રીય ભાવ સપાટીમાં બેરલના ભાવની જે ચડ ઉતર થાય તેની પ્રતિ કલાકે અસર છૂટક વેચાણ કિંમતમાં કરી દેવાય. આપણા દેશમાં ઉદારીકરણના બે દાયકા પુરા થયે આર્થિક ઉન્નતિ બેશક આવી છે. માર્કેટ ઈકોનોમીના એફ.ડી.આઈ. પ્રાપ્ત કરવા જેવા બધા લાભ લીધા પછી ગેર લાભ દેખાય ત્યાં મોંઘવારી મોંઘવારીની બુમો પાડવી કેટલી વ્યાજબી ? ભારતમાં પણ પેટ્રોલ ડિઝલની છૂટક વેચાણ કિંમતમાં દરરોજ વધઘટ કરતા રહેવાની પ્રથા દાખલ કરી હોત તો કદાચ જનમત સરકાર વિરુદ્ધ ગયો ન હોત. માર્કેટ ઈકોનોમી સાથે રહેવું હશે તો તમામ ભારતીયોને તેની ટેવ પાડવી પડશે.

• • •


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

# બાયોગેસ : ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ

દીપકભાઇ પરમાર

*આપણા દેશમાં બાયોગેસ વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત ૧૨.૪૦ લાખ બાયોગેસ સ્થાપિત કરવામાં આવેલ છે. જે ઈંધણના ૪૮૮ ટનથી વધારે લાકડાંના બરાબર ગેસનું ઉત્પાદન કરે છે. જે પ્રતિવર્ષ ૭૫.૬ કરોડ રૂપિયા બચાવવા બરાબર છે. તેની સાથે ૨૧૧ લાખ ટનથી વધારે ખાતર ઉત્પન્ન કરે છે.જેનું મૂલ્ય દર વર્ષે રૂપિયા ૧૭૪.૫ કરોડ થાયછે. વિદ્વાનોના મતે એક ટન ગોબરમાંથી ૫૮૭૫૦ કી.ગ્રા કેલરી ઊર્જા મળે છે. જ્યારે આટલાં જ ગોબરના ગેસથી ૧,૧૪,૦૦૦ કી.ગ્રા. કેલરી ઊર્જા પ્રાપ્ત થાયછે. વળી,, ગોબરમાં પશુઓના મુત્રને, ખેતરોમાં અને ગામડાઓમાં વિખરાયેલા ઘાસ,પાન,કચરો અને બેકાર લાકડાઓને ગેસ પ્લાન્ટમાં ગોબરની સાથે મેળવીને ગેસની માત્રામાં વૃધ્ધિ કરી શકાય છે.*

**ભા**રત એક ખેતીપ્રધાન દેશ છે, અને ૭૦% લોકો ગામડામાં રહે છે. અને તેઓ ખેતી ઉપર આધારિત છે. સાથે-સાથે ગામડામાં પશુપાલન વ્યવસાય સાથે પણ જોડાયેલાં છે. વિશ્વમાં સૌથી વધુ ગાયો અને ભેંસોની સંખ્યા ભારતમાં છે. દુનિયાના કુલ ઢોર વસ્તીની લગભગ ૧૫% ઢોરની વસતી, કુલ ગાયોની વસ્તી ૨૦% અને અડધાથી વધારે એટલે કે ૫૩% ભેંસોની વસતી ભારતમાં છે. અર્થાત્ આપણા દેશમાં સૌથી વધારે પશુઓ જોવા મળે છે. આ દૃષ્ટિએ આપણા દેશમાં બાયોગેસના વિકાસની અસીમ સંભાવનાઓ રહેલી છે. આયોજન પંચના આંકડાઓ પ્રમાણે આપણા દેશમાં દર વર્ષે લગભગ ૮૦ કરોડ ટન ગોબર બને છે. જેમાંથી ૫૦% નો ઈંધણના રૂપમાં ઉપયોગ કરવામાં આવે છે. ગામડાઓમાં ઉર્જાનો કુલ ૫૭% ભાગ ખાવાનું રાંધણના ઉપયોગમાં લેવાય છે. પરંતુ ખાવાનું બનાવવા માટે ગોબરરૂપી ઈંધણનો ઉપયોગ માત્ર "છાણા" તરીકે અર્થાત્ પરંપરાગત રીતે કરવામાં આવે છે. પરંતુ જો તેનો ઉપયોગ બાયોગેસ બનાવવામાં કરવામાં આવે તો અવશ્ય દેશને વિશેષ લાભ પ્રાપ્ત થશે.

વિશ્વમાં સૌ પ્રથમ યુરોપના દેશોમાં સુએઝ વેસ્ટેજ અને ગોબરથી બાયોગેસ પ્રાપ્ત કરવાના યંત્રની શોધ થઈ હતી. ૧૯૩૩માં ચીન અને અમેરિકામાં પણ વેસ્ટેજ દ્વારા બાયોગેસ પ્રાપ્ત કરવાની શરૂઆત થઈ હતી. ૧૯૫૩-૫૪માં ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા "ગ્રામ લક્ષ્મી" નામના બાયોગેસ એકમનો નમૂનો રજૂ કરવામાં આવ્યો. જે બનાવવામાં સરળ અને ચલાવવામાં સહેલો હોવાથી સમગ્ર વિશ્વમાં તેને પ્રસિદ્ધિ મળી છે. ભારતમાં ૧૯૮૧-૮૨માં "રાષ્ટ્રીય બાયોગેસ વિકાસ પરિયોજના"નો આરંભ કરવામાં આવ્યો. ભારતમાં ઊર્જા સ્ત્રોત મંત્રાલય દ્વારા બાયોગેસ સંયંત્રોની મુખ્યત્વે ૪ પ્રકારની ડિઝાઈનો અપનાવવામાં આવી છે.

(૧) ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ મોડેલ
(૨) દીનબંધુ મોડલ
(૩) પ્રગતિ મોડલ
(૪) રબરયુક્ત નાયલોન ફાઈબરનું મોડલ.

આ ચાર પ્રકારના મોડલમાંથી દીનબંધુ મોડલ સૌથી વધુ લોકપ્રિય બની રહ્યું છે. કારણ કે તે ઈંટ, સિમેન્ટ અને રેતીનું બનેલ છે. વળી સારસંભાળ માટેનું ખર્ચ પણ તેમાં ઓછું છે. ભારતમાં બાયોગેસના વિકાસ માટે વિવિધ પ્રકારની એજન્સીઓઅને સમિતિઓની સ્થાપના પણ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળ, કર્ણાટક, તામિલનાડુ, રાજસ્થાનમાં એજન્સીઓ દ્વારા ડેરી,કૃષિક્ષેત્ર અને ગૌશાળાઓમાં સંસ્થાગત સંયંત્રની સ્થાપનાને પ્રોત્સાહન

(લેખક આણંદ સ્થિત એન.એસ.પટેલ આર્ટસ કોલેજ અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક છે.)

**ભારતમાં બાયોગેસ સંયંત્રોની સંખ્યા અને તાલીમ કેન્દ્રો**

| રાજ્ય/પ્રદેશ | તાલીમકેન્દ્ર | સંયંત્રોની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ગુજરાત | આણંદ | ૨૦૦૯ | ૮૮.૫% |
| આસામ | ભેરહાટ | ૭૦૫ | ૯૦.૪% |
| હિમાચલ પ્રદેશ | પાલનપુર | ૬૯૯ | ૮૦.૨% |
| મહારાષ્ટ્ર | નાસિક | ૪૪૧૦ | ૮૦.૭% |
| ઓરિસ્સા | ભુવનેશ્વર | ૧૫૧૦ | ૭૫.૮% |
| રાજસ્થાન | ઉદયપુર | ૧૨૦૮ | ૪૪.૮% |
| તામિલનાડુ | કોઈમ્બતુર | ૨૭૦૦ | ૮૦.૫% |
| મધ્યપ્રદેશ | ઈન્દોર | ૧૪૧૦ | ૭૯.૭% |

આપવામાં આવે છે. પંજાબ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 'ગ્રામ્ય સ્તરીય અક્ષય ઉર્જા' જેવી સમિતિઓ સ્થાપવામાં આવી છે. વળી, ઊર્જા મંત્રાલય દ્વારા શૌચાલયોના નિર્માણ અને તેને બાયોગેસ એકમ સાથે જોડવા માટે પ્રોત્સાહિત કરવા જરૂરી ખર્ચ અને સબસીડી પણ આપવામાં આવે છે.

આપણા દેશમાં બાયોગેસ વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ અંતર્ગત ૧૨.૪૦ લાખ બાયોગેસ સ્થાપિત કરવામાં આવેલ છે. જે ઈંધણના ૪૮૮ ટનથી વધારે લાકડાંના બરાબર ગેસનું ઉત્પાદન કરે છે. જે પ્રતિવર્ષ ૭૫.૬ કરોડ રૂપિયા બચાવવા બરાબર છે. તેની સાથે ૨૧૧ લાખ ટનથી વધારે ખાતર ઉત્પન્ન કરે છે.જેનું મૂલ્ય દર વર્ષે રૂપિયા ૧૭૪.૫ કરોડ થાયછે. વિદ્વાનોના મતે એક ટન ગોબરમાંથી ૫૮૭૫૦ કી.ગ્રા કેલરી ઊર્જા મળે છે. જ્યારે આટલાં જ ગોબરના ગેસથી ૧,૧૪,૦૦૦ કી.ગ્રા. કેલરી ઊર્જા પ્રાપ્ત થાયછે. વળી,, ગોબરમાં પશુઓના મુત્રને, ખેતરોમાં અને ગામડાઓમાં વિખરાયેલા ઘાસ,પાન,કચરો અને બેકાર લાકડાઓને ગેસ પ્લાન્ટમાં ગોબરની સાથે મેળવીને ગેસની માત્રામાં વૃધ્ધિ કરી શકાય છે. વળી, યુરિયા, ફોસ્ફરસ અને પોટાશ ખાતરની પ્રાપ્તિ પણ થાય છે. આ ખાતર કમ્પોસ્ટ ખાતર કરતાં પણ વધારે પ્રભાવશાળી ગણાય છે. તેમજ બાયોગેસથી ડીઝલ એન્જિન પણ ચલાવી શકાય છે.

### ગ્રામ્ય વિકાસમાં બાયોગેસનો ફાળો

બાયોગેસ ગ્રામિણવિકાસમાં જુદી જુદી રીતે ફાળો આપે છે. આ પ્રમાણે છે.

- ગામડામાં નાના અને કુટીર ઉદ્યોગોમા લોટની ચક્કી, ઘરઘંટી, ચારો કાપવાનું મશીન, રૂ બનાવવાનું મશીન વગેરે બાયોગેસથી ઉત્પન્ન થતી ઊર્જા વડે સરળતાથી ચલાવી શકાય છે.
- બાયોગેસ પ્રદુષણને અંકુશમાં રાખવાનું મહત્વનું કામ કરે છે. કારણ પશુઓ અને માનવ દ્વારા ગમે ત્યાં કરવામાં આવેલા મળમૂત્રના ત્યાગનો ઉપયોગ બાયોગેસમાં કરવામાં આવે છે. જેથી પ્રદુષણ અટકાવી શકાયછે.
- બાયોગેસ મહિલાઓ માટે ખાસ આશિર્વાદરૂપ છે. મહિલાઓ અને બાળકો દ્વારા ઈંધણ સામગ્રને એકત્ર કરવા, તથા ખાવનું બનાવવામાં વધારે સમય બરબાદ થાયછે. વળી, ધુમાડાથી કાળા થયેલા વાસણો ઘસવા અને ધુમાડાથી આંખ અને ફેફસાની બિમારી જેવી અનેક સમસ્યાઓ અને પરેશાનીઓ દૂર કરી શકાય છે.
- ગ્રામ્ય વિસ્તારમાં નિર્ધૂમ ચૂલા બાવવામાં આવ્યા છે. જે બાયોગેસથી પ્રાપ્ત ઊર્જાથી ચાલે છે. જે સરળતાથી ખાવાનું બનાવવામાં ઉપયોગી છે.
- બાયોગેસથી જે ઉર્જા પ્રાપ્ત થાય તેમાંથી ડિઝલ એન્જિન પણ ચલાવાવમાં આવે છે.જેથી ડિઝલની બચત થાય છે તથા ડિઝલની કટોકટીમાં રાહત થાય છે.
- બાયોગેસ દ્વારા નાઈટ્રોજન, પોટાશ અને ફોસ્ફરસ જેવા ખાતરો મેળવી શકાય છે.
- બાયોગેસના ઉત્પાદનમાં 'સ્લરી'નામનું તત્વ જોવા મળે છે. આ તત્ત્વ માછલીઓ માટે ઉપયોગી છે. જો આ 'સ્લરી' ને તળાવમાં નાખવામાં આવે તો માછલીઓનું ઉત્પાદન વધે છે એટલે કે મત્સ્યઉધ્યોગના વિકાસમાં પણ મદદરૂપ થાય છે.

ભારતમાં પશુપાલન વ્યવસાયને ધ્યાનમાં લેતાં તથા ઢોરોની સંખ્યાને ધ્યાનમાં લેતા બાયોગેસ એક અગત્યનો ઉર્જા સ્ત્રોત બની રહે છે. વળી તે ધુમાડા વગરનો, સસ્તો અને સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેમ છે. જે પ્રદુષણને અટકાવવામાં તથા ગ્રામ્ય વિકાસમાં મહત્વનો ફાળો આપતો સ્ત્રોત છે.

# ભારતીય આયોજનમાં ગ્રામોદ્યોગની અનિવાર્યતા અને સ્થાન

✍ ધીરેન વંડ્રા

*ગ્રામીણ ગરીબી-બેકારીને કારણે મોટા પ્રમાણમાં ગ્રામીણ વિસ્તારથી શહેર તરફ સ્થળાંતર વધ્યું છે. ગ્રામીણ પ્રજા શહેરોમાં નીચા વેતન દરે કામ કરવા તૈયાર હોય છે. ગ્રામીણ અને શહેરી ગરીબીને નીચી ઉત્પાદકતા, નીચા વેતનો, અર્ધરોજગારી અને કામના સદંતર અભાવનાં પ્રશ્નોથી પણ ઓળખાવી શકાય. આ અર્ધ બેકારીનાં પ્રશ્નોનો ઉકેલ પાંચ-દસ વર્ષોમાં લાખો રોજગારી સર્જવાથી પણ કરી શકાય તેમ નથી. પરંતુ ગ્રામોદ્યોગો દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં જ લોકોની કુશળતા અને લોકોને ફાજલ સમયને ધ્યાનમાં રાખી વધારાની રોજગારી સર્જી શકાય તેમ છે. ગ્રામોદ્યોગોનો વિકાસ થતાં ગ્રામીણ લોકોને ખેતી સિવાયનાં સમયમાં રોજગારી પ્રાપ્ત થશે.*

**ભા**રતીય અર્થતંત્રે વિકાસના અનેક માપદંડો સિધ્ધ કર્યા, છતાં પંદર વર્ષના આર્થિક સુધારાઓના અમલીકરણ પછી પણ ભારતમાં આજે ૪૦ કરોડ નિરક્ષર કેમ રહ્યા ? ૨૬ કરોડ પ્રજાને આજે પણ રોજના ૪૦ થી ૫૦ રૂપિયામાં જીવન કેમ વીતાવવું પડે છે ? ૪૦ કરોડ લોકોને રોજના રૂપિયા ૮૦ થી ૯૦ માં જ જીવવું કેમ પડે છે ? ખેતમજૂરોનું પ્રમાણ ૩૨ % જેટલું કેમ છે ? બેંકીંગ ક્ષેત્રના વિકાસ પછી ૪૮.૬% ખેડૂત કુટુંબો દેવામાં કેમ ડુબેલા છે ? ૧૯૯૭ થી ૨૦૦૫ સુધીમાં દોઢ લાખ ખેડૂતોને આત્મહત્યા કેમ કરવી પડી ? હરિયાળી ક્રાંતિ પછી પણ અન્ન સ્વાવલંબન કેમ નથી ? આટલા આર્થિક વિકાસ પછી પણ શિક્ષણ, આરોગ્ય જેવા માનવસંસાધન વિકાસ આંકમાં ભારતનો ક્રમ ૧૨૮મો કેમ ?આ સમસ્યાઓનો ઉકેલ ગરીબોને, ખેડૂતોને, વિકાસમાંથી છૂટી ગયેલાઓને નાણાકીય રાહતો કે પેકેજ આપવાથી નહીં મળે. આ બધી જ સમસ્યાના ઉકેલ માટે તો ગાંધી ચીંધ્યા આર્થિક ઉપાયોને જ મૂળ આધાર ગણી નવી આર્થિક વ્યૂહરચના વિકસાવવી જ પડશે. અર્થતંત્રમાં ગ્રામોદ્યોગને અનિવાર્યપણે મહત્વ આપવુંજ પડશે.

મહાત્મા ગાંધીએ ભારતના અર્થકારણ, સમાજ, સંસ્કૃતિ અને સભ્યતાને નજર સામે રાખીને, દેશમાં આર્થિક સામાજીક સમસ્યાઓના નિરાકરણ માટે ભારતીય પરિસ્થિતિને અનુરૂપ આર્થિક વિચારો રજૂ કરેલા છે. તેમાં ખેતી અને ગ્રામોદ્યોગના વિકાસની હિમાયત કરેલી છે જ. ગ્રામીણ અર્થવ્યવસ્થાને સ્વાવલંબી બનાવવા માટે ખેતીને ઉદ્યોગો સાથે સાંકળવાની વાત કરેલી. કારણ કે ખેતી પર ભારણ ન થાય અને ગ્રામીણ પ્રજાને ગામડામાંજ રોજગારી પ્રાપ્ત થાય, શહેરોમાં રોજગારી માટે ભટકવું ન પડે, ખેડૂતોને તેમની પેદાશોના વ્યાજબી ભાવો મળી રહે તે માટે જ ગ્રામોદ્યોગની ભલામણ કરવામાં આવી છે. પરંતુ કમનસીબે વર્તમાન આયોજનમાં ગ્રામોદ્યોગને બદલે મોટા, મેગા ઉદ્યોગોને વધારે મહત્વ અપાયું છે. ખેતીના વ્યવસાયથી છૂટા પડીને ગ્રામીણ સમાજ અન્ય રોજગારી માટે શહેરો તરફ સ્થળાંતર કરે છે. પરિણામે ગ્રામીણ બેકારીનું શહેરી બેકારીમાં રૂપાંતર થઇ રહ્યું છે. આ સર્વે પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રામોદ્યોગનાં વિકાસની આશા અસ્થાને નથી જ, કારણ કે આપણા દેશની બેકારીની સ્થિતિ અને ગરીબીના નિવારણ માટે, તાત્કાલીક, કાયમી આવક માટે રોજગારીના અને ખેતી-ઉત્પાદનનાં વેચાણ સંદર્ભે ગ્રામોદ્યોગોનો વિકાસ અનિવાર્ય છે. વર્તમાન સમયનાં પર્યાવરણ અર્થશાસ્ત્રનાં આધુનિક ખ્યાલ 'ટકાઉ પોષણક્ષમ વિકાસ' માં પણ Tearless & Fearless Development ની વાત ગાજતી થઇ છે. તેના માટે પણ ગ્રામોદ્યોગોનો વિકાસ જરૂરી છે. ઔદ્યોગીકરણ અને શહેરીકરણને કારણે એકાંગી અને અસમતુલીત વિકાસ થવાથી પ્રદુષણની સમસ્યાઓ જન્મી છે. વધી છે. આથી જ સરકારે ગ્રામોદ્યોગોનાં વિકાસ

(લેખક કોલેજ ઓફ રૂરલ સ્ટડીઝ, માંગરોળમાં વ્યાખ્યાતા છે.)

માટે ધ્યાન કેન્દ્રીત કરવાની આવશ્યકતા છે. ગ્રામોદ્યોગોની કેટલીક ફાયદાકારક અસરો નીચે પ્રમાણે જોવા મળે છે.

### ગ્રામોદ્યોગોની ફાયદાકારક અસરો

#### ગ્રામીણ ગરીબી-બેકારીનું નિવારણ

ગ્રામીણ ગરીબી-બેકારીને કારણે મોટા પ્રમાણમાં ગ્રામીણ વિસ્તારથી શહેર તરફ સ્થળાંતર વધ્યું છે. ગ્રામીણ પ્રજા શહેરોમાં નીચા વેતન દરે કામ કરવા તૈયાર હોય છે. ગ્રામીણ અને શહેરી ગરીબીને નીચી ઉત્પાદકતા, નીચા વેતનો, અર્ધરોજગારી અને કામના સદંતર અભાવનાં પ્રશ્નોથી પણ ઓળખાવી શકાય. આ અર્ધબેકારીનાં પ્રશ્નોનો ઉકેલ પાંચ-દસ વર્ષોમાં લાખો રોજગારી સર્જાવાથી પણ કરી શકાય તેમ નથી. પરંતુ ગ્રામોદ્યોગો દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં જ લોકોની કુશળતા અને લોકોના ફાજલ સમયને ધ્યાનમાં રાખી વધારાની રોજગારી સર્જી શકાય તેમ છે. ગ્રામોદ્યોગોનો વિકાસ થતાં ગ્રામીણ લોકોને ખેતી સિવાયના સમયમાં રોજગારી પ્રાપ્ત થશે. જેથી વધારાની આવક પણ પ્રાપ્ત થશે, પરિણામે ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી અને ગરીબીની સમસ્યા હળવી થશે.

#### યોગ્ય આર્થિક રૂપાંતરણ

અલ્પવિકસિત દેશનું વિકસિત દેશમાં રૂપાંતરણ થાય ત્યારે માથાદીઠ આવક વધે છે. રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં ખેતીનો ફાળો ઘટે છે. ઉદ્યોગો અને સેવાક્ષેત્રોનો ફાળો વધે છે. આ આર્થિક રૂપાંતરણને યોગ્ય બનાવવા માટે ગ્રામોદ્યોગીકરણ જરૂરી છે. સૌ પ્રથમ ખેતીનો વિકાસ થતાં ગ્રામોદ્યોગો વિકસશે તેથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકોનું સર્જન થશે. પરિણામે ખેતી પરનું ભારણ ઘટશે અને ખેતી ઉત્પાદનની સાથે સાથે ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રોનો વિકાસ થતાં રાષ્ટ્રીય આવક અને રોજગારમાં હિસ્સો વધશે. આથી ગ્રામીણ વિસ્તારોમાં ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થતાં શહેરી વિસ્તારમાં ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રોનો વિકાસ શક્ય બનશે. અંતે સમતોલ રીતે સફળ આર્થિક રૂપાંતરણ શક્ય બનશે.

#### શહેરીકરણનાં પ્રશ્નોનું નિરાકરણ

અતિ શહેરીકરણ થવાને કારણે શહેરોની વસ્તીમાં, શહેરોની સંખ્યામાં, મહાનગરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યોછે. પરિણામે શહેરી ગીચતાના, સફાઈનાં, શિક્ષણનાં, રહેઠાણનાં, પીવાના પાણીનાં, વાહન વ્યવહારના, પ્રદુષણનાં, આરોગ્યનાં પ્રશ્નો વધી રહ્યા છે. વિકાસના લાભો તો શહેરના ઉચ્ચવર્ગના મર્યાદિત લોકોને જ પ્રાપ્ત થાય છે. આ શહેરીકરણનાં ગંભીર પ્રશ્નો હલ કરવા માટે વ્યવસ્થા કરવી જરૂરી છે. જેથી અતિ વસ્તીથી સર્જાતી સમસ્યાઓનું આપોઆપ નિરાકરણ થાય. આમ ગ્રામોદ્યોગ શહેરીકરણનાં પ્રશ્નોનું નિરાકરણ છે.

#### જરૂરિયાતવાળા લોકોને લાભ પ્રાપ્ત થાય

ગ્રામીણ બેકારી-ગરીબીના નિવારણ માટે અને ખેતવિકાસ માટે રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા સંખ્યાબંધ કાર્યક્રમો યોજનાઓ અમલમાં આવતા છતાં ગ્રામીણ બેકારી, ગરીબીની સમસ્યા યથાવત રહી છે. કારણ કે લાભાર્થીઓને પૂરતી રકમ મળતી નથી, જરૂરિયાતવાળા લોકો યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે. ગ્રામોદ્યોગોનાં વિકાસથી ખેતમજૂરોને જરૂરી રોજગારી અને વળતર આપી શકાશે. આમ, અનેક યોજનાઓનાં અબજો રૂપિયા ખર્ચવાને બદલે ગ્રામોદ્યોગો દ્વારા લોકોનો આર્થિક વિકાસ શક્ય બનશે.

#### ખેતીઉદ્યોગોનો વિકાસ

ગ્રામીણ વિસ્તારોમાં ખેતી આધારિત ઉદ્યોગોના વિકાસની ઘણી તકો રહેલી છે.

- તમાકુની બનાવટો, કાગળની બનાવટ, ખાદ્યપદાર્થોની બનાવટો વગેરેના ઉદ્યોગો વિકસાવવાની ક્ષમતા ગ્રામીણ વિસ્તારમાં રહેલી છે. કારણ કે કાચોમાલ, શ્રમ, કુદરતી સાધનો, મૂડી અને તૈયાર થયેલ માલનું મોટું બજાર ગ્રામીણ વિસ્તારમાંજ પ્રાપ્ત થાય છે.
- ખેતી ઉદ્યોગોને સરળતાથી સ્થળાંતર કરી શકાય છે. તેમાંથી વધારાનાં મૂડી રોકાણ દ્વારા વધુ રોજગારી અને વધુ આવક મેળવી શકાય છે. રોજગારી અને આવકમાં વધારો થતાં લોકોની જીવન જરૂરી વસ્તુઓની માંગ વધશે, પરિણામે વપરાશી વસ્તુઓના ઉત્પાદનને પ્રોત્સાહન મળશે.
- ખેતી આધારિત ઉદ્યોગોનો વિકાસ થવાથી ખેતીના કાચામાલનો નફાકારક ઉપયોગ થશે. પરિણામે ખેતી અને ઉદ્યોગોને પ્રાત્સાહન મળશે.
- ખેતી ઉદ્યોગોનો વિકાસ થતાં ખેડૂતોને ખેત ઉત્પાદન વધારવાનું પ્રોત્સાહન મળશે. ગ્રામીણ સાહસિકો પોતાના ઉદ્યોગોને વધુ આધુનિક બનાવવાનો પ્રયત્ન કરશે. આધુનિકરણથી ખેતી અને ઉત્પાદન પધ્ધતિમાં સુધારો થથાં ગ્રામીણ વિસ્તારોનો આર્થિક વિકાસ શક્ય બનશે.
- ખેત ઉદ્યોગોનો વિકાસ થવાથી ખેત ઉત્પાદનમાં વધારો કરવા માટે નવા સંશોધનોને વેગ મળે છે. ખેત

પેદાશની ગુણવત્તા અને ઉત્પાદકતા વધારવા વિસ્તરણ સેવાઓ, ખેડૂત તાલિમ, ધિરાણની સગવડ અને સાધનોમાં વધારો થતાં નાના ખેડૂતોને લાભ મળશે.

- ખેત ઉત્પાદન વધવાની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાં પશુપાલન વ્યવસાય વધતા દૂધ ઉત્પાદન વધશે, મધમાખી પાલન, રેશમના કીડા ઉછેર, મત્સ્ય ઉદ્યોગ, ખેતી આધારિત ઉદ્યોગો જેવા કે સુથારી કામ, લુહારી કામ, ચર્મ ઉદ્યોગને પણ પ્રોત્સાહન મળશે.

## પંચવર્ષીય યોજનાઓમાં ગ્રામોદ્યોગીકરણને સ્થાન

### પ્રથમ યોજના

પ્રથમ યોજનામાં નાના ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્યની કરવેરાની જવાબદારીઓ નક્કી કરવામાં આવી. પસંદગીનાં ગ્રામોદ્યોગોના વિકાસ માટે વિશિષ્ઠ કાર્યક્રમો હાથ ધરાયા. મોટા ઉદ્યોગો સામે રક્ષણ આપવા માટે સંરક્ષણ વિકાસ બન્નેને મહત્વ આપવામાં આવ્યું.

### બીજી યોજના

આ યોજનામાં કર્વે સમિતિની નિરણૂંક થતાં, આર્થિક વિકેન્દ્રીકરણ, ગ્રામીણ અને પ્રણાલીગત ઉદ્યોગોમાં ટેકનીકલ સુધારાની ખાસ ભલામણ કરાઈ. ગ્રામોદ્યોગો માટે નાણાકીય રકમમાં અગાઉની યોજના કરતાં ૪૪૮%નો વધારો થયો. ભારતમાં સમતુલીત વિકાસ માટે રાષ્ટ્રીય કક્ષાનાં છ બોર્ડ સ્થાપવામાં આવ્યાં. જેમાં સિલ્ક બોર્ડ, કેઈર બોર્ડ, હેન્ડલુમ બોર્ડ, હેન્ડીક્રાફ્ટ બોર્ડ, ખાદી અને વીલેજ ઈન્ડસ્ટ્રીઝ બોર્ડ અને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ કમિશનનો સમાવેશ થાય છે.

### ત્રીજી યોજના

આ યોજનામાં "પ્રોજેક્ટ ઓફ ઈન્ટેન્સિવ ડેવલપમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ ઈન રૂરલ એરિયાઝ" ની શરૂઆત કરાઈ. તેના મુખ્ય હેતુ ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો વધારવી, ગ્રામીણ વ્યવસાયીક માળખામાં વિવિધતા લાવવી, શહેરી વિસ્તાર તરફ થતું સ્થળાંતર રોકવું વગેરે હતાં. પરંતુ આ કાર્યક્રમ બિન અસરકારક સાબિત થતાં બંધ કરવામાં આવ્યો.

### ચોથી યોજના

ભૂતકાળનાં અનુભવો અને ટેકનીકલ ક્ષતિઓને ધ્યાને રાખી આ યોજનામાં ગ્રામીણ અને નાના ઉદ્યોગક્ષેત્રોમાં ટેકનીકલ સુધારા ઉપર ભાર મૂકાયો. ઉત્પાદનમાં ટેકનીકલ સુધારો થતાં બેકારીમાં વધારો થવાથી આ કાર્યક્રમ પણ મુલતવી રાખવામાં આવ્યો.

### પાંચમી યોજના

નાણાકીય ફાળવણી રૂા.૨૯૩ કરોડ થી વધારીને રૂ. ૫૧૦ કરોડ કરાઈ. નવી ઔદ્યોગિક નીતિમાં ગ્રામોદ્યોગોને સર્વાધિક મહત્વ અપાયું. ખાદી એન્ડ વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન માટે અનામત વસ્તુઓ ૧૮૦ થી વધારીને ૮૦૦ કરવામાં આવી. ગ્રામોદ્યોગીકરણનાં તમામ પાસાઓ ઉપર દેખરેખ રાખવા "જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો" ની સ્થાપના કરાઈ આ નીતિમાં ગાંધીજીના ગ્રામોદ્યોગના વિચારોનો અમલ કરવાનો પ્રયત્ન થયો.

### છટ્ઠી યોજના

આ યોજનામાં નાણાંકીય ફાળવણી રૂા.૧૪૧૦ કરોડની કરાઈ. આ ઉપરાંત બીજા રૂા.૩૦૦ કરોડ વધારાના ફાળવાયાં. ગ્રામીણ વિસ્તારોને આર્થિક રીતે સક્ષમ બનાવવા હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ, ખાદી અને બીજા ઉદ્યોગોનાં વિકાસ ઉપર ખાસ ધ્યાન અપાયું.

### સાતમી અને આઠમી યોજના

સાતમી યોજનામાંર રૂા. ૨૭૫૨.૭ કરોડ નાના ઉદ્યોગોનાં વિકાસ માટે ફાળવાયા. આઠમી યોજનામાં રોજગારીની તકો વધારવા, કૃષિ, બાગાયાત, રેશમના કીડાનો ઉછેર વગેરેને મહત્વ અપાયું. ગરીબીના નિવારણ માટે ખાદી ગ્રામ ઉદ્યોગો, હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ જેવા ઉદ્યોગોનો વિકાસ કરાયો.

### ૧૯૯૧ પછી

ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની નીતિના અમલના સંદર્ભે નાના ઉદ્યોગોની કાર્યદક્ષતા, ઉત્પાદકતા અને સ્પર્ધાત્મકતા વધે તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. નાના ઉદ્યોગો અને ગ્રામોદ્યોગોને આધુનિક બનાવવા માટે વધારે રોકાણની આવશ્યકતા હોવાથી નાના ઉદ્યોગોની રોકાણની મર્યાદા રૂા. ૧ કરોડ કરવામાં આવી. રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ખાદી અને કુટીર ઉદ્યોગો તેમજ કારીગરોને આપવામાં આવતી લોનની મર્યાદા રૂા. ૫૦,૦૦૦ થી વધારીને રૂા.૧૦ લાખ સુધીની કરવામાં આવી.

**ભારતમાં નાના ઔદ્યોગિક એકમોની સંખ્યા (લાખમાં)**

| વર્ષ | નાનાઉદ્યોગોની સંખ્યા | રોજગારીની તકો |
|---|---|---|
| ૨૦૦૦-૦૧ | ૧૦૧.૧૦ | ૨૩૯.૦૯ |
| ૨૦૦૧-૦૨ | ૧૦૫.૨૧ | ૨૪૯.૦૯ |
| ૨૦૦૨-૦૩ | ૧૦૯.૪૯ | ૨૬૦.૧૩ |
| ૨૦૦૩-૦૪ | ૧૧૩.૯૫ | ૨૭૧.૩૬ |
| ૨૦૦૪-૦૫ | ૧૧૮.૫૩ | ૨૮૨.૮૨ |

(પ્રાપ્તિ સ્થાનઃ ભારતના અર્થકારણની આંકડાકીય માહિતી, સૌ.યુનિ.રાજકોટ, ફેબ્રુ.-૨૦૦૭)

## ૧૦મી યોજનાનું નિરાશાજનક ચિત્ર

| વિકાસનું ક્ષેત્ર | ૨૦૦૨-૦૭ની નાણાકીય જોગવાઈ (કરોડ રૂપિયા) | ૨૦૦૨-૦૭નું વાસ્તવિક ખર્ચ (કરોડ રૂપિયા) |
|---|---|---|
| કૃષિ અને આનુસંગિક સેવાઓ | ૩૩૪૦.૧૩ | ૧૬૩૩.૫૩ |
| ઉર્જા | ૭૦૭૧.૦૦ | ૫૩૨૭.૪૬ |
| ઉદ્યોગ-ખનિજ | ૨૪૩૦.૦૦ | ૮૭૧.૦૦ |
| વિજ્ઞાન અને પર્યાવરણ | ૧૨૫૧.૮૭ | ૪૨૩.૦૦ |
| સામાન્ય આર્થિક સેવાઓ | ૯૮૫૫.૫૦ | ૯૧૫૬.૦૦ |
| સામાજિક સેવા | ૧૮૦૯૦.૭૭ | ૧૭૭૩૫.૮૧ |
| સામાન્ય સેવા | ૨૪.૫૦ | ૨૩.૧૮ |
| ખાસ વિસ્તરણ | ૪૫.૦૦ | ૦૦.૦૦ |
| ગ્રામીણ વિકાસ | ૧૨૩૬.૨૩ | ૧૫૬૫.૨૪ |
| પૂર,નિયંત્રણ, સિંચાઈ | ૧૦૩૫૦.૦૦ | ૧૧૩૯૬.૫૬ |
| પરિવહન | ૨૧૭૫.૦૦ | ૪૨૯૯.૯૧ |
| **કુલ** | **૫૫૮૭૦.૦૦** | **૫૨૪૩૨.૦૦** |

(અર્થસંકલન, ડિસેઃ૦૭, પે.૩૬૭)

### અગિયારમી યોજના

વૈશ્વિકરણની હવાને કારણે ભારતમાં કોર્પોરેટક્ષેત્રોનો ફેલાવો વધ્યો છે. ઔદ્યોગિક વિકાસનો દર ૧૦% જેટલો રહ્યો છે. પરંતુ તેમાં નાના ઉદ્યોગોનો ફાળો નહીંવત રહેવા પામ્યો છે. ભારતમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી અને ઉચ્ચ સેવાઓના ક્ષેત્રોનો દેખાવ ઉત્કૃષ્ટ રહ્યો છે. પરંતુ શ્રમપ્રધાન ઉત્પાદક એકમોની હરિફાઈ ક્ષમતા મર્યાદિત બનતી જાય છે. તેથી આવનારા સમયમાં શ્રમપ્રધાન ઉત્પાદક એકમોનો વિકાસ અનિવાર્ય બની રહે છે.

શ્રમપ્રધાન એકમોનાં ઝડપી વિકાસમાં અવરોધરૂપ બાબતોમાં વાહન વ્યવહારના માર્ગો, રેલ્વે, બંદર, હવાઈ સગવડો, ટેલીકમ્યુનીકેશન અને વિજળી જેવી પાયાની સગવડતા મર્યાદિત હોવાથી વિદેશી આયાત સામે આંતરિક બજારોને ટકાવી રાખવા હરિફાઈ કરવી પડશે.

*અનુ. પાનાનં ૪૭ થી શરૂ*

છે. આજ રીતે કઠોળના પાકના પ્રોત્સાહન માટે પણ ખેડૂતોને નિયત કરાયેલા દર અને વિસ્તાર માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

ગુજરાતને સબંધ છે ત્યાં સુધી ખાસ ઘઉંના વાવેતર વિસ્તારમાં ગુજરાત સરકારના પરિણામે વિક્રમી વધારો થયો છે. રાષ્ટ્રીયસ્તરે ઘઉંની વધતી જતી જરૂરિયાતના સંદર્ભમાં ઘઉંના ઉત્પાદનનો લક્ષ્યાંક ગયા વર્ષથી ભારત સરકારે નક્કી કરેલો તે મુજબ ગુજરાતને તેના અગાઉના ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨ લાખ હેકટરનો વધારો કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલો. ગુજરાતનો ઘઉંનો વાવેતર વિસ્તાર ૨૦૦૫ના વર્ષ સુધી સરેરાશ ૬ લાખ હેક્ટર જેટલો હતો. પરંતુ વાવેતર વિસ્તાર વધારવા માટે છેલ્લા ૩ વર્ષથી ગુજરાત સરકારે જે પ્રયાસો કર્યા તેના પરિણામે ઘઉંનો વાવેતર વિસ્તાર ગયા વર્ષે ૧૨ લાખ હેક્ટરે પહોંચ્યો. એનો અર્થ તે થયો કે ભારત સરકરે ફાળવેલા લક્ષ્યાંક કરતા વધુ ૪ લાખ હેક્ટરમાં ગુજરાતે ઘઉંનું વાવેતર અને તેના ઉત્પાદન અને તેની ઉત્પાદકતામાં ઘરખમ વધારો કર્યો છે. ચાલુ વર્ષે પણ ગુજરાત ઘઉંના વાવેતર, તેના ઉત્પાદન અને ઉત્પાદકતામાં વર્ષનો વિક્રમ તોડે તેવા સંકેતો જોવા મળે છે.

ગુજરાત સરકારે ભારત સરકારના ફૂડ સિક્યોરિટી મિશન અંતર્ગત જે કામગીરી કરવાની છે તે શરૂ કરી દીધી છે. અત્યાર સુધીમાં ફિલ્ડ પરના ડેમોસ્ટ્રેશનના ૭૭૦ના લક્ષ્યાંક સામે ૭૦૦ ફિલ્ડ ડેમોસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરી છે. એ જ રીતે બિયારણની મીનિકિટ્સની વહેંચણીના ૧૨,૦૦૦ના લક્ષ્યાંકની સામે ૧૨,૦૦૦ મીની-કિટ્સની વહેંચણી કરી દીધી છે. અન્ય કામગીરી પણ પૂર ઝડપે આગળ વધી રહી છે. આમ, ફૂડ સિક્યોરીટી મિશનના અમલીકરણની કામગીરી ગુજરાત સરકારે ગંભીરતા પૂર્વક હાથ પર લીધી જ છે. પરંતુ એથી વિશેષ મહત્વની બાબત એ છે કે રાજયના સર્વાંગી કૃષિ વિકાસ માટે ગુજરાત સરકારે કૃષિ મહોત્સવ સહિત અનેકવાર કૃષિ શિબિરોનું આયોજન કરીને જે કામગીરી હાથ ધરી તેના પરિણામે કૃષિ ક્ષેત્રે ગુજરાતે આ જે સમગ્ર દેશમાં મોખરાનું હાંસલ કરેલ છે. અલબત્ત ફૂડ સિક્યોરીટી મિશન જેવી રાષ્ટ્રિય યોજનાઓ નિઃશંકપણે જે તે રાજયને કૃષિ ક્ષેત્રના વિકાસ માટે સહાયરૂપ નિવડશે.

# શું તમે જાણો છો ? શા માટે તમારા નાણાની ખરીદારી ઘટતી અને ઘટતી જાય છે ?

પીનલ એન. પટેલ

**ફુગાવો શું છે અને તેને ચોક્કસ કઈ રીતે ગણી શકાય ?**

દરરોજ વધતા જતા ભાવો સાથે ફુગાવો સબંધ ધરાવે છે. વિવિધ ચીજવસ્તુઓના ભાવોમાં વધઘટ થતાની સાથેજ ફુગાવાના આંકડામાં મુશ્કેલી શરૂ થઈ જાય છે અને આ તમામ બાબતો ભાવ ઈન્ડેક્ષ દ્વારા નિર્ધારીત થાય છે. વિવિધ ચીજવસ્તુઓના ચોક્કસ વજન સાથે વધતા સમગ્ર ભાવો ઉપરથી જરૂરી ઈન્ડેક્ષ તૈયાર થાય છે. (જેમાં ચોક્કસ ચીજવસ્તુઓ અગત્યની અથવા બિન અગત્યની બને છે.)

ઘઉ અથવા ચોખાનો મહદઅંશે દરરોજ દરેક લોકો ઉપભોગ કરે છે કે જેનું તુલનાત્મક રીતે વધારે વજન હોય છે જ્યારે કાચનું ઓછુ વજન હોય છે. ઓછા વજનવાળી અથવા ઓછા ઉપભોગવાળી ચીજવસ્તુઓ કરતા વધુ ઉપભોગ થતી ચીજવસ્તુઓના ભાવ ફુગાવાની ગણતરી માટે વધુ મહત્વપૂર્ણ બને છે.

**શા માટે ભાવ ઈન્ડેક્ષમાં મોટો તફાવત જોવા મળે છે ?**

સમાજના અલગ અલગ વર્ગના લોકોને ભાવનો તફાવત અલગ અલગ રીતો અસરકર્તા બને છે. જો, તમે ઉદાહરણ તરીકે જુઓ તો મકાન બાંધકામનું કામ હાથ પર ન લીધું હોય ત્યારે સિમેન્ટની કિંમતમાં થયેલો ફેરફાર તમને લાગુ પડે નહિ. પરંતુ બિલ્ડર અથવા સિમેન્ટના ઉત્પાદક માટે આ ખૂબજ અગત્યની બાબત છે. ભારત ભરમાં આપણે ત્યાં પાંચ અલગ અલગ ભાવ ઈન્ડેક્ષ છે.જે પૈકીનું એક જથ્થાબંધ ભાવ ઈન્ડેક્ષ (ડબલ્યુ.પી.આઈ.) છે. જે જથ્થાબંધ ભાવમાં થતાં ફેરફારને નોંધે છે. મોટેભાગે ફુગાવાના દરની ગણતરી ડબલ્યુ.પી.આઈ.ના આધારે હાથ ધરવામાં આવે છે. ચોક્કસ સપ્તાહનો વાર્ષિક ફુગાવાનો દર ચીજવસ્તુઓના જથ્થાબંધ ભાવની સરેરાશ કિંમતના આધારે ગત વર્ષે અથવા પર સપ્તાહ અગાઉના તુલનાત્મક ગણતરી કરીને ટકાવારીમાં આપવામાં આવે છે.

એ પણ એટલું જ સ્વીકૃત કરવું અગત્યનું છે કે ફુગાવાનો દર ઘટે તો તેનો અર્થ એવો નથી કે વાસ્તવમાં કિંમતમાં ઘટાડો થાય. તેનો માત્ર અર્થ એવો થાય કે જે ટકાવારીથી ભાવો વધી રહ્યા હતાં તે થોડા ઘટ્યાં છે.

**શા માટે સત્તાવાર ટકાવારી દેશભરના ભાવવધારા પર આધાર રાખે છે ?**

ફુગાવાનો સત્તાવાર આંક આપણે જોયો તે રીતે ડબલ્યુપીઆઈ (જથ્થાબંધ ભાવ આંક) પર આધારિત છે. ગ્રાહકોને વાસ્તવમાં મહદઅંશે જથ્થાબંધ ભાવ સાથે નિસ્બત નથી. પરંતુ છૂટક ભાવ સ્પર્શે છે. જ્યારે ડબલ્યુપીઆઈ વાસ્તવમાં તમામ વસ્તુઓ આધારિત હોય છે. અને કોઈ પણ એક ગ્રાહક તે પૈકીની કેટલીક ચીજવસ્તુઓની ખરીદી ભાગ્યેજ કરે છે. ગ્રાહકોના ભાવાંક માટે ચાર ભાવ સુચકઆંક દર્શાવાય છે. ગ્રાહક ભાવ ઈન્ડેક્ષમાં કૃષિ મજૂરો (એ.એલ) ઔદ્યોગિક કામદારો (આઈ.ડબલ્યુ) શહેરના બિનસંગઠિત કર્મચારીઓ (યુ.એન.એન.ઈ) અને ગ્રામિણ મજૂરો (આર.એલ)નો સમાવેશ થાય છે.

**ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે સરકાર કયા પગલાઓ ભરે છે ?**

સરકાર સ્થાનિક જરૂરિયાતને પહોંચી વળવા માટે ચોખા, ઘઉં, કઠોળ અને અન્ય ખાદ્ય ધાન્યની નિકાસ પર પ્રતિબંધ લાદે છે.તેમજ તેઓ ખાદ્ય તેલ અને ખાદ્ય ચીજવસ્તુઓની આયાતી જકાત ઘટાડીને શૂન્ય સુધી કરે છે. આવી ચીજવસ્તુઓની નિકાસ અટકાવવા માટે સરકાર તેના ઉપર

*અનુ. પાનાનં ૪૫ ઉપર*

(લેખક શ્રીમતિ આર.કે.વઘાસીયા મહિલા કોમર્સ કોલેજ અમરેલીમાં પ્રાધ્યાપક છે.)

# પીવાના પાણીનો પ્રશ્ન અને મહિલાઓની મુશ્કેલી

રેખા કોટક

*ઉત્તર ગુજરાતમાં પાણીના સ્તર ખૂબ જ ઉંડા હોવાથી લોકો માટે પાણીની સગવડ ઉભી કરવી ખૂબ જ મુશ્કેલ છે. તે સંજોગોમાં સરકારની યોજનાઓ જેવી કે ખેત તલાવડી, તલાવો ઊંડા કરવા, નવા તળાવો, ચેકડેમ અને ગામ કુવા બનાવવા વિગેરે પાણીના સ્ત્રોતો ઊભા કરવાથી પાણીના સ્તર ઉંચા આવશે તેથી પીવાના તેમજ ઘર વપરાશ અને પશુપાલન માટેના પાણીની જરૂરિયાત થોડા ઘણા અંશે પૂરા પડશે.*

*સરકારની પાણી સંગ્રહન માટેની અનેક યોજનામાની એક યોજના વરસાદી પાણીનો સંગ્રહ કરવાની છે આ યોજના લોક ભાગીદારી અને સ્વૈચ્છિક સંસ્થાના સહકારથી અમલમાં મૂકી ઘરે ઘરે ટાંકા બનાવવાનમાં આવે તો આ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન મહદ અંશે હલ થઈ શકે.*

ગુજરાતને પાણીની અછતવાળુ રાજ્ય ગણવામાં આવે છે. રાજ્યના દક્ષિણ વિભાગ સિવાયનાં જિલ્લાઓમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડે છે. દક્ષિણ ગુજરાતમાં સરેરાશ ૧૦૦૦ મી.મી, મધ્ય ગુજરાતમાં ૮૦૦ થી ૧૦૦૦મી.મી. વરસાદ પણ માંડ પડે છે. આમ ઓછો વરસાદ અને વધતી જતી વસતિને કારણે પાણીની વધતી જતી જરૂરીયાતને પુરી કરવા ભુગર્ભજળ પર વધુમાં વધુ આધાર રાખવામાં આવે છે. ભૂગર્ભજળના વધુ પડતા ખેંચાણથી પાણીની એક નવી સમસ્યા ઉત્પન્ન થાય છે. ભૂગર્ભજળની સપાટી દર ત્રણ વર્ષે ત્રણથી પાંચ મીટર જેટલી ઊંડી ઉતરી રહી છે. ઉત્તર ગુજરાતમાં તો એક હજાર ફૂટ કરતાં વધુ ઉંડાણેથી પાણી મેળવવું પડે છે. રાજ્યના કુલ ૨૫ જિલ્લાઓમાંથી ૨૦ જિલ્લાઓમાં તો માનવમાત્ર માટે ખતરનાક કહેવાય તેવા ફ્લોરાઈડની માત્રા તીવ્ર પણે વધી રહી છે. એટલે આ વિસ્તારોમાંથી અમુકવિસ્તારમાં તો પાણી પીવા લાયક રહ્યા નથી.

**અભ્યાસની અગત્યતા**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ઘરકામ જેવાં કે રસોઇ, વાસણ, કપડાં પશુઓની સારસંભાળ ઘરના સભ્યોની પાણીની જરૂરિયાત પૂરી પાડવી વિગેરેનો સમાવેશ થાય છે.શહેરી વિસ્તારમાં આ વિસ્તારમાં આ બધા કાર્યો સ્ત્રીએ જાતે જ કરવા પડે છે. તેમાં પણ આદિવાસી વિસ્તાર કે જ્યાં સુખ સગવડના સાધનો ઓછા પહોંચ્યા છે તેવા વિસ્તારમાં મહિલાઓને પાણી મેળવવામાં મુશ્કેલી પડે છે ? તેમને ઘરના સભ્યોની મદદ મળી રહે છે કે નહીં ? વિગેરે બાબતો જાણવા માટે એક અભ્યાસ કરવો જરૂરી લાગ્યો.

**સંશોધન પધ્ધતિ**

ઉત્તર ગુજરાતમાં પાણીના પ્રશ્નોનું મુખ્ય કારણ અપૂરતો અને અનિયમિત વરસાદ છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા (૨૦.૧૭), બનાસકાંઠા (૮.૨૨), પાટણ (૧.૦૭) અને મહેસાણા (૯૦.૪૯) જિલ્લામાંથી સાબરકાંઠા વિસ્તારમાં આદિવાસી વસતિ વધુ હોવાથી અભ્યાસ માટે આ જિલ્લાને પસંદ કરવામાં આવ્યો. જિલ્લાની પસંદગી બાદ તાલુકાની પસંદગી માટે જ્યાં આદિવાસી વસતિ વધુ છે તેવા ખેડબ્રહ્મા તાલુકાને પસંદ કરવામાં આવ્યો હતો. તાલુકાની પસંદગી બાદ પાણી પુરવઠા ખાતાના સ્થાનિક અધિકારીઓ સાથે ચર્ચા કરતા માલુમ પડ્યુ હતુ કે આ તાલુકામાં પાણીની સમસ્યા પણ ઘણી વિકટ છે.

દરેક ગામડાઓમાથી ૧૦ ઉત્તરદાતાઓની ચદેચ્છી રીતે પસંદગી કરી પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી. આમ કુલ ૧૦૦ (૧૦x૧૦) મહિલાઓને ઉત્તરદાતાઓ તરીકે પસંદ

(લેખિકા સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમીક એન્ડ સોસીયલ રિસર્ચ, થલતેજ અમદાવાદમાં રીસર્ચ આસિસ્ટન્ટ છે.)

## કોષ્ટક-૧
## તાલુકાવાર આદિવાસી વસતિ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સાબરકાંઠા જીલ્લો | ૨૦૮૨૫૩૧ | ૧૦૬૯૫૫૪ | ૧૦૧૨૯૭૭ | ૪૨૦૨૪૨ | ૨૧૦૮૬૦ | ૨૦૯૩૮૨ | |
| ૧. | ખેડબ્રહ્મા | ૨૨૩૫૦૨ | ૧૧૩૭૪૩ | ૧૦૯૭૫૯ | ૧૫૩૭૦૪ | ૭૭૮૪૬ | ૭૫૮૫૮ | ૧ |
| ૨. | વિજયનગર | ૯૦૭૬૬ | ૪૫૦૬૪ | ૪૫૭૦૨ | ૬૮૫૪૫ | ૩૩૭૦૬ | ૩૪૮૩૦ | ૩ |
| ૩. | વડાલી | ૮૨૨૨૫ | ૪૨૩૦૮ | ૩૯૯૧૭ | ૨૨૮૮ | ૧૨૩૫ | ૧૦૫૩ | ૧૦ |
| ૪. | ઈડર | ૨૩૫૯૯૩ | ૧૨૦૯૦૯ | ૧૧૫૦૮૪ | ૧૧૩૪૧ | ૫૮૬૭ | ૫૪૭૪ | ૫ |
| ૫. | ભિલોડા | ૨૦૬૧૬૮ | ૧૦૩૮૨૯ | ૧૦૨૩૩૯ | ૧૧૪૦૦૭ | ૫૬૫૩૪ | ૫૭૪૭૩ | ૨ |
| ૬. | મેઘરજ | ૧૪૧૮૫૩ | ૭૨૨૨૭ | ૬૯૬૨૬ | ૫૧૬૧૨ | ૨૫૭૭૯ | ૨૫૮૩૩ | ૪ |
| ૭. | હિંમતનગર | ૨૫૬૭૬૨ | ૧૩૩૩૪૫ | ૧૨૩૪૧૭ | ૪૨૦૦ | ૨૨૬૩ | ૧૯૩૭ | ૭ |
| ૮. | પ્રાંતિજ | ૧૪૬૪૫૦ | ૭૬૬૮૫ | ૬૯૭૬૫ | ૮૫૨ | ૫૫૫ | ૨૯૭ | ૧૩ |
| ૯. | તલોદ | ૧૩૮૦૩૬ | ૭૧૪૧૯ | ૬૬૬૧૭ | ૮૭૬ | ૪૯૦ | ૩૮૬ | ૧૨ |
| ૧૦. | મોડાસા | ૧૯૧૯૯૬ | ૯૮૬૭૮ | ૯૩૩૧૮ | ૫૯૯૦ | ૩૦૨૬ | ૨૯૬૪ | ૬ |
| ૧૧. | ધનસુરા | ૯૬૩૮૯ | ૫૦૩૧૦ | ૪૬૦૭૯ | ૧૫૦૩ | ૭૯૫ | ૭૦૮ | ૧૧ |
| ૧૨ | માલપુર | ૮૬૦૬૩ | ૪૪૫૮૬ | ૪૧૪૭૭ | ૨૯૮૧ | ૧૫૩૪ | ૧૪૪૭ | ૮ |
| ૧૩. | બાયડ | ૧૮૬૩૨૮ | ૯૬૪૫૧ | ૮૯૮૭૭ | ૨૩૪૩ | ૧૨૩૦ | ૧૧૧૩ | ૯ |

કરવામાં આવ્યા હતા.

ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ અભ્યાસ માટે જરૂરી માહિતિ પ્રાપ્ત કરવામાં આવી હતી. આ માહિતિનું પૃથ્થકરણ કરતા નીચે મુજબના મુખ્ય તારણો પ્રાપ્ત થયા છે.

**તારણો**

- ૧૬ થી ૩૦ના વય જુથમાં ૩૮% અને ૩૧ થી ૫૦ ના વયજૂથમા ૪૮% ઉત્તરદાતાઓ છે આમ ૮૬% આ બે વયજૂથમા છે. જ્યારે ૧૫ વર્ષથી ઓછી વયજૂથના ૫ % ઉત્તરદાતાઓ જોવા મળ્યા છે.
- કુલ ૧૦૦ ઉત્તરદાતાઓમાંથી ૨૪ % ઉત્તરદાતાઓ અનુસૂચિત જનજાતિના અને ૨૫ % ઉત્તરદાતાઓ અનુ.જાતિના છે. ઉચ્ચ જ્ઞાતિનું પ્રમાણ ૩૨ % છે.
- સરેરાશ કુટુંબનું કદ કુલ ૬ વ્યક્તિનું છે.
- અભણ ઉત્તરદાતાઓનું પ્રમાણ ૫૮% છે. સાત ધોરણ સુધી ૨૦% ઉત્તરદાતાઓએ અભ્યાસ કરેલ છે. દસ ધોરણથી વધુ અભ્યાસ કર્યો હોય તેવા ફક્ત ૪ ઉત્તરદાતાઓ છે.
- તાલુકાના ગામોમા ગામકુવા/ બોર,જૂથ યોજના,હેન્ડ પંપ વિગેર પાણીના સ્ત્રોતો આવેલા છે.
- છ ગામ એવા છે કે જ્યાં પાણી મેળવવા માટે ફક્ત એકજ સ્ત્રોત છે.જ્યારે ત્રણ સ્ત્રોતો હોય એવું એક ગામ છે. બાકીના ત્રણ ગામમાં પાણી મેળવવા માટેના બે સ્ત્રોતો છે. ઉત્તરદાતાઓ માટે હેન્ડ પંપ એ પાણી મેળવવાનું મુખ્ય સ્ત્રોત છે.
- પાણી મેળવવાના અનેક સ્ત્રોતો છતાં લગભગ બધા જ ગામોમાં ઉનાળા દરમ્યાન પાણી મેળવવાની મુશ્કેલી છે.
- કુલ ૩૫% ઉત્તરદાતાઓને ઘર આંગણે પાણીની સગવડ છે. પરંતુ એક પણ ઉત્તરદાતાને ત્યાં બારેમાસ પાણી આવતું નથી. એટલે કે ઉત્તરદાતાઓએ વર્ષમાં અમુક દિવસો ગામના અન્ય પાણીનાં સ્ત્રોતો પરથી પાણી લાવવું પડે છે.
- ગામમાંથી પાણી લાવવા માટે ૬૮% ઉત્તરદાતાઓને ઘરના પુરુષ વર્ગની મદદ મળતી નથી.
- ગામમાં પાણીની સગવડ હોવા છતા બારેમાસ પાણી મળી રહેતું ન હોવાથી પાંચ ગામના ૫૦ ઉત્તરદાતાઓએ બીજા ગામથી પાણી લાવવું પડે છે.
- બીજા ગામથી પાણી લાવવા ઉત્તરદાતાઓએ ૨ થી ૪ કી.મી. દૂર જવું પડે છે.
- ઉત્તરદાતાઓ માટે બાજુના ગામના પાણીના સ્ત્રોતોમા ગામકુવા, ખાનગી બોર તેમજ પંચાયતના બોર છે.
- ગામની સ્ત્રીઓ એકઠી મળી ચાલતા જ બીજા ગામથી પાણી લેવા જાય છે.
- બીજા ગામથી પાણી લાવવામાં ઉત્તરદાતાઓએ ખાસ ખર્ચ કરવો પડતો નથી, જો તેઓ વાહન દ્વારા પાણી લાવે તો મહિને ૩૦૦ રૂપિયા સુધીનો ડિઝલ ખર્ચ થાય છે.
- અમારા અગાઉના ક્ષેત્રકાર્ય દરમ્યાન એવું જોવા મળ્યું હતું કે પાણીની કિંમત શારીરિક શ્રમના રૂપમાં લોકોને ચૂકવવી પડતી હતી.પરંતુ આ અભ્યાસમાં એક પણ ઉત્તરદાતાએ પાણીની કિંમત શારીરિક શ્રમના રૂપમાં ચૂકવવી પડી ન હતી.
- પાણીની તકલીફને કેટલાક કારીગર કુટુંબોએ બીજા સ્થળે રોજગારીની તક મળે ત્યાં સ્થળાંતર કર્યું હતું. પરંતુ ખેતી કરતા કુટુંબો પોતાની જમીન છોડીને બીજે સ્થળાંતર કરી શકે તેમ ન હોવાતી સ્થળાંતર કરતા નથી.
- પ્રત્યક્ષ મુલાકાત દરમ્યાન જોવા મળ્યુ હતું કે ઉત્તરદાતાઓએ પીવા તેમજ ઘર વપરાશના પાણી માટે ખુબજ મુશ્કેલી વેઠવી પડે છે.
- આ તાલુકામાં ફ્લોરાઈડની માત્રા વધુ હોવાથી પથરી, સાંધાનો દુ:ખાવો વિગેરે તકલીફ થાય છે, તેવું ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું.પરંતુ પાણીજન્ય રોગો જેવાકે મરડો,ટાઈફોઇડ, કમળો, થાય છે તેવું એક પણ ઉત્તરદાતાએ જણાવ્યું ન હતું.
- ઉત્તરદાતાઓએ અનેક જવાબદારી

જેમ કે આર્થિક ઉપાર્જન, માતા તરીકેની જવાબદારી ઘરસાચવવાની સાથે સાથે પાણી લાવવાની જવાબદારી પણ નિભાવવી પડે છે.

- ઘરના અન્ય કાર્યો છોડીને ૭૬% ઉત્તરદાયાતઓએ પાણી ભરવા જવું પડે છે.
- પાણી ભરવા પાછળ વધુ સમય આપવો પડતો હોવાથી ૪૫% ઉત્તરદાતાઓએ બાળકો, ઘરની બિમાર વ્યક્તિ અને વૃધ્ધ લોકોની સારસંભાળ રાખવામાં મુશ્કેલી પડે છે.
- કુલ ઉત્તરદાતાઓના ૩૨% ઉત્તરદાતાઓના જણાવ્યા અનુસાર પાણીની સમસ્યાઓને કારણે ઘરમાં કંકાસ થાય છે.
- ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું કે જે પુરુષો ઘરકામમાં મદદ કરે છે. તેઓ બાજુના ગામમાંથી વાહન દ્વારા પાણા લાવવાનું અને પશુઓની દેખરેખ રાખવાનું કાર્ય કરવામાં મદદ કરે છે.
- બાળકોના અભ્યાસ પર પાણીની સમસ્યાને કારણે અસર થાય છે તેમ જણાવનાર ૧૬ ઉત્તરદાતાઓ છે.
- પાણી ભરવાના કાર્યમાં માતાને મદદ કરતા બાળકો શાળામાં મોડા પડે અને અનિયમિતતાને કારણે અભ્યાસ પર ઓછું ધ્યાન આપતા હોવાથી પરિક્ષામાં નાપાસ થાય છે.
- પાણીની સમસ્યાઓને કારણે બે ઉત્તરદાતાઓને બાળકોએ ખાસ કરીને પુત્રીએ જ અભ્યાસ છોડી દેવો પડ્યો છે.
- આર્થિક પ્રવૃત્તિ કરી કૌટુંબિક આવકમાં વધારો કરતા હોય તેવા ૬૭% ઉત્તરદાતાઓ છે. આ તાલુકામાં કેટલાક ગામોનાં ઉત્તરદાતાઓને ખેતીની આવક વધુ હોવાથી તેઓ આર્થિક રીતે સધ્ધર હોવાથી આર્થિક પ્રવૃતિ કરવી પડતી ન હોતી.
- પાણીની સમસ્યાને કારણે આર્થિક પ્રવૃતિ કરવામાં મુશ્કેલી અનુભવતા હોય તેવા ૯૧% ઉત્તરદાતાઓ છે.પાણી લાવવામાં વધુ સમય ખર્ચાતો હોવાના કારણે તેઓ અડધો દિવસ અથવા એકાંતરે મજુરીએ જાય છે.
- બાહરથી પાણી લાવવાને કારણે શારીરિક તકલીફ અનુભવતા ૬૦% ઉત્તરદાતાઓ છે બાકીના ઉત્તરદાતાઓને પુરુષોની મદદ મળી રહે છે.
- શારીરિક તકલીફમાં માથા પર પાણી ઉચકીને લાવવું પડતું હોવાથી માથાનો દુઃખાવો, પગનો અને કમરનો દુઃખાવો તેમજ કુવામાંથી ઊંડાણથી પાણી ખેંચવું પડતું હોવાથી હાથનો અને છાતીનો દુઃખાવો થાય છે.

**આ સમસ્યાના તારણો પરથી નીચે મુજબના સુચનો કરી શકાય**

- ઉત્તર ગુજરાતમાં પાણીના સ્તર ખૂબ જ ઉંડા હોવાથી લોકો માટે પાણીની સગવડ ઉભી કરવી ખૂબ જ મુશ્કેલ છે. તે સંજોગોમાં સરકારની યોજનાઓ જેવી કે ખેત તલાવડી, તલાવો ઊંડા કરવા, નવા તળાવો, ચેકડેમ અને ગામ કુવા બનાવવા વિગેરે પાણીના સ્ત્રોતો ઊભા કરવાથી પાણીના સ્તર ઉંચા આવશે તેથી પીવાના તેમજ ઘર વપરાશ અને પશુપાલન માટેના પાણીની જરૂરિયાત થોડા ઘણા અંશે પૂરા પડશે.
- સરકારની પાણી સંગ્રહન માટેની અનેક યોજનામાની એક યોજના વરસાદી પાણીનો સંગ્રહ કરવાની છે આ યોજના લોક ભાગીદારી અને સ્વૈચ્છિક સંસ્થાના સહકારથી અમલમાં મૂકી ઘરે ઘરે ટાંકા બનાવવાનમાં આવે તો આ વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન મહદ અંશે હલ થઈ શકે. આ વિસ્તારની જમીનમાં ફ્લોરાઈડની માત્રા વધુ હોવાથી પાવીનું પાણી ફ્લોરાઈડ યુક્ત હોય છે જો આ રીતે વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવે તો આ પાણીથી થતા રોગો અટકાવી શકાય.
- ગામ લોકોમાં "મને પાણીની જરૂરિયાત છે તેટલી જ જરૂરિયાત બીજા લોકોને પણ હોય" તેવી ભાવના શેરી નાટક, દસ્તાવેજી ચિત્રો, ભવાઈ વિગેરે દ્વારા જાગૃત કરવામાં આવે તો ગામના બધા જ કોલોને ઘર આંગણે પાવીનું પાણી મળી રહે.
- ગામ લોકો પોતાને શુધ્ધ પાણી મળી રહે તે માટે ઘર ગથ્થુ ઉપાયો કરતા હોય છે. પરંતુ સરકાર દ્વારા ચકાસણી કેલ પાણી પુરુ પાડવામાં આવે તો પાણીની શુદ્ધતા અને ગુણવત્તા જળવાઈ રહે અને ગામના બધાજ લોકોને સમાન ગુણવત્તાવાળુ પીવાનું પાણી મળી રહે.
- પાણી લાવવાના કાર્યમાં પુરુષોની મદદ મેળવતા ઉત્તરદાતાઓની સંખ્યા ઓછી છે, તેથી આ કાર્યમાં પુરુષો સ્ત્રીઓને મદદરૂપ થાય તે માટે જાગૃતિ અભિયાન અનિવાર્ય છે.
- આ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાના કાર્યોમાં લોકોનો સહકાર અને સરકારની મદદ મળી રહે તો વર્તમાન પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય

• • •

# ઔષધિ અંગેની ખેતી કરી પ્રગતિના પંથે

અપરાજિતા પાંડા

*સંતોષિનીએ ખૂબજ ટૂંકા સમયમાં પ્રચંડ સિધ્ધિ હાંસલ કરી છે. યોગ્ય ઉદ્દેશ અને દ્દઢ સંકલ્પથી તેણીએ તે પુરવાર કર્યું છે જો જ્ઞાન અને ટેકો ફાળવવામાં આવે તો કોઈપણ વ્યક્તિ આ રીતે ઉંચાઈ પર પહોંચી શકે. એક મહિલા તરીકે તેણી ફક્ત પરંપરાગત માન્યતાઓ સામેજ નહિ પરંતુ સમગ્ર હિરાકુંડના વાવેતર વિસ્તારમાં ડાંગર સિવાય અન્ય પાક ના લઈ શકાય તેવી આ પ્રદેશની માન્યતા સામે પણ લડત કરી છે. આ ઉપરાંત તેણીએ સાબિત કર્યું છે કે કૃષિ વ્યવસાય એ નફાકારક ઉદ્યોગ છે. સંતોષિની તેમજ તેના જેવી જરૂરિયાતવાળી મહિલાઓને વધુ ઉત્સાહિત કરવાની જરૂર છે.*

ઓરીસ્સામાં હિરાકુંડનો સમગ્ર વાવણીલાયક વિસ્તાર રાજ્યના ચોખાના ઉત્પાદન મૉટે જાણીતો છે અને આ વિસ્તારનો પ્રવાસ કરો તો જોજનો દૂર સુધી ડાંગરના ખેતરો લહેરાતા જોવા મળે છે. અપવાદરૂપ જોઈએ તો આ વિસ્તારમાં કેટલાક ખેડૂતો શાકભાજીનો પાક લે છે. અલબત્ત અન્ય એક ખેડૂત અપવાદ રૂપે જિલ્લામાં અન્ય પાકની ખેતી કરે છે. આ સંતોષીની કર્તનાનું ખેતર છે. સંતોષીનીની ઉમર ૩૬ વર્ષ છે. તે શરમાળ અને સાદી દેખાતી ગામડાની સામાન્ય મહિલા છે. તેના દેખાવને જોતા લોકો ભૂલ કરી બેસીને તેને ઘરેલુ મહિલા સમજી બેસે છે.તેણીએ કૃષી ક્ષેત્રે ગૌરવ પ્રાપ્ત કર્યું છે કે જે ઓષધિઓનો પાક લેવા માટે ઉત્તેજન આપી રહી છે. તેણી તેના પરિવારને પરંપરાગત ડાંગરના પાકથી આગળ વધવા સમજાવી શકી હતી અને તે એક સફળ ઉદ્યોગ સાહસિક તરીકે ઉભરી આવી છે.

સંતોષીની માટે સામા પવને કામ કરવું સરળ ન હતું. હિરાકુંડ વાવણી લાયક વિસ્તારમાં લોકોને ડાંગરની ખેતી કરવી અનુકુળ આવી ગઈ છે. ડાંગર સિવાયના પાકની ખેતી કરવાનો પ્રયત્ન કરવો તે પણ હિંમત માંગી લે તેવી વાત છે. તેણી જે પ્રકારના પાક માટે જોખમ ભર્યુ સાહસ કરવા વિચારતી હતી તેમાં નાણાકીય ઉંચુ જોખમ સંકળાયેલું હોવાથી વધુ હિમંત જરૂરી હતી. સંતોષિની નિમ્ન મધ્યમવર્ગના પરિવારની હોવાથી તેની પાસે આર્થિક સગવડતા કે પાકની સામે જોખમ ઉઠાવી શકવાની ક્ષમતા ન હતી.

સતોષિનીનો પતિ ફકિરા કર્ના કે જે સંતોષિનીને આ વિચાર માટે ટેકો આપી રહ્યો હતો તે પણ નાની સુની વાત ન હતી. ફકિરા કૃષિ વિભાગ સાથે છુટક કામગીરી કરતો હતો તેની પાસે વારમસાં મળેલી ત્રણ એકર કરતા ઓછી જમીન હતી. આમ છતા તે કામય માટે સંતોષિનીના દ્દઢ નિશ્ચય અને સખત મહેનત માટે વખાણ કરતો હતો. જેથી તેણી આ કૃષિની વ્યવસાયને સારી રીતે સંભાળે. ફકિરાએ જણાવ્યું હતું કે જો હું તેણીને યોગ્ય રીતે ટેકો આપું તો તેણી અન્યથી અલગ તરી આવે અને તે સાબિત કરવા માટે હું તેને ટેકો આપતો હતો.

સંતોષિનીએ જણાવ્યું હતું કે ઔષધિ વનસ્પતિનું તૈયાર બજાર અનેડાંગરની ખેતીમાં થઈ રહેલું સતત નુકસાનને કારણે પાક બદલવા માટે હું દ્દઢનિશ્ચય કરી શકી હતી. ફકિરાએ કહ્યું હતું કે ડાંગરની ઓછી કિંમતના કારણે અમો ઘણા વર્ષોથી નુકશાન ઉઠાવી રહ્યા હતા. નીચી કિંમતના કારણે અમોને નહિવત નફો મળતો હતો. અમારી કંગાળ સ્થિતિ દૂર કરવા માટે અમે ડાંગર સિવાય અન્ય પાક તરફ નજર દોડાવી રહ્યાં હતાં.જેના પગલે અમારા જીવનમાં આનંદના

(લેખિકા સંબલપુર જિલ્લાની એન.એ.સી. કોલેજમાં પ્રાધ્યાપક છે. )

દિવસો આવ્યાં. ફકિરાએ વધુમાં જણાવ્યું હતું કે શરમાળ ઘરેલુ મહિલામાંથી સંતોષિની હવે સફળ ઉદ્યોગ સાહસિક બની છે જે વધુ જોખમવાળી પરંતુ વધુ વળતર આપતા પાકની ખેતી કરવા કૃતનિશ્ચયી બની છે.

સંતોષિનીએ જણાવ્યું હતું કે અગાઉ મને અથવા મારા પતિને સરકારની પ્રોત્સાહન યોજના અંગે જાણવા મળ્યું હતું. આ અંગે તેને કોઇ સાથે ચર્ચા કરતા મેં સાંભળ્યા હતા અને તે કામ કરવાની મેં ઇચ્છા વ્યક્ત કરી હતી. વધુમાં તેણીએ જણાવ્યું હતું કે શરૂઆતના તબક્કામાં મારા પતિએ હકારાત્મક અભિગમ દાખવ્યો ન હતો. આમ છતાં મે માહિતી એકત્રીત કરવાની શરૂઆત કરી હતી.

તેણીએ ઓષધિના પાક સાથે વ્યવહાર કરતી પેઢીઓના સરનામા એકત્રીત કર્યા હતા. અને તેમની સાથે વાતચીત શરૂ કરી હતી. એક પેઢી સાથે વાતચીત કરી હતી. તેની મુખ્ય કચેરી હૈદરાબાદમાં આવેલી છે પરંતુ આ પેઢીઓ દેશી ખાતરના ઉપયોગથી પાક તૈયાર કરતી ખેતીમાં રસ ધરાવતા હતાં. પરંતુ મેં સંખ્યાબંધ માહિતી પુસ્તિકાનો અભ્યાસ કર્યો હતો તેમાંથી મને શિખવા મળ્યું હતું કે જો ઓષધિની ખેતીમાં કેમીકલ (યુરિયા) અને રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે તો આ વનસ્પતિ ઓષધિ ઉપયોગી બનતી નથી. સંતોષિનીએ જણાવ્યું હતું કે પાછળથી તે છત્તીસગઢ સ્થિત ઘનતેશ્વરી મેડિકલ કંપનીના સંપર્કમાં આવી હતી અને સફેલ મુસલી (એલોવેરા)ની ખેતી કરવાનું નક્કી કર્યું. તેણે ભોપાલ સહિત અનેક સ્થળનો પ્રવસ ખેડ્યો અને અનેક અજાણ્યા પાક અંગે શક્ય તેટલી માહિતી અને જ્ઞાન પ્રાપ્ત કર્યું.

કોઇ વસ્તુમાં રસ દાખવવો અને તેને અમલમાં મુક્વું તે બન્ન અલગ બાબત છે. સંતોષિની પોતાની પરિસ્થિતિથી વાકેફ હતી. અને તેને ખૂબજ રસ હતો. પરંતુ તેની નાણાકીય સ્થિતિ તે સમયે તેનું સ્વપ્ન સાકાર કરવા માટે અપૂરતી હતી. આમ છતાં તેણીએ કામગીરી શરૂ કરી હતી. આવા કપરા સંજોગોમાં પ્રયત્નો શરૂ કરીને નજીકની રાષ્ટ્રીય કૃત બેંકમાંથી લોન મેળવીને પોતાની અઢી એકર જમીનમાં 'એલોવેરા અને બચા'ની વાવણી કરી હતી. સંતોષિનીએ કહ્યું હતું કે શરૂઆતના સમગ્ર વિસ્તારમાં ડાંગર સિવાય કોઈ પાક લેતા ન હતા એને કોઇને મહાવરો ન હોવાથી ગામડામાં ઘણા બધાંની ભ્રમરો ખેંચાઇ હતી. આ ગામના ઈતિહાસમાં ડાંગર સિવાય અન્ય કોઈ વાવણી થઈ ન હોવાથી વધુ આવક રળી આપતા ઔષધિના પાક અંગે લોકો શંકાની નજરે જોતા હતા, તેમ ફકિરાએ ઉમેર્યું હતું.

બેંકલોનથી પરિસ્થિતિ બદલાઈ હવે તેણી પાસે રૂપિયા થયા છે. સંતોષિનીનો વિશ્વાસ વધુ દ્રઢ થયો. અને આખરે તેણી કૃષિ ઉદ્યોગ સાહસિક બની. તેણીએ પોતાની યોજના પૂર્ણ કરતા સ્વપ્ન સાકાર કરી શકી. એકજ વર્ષના સમયગાળામાં તમામ ભય ખોટો પડ્યો. તગડો પાકનો ઉતારો સંતોષિનીની સફળતાનો પુરાવો હતો. પોતાના કાર્યમાં સફળતા મળતા તેણી ખુશ થઈ હતી અને સંખ્યાબંધ ટીકાકારોના મોઢા સિવાઇ ગયા હતા. તેણીએ નવા પાક માટે ત્રણ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જેમાં ખેતીલાયક ટકાઉ ઓજારોનો પણ સમાવેશ થાય છે.સંતોષિની પરંપરાગત ડાંગરના પાક કરતા વધુ નફો કમાઇ રહી છે. બીજા વર્ષે તેનો વિશ્વાસ વધ્યો અને તેણીએ પોતાની યોજના વિસ્તૃત બનાવી. આ સમયે રૂપિયા ૩૫ લાખ પાક લોન તરીકે લેવા બેંક અધિકારીઓને સમજાવટ કરવામાં મુશ્કેલી આવી ન હતી. તેનો આત્મવિશ્વાસ જોઇને ૧૦ એકર જમીનમાં વાવણી કરવા માટે તેના કામની સફળતાથી પ્રેરાઇ ખેડીતો તેને ભાટાપેટે જમીન આપવા તૈયારી બતાવી હતી. સંતોષિનીની ઓષધિ વાવાણીના સામ્રાજયમાં વધારો થયો. તેણીએ એલોવેરા ઉપરાંત, વેનીલા, સ્ટેવિઆ, બચા, પિપલી, ધતુરાના પાકનો વધારો કર્યો. આ વાવેતરમાંથી તેની ગણતરી મુજબનો નફો મળવા લાગ્યો અને ૩૫ લાખ પૈકી રૂપિયા ૨૩૦ લાખની લોન ભરપાઇ કરી.

સંતોષિની હવે તેના ભૂતકાળની પરિસ્થિતિથી ઘણી આગળ નિકળી ગઈ છે. તેણીએ હવે પોતાની ઉમા મહેશ્વરી હર્બલ એન્ડ સ્પાઇસ લી. નામની કંપની શરૂ કરી છે.તેણીનો વ્યવસાય ધમધોકાર ચાલી રહ્યો છે અને સંતોષિની હવે વિશ્વાસપાત્ર મિહલા વેપારી અને સમગ્ર વિસ્તારમાં ગુણવત્તા સભર ઉધ્યોગ સાહસિક બની છે. નોંધનીય બાબત એ છે કે સંતોષિની વધુ નફો કમાણી કરવા માટે ગમે તેવી જમીન પસંદ કરતી નથી. ખેતરમાં રાસાયણિક ખાતરનો ઉદ્યોગ ન થયો હોય અને દેશી ખાતર વપરાયું હોય તેની ખાસ ચકાસણી કરે છે. તેણીએ કહ્યું હતું કે ગાયના છાણનું ખાતર મરઘીના અવયવો અને લીમડાના પાનમાંથી તૈયાર થયેલું ખાતરનો ઉપયોગ કરે છે. હવે તેના ખેતરની મોટા અને અનુભવી દૂરના અને નજીકના

*અનુ. પાનાનં ૬૪ ઉપર*

# ભાવનાશીલ લોકો : શક્તિશાળી સંકલ્પ

વી.એસ.ગઢવી

*શ્રી શંભુભાઈ પટેલ નાના બારમોલી ગામના યુવાન ભાઈ કે જેઓ અમદાવાદ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય પણ છે. તેઓએ જે સંકલ્પ કર્યો તે સાંભળીને વ્યક્તિગત શુભ સંકલ્પની કલ્પનાતીત ગરીમાનો ખ્યાલ આવશે. શ્રી શંકરભાઈએ જણાવ્યું કે નાના ગામડાઓમાં કૂતરા, બિલાડાં, ભૂંડ જેવા નાનાં-મોટાં પ્રાણીનું મૃત્યુ થાય ત્યારે તેના નિકાલ માટે ચોક્કસ વ્યવસ્થા હોવા છતાં ઘણી વખત તેના નિકાલમાં વિલંબ થતો જોવા મળે છે. આમ થવાથી ગામડામાં સ્વચ્છતા અને આરોગ્ય માટે જોખમી પરિસ્થિતિ થાયછે. તેમણે દેત્રોજ ગામની જાહેર સભામાં ઈશ્વરની સાક્ષીએ સંકલ્પ કર્યો કે તેઓ પોતાના ગામમાં સ્વેચ્છાએ આવાં મૃત પ્રાણીઓના દેહનો નિકાલ કરશે. તેમણે પોતાની મોટર સાઈકલનો નંબર અને મોબાઈલ ફોન નંબર પણ સૌને જણાવ્યા. આ સંકલ્પને એક ખૂબજ નોંધપાત્ર અને પ્રશંસનીય ગણીને બિરદાવવાનું મન થાયતે સ્વાભાવિક છે.*

કોઈ ઉમદા હેતુ માટે ચોક્કસ કાર્યક્રમના માધ્યમથી માહોલ ઉભો કરવાના કામમાં સરકારી તંત્ર તથા સમાજના વિવિધ ઘટકો સંયુક્ત પ્રયાસો કરે તો ઘણાં આશ્ચર્યજનક અને સુખદ પરિણામ સહજ રીતે મળી શકે તેવી પ્રતિતિ પણ થાય. આ પ્રકારની અનુભૂતિ કરાવે તેવો પ્રયાસ અમદાવાદ જિલ્લાના દેત્રોજ ગામમાં થયો. દેત્રોજ ગામ આમ તો તાલુકાનું મુખ્ય મથક, પરંતુ વિકાસ કરવા માટે પ્રયત્નશીલ એવું મોટું ગામડું જ ગણાય, તેમ છતાં ''સ્વર્ણિમ ગુજરાત સંકલ્પ યાત્રા''ના દબદબાભેર આગમન પ્રસંગે સંકલ્પ યાત્રાને સત્કારવાનો તથા તેમાં સહભાગી થવાનો લોકોનો ઉત્સાહ ઘણો જ નોંધપાત્ર હતો. ઉપરાંત, પ્રમાણમાં ઓછા વિકસીત એવા આ વિસ્તારમાં પણ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બહેનોની વિશાળ હાજરી જોવા મળી. આ કાર્યક્રમના આયોજનના એક ભાગ સ્વરૂપ કેટલાક લોકો સ્વૈચ્છિક રીતે જાહેરમાં મંચ ઉપર આવીને સંકલ્પ કરે છે. આ પ્રકારે જે સંકલ્પ કરવામાં આવે છે તે વ્યક્તિગત રીતે કરવામાં આવે છે અને તેમનાં મનમાં ઉગી નીકળેલા કોઈ શુભ વિચારને સ્વેચ્છાએ અમલમાં મુકવાનો નિર્ધાર જાહેરમાં વ્યક્ત કરીને ગમતી વાતનો ગુલાલ કરવામાં આવે છે. મંડળો-સંસ્થાઓ-સ્થાનિકસ્વરાજની સંસ્થાઓ વગેરે પણ પોતાની કામગીરીને અનુરૂપ સંકલ્પ નક્કી કરીને જાહેર કરે છે.

આ કાર્યક્રમમાં જે લોકો એકત્રિત થયા હોય તે તમામ લોકો પણ નક્કી કરવામાં આવેલ શબ્દોના માધ્યમથી સામુહિક સંકલ્પ કરે છે. જેમાં મુખ્યત્વે પાણી-વિજળીની બચત તેમજ આરોગ્ય-સ્વચ્છતા જેવી વિકાસ માટેની પૂર્વ શરત સમાન બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. હવે દેત્રોજમાં જે કેટલાક વ્યક્તિગત સંકલ્પો લેવામાં આવ્યા કે જેનાથી પ્રભાવિત થવાય તેવું છે,તે બાબતો તરફ એક નજર કરીએ.

- શ્રી શંકરભાઈ પટેલ નામના રામપુરા ગામના એક સજ્જને જાહેરમાં સંકલ્પ કર્યો કે તેઓ તેમના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે પાંચ વૃક્ષો વાવશે અને તેનો જતનપૂર્વક ઉછેર કરશે.
- શ્રી યોગેશભાઈ જે.પટેલ (રામપુરા ગામ)ના એક ભાઈએ સંકલ્પ કર્યો કે એક મહિનામાં એક વખત ૧૦ કલાક માટે પોતાની માલિકીનું જે.સી.બી. સાર્વજનિક કામ માટે કોઈપણ પ્રકારનું વળતર લીધા વગર ચલાવશે. (જે.સી.બી. તળાવ ઉંડા કરવાનાં કે ગામડાઓના રસ્તા સાફ કરવાનાં, લેવલીંગ કરવાનાં કામો થાય છે. મશીનની કિંમત આશરે ૨૦ લાખ થાય છે અને તેમાં કલાકે ૭ થી ૮ લિટર ડિઝલ વપરાય છે.)
- શ્રી જયેશભાઈ બળદેવ ભાઈ પટેલે દેત્રોજ માધ્યમિક શાળાના વિશાળ ખુલ્લા મેદાનમાં નક્ષત્ર વનનું નિર્માણ કરવાનો દૃઢ સંકલ્પ યુવાનોને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી મંચ ઉપર આવીને કર્યો. નક્ષત્ર વનના આયોજનમાં કોઈ ચોક્કસ 'થીમ' પર આધારીત વૃક્ષારોપણ કરવામાં આવે છે. શહેરો-નગરોમાં તો આવા

(લેખક ગુજરાત રાજ્યના પાણી પુરવઠા વિભાગના સચિવ છે.)

પ્રોજેક્ટ અન્ય જગ્યાઓએ થયા છે.પરંતુ દેત્રોજ જેવા ગામમાં નક્ષત્ર વનનું નિર્માણ કોઈ શૈક્ષણિક સંકુલમાં કરવામાં આવે તે મોટી વાત ગણાય.

- માત્ર નવ વર્ષની ઉંમરની એક માસુમ બાલિકા જયશ્રી ડોડિયાએ સહેજ પણ ગભરાયા વગર ગૌરવની લાગણી સાથે સ્ટેજ ઉપર આવીને સંકલ્પ જાહેર કર્યો કે કદી પણ પરીક્ષામાં ચોરી કરશે નહીં અને કરાવશે પણ નહીં.
- દેત્રોજ તાલુકાના ઘણા ગામના લોકોએ તેમના ગામમાં બાળકો માટે ચલાવવામા આવતી આંગણવાડીઓમાં જુદી જુદી માત્રામાં દરરોજ દૂધનું વિતરણ કરવાનો સંકલ્પ કર્યો. તેઓએ જણાવ્યું કે સરકારી કાર્યક્રમ મુજબ આ બાળકોને પોષણયુક્ત આહાર મળે છે, તેમાં દૂધનો ઉમેરો કરવાથી આ કાર્યક્રમને સબળ ટેકો મળશે અને જેનો લાભ અમારા જ બાળકોના શારીરિક-માનસિક વિકાસ પર થશે.
- શ્રી શંભુભાઇ પટેલ નાના બારમોલી ગામના યુવાન ભાઇએ જે સંકલ્પ કર્યો તે સાંભળીને વ્યક્તિગત શુભ સંકલ્પની કલ્પનાતીત ગરીમાનો ખ્યાલ આવશે. શ્રી શંકરભાઇએ જણાવ્યું કે નાના ગામડાઓમાં કૂતરા, બિલાડાં, ભૂંડ જેવા નાનાં-મોટાં પ્રાણીનું મૃત્યુ થાય ત્યારે તેના નિકાલ માટે ચોક્કસ વ્યવસ્થા હોવા છતાં ઘણી વખત તેના નિકાલમાં વિલંબ થતો જોવા મળે છે. આમ થવાથી ગામડામાં સ્વચ્છતા અને આરોગ્ય માટે જોખમી પરિસ્થિતિ થાયછે. તેમણે દેત્રોજ ગામની જાહેર સભામાં ઇશ્વરની સાક્ષીએ સંકલ્પ કર્યો કે તેઓ પોતાના ગામમાં સ્વેચ્છાએ આવાં મૃત પ્રાણીઓના દેહનો નિકાલ કરશે. તેમણે પોતાની મોટર સાઇકલનો નંબર અને મોબાઇલ ફોન નંબર પણ સૌને જણાવ્યા. આ સંકલ્પને એક ખૂબજ નોંધપાત્ર અને પ્રશંસનીય ગણીને બિરદાવવાનું મન થાયતે સ્વાભાવિક છે.

ઉપર જણાવેલ સંકલ્પો માત્ર એક એવા નમુના સ્વરૂપ છે. આવા હજારો સંકલ્પો રાજયના ખૂણે ખૂણે વસતી ગુજરાતની પ્રજા સંકલ્પ યાત્રાના ભાગરૂપે કરે છે અને તેની અસર લાંબાગાળાના સમગ્ર સમાજમાં સામુહિક અને ટકાઉ વિકાસ ઉપર અચૂક દેખાશે તેવી શ્રધ્ધા મનમાં બંધાય છે. અંતે તો કોઈપણ સમાજનો સ્થાયી વિકાસ, બાહ્ય પરિસ્થિતિ કરતા તેની આંતરિક શક્તિ ઉપર વિશેષ રહે છે. તેની સાક્ષી ઇતિહાસ પૂરે છે. પૂજ્ય રવિશંકર મહારાજના પવિત્ર કરકમળોથી જે રાજ્યની સ્થાપનાનું દીપ પ્રાગટ્ય થયું તે દીવાની જ્યોત સંકોરવાનો તથા તેનું સિંચન કરવાનો એક ભગીરથ પ્રયાસ સક્રિય લોકભાગીદારીથી રાજ્ય સરકારના કાર્યક્રમોના માધ્યમથી કરી રહી છે.

*અનુ. પાનાનં ૬૨ થી શરૂ*

વિસ્તારના ખેડૂતો દ્વારા સમયાંતરે મુલાકાત લેવામાં આવે છે. મોટા અને અનુભવી ખેડૂતો દ્વારા તેણીના ખેતરની મુલાકાતે આવીને તેણીની સલાહ અને સહકાર મેળવાય છે. તેણીના ખેતરને એક ઉજળી તક તરીકે જોવાય છે. તેણી સફળતા પૂર્વક રીતે અન્યોને આ વ્યવસાયમાં જોતરી રહી છે. રસ ધરાવતા ખેડૂતોને તેણી ગુણવત્તા સભર વનસ્પતિનું સાહિત્ય અને અન્ય વિગતો પુરી પાડે છે. અને તેઓની સાથે તેમના પાકો ખરીદવાના કરારો પણ કરે છે. તેણીનો પતિ ગૌરવભેર જણાવે છે કે તેણીએ જે રીતે છત્તીસગઢના ખેતરમાં શરૂઆત કરી છે તેમાંથી તેણી ઘણુ બધુ શીખી છે.

અગાઉ ક્યારે જે કક્ષાએ ન પહોંચી હોય તેટલી ઉંચાઇએ પહોંચીને સંતોષિની હવે ભવિષ્યમાં આવનારા સ્પર્શતી સમસ્યાઓના સાચી દિશામાં ઉકેલ માટે વિચારી રહી છે. રાજ્યમાં વનસ્પતિ ઔષધી માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવાની બાકી છે. તેણીએ જણાવ્યું હતું કે આ કંપની ઉપર મોટાભાગે ઇશ્વરની કૃપા ઉતરી છે. અને તેઓ મોટે ભાગે ભાવ અંગે વિચારણા કરે છે. તેણીએ કહ્યું હતું કે અમારે પણ અમારી પ્રોડક્ટના ભાવ નિયંત્રણ કરવાની જરૂર છે. તેણી હવે ઓરિસ્સા હર્બલ ગ્રોવર એસોસિએશનની સક્રિય સભ્ય બની ગઇ છે અને એસોસિએશનના નેતાઓ સાથે માળખાગત સુવિધાના મુદ્દે મુખ્ય પ્રધાન સાથે બેઠક યોજી હતી. મુખ્ય પ્રધાને આ મુદ્દે ઘટતુ કરવાની હૈયા ધારણા આપી હોવાનું સંતોષિનીએ ઉમેર્યું હતું.

સંતોષિનીએ ખૂબજ ટૂંકા સમયમાં પ્રચંડ સિધ્ધિ હાંસલ કરી છે. યોગ્ય ઉદ્દેશ અને દઢ સંકલ્પથી તેણીએ તે પુરવાર કર્યું છે જો જ્ઞાન અને ટેકો ફાળવવામાં આવે તો કોઇપણ વ્યક્તિ આ રીતે ઉંચાઇ પર પહોંચી શકે. એક મહિલા તરીકે તેણી ફક્ત પરંપરાગત માન્યતાઓ સામેજ નહિ પરંતુ સમગ્ર હિરાકુંડના વાવેતર વિસ્તારમાં ડાંગર સિવાય અન્ય પાક ના લઈ શકાય તેવી આ પ્રદેશની માન્યતા સામે પણ લડત કરી છે. આ ઉપરાંત તેણીએ સાબિત કર્યું છે કે કૃષિ વ્યવસાય એ નફાકારક ઉદ્યોગ છે. સંતોષિની તેમજ તેના જેવી જરૂરિયાતવાળી મહિલાઓને વધુ ઉત્સાહિત કરવાની જરૂર છે.

# નર્મદા જિલ્લાની પીવાના પાણીની સમસ્યા

અલકા દવે

*દક્ષિણ ગુજરાતમાં પીવાના પાણીનો પ્રશ્નો અન્ય જિલ્લાઓ કરતા અલગ છે. આવિસ્તાર ઢોળાવવાળો હોવાથી વરસાદનું પાણી વહી જાય છે. તેથી વધુ વસસાદ હોવા છતાં પણ પાણીની મુશ્કેલી વેઠવી પડે છે. તેથી દક્ષિણ ગુજરાતના પાણીના પ્રશ્નને સમજવા માટે નર્મદા જિલ્લાનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ જિલ્લો ડાંગ જિલ્લા બાદ વધુ આદિવાસી વસતિ ધરાવે છે. જિલ્લાની પસંદગી કર્યા બાદ તાલુકાની અને ગામડાઓની પસંદગી કરવા માટે જિલ્લાના પાણી પુરવઠા વિભાગ અને જિલ્લા વિકાસ કચેરીના અધિકારીઓ સાથે પાણીના પ્રશ્નો અંગેની ચર્ચા કર્યા બાદ જે તાલુકામાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ છે તેવા એક તાલુકાની પસંદગી કરવામાં આવી. આ રીતે નર્મદા જિલ્લામાંથી તિલકવાડા તાલુકાને પસંદ કરવામાં આવ્યો.*

ગુજરાત રાજ્યની કુલ વસતિ ૧૯૯૧માં ચાર કરોડ હતી તે ૨૦૦૧માં વધીને આશરે પાંચ કરોડથી વધુ થઈ છે. વધતી વસતિની સાથે પાણીની જરૂરિયાત વધતી જાય છે. રાજ્યના જુદા જુદા વિસ્તારમાં વરસાદની તરાહ અલગ અલગ જોવા મળે છે. રાજ્યમાં વરસાદ અનિયમિત અને અપૂરતો છે. દર પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષ તો દુષ્કાળના હોય છે. ગુજરાત રાજ્યે છેલ્લા ૭૮ વર્ષમાં ૨૮ વર્ષ દુષ્કાળનાં ભોગવ્યા છે. આવી પરિસ્થિતિમાં પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે ભૂગર્ભજળ પર વધુ આધાર રાખવામાં આવે છે. ભૂગર્ભજળના વધુ પડતા ખેંચાણથી પાણીની એક નવી સમસ્યા ઉત્પન્ન કરે છે. ભૂગર્ભજળની સપાટી દર વર્ષે ત્રણથી પાંચ મીટર જેટલી ઊંડે ઉતરી રહી છે. ઉત્તર ગુજરાતમાં તો એક હજાર ફૂટ કરતા વધુ ઊંડાણેથી પાણી મેળવવું પડે છે. રાજ્યના કુલ ૨૫ જિલ્લા પૈકી ૨૦ જિલ્લાઓમાં તો માનવમાત્ર માટે ખતરનાક કહેવાય તેવા ફ્લોરાઇડની માત્રા તીવ્ર પણે વધી રહી છે. એટલે આ વિસ્તારોમાંથી અમુક જગ્યા પર તો પાણી પીવી લાયક રહ્યા નથી.

જળ એ સમગ્ર પ્રાણીજીવનના માટે અનિવાર્ય જરૂરિયાત છે.માનવ જીવનનો વસવાટ અને વિકાસ પાણી પર આધાર રાખે છે. માનવ સંસ્કૃતિનો વિકાસ પાણીના સ્ત્રોતોની આજુબાજુ જ થાય છે. દુનિયામાં વસતિ વધારો થતાં પાણીની માંગ વધતી જાય છે. જ્યારે બીજી તરફ પાણીના સ્ત્રોતોનો વધુ પડતો ઉપયોગ થતા દુનિયાના દેશોમાં જળની સમસ્યા ગંભીર બની છે.

ગુજરાત રાજ્યમાં અડધાથી વધુ વસતિ પાણીની સમસ્યાનો ભોગ બની રહી છે. રાજ્યના ૨૦૫ શહેરો અનો ૧૮૦૦૦ ગામોમાં પીવાના પાણીના પ્રશ્નો છે. તેમાંથી અડધા જેટલા "નો સોર્સ" (જ્યાં એક કી.મી. સુધી પીવાના પાણીની સગવડ ન હોય અથવા લોકોને દરરોજનું વ્યક્તિ દીઠ ૨૦ લીટરથી ઓછું પાણી મળતું હોય તો તેને "નો સોર્સ" વિલેજ કહેવાય છે.) ગામો છે. આ ગમોમાં ટેન્કરો દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે. શહેરી વિસ્તાર અને ગ્રામિણ વિસ્તારમાં પાણીના પ્રશ્નો જુદા જુદા છે.

### અભ્યાસની અગત્યતા

૧૯૯૫-૯૬માં સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ દ્વારા હાથ ધરાયેલ "કૃષિ ક્ષેત્રમાં સ્ત્રી ખેત મજૂરનો દરજ્જો" એક તુલનાત્મક અભ્યાસમાં આદિવાસી વિસ્તારની પ્રત્યક્ષ મુલાકાત સમયે આદીવાસી મહિલાઓને પાણી માટે ખૂબજ તકલીફ પડતી હતી તેવું નોંધવામાં

(લેખિકા સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમીક એન્ડ સોસીયલ રિસર્ચ, થલતેજ અમદાવાદમાં રીસર્ચ આસિસ્ટન્ટ છે.)

### કોષ્ટક ૧
### જીલ્લાવાર કુલ અને આદિવાસી વસતિ

| જીલ્લો | કુલ વસતિ | પુરુષ | સ્ત્રી | કુલ આદિવાસી વસતિ | પુરુષ | સ્ત્રી | ટકાવારી | ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|---|
| ડાંગ | ૧૮૬૭૨૯ | ૯૩૯૭૪ | ૯૨૭૫૫ | ૧૭૫૦૭૯ | ૮૭૭૬૩ | ૮૭૩૧૬ | ૯૩.૭૬ | ૧ |
| નર્મદા | ૫૧૪૪૦૪ | ૨૬૩૯૮૬ | ૨૫૦૪૧૮ | ૪૦૧૬૫૪ | ૨૦૪૩૪૪ | ૧૯૭૩૧૦ | ૭૮.૦૮ | ૨ |
| દાહોદ | ૧૬૩૬૪૩૩ | ૮૨૪૨૦૮ | ૮૧૨૨૨૫ | ૧૧૮૨૫૦૯ | ૫૯૩૭૬૬ | ૫૮૮૭૪૩ | ૭૨.૨૬ | ૩ |
| વલસાડ | ૧૪૧૦૫૫૩ | ૭૩૪૭૯૯ | ૬૭૫૭૫૪ | ૭૭૨૪૦૫ | ૩૮૬૩૯૫ | ૩૮૬૦૧૦ | ૫૪.૭૫ | ૪ |
| નવસારી | ૧૨૨૯૪૬૩ | ૬૨૮૯૮૮ | ૬૦૦૪૭૫ | ૫૯૧૧૬૪ | ૨૯૭૧૦૩ | ૨૯૪૦૬૧ | ૪૮.૦૮ | ૫ |
| ભરૂચ | ૧૩૭૦૬૫૬ | ૭૧૩૬૭૬ | ૬૫૬૯૮૦ | ૪૪૪૦૪૩ | ૨૨૮૦૧૭ | ૨૧૬૦૨૬ | ૩૨.૩૯ | ૬ |
| સુરત | ૪૯૯૫૧૭૪ | ૨૭૨૨૫૩૯ | ૨૨૭૨૬૩૫ | ૧૪૦૮૨૭૦ | ૭૦૮૦૨૨ | ૭૦૦૨૪૮ | ૨૮.૧૯ | ૭ |
| પંચમહાલ | ૨૦૨૫૨૭૭ | ૧૦૪૪૯૩૭ | ૯૮૦૩૪૦ | ૫૫૬૦૦૦ | ૨૮૪૩૩૪ | ૨૭૧૬૬૬ | ૨૭.૪૫ | ૮ |
| વડોદરા | ૩૬૪૧૮૦૨ | ૧૮૯૭૩૬૮ | ૧૭૪૪૪૩૪ | ૯૬૭૩૯૩ | ૪૯૬૦૫૮ | ૪૭૧૩૩૫ | ૨૬.૫૬ | ૯ |
| સાબરકાંઠા | ૨૦૮૨૫૩૧ | ૧૦૬૯૫૫૪ | ૧૦૧૨૯૭૭ | ૪૨૦૨૪૨ | ૨૧૦૮૬૦ | ૨૦૯૩૮૨ | ૨૦.૧૭ | ૧૦ |
| કચ્છ | ૧૩૮૧૬૫૬ | ૭૦૮૫૮૮ | ૬૭૩૦૬૮ | ૧૨૨૨૪૧ | ૬૩૬૮૫ | ૫૮૫૫૬ | ૮.૮૪ | ૧૧ |
| બનાસકાંઠા | ૨૫૦૪૨૪૪ | ૧૨૯૭૪૦૪ | ૧૨૦૬૮૪૦ | ૨૦૫૯૦૪ | ૧૦૫૮૧૮ | ૧૦૦૦૮૬ | ૮.૨૨ | ૧૨ |
| ખેડા | ૨૦૨૪૨૧૬ | ૧૦૫૨૮૨૩ | ૯૭૧૩૯૩ | ૩૨૩૯૪ | ૧૬૯૪૨ | ૧૫૪૫૨ | ૧.૬૦ | ૧૩ |
| ગાંધીનગર | ૧૩૩૪૪૫૫ | ૬૯૭૯૯૯ | ૬૩૬૪૫૬ | ૧૭૬૮૧ | ૯૫૭૫ | ૮૧૦૬ | ૧.૩૨ | ૧૪ |
| આણંદ | ૧૮૫૬૮૭૨ | ૯૭૨૦૦૦ | ૮૮૪૮૭૨ | ૨૨૮૩૫ | ૧૨૦૧૯ | ૧૦૮૧૬ | ૧.૨૨ | ૧૫ |
| પોરબંદર | ૫૩૬૮૩૫ | ૨૭૫૮૨૧ | ૨૬૧૦૧૪ | ૬૪૫૬ | ૩૩૮૦ | ૩૦૭૬ | ૧.૨૦ | ૧૬ |
| પાટણ | ૧૧૮૨૭૦૯ | ૬૧૨૧૦૦ | ૫૭૦૬૦૯ | ૧૨૬૩૭ | ૬૭૨૨ | ૫૯૧૫ | ૧.૦૭ | ૧૭ |
| અમદાવાદ | ૫૮૧૬૫૧૯ | ૩૦૭૪૫૫૬ | ૨૭૪૧૯૬૩ | ૫૮૦૩૫ | ૩૦૮૧૯ | ૨૭૨૧૬ | ૧.૦૦ | ૧૮ |
| સુરેન્દ્રનગર | ૧૫૧૫૧૪૮ | ૭૮૭૬૫૦ | ૭૨૭૪૯૮ | ૧૪૩૩૮ | ૭૪૫૦ | ૬૮૮૮ | ૦.૯૫ | ૧૯ |
| જૂનાગઢ | ૨૪૪૮૧૭૩ | ૧૨૫૨૩૫૦ | ૧૧૯૫૮૨૩ | ૧૮૮૩૨ | ૯૭૬૬ | ૯૦૬૬ | ૦.૭૭ | ૨૦ |
| જામનગર | ૧૯૦૪૨૭૮ | ૯૮૧૩૨૦ | ૯૨૨૯૫૮ | ૧૦૪૫૯ | ૫૫૨૩ | ૪૯૩૬ | ૦.૫૫ | ૨૧ |
| મહેસાણા | ૧૮૩૭૮૯૨ | ૯૫૩૮૪૨ | ૮૮૪૦૫૦ | ૮૯૭૫ | ૪૮૮૪ | ૪૦૯૧ | ૦.૪૯ | ૨૨ |
| રાજકોટ | ૩૧૬૯૮૮૧ | ૧૬૪૨૦૧૮ | ૧૫૨૭૮૬૩ | ૧૩૧૬૩ | ૭૦૩૪ | ૬૧૨૯ | ૦.૪૨ | ૨૩ |
| ભાવનગર | ૨૪૬૯૬૩૦ | ૧૨૭૪૯૨૦ | ૧૧૯૪૭૧૦ | ૭૨૯૮ | ૩૯૦૯ | ૩૩૮૯ | ૦.૩૦ | ૨૪ |
| અમરેલી | ૧૩૯૩૯૧૮ | ૭૦૧૫૯૩ | ૬૯૨૩૨૫ | ૩૨૫૬ | ૧૭૪૬ | ૧૫૧૦ | ૦.૨૩ | ૨૫ |

પ્રાપ્તિ સ્થાન: સેન્સસ ઓફ ઈન્ડિયા ૨૦૦૧

આવ્યું હતું. તેથી આદિવાસી વિસ્તારના અંતરિયાળ ગામોમાં મહિલાઓને પાણી લાવવામાં કેટલે દૂર જવું પડે છે ? પાણી લાવવામાં કેટલી હાડમારી વેઠવી પડે છે ? દૂરથી પાણી લાવવામાં મહિલાઓને પુરુષોની મદદ મળી રહે છે ? તે તપાસવા એક અભ્યાસ હાથ ધરવો જરૂરી જણાયો.

ગુજરાતના ૨૫ જિલ્લાઓમાં ૧૨ જિલ્લાઓમાં આદિવાસી વસતિનું પ્રમાણ વધુ છે. (કોષ્ટક-૧) આ ૧૨ જિલ્લાઓમાંથી મોટા ભાગના જિલ્લાઓ દક્ષિણ ગુજરાતમાં અને ઉત્તર ગુજરાતમાં આવેલાં છે. પરંતુ પાણીના પ્રશ્નો અંગે વિચારીએ તો ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અલગ અલગ અને ઉત્તર ગુજરાતમાં ઓછો અને અનિયમિત વરસાદ હોવાથી લોકોને પાણીની મુશ્કેલી વેઠવી પડે છે.

## સંસોધન પધ્ધતિ

આંકડાકીય પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતના કુલ ૧૨ જિલ્લાઓમાં આદિવાસીઓની વસતિ વધુ પ્રમાણમાં છે. આ જિલ્લાઓમાંના મોટા ભાગના જિલ્લાઓ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં આવેલા છે. દક્ષિણ ગુજરાતમાં પીવાના પાણીનો પ્રશ્નો અન્ય જિલ્લાઓ કરતા અલગ છે. આવિસ્તાર ઢોળાવવાળો હોવાથી વરસાદનું પાણી વહી જાય છે. તેથી વધુ વસસાદ હોવા છતાં પણ પાણીની મુશ્કેલી વેઠવી પડે છે. તેથી દક્ષિણ ગુજરાતના પાણીના પ્રશ્નને સમજવા માટે નર્મદા જિલ્લાનો અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ જિલ્લો ડાંગ જિલ્લા બાદ વધુ આદિવાસી વસતિ ધરાવે છે. જિલ્લાની પસંદગી કર્યા બાદ તાલુકાની અને ગામડાઓની પસંદગી કરવા માટે જિલ્લાના પાણી પુરવઠા વિભાગ અને જિલ્લા વિકાસ કચેરીના અધિકારીઓ સાથે પાણીના પ્રશ્નો અંગેની ચર્ચા કર્યા બાદ જે તાલુકામાં પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ છે તેવા એક તાલુકાની પસંદગી કરવામાં આવી. આ રીતે નર્મદા જિલ્લામાંથી તિલકવાડા તાલુકાને પસંદ કરવામાં આવ્યો.

આ દરેક ગામડાઓમાંથી ૧૦ ઉત્તરદાતાઓની યદેચ્છ પસંદગી કરી પ્રત્યક્ષ મુલાકાત લેવાનું નક્કી કરવામાં આવ્યું. કુલ ૧૦૦(૧૦X૧૦) મહિલા ઉત્તરદાતાઓની પસંદગી કરવામાં આવી છે.

આ રીતે એકત્ર માહિતીનું પૃથ્થકરણ કરતા નીચે મુજબના મુખ્ય તારણો પ્રાપ્ત થાય છે.

## તારણો

- ઉત્તરદતાઓમાંના ૫૩% ૩૧ થી ૫૦ની વયજૂથના છે જ્યારે ૧૬થી ૩૦ અને ૫૧થી ૬૦ વયજૂથના અનુક્રમે ૨૪ અને ૧૯% ઉત્તરદાતાઓ છે. ૧૫ વર્ષથી ઓછી વયજૂથમાં એક પણ ઉત્તર દાતા નથી. પરંતુ ૬૧ થી વધુ વયજૂથમાં ૪ ઉત્તરદાતાઓ છે આ દર્શાવે છે કે સ્રીઓએ મોટી ઉંમર સુધી ઘરકામની જવાબદારી નીભાવવી પડે છે.
- ૭૦% ઉત્તરદાતાઓ અનુ.જનજાતીના છે, જ્યારે ઉચ્ચ જ્ઞાતિના ફરક ૪ % જ ઉત્તરદાતાઓ છે. લઘુમતી કોમના

૧૮% ઉત્તરદાતાઓ છે.

- પ્રત્યક્ષ મુલાકાત સમયે નોંધવામાં આવ્યું હતું કે તિલકવાડાના બે ગામોમાં પરિણીત ઉત્તરદાતાઓનું પ્રમાણ ૯૮% છે.
- સરેરાશ કુટુંબનું કદ ૫ વ્યક્તિનું છે.
- ૬૪% ટકા ઉત્તરદાતાઓ વિભક્ત કુટુંબમાં રહે છે.
- તદ્દન અભણ હોય તેવા ૬૬% ઉત્તરદાતાઓ છે.
- ૧ થી ૪સુધીમાં ૧૨ અને ૫ થી ૭ ધોરણ સુધી નો અભ્યાસ કર્યો હોય તેવા ૧૨ ઉત્તરદાતાઓ છે. ૧૦ ધોરણથી વધુ અભ્યાસ કર્યો હોય તેવા ફક્ત એકજ ઉત્તરદાતા છે, અત્રે એ નોંધવું રહ્યું કે ઉત્તરદાતાઓ પોતે બહુ ભણ્યા ના હોવા છતાં પણ તેઓ તેમના સંતાનોના શિક્ષણ પ્રત્યે સભાન હતાં.
- ૮૪% ઉત્તરદાતાઓ આર્થિક પ્રવૃત્તિ કરે છે. તેમાનાં ૭૧% કુટુંબો એક કરતા વધુ આર્થિક પ્રવૃત્તિ કરે છે. આ અભ્યાસના ઉત્તરદાતાઓ જમીનના બહુ નાના ટુકડાઓ પર ખેતી કરતા હોવાથી એક આર્થિક પ્રવૃતિ પર ગુજરાત ચલાવવું શક્ય ન હોવાથી કેતીની આર્થિક પ્રવૃત્તિની સાથે સાથે ખેત મજુરી કે છુટક મજુરી જેવા અન્ય આર્થક પ્રવૃત્તિ પણ કરવી પડે છે.
- સત્તર હજારથી ઓછી આવક ધરાવતા એટલે કે ગરીબી રેખા નીચે જીવતા હોય તેવા ૧૬% ઉત્તરદાતાઓ છે. ૧૭ હજારથી ૩૦ હજાર આવક જૂથમાં ૨૬% અને ૩૦ હજારથી ૪૫ હજારનાં આવક જૂથમાં ૨૬ અને ૪૫ થી ૬૦હજારમાં ૭ % ઉત્તરદાતાઓ છે. આમ ૯૪% ઉત્તરદાતા ઓછી આવક જૂથમાં આવે છે.
- અભ્યાસ માટે પસંદ કરેલ ગામોમાં પંચાયતનો બોર, હેંડપંપ, જૂથ યોજના, ગામ કુવો, નદી વિગેરે પાણી મેળવવા માટેના મુખ્ય સ્ત્રોતો છે.
- હેન્ડપંપની સગવડ પાંચ ગામોમાં છે અને આઠ ગામ એવા છે કે તેમાં પાણી મેળવવાના એક કરતા વધુ સ્ત્રોતો છે. આટલી સગવડ હોવા છતાં આ ગામોમાં બારેમાસ પીવાનું પાણી મેળવવામાં મુશ્કેલી પડે છે.
- ઉનાળા દરમ્યાન આ પરિસ્થિતિ વધુ વિકટ બને છે.
- પોતાના ઘરમાં જ નળની સગવડ હોવાથી ઘર આંગણે પાણી મેળવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૨૫ની છે. પરંતુ તેમાંથી ૧૦ ઉત્તરદાતાઓને જ ઘર આંગણે બારેમાસ પાણી મળી રહે છે. આ દસ ઉત્તરદાતાઓ સિવાય બધાજ ઉત્તરદાતાઓને વર્ષમાં અમુક દિવસો ગામમાં પાણી મેળવવાની જે અન્ય સગવડ હોય ત્યાંથી પાણી લાવવું પડે છે.
- ઘર આંગણે પાણી મળી રહેતું ન હોવાથી બાહરથી પાણી લાવવું પડે છે તેવા ઉત્તરદાતાઓમાંથી ફક્ત ૧૫% ઉત્તરદાતાઓને જ ઘરના પુરુષ વર્ગની મદદ મળી રહે છે.
- ગામમાં પાણીની સગવડ હોવા છતાં બારેમાસ પાણી મળતું ન હોવાથી એક ગામના દસ ઉત્તરદાતાઓને બીજા ગામથી પાણી લાવવું પડે છે. અને તેમાટે તેમને ૨ થી ૪ કી.મી. દૂરજવું પડે છે.
- ૧૦ ઉત્તરદાતાઓ બાજુના ગામના ખાનગી બોર પરથી પાણી મેળવે છે.
- બીજા ગામથી પાણી લાવવાનું હોયતો ઘરના પુરુષ વર્ગની મદદ વધુ મળે છે. તેઓ વાહન દ્વારા પાણી લાવી આપે છે પણ જો સ્ત્રીઓએ જવું પડે તો તેઓ એકલા ન જતાં સમૂહમાં ચાલતા જ પાણી લેવા જાય છે.
- બીજા ગામથી પાણી લાવવામાં ખાસ ખર્ચ કરવો પડતો નથી.
- પાણીની સમસ્યાને કારણે એક પણ ઉત્તરદાતાએ સ્થળાંતર કર્યું હોય તેવું જોવા મળ્યું ન હતું. પણ ઘરના પુરુષ સભ્ય નોકરી માટે કે બાળકોએ અભ્યાસ માટે સ્થળાંતર કર્યું હોય તેવું જાવા મળ્યું હતું.
- ઉત્તરદાતાઓએ રોજીંદા કાર્યો સાથે આર્થિક ઉપાર્જન, માતા તરીકેની જવાબદારી ઉપરાંત બહારથી પાણી લાવવાની જવાબદારી પણ તેને જ નિભાવવી પડે છે. આમ ત્રેવડી ભૂમિકા ભજવવી પડે છે.
- ઘરના અન્ય કાર્યોના ભોગે ૯૭% ઉત્તરદાતાઓએ પાણી ભરવા જવું પડે છે.
- ૭૨% ઉત્તારદાતાઓએ પાણીની સમસ્યાઓને કારણે અશક્ત બાળકો અને વૃધ્ધ લોકોની કાળજી રાખવામાં મુશ્કેલી પડે છે.
- પાણીની સમસ્યાને કારણે ઘરની જવાબદારી પૂરી કરી શકાતી ન હોવાથી ૫૦% ઉત્તરદાતાઓના ઘરમાં કંકાસ થાય છે.
- ૪૬% ઉત્તરદાતાઓએ ઘરના અન્ય સભ્યની ઘરકામમાં મદદ મળી રહે છે, પરંતુ તેમાના ૭૦%

ઉત્તરદાતાઓને મોટેભાગે સ્ત્રી વર્ગની મદદ મળે છે. આ આંકડા દર્શાવે છે કે ઉત્તરદાતાઓએ ઘરકામમાં પુરુષોની મદદ બહુ મળતી નથી. જે લોકોને પુરુષોની મદદ મળે છે તે બાહરથી પાણી લાવવામાં કે પશુઓની સાર સંભાળ રાખવામાં જ મદદ કરતા હોય છે.

- બાળકો પાણી ભરવાના કાર્યમાં માતાને મદદ કરતા હોવાથી શાળામાં મોડા પડે અને અનિયમિત હાજરીને કારણે અભ્યાસમાં પુરતું ધ્યાન આપી ન શકતા હોવાથી પરિક્ષામાં નાપાસ થાય છે.
- એકપણ ઉત્તરદાતાનાં બાળકોએ પાણીની સમસ્યાને કારણે અભ્યાસ છોડ્યો નથી.
- પાણીની સમસ્યાને કારણે આર્થિક પ્રવૃત્તિ કરવામાં મુશ્કેલી અનુભવતા હોય તેવા ૮૫% ઉત્તરદાતાઓ છે. અને તેથી આર્થિક વિકાસ માટે ઓછો સમય ફાળવી શકે છે.
- આર્થિક પ્રવૃત્તિ કરવામા પડતી મુશ્કેલીમાં અડધો દિવસ મજૂરી કરવા જાય, સવારે વહેલા ઉઠીને ઘરના અન્ય કાર્યો કરવા પડે, એકાંતરે મજુરીએ જાય વગેરે છે.
- પાણીની સમસ્યાને કારણે શારીરિક તકલીફ અનુભવતા હોય તેવા ૮૪% ઉત્તરદાતાઓ છે.
- દોરડા દ્વારા પાણી કુવામાંથી ઊંડાણથી ખેંચવું પડતું હોવાથી હાથનો દુઃખાવો તેમજ છાતીનો દુઃખાવો અને એક બે કી.મી. દૂરથી માથા પર પાણી લાવતા હોવાથી માથાનો અને કમરનો દુઃખાવો વિગેર પ્રકારની શારીરિક તકલીફ ઉત્તરદાતાને થાય છે.
- આમ પાણીની સમસ્યાની ઉત્તરદાતાઓના જીવન પર આર્થિક, સામાજિક, શારીરિક અને માનસિક અસર પડે છે.

**આ અભ્યાસના તારણો પરથી નીચે મુજબના સૂચનો**

- વ્યવસ્થાના અભાવને કારણે માળકાકીય સગવડ અને પાણી હોવા છતાં, લોકોને તકલીફ પડે ચે તે માટે પંચાયતોએ ટેક્સ સમયસર ઉઘરાવવો જોઈએ. અને લોકોને તેમાં સહકાર આપવો જોઈએ.
- માળખાકીય સગવડ ઉભી કરવામાં આવે તેના નિભાવ ખર્ચ માટે અલગથી ભંડોળ એકત્રીત કરવું. આ ભંડોળ માટે લોક ભાગીદારી આવશ્યક છે.
- જે ગામમાં પાણી સમિતિ ન હોય ત્યાં ગામ લોકો દ્વારા એક પાણી સમિતિની રચના કરવામાં આવે અને જે ગામોમાં પાણી સમિતિની રચના કરેલ છે તેનો સભ્યોએ માળખાકીય સવલતોના નિભાવની વ્યવસ્થા સંભાળવી જોઈએ.
- ગામમાં પીવાના પાણીની વ્યવસ્થા છે તે મોટેભાગે સરકારી હોય છે. તેથી લોકો એમ સમજે છે કે આ જવાબગારી સરકારની છે. એટલે લોકો એવું માને છે કે આપણી કશુંય કરવાની જરૂર નથી. લોકો મુશ્કેલી વેઠે છે પરંતુ ૧૦ રૂપિયા જેટલી નીની રકમ પણ નિભાવ ખર્ચ પેટે આપવા તૈયાર નથી હોતા. આ માટે હક્ક અને અધિકાર સાથે ફરજ અને કર્તવ્ય અંગે જાગૃતિ લાવવી.
- પાણીના સ્ત્રોતો ખાસ કરીને ગામ કુવા અને સ્ટેન્ડ પોસ્ટની આજુબાજુના વિસ્તારમાં ખૂબજ ગંદકી થાય છે તે માટે નીચે ઢોળાતા પાણીના નિકાલ અંગેની વ્યવસ્થા પંચાયત દ્વાર કરવામાં આવવી જોઈએ. જેથી ગંદકીને કારણે બિમારી ન થાય.
- તાલુકાના ગામોમાં ૧૦ ફૂટે પાણી આવતું હોવાથી હેન્ડપંપમાં પાણી સરળતાથી મળી રહે છે. પરંતુ તેના પાઈપમાં પંચર થઈ જાય તો પાણી બહુ મુશ્કેલીથી મળે છે. તેથી ગામના લોકોને મુશ્કેલી વેઠવી પડે છે. જો લોકો એમ સમજતા થાય કે આ સગવડ પોતાના માટે છે તેથી ભેગા મળી પાઈપ રીપેર કરાવે તો પ્રશ્ન તેઓ દ્વારા જ હલ થી શકે.


## ગ્રાહકોને સૂચના

- **બહારગામના ચેક સ્વીકારવામાં આવતા નથી. પેએબલ અમદાવાદના ચેક સ્વીકારાય છે.**
- **લવાજમની રકમ** "S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)" **ના નામે મોકલવું.**
- **લવાજમ ચેક / મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી પણ મોકલી શકાશે.**
- **પુસ્તકની કિંમત અને મોકલવાનો ખર્ચ અલગથી ચૂકવવાનો રહેશે.**

# વધતી જતી બેરોજગારી ઉકેલ શું ?

રમેશકુમાર સોઢા

*આજે વસ્તીએ ખૂબજ વિશાળ સ્વરૂપ ધારણ કરેલ છે જેમકે પ્રથમ યોજનામાં વસ્તીનું પ્રમાણ ૩૫ થી ૩૭ કરોડ આસપાસ હતું જે હાલમાં આ પ્રમાણ ૧૦૫ થી ૧૦૭ કરોડની ક્રમે પહોંચવા પર છે આ સમસ્યા ગંભીર ગણવી જોઈએ. કારણ કે તેમાંથી અન્ય સમસ્યાઓ જન્મતી હોય છે. સવારના દૂરદર્શન પરના ફરતાં જતાં આંક વસ્તીની સમસ્યાની સાથે અન્ય સમસ્યાના એંધાણ આપે છે. મહત્વની સમસ્યામાં બેરોજગારીને કેમ કરી વિસરી શકાય. વસ્તી વૃદ્ધિ સાથોસાથ રોજગારનીની તકો મોટેભાગે વધતી નથી તેમજ શિક્ષણનો ઓછો પ્રભાવ, તાલીમી સુવિધાઓ મોટેભાગે અલ્પ પ્રમાણમાં માનવીમાં રહેલી શક્તિ, વણવપરાયેલી કાર્યક્ષમતાને બહાર લાવવા પ્રયત્નો કરવામાં આવતાં નથી. આપણે શિક્ષણ પાછળ અનેક પ્રકારનું ખર્ચ કરીએ છીએ પણ તેઓને લાયકાત મુજબ કામ આપી શકીએ છીએ ખરા ?*

**આ**પણે આઝાદ થયા બ્રિટીશ શાસનના અંત સાથે એમની નાગચૂડમાથી મુક્ત થયા. પરંતુ કેટલીક સમસ્યાઓ જે આજ સુધી ઘર કરી ગયેલ હોય તેમ જણાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આવી સમસ્યાઓ વિટંળાયેલી જ રહી છે. આયોજન કાળ દરમ્યાન તેને માટે ઉકેલ લાવવા અનેક પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા છે. પણ આ સમસ્યાઓ મોટેભાગે ઓછી થવાને બદલે વધતી જતી હોયતેમ લાગે છે. જો તેને માટે કોઇ નક્કર ઉપાયો અંગે વિચારવમાં ન આવે તો તે ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

પણ ત્યારે પ્રશ્ન એ ઉદ્‌ભવે કે સમસ્યાઓ કઇ હોઇ શકે ? ભારતમાં અનેક પ્રકારની સમસ્યાઓમાં મુખ્યત્વે વસ્તી, બેરોજગારી અને ગરીબી ગણવામાં આવે છે. બાકીની સમસ્યાઓ એમની સાથે સંલગ્ન રહી છે અથવા આ સમસ્યાઓ એક બીજા સાથે સાંકળરૂપે વણાયેલી છે કારણ કે એક સમસ્યામાં વધારો થતાં બીજી સમસ્યા આપોઆપ બધે છે. જેમ કે દિવસે દિવસે વધતી જતી વસ્તીનું પ્રમાણ તેઓને રોજગારી કેટલી પૂરી પાડી શકાય છે ? તેથી સ્વાભાવિક છે કે બેરોજગાર વ્યક્તિને માટે આવકનું કોઇ સાધન ન હોય તેથી તેની ગરબીમાં વધારો કરે છે. આયોજન કાળ દરમ્યાન આ દરેક સમસ્યાઓ માટે અથાગ કાર્યક્રમો દ્વારા ઉકેલ લાવવા પ્રયત્ન જરૂર થયેલ છે પણ અનિવાર્ય કેટલાંક કારણોસર અમલવારી યોગ્ય રીતે ન થતી હોવાને કારણે સમસ્યાઓ અડીખમ રહે છે.

આજે વસ્તીએ ખૂબજ વિશાળ સ્વરૂપ ધારણ કરેલ છે જેમકે પ્રથમ યોજનામાં વસ્તીનું પ્રમાણ ૩૫ થી ૩૭ કરોડ આસપાસ હતું જે હાલમાં આ પ્રમાણ ૧૦૫ થી ૧૦૭ કરોડની ક્રમે પહોંચવા પર છે આ સમસ્યા ગંભીર ગણવી જોઇએ. કારણ કે તેમાંથી અન્ય સમસ્યાઓ જન્મતી હોય છે. સવારના દૂરદર્શન પરના ફરતાં જતાં આંક વસ્તીની સમસ્યાની સાથે અન્ય સમસ્યાના એંધાણ આપે છે.

મહત્વની સમસ્યામાં બેરોજગારીને કેમ કરી વિસરી શકાય. વસ્તી વૃદ્ધિ સાથોસાથ રોજગારનીની તકો મોટેભાગે વધતી નથી તેમજ શિક્ષણનો ઓછો પ્રભાવ, તાલીમી સુવિધાઓ મોટેભાગે અલ્પ પ્રમાણમાં માનવીમાં રહેલી શક્તિ, વણવપરાયેલી કાર્યક્ષમતાને બહાર લાવવા પ્રયત્નો કરવામાં આવતાં નથી. આપણે શિક્ષણ પાછળ અનેક પ્રકારનું ખર્ચ કરીએ છીએ પણ તેઓને લાયકાત મુજબ કામ આપી શકીએ છીએ ખરા ? ઉપરાંત કેટલાંક લોકોમાં જે કુશળતા, આવડત, અનુભવનો વિકાસ થાય એટલે કે માનવશક્તિ આયોજન પાછળ કોઇ ખાસ પ્રય્તન કરવામાં આવતો નથી ટૂંકમાં માનવ શક્તિના આયોજનની પણ ખાસ જરૂર

છે. તેઓના વિકાસ માટે થઈ આયોજન કરવામાં ન આવે તો વિકાસ રૂંધાયો. ઘણીવાર આળડત મહેનત કામગીરી મુજબ વળતર મળતું નથી ક્યારેક કામ પણ મળતું નથી અને તે વ્યક્તિ બેરોજગાર બને છે. આવકનું સાધન કામ ન મળે તો સ્વાભાવિક છે વ્યક્તિને જીવન જરૂરિયાતની પ્રાથમિક ચીજો ન મળે ત્યારે તે ગરીબીના ખપ્પરમાં ફસડાય છે.

આપણા દેશમાં બેરોજગારી સમસ્યાને કારણે ઘણાં એવા કુટુંબો છે જેઓને ઘણીવાર એક વખત ખાવા મળે ન મળે. આપણા દેશમાં પ્રાચીન સંસ્કૃતિ-કલાકારીગરી ધરાવતાં કારીગરોની પણ કોઇ અછત નથી જેઓ પોતની કલાકારીગીરીથી સુપ્રસિધ્ધ હતાં. અને તેમની કલા દુનિયામાં વિશ્વમાં નામાંકિત હતી. પણ કાળક્રમે બદલાતા સંજોગોમાં આવો વર્ગ લુપ્ત થતો જાય છે. તેને યાદ પણ કરવામાં આવતો નથી આજના વિસરતા જતાં યુગમાં આધુનિકતા પશ્ચિમી કરણ યુગમાં નવીનીકરણ મશીનરી દ્વારા ઉત્પાદન થતી ચીજ વસ્તુઓમાં હસ્તકળા કારીગરોને કોણ પૂછે ? અને તે એટલે સુધી કે આવા કારીગરો પોતાની આવી અવદશાને કારણે કેટલીકવાર માંગી ભીખારીની અવસ્થામાં બેરોજગારીનું જીવન વ્યતિત કરતાં જણાય છે. તેની અસર તેમના ગરીબ કુટુંબો પર પડતી હોય છે. જ્યાં મુખ્ય વ્યક્તિ બેરોજગારી હોય તો પોતાના કુટુંબનું શું ?

આટલી બેરોજગારી સબંધી છણાવટ બાદ એક બાબત સ્પષ્ટ છે કે બેરોજગારોની સંખ્યા છે ખરી ! કેટલી તે અંગે કેટલાં આંકડાઓ પ્રાપ્ત થાય છે. શરૂઆતમાં ૧૯૫૧થી ૧૯૫૬ દરમ્યાન લગભગ ૫૩થી ૫૫લાખનો આંક આજે વધીને ૫૩૦ થી ૫૫૦ લાખના આંકની આસપાસ રહેલ છે. બેરોજગારી માટે વિવિધ કાર્યક્રમ પણ ઘડવામાં આવે છે. સરકારશ્રીના અથાગ પ્રયાસો દ્વારા બેરોજગારીમાં ઘટાડો થતો હોય છે. તેના સામે વધતી જતી વસ્તી વૃધ્ધિનો આંક આ ઘટાડાને દેખાવા દેતો નથી.

બેરોજગારીના વધતાં જતાં પ્રમાણને ધ્યાનમાં રાખી ગંભીરતાથી વિચારીને દરેક જિલ્લાઓમાં રોજગાર ગેરંટી યોજનાનો અમલ કરવામાં આવશે જે બેરોજગારીના ઉકેલ માટે આવકાર દાયી ગણાવી શકાય. ઉપરાંત અવાર-નવાર શક્ય તેટલાં પ્રમાણમાં રોજગારી વર્ધક કાર્યક્રમો આપવામાં આવે અને તેની અમલવારી પણ યોગ્ય રીતે થવા પામે તે બેરોજગારીનું પ્રમાણ ઘટાડી શકાય છે ઉપરાંત સરકારશ્રી દ્વારા ઘણીવાર યોજના હેઠળ બેરોજગાર વ્યક્તિને સબસીડી સાથે ધિરાણ-લોન આપવાનો પણ પ્રયાસ કરવામાં આવે છે પણ માહિતીના અભાવમાં તેનો લાભ લેનારા કેટલા ?

બેરોજગારી અને ગરીબી નિકટનો સબંધ ધરાવે છે. અને આ બંનેને વસ્તી વૃધ્ધિ અસર કરે છે ત્યારે આ અને આવી અન્ય પણ કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે વસ્તી વૃધ્ધિ નિયંત્રિત કરવામાં આવે તો સમસ્યાઓ કદાચ દૂર ન કરી શકાય પણ તેને હળવી જરૂરથી કરી શકાય છે. ઉપરાંત બેરોજગાર વ્યક્તિને માટે જુદી જુદી યોજનાઓ અંતર્ગત મળવાપાત્ર લાભથી જાણકારી મેળવી કે આપીને જાગૃતિ લાવવામાં આવે તે પણ જરૂરી છે. કદાચ બધાને રોજગારી મોટેભાગે ન પૂરી પાડી શકાય પણ સરકારશ્રીના મળતા લાભથી સ્વરોજગારી તરફ પગરણ માંડી શકાય છે. અને જો આ અને આવા સ્વરોજગારી દૂર કરવા માટેના પ્રયત્નો કરવામાં આવે તો અન્ય સમસ્યાઓની જેમ બેરોજગારી દૂર ન કરી શકાય પણ ઓછી તો કરી શકાય ને ?


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**<u>યોજના કાર્યાલય</u>**

**અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,**

**પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭**

**ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)**

# પુસ્તક

✍ યશવંત કડીકર

## "હિંદ સ્વરાજ : એક અધ્યયન"

**(ગાંધીને પામવાનો એક પ્રયાસ)**

"હિંદ સ્વરાજ એક અધ્યયન" -શ્રી કાન્તિભાઇ શાહ રચિત આ એક વિશીષ્ટ ગ્રંથ છે. જે વાંચતા આપણાને સાચું ગાંધી દર્શન થાય છે. ગાંધીજીને સારી રીતે જાણી શકાય છે. માણી શકાય છે. પામી શકાય છે. લેખકે પોતે પ્રસ્તાવનામાં લખ્યું છે કે... 'આ પુસ્તક ગાંધીને પામવાની ચાવી છે.' ગાંધી સાહિત્યનો ઉંડો અભ્યાસ કરનારાઓએ આ પુસ્તક વાંચ્યા વગર નહીં ચાલે.

આપણા ગાંધીવાદી વિચારક અને ગાંધી સાહિત્યના ઉંડા અભ્યાસી પરમ આદરણિય શ્રી નારાયણભાઇ દેસાઇએ અંતરના ઉમળકાથી આવકારતાં આ પુસ્તકને 'સર્વાષ્લેષી ગ્રંથનું સર્વગ્રાહી ભાષ્ય' કહ્યું છે. આ પુસ્તકને મૂલવતાં એમણે સરસ વાત કરી છે કે 'દેશકાળની સીમાને ઓળંગી જનારાં પુસ્તકો બે પ્રકારનાં હોય છે. એકતો આત્માના ઉંડાણમાં ડૂબકી મારનારાં અને બીજાં સમાજ જીવનનાં અનેક ક્ષેત્રોના સાગરમાં તરનારા.' 'ગીતા' પહેલા પ્રકારનો ગ્રંથ છે જે એના ઉંડાણના લીધે હજારો વર્ષ પછી આજે પણ સાધકને જીવન જીવવાની એવીને એવી પ્રેરણા આપતો રહે છે. જ્યારે કાર્લ માર્ક્સનું 'દાસ કેપિટલ' બીજા પ્રકારનો ગ્રંથ છે. જે દુનિયાના બધા ખંડોમાં ક્રાંતિકારીઓને આર્થિક રાજનૈતિક સામાજિક ક્ષેત્રો વિષે ચિંતન અને આચરણ કરવાની પ્રેરણા આપે છે. ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' આ બંને ગ્રંથોના લક્ષણો સામટાં ધરાવતું પુસ્તક છે.

ગાંધીજીના આવા વિશીષ્ટ પુસ્તકનું 'એક અધ્યયન' કાન્તિભાઇ જેવા એક અભ્યાસી સર્જક આપણને કરાવે ત્યારે આ પુસ્તક વાંચતા ધન્ય થઈ જવાય છે અને આપણા મ્હોંમાંથી શબ્દો પડે છે. 'વાહ કાન્તિભાઇ ! ધન્ય કાન્તિભાઇ'

'હિંદ સ્વરાજ' પુસ્તક લખાયું ત્યારે ઘણા ટીકા-ટિપ્પણ થયેલાં. જેમને ગાંધીજીએ પોતાના ગુરૂ માનેલા એવા શ્રી ગોખલેજીને પણ આ લખાણ 'અણઘડ' લાગેલું. એમણે તો એવું ભવિષ્ય ભાખેલું કે 'ગાધી હિંદમાં એક વરસ રહ્યા પછી જાતે જ આ પુસ્તકનો નાશ કરશે' પંડિત નહેરૂએ પણ એમ કહેલું કે 'હું આને અવાસ્તવિક માનું છું.' કોંગ્રેસે તો આ પુસ્તક વિશે ચર્ચા વિચારણા કરવાનું પણ યોગ્ય માન્યું નહોતું.

પરંતુ એક વાત આપણે સૌએ સ્વીકારવી પડશે કે, ગાંધીજીએ જાતે થઇને લખ્યું હોય, અંદરના સ્વયંભૂ ધક્કાથી લખ્યું હોય એવું આ એક અણમોલ પુસ્તક છે. અને સમયે એ સાબીત કરી બતાવ્યું છે. આપણે સૌ જાણીએ છીએ કે 'હિંદ સ્વરાજ'માં દર્શાવાયેલા ગાંધીજીના વિચારોમાં છેવટ પર્યંત કોઇજ પરિવર્તન થયું નથી. વિશ્વવંદનિય બાપુની માન્યતાને સાર્થક કરતું આ પુસ્તક છે. ગાંધીજીના આત્માના અવાજના આ પુસ્તકમાં દર્શન થાય છે.

'ગાંધીજીના મૂળભૂત જીવન સિધ્ધાંતોને આ પુસ્તકમાં નિરુપાયેલા છે' આ સત્યને સાચી રીતે પામનાર આપણા દુરંદેશી સર્જકે ખૂબજ કામ લઈ આ પુસ્તકનું અધ્યયન કરી, આપણને એનો પરિચય કરાવ્યો છે.

આ પુસ્તક લખવાનું આ સર્જકને કેવી રીતે સૂઝ્યું એ વાત એમણે પ્રસ્તાવનામાં સરસ રીતે કરી છે. લેખક લખે છે કે 'હિંદ સ્વરાજ' ફરી લખાવું જોઇએ પણ એ લખવા માટે 'ગાંધી' તો ક્યાંથી લાવવા ? પરંતુ ગાંધીજીના આ પુસ્તકમાંના વિચારોનું અધ્યયન મનન કરીને ગાંધીજીની વાતને એની સમગ્રતામાં રજૂ કરી શકાય. આવી રીતે 'ભૂમિ પુત્ર'ના તા.૧૬-૧૧-૨૦૦૫ના અંકથી 'હિંદ સ્વરાજની શતાબ્દીએ' લેખમાળા શરૂ થઈ. તે ચૌદ માસ ચાલી ૨૮ હપ્તા થયા. એ લેખમાળા આ ગ્રંથ રૂપે પ્રગટ થઈ છે.

શ્રી કાન્તિભાઇ શાહના આ યશસ્વી કાર્યને અંતરના ઉમળકાથી આવકારીએ, બિરદાવીએ અને આવી રીતે આપણને ગાંધી દર્શન કરાવતા રહે એવી અપેક્ષા સાથે વિસરીએ.

(લેખક જાણિતા પત્રકાર - સાહિત્યકાર છે.)

★ *'હિંદ સ્વરાજ : એક અધ્યયન'*

*- કાન્તિ શાહ*

*પ્રકાશક:* પારૂલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ હુજરાત પાગા, વડોદરા :૩૯૦૦૦૧,પૃષ્ઠ : ૨૦+૨૬૨=૨૮૨

## ગાંધી, જેવા જોયા જાણ્યા વિનોબા એ

ગાધીજીને સાચી દૃષ્ટિએ જોયા કોણે ? જાણ્યા કોણે ? આ પ્રશ્ન ગાંધી ફિલસૂફીને વરેલા સૌને માટે આજે વર્ષો પછી પણ પ્રશ્ન જ રહ્યો છે

આમ તો વિશ્વે ગાંધીજીને જોયા છે, જાણ્યા છે, એટલે જ એ વિશ્વવંદનિય બાપુ કહેવાયા.

પરંતુ આપણા ત્યાં ગાંધીજીને સાચી રીતે કોઇએ જોયા અને જાણ્યા હોય તો એમની સાથેના અમુક આશ્રમ વાસી ઓએ અને અમુક દૃષ્ટિ પારખુઓએ એમને સાચી રીતે જોયા અને જાણ્યા સંત વિનોબા ભાવેએ, જેમને ગાંધીજીએ સવાઈ ગુજરાતી તરીકે ઓળખાવ્યા હતા, તે કાકા સાહેબ કાલેલકર, જુગતરામ દવેએ, ઠક્કરબાપાએ, પરિક્ષીતલાલ મજમુદારે, પૂ.રવિશંકર મહારાજે, કિશોરલાલ મશરૂવાળાએ, મુનીશ્રી સંતબાલજીએ, વિગેરે..વિગેરે. પરંતુ ગાંધીજીએ તો આખી દુનિયાને જોઈ હતી અને જાણી હતી.

આ વાતને આપણા ગાંધીવાદી સર્જક શ્રી કાન્તિ શાહે એમના પુસ્તક 'ગાંધી જેવા જોયા-જાણ્યા વિનોબાએ' પુસ્તકમાં અદ્‌ભુત અને અનોખી રીતે મુલવ્યા છે.

આ પુસ્તકની પ્રથમ આવૃતિ પ્રગટ થઈ ૧૯૭૦માં. બીજી આવૃત્તિ થઈ ૧૯૭૫માં, પછી પૂનર્મુદ્રણ થયું ૧૯૯૪માં અને ત્રીજી આવૃતિ પ્રગટ થઈ માર્ચ ૨૦૦૮માં. આજ વાત પુસ્તકની લોકપ્રિયતાને પૂરવાર કરે છે. એટલું જ નહીં આ પુસ્તક હિન્દુસ્તાનની બધી ભાષાઓમાં અનુવાદ થયું છે.ઉપરાંત અંગ્રેજી, ઇટાલિયન ને બીજી બે ત્રણ વિદેશી ભાષાઓમાં અનુવાદ પણ થયો છે. નવી પેઢી અને નવા સંદર્ભોને ધ્યાન રાખીને લેખકે નવીન આવૃત્તિઓ કરી છે, જે લેખક અને પુસ્તક બન્ને માટે ગૌરવ સમાન છે.

ગાંધીજીની ગાંધીગીરી પ્રત્યે આકર્ષનારા ગણ્યા ગાંઠ્યા માણસોમાં અગ્રિમ સ્થાને વિનોબાજી હતા. આ સત્ય આપણે સ્વીકારવું પડશે.

કહેવાય છે કે ૧૯૧૬માં ૨૧ વરસની ભર યુવાન વયે વિનોબાજીએ ઘર છોડ્યું ત્યારે ગાંધીજીની આ ગાંધીગીરીથી જ આકર્ષાઇને એમણે ગાંધીજીની દીક્ષા લીધેલી. વિનોબાજીની વિશેષતા તો એ છે કે જીવનભર એમણે આ ગાંધીગીરીનીજ આરાધના કરી તથા તેનું સંગોપન સંવર્ધન જાણ્યા, નાણ્યા-માણ્યા, આ જાણવા માટે આ પુસ્તકજ મહત્વનું માધ્યમ બની રહેશે.

આમ તો આમાં જે રજૂઆત થઈ છે તે વિનોબાજીની જ શબ્દોમાં થઈ છે. અને આ કામ લેખકે ખૂબજ કૂનેહથી પાર પાડ્યું છે. આ ગુજરાતી પુસ્તકનો મરાઠી અનુવાદ બહાર પડ્યો ત્યારે વિનોબાજી ધ્યાન પૂર્વક વાંચી ગયેલા. અને એમણે સ્પષ્ટ કહેલું કે 'સંપાદનનો આ પ્રયત્ન બહુ સારો છે, લાભદાયી છે'

આ પુસ્તકની આધિકૃતતા વિશે લેખકે ચિંતા વ્યક્ત કરી, ત્યારે વિનોબાજીએ સ્પષ્ટ કહેલું કે "બાબા આ પુસ્તક જોઇ ગયા છે, અને એમણે તેને પોતાની માન્યતા આપી છે, આશીર્વાદ આપ્યા છે."

આમ આ પુસ્તક સત્યતાની ચારણીમાં ચળાઈને આવ્યું છે. એથી આ પુસ્તકનું મૂલ્ય વધ્યું છે.

ગાંધી-વિનોબાને એ એમના સર્વોદય તેમજ અહિંસક સમાજ સંચનાના મિશનને સમજવામાં આ પુસ્તક ખૂબજ ઉપયોગી નીવડશે એવી શ્રધ્ધા સાથે શ્રી કાન્તિભાઈ શાહના આ યશસ્વી પ્રયાસને અંતરના ઉમળકાથી આવકારીએ અને બિરદાવીએ.

★ *'ગાંધી જેવા જોયા -જાણ્યા વિનોબાએ'*

*- સંપાદન શ્રી કાન્તિશાહ*

*પ્રકાશક:* યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરાત પાગા, વડોદરા:૩૯૦૦૦૧ પૃષ્ઠ:૧૫૦ મૂલ્ય રૂ.:૪૦-૦૦


**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ? જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)